[illegible]

[illegible]

અથવા

[illegible]

[illegible]

[illegible]

[illegible]

જગ મશહુર

મહાન અમેરીકન ઈલાજ

પ્રો૦ જેમ્સ


ઈલેકટ્રો–ટોનીક પલ્સ (રજીસ્ટર્ડ)

(પ્રો. જેમ્સની વીજળીક શક્તિની ગોળીઓ)



દિવસના કામ પછી કંટાળી ગએલા મનુષ્યને સંપુર્ણ શાંતિ મીઠી ઉંઘથીજ મળે છે. પરંતુ ખાધા પછી અનાજનું પાચન નહિ થવાથી, અથવા તો ખરાબ સ્વપ્નાં આવવાથી અથવા મનમાં સંકલ્પ વિકલ્પ થયા કરતાં હોવાથી રાત્રે મીઠી નિદ્રા આવતી નથી. જેથી સવારના બિછાનામાંથી ઉઠતી વખતે સંપૂર્ણ આરામ મળવાને બદલે શરીર સુસ્ત જણાય છે, અને તેથી દિવસના કામ ઉપર ચિત્ત લાગતું નથી. આવે વખતે તુરતજ શરીરની સંભાળ લેવાની અગત્ય છે.

પ્રો૦ જેમ્સ ઈલેકટ્રો–ટોનીક પલ્સ



ઉપર–જણાવેલા જ્ઞાનતંતુઓનાં દરદો ઉપર રામબાણ ઇલાજ છે. અને શરીરના સઘળા અવયવોને પુષ્ટી આપે છે. પીશાબમાં અથવા સ્વપ્નામાં ધાતુ જવાથી શરીરમાં નબળાઈ લાગુ પડે છે. ભુખ લાગતી નથી. હાથ પગમાં કળતર થાય છે. આવી જાતનાં દરદો ઉપર આ ગોળીઓ આશીર્વાદ સમાન છે. માટે આજેજ એક બાટલી મંગાવી વાપરી જુઓ.

કીં. ૪૦ પલ્સની ૧ બાટલીના રૂ. ૨–૦–૦.

૨૫ પલ્સની ૧ બાટલીના રૂ. ૧–૪–૦.

૧ થી ૩ બાટલી સુધીના વી. પી. ખર્ચ રૂ. ૦–૬–૦

૨ દીવસ ચાલે તેટલી નમુનાની ૪ ગોળીની શીશી ૧ ના ચાર આના.

સોલ એજન્ટઃ–ધી એંગ્લો ઈન્ડીઅન ડ્રગ એન્ડ કેમીકલ કં૦

૨૮૫, મારકેટ, પોસ્ટ બોક્ષ નં. ૨૦૮૨, મુંબઈ નં૦ ૨.

"ગુજરાતી"ની ૪૬ મી ભેટ

અમરગર્જના

અથવા

સુષુપ્તિ અને જાગરણ

(સચિત્ર)

પ્રયોજક

ઠક્કુર નારાયણ વિસનજી

તંત્રી, 'હિન્દુજ્યોતિ'

" Thy spirit, Independence, let me share;
Lord of the lion-heart and eagle-eye,
Thy steps I follow with my bosom bare,
Nor heed the storm that howls along the sky."

Smollett : Ode to Independence

નટવરલાલ ઇચ્છારામ દેશાઈ બી. એ. એ
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપીને પ્રકટ કર્યું
સાસૂન બિલ્ડિંગ્સ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ નં ૧

[વિક્રમાર્ક ૧૯૮૬] [ઈ. સ ૧૯૩૦

મૂલ્ય રૂ. ૩-૦-૦

"ગુજરાતી" પત્રે આપેલી ભેટો

	નામ	ઇ. સન.	કિંમત.
અ.	પુનર્વિવાહ શાસ્ત્રસંમત છે.	(૧૮૮૬)	મળતી નથી
બ.	ગૃહધર્મ...	(૧૮૮૬)	મળતી નથી
૧	રાસેલાસ અથવા એબિસિનિયાનો રાજપુત્ર ...	(૧૮૮૬)	મળતી નથી
	(દીનાર્બસ અથવા ઉત્તર રાસેલાસ)... ...		૦-૧૦-૦
૨	હિન્દ અને બ્રિટાનિયા (રાજભક્તિવિડંબણ-એકભાણ)	(૧૮૮૭)	૩- ૦-૦
૩	ગંગાગોવિંદસિંહ અથવા વૉરન હેસ્ટિંગ્સનો જમણો હાથ	(૧૮૮૮)	૧- ૮-૦
૪	મહારાણીનું જીવનચરિત્ર	(૧૮૮૮)	૧- ૮-૦
૫	સવિતા સુંદરી અથવા ઘરડા વરનો ફજેતો ...	(૧૮૮૯)	૦- ૪-૦
૬	ટીપુ સુલ્તાન અથવા શ્રીરંગપટ્ટણનો ઘેરો (પ્રથમ ભાગ)	(૧૮૯૦)	મળતી નથી
૭	દિલ્હીપર હલ્લો અથવા ભરતખંડના પરવશપણાનો પ્રારંભ	(૧૮૯૫)	૨- ૦-૦
૮	અઢારમી સદીનું હિન્દુસ્તાન અથવા સૂર્યનો અસ્ત અને ચન્દ્રનો ઉદય	(૧૮૯૬)	૨- ૦-૦
૯	ઔરંગઝેબ અને રાજપૂતો	(૧૮૯૭)	૨- ૦-૦
૧૦	શાહજાદો અને ભીખારી અથવા ઇંગ્લાંડના રાજવંશનો એક અદ્ભુત ઇતિહાસ	(૧૮૯૮)	૧- ૮-૦
૧૧	હેસ્ટિંગ્સની સોટી અથવા પ્લાસીના યુદ્ધ પછીનું બંગાળ	(૧૮૯૯)	૨- ૦-૦
૧૨	પાણીપતનું યુદ્ધ અથવા નાના ફડનવીસ ...	(૧૯૦૦)	૨- ૦-૦
૧૩	બેગમ સાહેબ અથવા અયોધ્યાનું પતન ...	(૧૯૦૧)	મળતી નથી
૧૪	નૂરજહાન અથવા સૌન્દર્યવિજય	(૧૯૦૨)	મળતી નથી
૧૫	બાજીરાવ બલ્લાળ અથવા પેશ્વાઇનો ઉદયકાળ...	(૧૯૦૩)	મળતી નથી
૧૬	રૂપનગરની રાજકુંવરી અથવા મહારાણા રાજસિંહ	(૧૯૦૪)	મળતી નથી
૧૭	ઇન્દુકુમારી અથવા બંગાળમાં મરેઠાની દોડ ...	(૧૯૦૪)	મળતી નથી
૧૮*	પ્લાસીનું યુદ્ધ અથવા લૉર્ડ ક્લાઈવનું કપટતંત્ર ...	(૧૯૦૫)	મળતી નથી
૧૯	શિવાજીનો વાઘનખ અથવા અફઝુલખાનનું ખૂન...	(૧૯૦૬)	૦-૧૨-૦
૨૦*	હળદીઘાટનું યુદ્ધ અથવા અકબરનો પરાજય...	(૧૯૦૬)	૦-૧૨-૦
૨૧	નંદનવનનો નાશ અથવા આ તે રામની અયોધ્યા!	(૧૯૦૭)	૩- ૦-૦

	નામ	ઈ. સન.	કિંમત
૨૨	પેશવાઇની પડતીનો પ્રસ્તાવ અથવા લાલજી વેરાગણ	(૧૯૦૮)	મળતી નથી
૨૩	ઔરંગઝેબનો ઉદય અથવા આ તે મહાન મોગલ!	(૧૯૦૯)	૨- ૦-૦
૨૪*	પદ્મિની અથવા ભસ્મીભૂત ચિત્તોડ	(૧૯૧૦)	મળતી નથી
૨૫*	કત્લે આમ અથવા દિલ્હીનો ડગમગતો રાજમુકુટ...	(૧૯૧૧)	૨- ૦-૦
૨૬	પુરાતન દિલ્હી ૪૦ ચિત્રો	(૧૯૧૧)	૨- ૦-૦
૨૭	ચુંબનમીમાંસા	(૧૯૧૧)	મળતી નથી
૨૮*	ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય	(૧૯૧૨)	૨- ૦-૦
૨૯*	જગન્નાથની મૂર્તિ અથવા ભારતનું ભવિષ્ય ...	(૧૯૧૩)	૨- ૦-૦
૩૦*	હમ્મીર હઠ અથવા રણથંભોરનો ઘેરો ...	(૧૯૧૪)	મળતી નથી
૩૧	ભુજબળથી ભાગ્યપરીક્ષા	(૧૯૧૫)	૨- ૦-૦
૩૨	પાટણની પ્રભુતા	(૧૯૧૬)	
૩૩*	ચાણુકયનંદિની અથવા ચચ્ચ અને સુંદરી ...	(૧૯૧૭)	મળતી નથી
૩૪*	અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ ...	(૧૯૧૮)	૩- ૦-૦
૩૫	રૈનક મહેલની રાજખટપટ અથવા વાઘેલા વંશના વિધ્વંસનો પ્રારંભ	(૧૯૧૯)	૩- ૦-૦
૩૬*	બાદશાહ બાબર અથવા નૂરે ઇસલામ	(૧૯૨૦)	૩- ૦-૦
૩૭*	ચક્રવર્તી હમ્મીર અથવા ચિત્તોડનો પુનરુદ્ધાર ...	(૧૯૨૧)	૩- ૦-૦
૩૮*	કચ્છનો કાર્તિકેય અથવા જાડેજા વીર ખેંગાર ...	(૧૯૨૨)	૩- ૦-૦
૩૯*	અનારકલી અથવા અપરાધી અકબર	(૧૯૨૩)	૩- ૦-૦
૪૦*	મહારાણી મયણલ્લા અથવા ગુજરાતની માતા ...	(૧૯૨૪)	૪- ૦-૦
૪૧*	પરાધીન ગુજરાત અથવા ચાવડા વંશનો ઉદય ...	(૧૯૨૫)	૩- ૦-૦
૪૨*	નાના સાહેબ અથવા (સ્વધર્મમાટે પ્રાણાર્પણ) ...	(૧૯૨૬)	૩- ૦-૦
૪૩*	મુરીદેશયતાન અથવા મલબારનો મોપલા અત્યાચાર	(૧૯૨૭)	૩- ૦-૦
૪૪*	સિતમગર સુલ્તાન અથવા તલ્વાર અને કુરાન ...	(૧૯૨૮)	૩- ૦-૦
૪૫*	કચ્છનો કેસરી અથવા મોધો અને ચનેસર ...	(૧૯૨૯)	૩- ૦-૦
૪૬*	અમરગર્જના અથવા સુષુપ્તિ અને જાગરણ ...	(૧૯૩૦)	૩- ૦-૦

* આવી ફુલડીની નિશાનીવાળા ગ્રન્થો રા. રા. નારાયણ વિસનજી ઠક્કુરના રચેલા છે.

ગ્રંથોત્સર્ગ

છે ઘોષણા જેની સદા નિજ ધર્મની સ્વાધીનતા;
છે ગર્જના જેની સદા નિજ કર્મની સ્વાધીનતા;
છે ભાવના જેની સદા નિજ મર્મની સ્વાધીનતા;
હો પ્રાણ આત્મા અસ્થિ પલ[1]ને ચર્મની સ્વાધીનતા;
વાણી વિચારોની તથા આવેશની સ્વાધીનતા;
ચૂડામણી એ સર્વની નિજ દેશની સ્વાધીનતા. ૧
પરતંત્રતા દારિદ્રય છે, સ્વાધીનતા ધનકોષ છે;
સ્વાધીનતા સદ્ગુણ અને પરતંત્રતા નરદોષ છે;
પરતંત્રતા છે વેદના, સ્વાધીનતા સંતોષ છે;
પરતંત્રતા જેવો ન બીજો પાપનો પરિપોષ છે;
છે દેહ, પણ જો દેહમાં ચેતન નથી તો કૈં નથી;
ચેતન છતાં સ્વાધીનતા સાધન નથી તો કૈં નથી. ૨
નિશ્ચય થયો એ, ઊતર્યો વિશ્વાસ રાખી રામમાં;
હિન્દૂ નરોનો વૃન્દ જે સ્વાધીનતા સંગ્રામમાં;
સ્વાધીનતા સંદેશ પ્હોંચાડયો પુરોમાં ગ્રામમાં;
"સ્વાધીનતામાટે મરી વિચરો સુરોના ધામમાં;
વીત્યો સમય વિશ્રામનો, આ જાગરણનો કાળ છે;
કાં તો મરણનો છે અને કાં તો તરણનો કાળ[2] છે. ૩
સંગ્રામ છે જો કે ખરો, તો પણ ન હિંસા આદરે;
જો છે જિગીષા[3] તો અહિંસા શસ્ત્રને હસ્તે ધરો;
અપમાન અત્યાચાર કારાગારથી ન જરા ડરો;
આગળ વધ્યા છો તો હવે પાછાં નહીં પગલાં ભરો;
ફાંસી ગળામાં ધારજો, પરવા ન રાખો જાનની;
હાંસી થવા દેશો નહીં આ દેશ હિન્દુસ્થાનની!" ૪
ઉપદેશ દેતા દેશને સ્વાતંત્ર્યદલના અગ્રણી;
બોલે વચન તેવું જ વર્તન રાખતા જે નરમણી;
જે દેશહિતને સાધતા નિજ લક્ષ લાભોને હણી;
શિરપર ધરીને ધૂલિ તે નરવીરનાં ચરણો તણી;
સન્માન આદર ભાવથી હું તેમને વંદન કરૂં;
સ્વાતંત્ર્યશિક્ષક આ કથા હું તેમના કરમાં ધરૂં. ૫

ઠક્કુર નારાયણ

---

૧ પલ–માંસ. ૨ કાળ–સમય. ૩ જિગીષા–વિજયની આકાંક્ષા.

ઉપોદ્ઘાત

ઈ. સ. ૧૯૦૬ માં 'ગુજરાતી'ના ગ્રાહકોને 'ગુજરાતી'ની ૨૦ મી ભેટ તરીકે અપાયલી 'હળદીઘાટનું યુદ્ધ' નામક ઐતિહાસિક નવલ-



કથામાં હિન્દુત્વના તારણહાર પ્રાતઃસ્મરણીય ભારતગૌરવ મેવાડમિહિર **મહારાણાશ્રી પ્રતાપસિંહજી**ના રાજ્યારોહણથી આરંભીને પરલોકવાસની ઘટના પર્યન્તનો કથાભાગ અથવા ઇતિહાસ નવલકથાના મનોરંજક સ્વરૂપમાં વર્ણવવામાં આવ્યો હતો, એ વાર્તા 'ગુજરાતી'ની ભેટોના રસિક પાઠકો તથા પાઠિકાઓના સ્મરણમાં હોવી જ જોઇએ. મહારાણા પ્રતાપસિંહની પરલોકયાત્રાની ઘટના ઘટ્યા પછી તેમનો યુવરાજ અમરસિંહ મેવાડના સિંહાસનનો અધિકારી તથા મેવાડવાસિની હિન્દુપ્રજાનો કર્તા ધર્તા ને ભાગ્યવિધાતા થયેલો હતો, એ ઘટના પણ ઇતિહાસ-રસિક પાઠકો તથા પાઠિકાઓથી અજ્ઞાત ન જ હોઇ શકે. પ્રસ્તુત ઐતિહાસિક નવલકથામાં એ મહારાણા અમરસિંહના જીવનની પ્રધાન ઘટનાઓને વર્ણવવામાં આવી છે. એ મહારાણો અમરસિંહ યૌવનના આરંભકાળમાં પ્રથમ તો વેશ્યાવિહાર તથા વારુણીપાન (મદિરાપાન) આદિક દુર્ગુણોની વૈતરણીમાં નિમજ્જિત થઇને પોતાના ક્ષાત્રધર્મ તથા ક્ષત્રિયોચિત કર્તવ્યને સર્વથા ભૂલી ગયો હતો અને આઠોપ્રહર દુરાચારોમાં જ ફૂલી ગયો હતો; પરંતુ જ્યારે ચંદાવત્ કૃષ્ણ જેવા દેશ-ભક્ત, સ્વામિભક્ત, રણશૂર તથા પ્રભાવશાલી સરદારે આવી તેને તેના ધર્મ તથા કર્તવ્યનું ભાન કરાવ્યું અને દેશપર આવી પડેલી આપત્તિનો પરિચય કરાવ્યો ત્યારે તે ક્ષણે જ તેની એ વિલાસપ્રિયતા-રૂપ સુષુપ્તિનો લોપ થઇ ગયો; તે સુષુપ્તિની ગર્તામાંથી જાગરણના ક્ષેત્રમાં આવીને ઊભો રહ્યો; પોતાના મૂળ સ્વરૂપ તથા વંશપરંપરાગત કર્તવ્યના જ્ઞાનથી તે પોતાના પ્રમાદને બરાબર જાણી ગયો અને ત્યાર પછી તેણે મુગલ શહનશાહ જહાંગીર સાથે મેવાડની સ્વાધીનતા, હિન્દુધર્મ તથા હિન્દુજાતિની રક્ષા અને વંશગૌરવની સુરક્ષિતતામાટે એક કિંવા બે વાર નહિ, પણ સત્તર વાર તુમુલ સંગ્રામો કરીને પ્રત્યેક વેળાયે વિજયભાગી થઇ પોતાના પુણ્યશ્લોક પિતાના નામને દીપાવ્યું હતું અને

પુત્રના ' કુલદીપક ' વિશેષણને સંપૂર્ણ સાર્થક કરી બતાવ્યું હતું. અંતે અઢારમી વારના સંગ્રામમાં યુદ્ધસાધનો તથા યુદ્ધસામગ્રીના અભાવે નિરુપાય થઇને શહનશાહ જહાંગીર સાથે તેને અનિચ્છાપૂર્વક સંધિ કરવો પડ્યો હતો અને એ સંધિ નામમાત્રનો હોઇને એથી તેની પ્રતિષ્ઠામાં જો કે લેશમાત્ર પણ ન્યૂનતા થઇ ન હોતી, છતાં પણ એ સંધિથી પોતાની મેવાડના મહારાણા તરીકેની યોગ્યતાનો લોપ થયેલો માની લઇને મહારાણા અમરસિંહે પોતાના જીવનકાળમાં જ પોતાના યુવરાજ કર્ણસિંહનો રાજ્યાભિષેક કરી પોતે રાજ્યના કાર્યથી નિવૃત્ત થઇ વાનપ્રસ્થ આશ્રમ, એકાંતવાસ અથવા નિવૃત્તિનિવાસને સ્વીકારી લીધો હતો. આ ઐતિહાસિક ઘટનાનો આધાર લઇને જ પ્રસ્તુત નવલકથા લખવામાં આવી છે. પ્રસ્તુત નવલકથાની ઐતિહાસિકતાના સંબંધમાં આટલું સૂચન પર્યાપ્ત છે.

અહીં મારે પ્રાંજલતાથી એ વાર્તાને પણ સ્વીકારવી જ જોઇએ કે પ્રસ્તુત ઐતિહાસિક નવલકથા મારી કેટલીક અન્યાન્ય ઐતિહાસિક નવલકથાઓ પ્રમાણે મારી પોતાની મૌલિક કૃતિ નથી; કિન્તુ ઇ. સ. ૧૯૦૮ માં એક બંગાળી નવલકથાનો ગુજરાતી ભાષામાં કરાયલો શોધિત-વર્ધિત અનુવાદ છે. 'શશાંક' તથા 'કરુણાકુમારી' આદિક ઇતિહાસપ્રધાન નવલકથાઓના બંગાલી પુરાતત્ત્વજ્ઞ લેખક શ્રીયુત રાખાલદાસ વંદ્યોપાધ્યાય જેવા એકાદ બે લેખકોને અપવાદરૂપ માનવામાં આવે, તો અન્યાન્ય બંગાળી લેખકોની લખેલી ઐતિહાસિક નવલકથાઓમાં ઐતિહાસિક પ્રાધાન્યને ગૌણ રાખીને પ્રેમકથાનાં કાલ્પનિક પાત્રોને જ પ્રાધાન્ય આપવામાં આવે છે અને તેથી બંગાળી લેખકોની લખેલી ઐતિહાસિક નવલકથાઓમાં ઐતિહાસિકતા નામમાત્રની અથવા તો આવશ્યકતા પૂરતી જ હોય છે. જેનો આ અનુવાદ કરવામાં આવ્યો છે તે બંગ ભાષામાં લખાયલી શ્રીયુત બાબૂ જ્યોતિરિન્દ્રનાથ મજૂમદારકૃત ' સુંદરી ' નામક ઐતિહાસિક નવલકથા પણ એવા જ પ્રકારની હોવાથી; એટલે કે, તેમાં ઐતિહાસિકતા અત્યંત અલ્પ પરિમાણમાં હોવાથી અને હું પોતે ઐતિહાસિકતાની પ્રધાનતાનો પક્ષપાતી હોવાથી, જો કે મારી પોતાની ઐતિહાસિક નવલકથાઓ જેટલા પરિમાણમાં તો નહિ, પરંતુ અમુક પરિમાણમાં જ્યાં જ્યાં આવશ્યકતા હતી ત્યાં ત્યાં ઐતિહાસિક ઘટનાઓ મેં કાંઇક વિસ્તારપૂર્વક લખી હતી અને આજે બાવીસ વર્ષ પછી આ નવલકથાના પ્રકાશનનો અવસર આવ્યો ત્યારે વળી ઐતિહાસિકતાની અધિક આવશ્યકતા જણાતાં આ નવલકથાના ઉપસં-

કારનો અંતિમ (તૃતીય) પરિચ્છેદ પ્રખ્યાત પુરાતત્ત્વજ્ઞ તથા ઇતિહાસવેત્તા રાય બહાદુર પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝાકૃત હિન્દી ભાષામાં લખાયલા 'ઉદયપુર રાજ્યકા ઇતિહાસ'ના આધારે લખીને ઉમેરી દેવામાં આવ્યો છે અને તે પરિચ્છેદ ઇતિહાસપ્રિય તથા ઇતિહાસરસિક પાઠકો તથા પાઠિકાઓને અવશ્ય રુચિકર થઇ પડશે એવો મારો દૃઢ વિશ્વાસ છે. આવા પ્રકારનાં સંવર્ધનોના યોગે મૂળ ગ્રંથ કરતાં લગભગ ૮૦ પૃષ્ઠ આ અનુવાદમાં વધી ગયાં છે; નહિ તો મૂળ ગ્રંથના અનુવાદનાં આટલાં પૃષ્ઠો થવાનો સંભવ ન હોતો. મૂળ બંગાળી ગ્રંથમાં આ કથાની નાયિકાનું નામ સુંદરી હતું તે બદલીને કુન્દકુમારી રાખવામાં આવ્યું છે. બંગીય ગ્રંથકારે કથાની નાયિકાને મહત્ત્વ આપીને ગ્રંથનું નામ 'સુંદરી' રાખ્યું હતું અને મેં જ્યારે તેનો અનુવાદ કર્યો ત્યારે ઐતિહાસિકતાને મહત્ત્વ આપીને આ ગ્રંથનું નામ 'અમરસંન્યાસ' રાખ્યું હતું; પરંતુ એ નામ પણ અત્યારે ઉચિત ન જણાતાં પ્રસ્તુત ગ્રંથ 'અમરગર્જના અથવા સુષુપ્તિ અને જાગરણ' એ ગંભીર તથા રહસ્યદર્શક નામથી પ્રકટ કરવામાં આવ્યો છે અને પ્રસ્તુત ગ્રંથના સાદ્યંત પઠન પછી પાઠકો તથા પાઠિકાઓને પણ આ નામ અધિક અન્વર્થક તથા રહસ્યદર્શક જણાયા વિના નહિ રહે એવી મારી દૃઢ માન્યતા છે.

અત્યારે 'ગુજરાતી' પણ અલ્પકાલિક સુષુપ્તિને ભોગવીને જાગરણના ક્ષેત્રમાં અવતીર્ણ થયું છે અને 'ગુજરાતી'ના જાગરણ પછીની 'ગુજરાતી'ની પ્રથમ (વસ્તુતઃ ૪૬ મી) ભેટ પણ 'સુષુપ્તિ અને જાગરણ' નામથી પ્રકાશિત થાય છે એ એક અચિંત્ય આકસ્મિકતા છે અને એ આકસ્મિકતા શાશ્વતતાના સ્વરૂપમાં સ્થિર થઇને 'ગુજરાતી'ને ચિરકાલિક જાગરણનો લાભ સમર્પતી રહે, એ જ કૃપાસિંધુ પરમાત્માનાં ચરણોમાં 'ગુજરાતી'ના અભિભાવકોની અંતઃકરણપૂર્વક અભ્યર્થના છે.

આ નવલકથા ઇ. સ. ૧૯૦૮ માં લખાયલી હોવા છતાં અત્યારે બાવીસ વર્ષ પછી પ્રકટ થાય છે તેનાં કેટલાંક વિશિષ્ટ કારણો હોવા છતાં તે કારણોને દર્શાવવાની આવશ્યકતા ન હોવાથી એટલું જ કથન પર્યાપ્ત છે કે આ નવલકથાના પ્રકાશનમાટે વિધાતાએ આ સમયને જ નિયત કરેલો હોવાથી અને વિધાતાનો લેખ અન્વર્થ હોવાથી ઇ. સ. ૧૯૦૮ માં લખાયલી આ નવલકથા જો ઇ. સ. ૧૯૩૦ માં પ્રકાશનનાં દર્શન કરતી જોવામાં આવે, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી અને હોઇ શકે પણ નહિ. આવા અણધાર્યા વિલંબોના સંબંધમાં 'ગુજરાતી'ની 'કુચ્છનો કાર્તિકેય અથવા જાડેજા વીર

ખેંબાર' નામક ઇ. સ. ૧૯૨૨ માં પ્રકટ થયેલી ૩૮મી ભેટની પ્રસ્તાવનાના પ્રારંભમાં જે કાંઇ લખવામાં આવ્યું હતું તે અહીં પણ લાગૂ પડે છે એટલે આ વિષયનું પિષ્ટપેષણ નિરર્થક છે.

અંતે જે પરમકરુણાસિંધુ દયાઘન પરમાત્માની પરમકૃપાથી બાવીસ વર્ષ જેટલા અતિદીર્ઘ કાળ પશ્ચાત્ પ્રસ્તુત નવલકથા નિર્વિઘ્ન પ્રકાશિત થઇ શકી છે અને તે પણ વળી 'ગુજરાતી' ની ભેટ તરીકે જ પ્રકાશિત થઇ શકી છે તેમાટે તે પરમકરુણાસિંધુ પરમાત્માનો વારંવાર ઉપકાર માનીને અને તેની પાસેથી નિરંતર કાર્યસિદ્ધિની યાચના કરીને મારા ઉપોદ્ઘાતને હું અહીં સમાપ્ત કરૂં છું.

મુંબઈ: વિક્રમાર્ક ૧૯૮૬
ફાલ્ગુન, કૃષ્ણ (રંગ) પંચમી;
તા૦ ૧૯ મી માર્ચ ૧૯૩૦,
બુધવાર

ઠક્કુર નારાયણ વિસનજી

અનુક્રમણિકા

ઉપક્રમ

અમરગર્જના

અથવા

સુષુપ્તિ અને જાગરણ

ઉપક્રમ

પ્રથમ પરિચ્છેદ

બાલ્યવિનોદ

વિક્રમ સંવત્ ૧૬૫૭ ના એક દિવસે ઋતુરાજ વસંત કુમાર ગ્રીષ્મને લગભગ એક વર્ષને માટે યુવરાજના પદે સ્થાપન કરીને પોતે વાનપ્રસ્થ થઇ ગયો હતો. કુમારશ્રીના સુશાસન (?) થી કેટલાક પ્રાણીઓ તૃષાતુર થઈ તડપતા હતા, ધગધગતી વાલુકામાં ચાલતાં અનેક પ્રવાસીઓનાં પગનાં તળીયાં બળીને ખાક થઈ જતાં હતાં અને કેટલાંક ગૃહોમાં અગ્નિનારાયણની પણ મહાભારત કૃપા થતી જોવામાં આવતી હતી. ગ્રીષ્મ કુમારે એ સમયે કેટલો બધો અનર્થપાત કર્યો હતો, એનો ઇતિહાસના લેખકોને બરાબર શોધ મળી શક્યો નથી અને લોકોને તે જાણુવાની કાંઈ એટલી બધી આવશ્યકતા પણ નથી.

જે સમયનો અમો વૃત્તાંત લખીએ છીએ, તે સમયમાં આરાવલી પર્વતની તળેટીમાં માલતીગઢ નામક એક નાનો કિલ્લો આવેલો હતો. માલતીગઢમાં ચારે તરફથી ઈટોની બાંધેલી ભીંતવડે ઘેરાયલો એક નાનો બગીચો હતો અને તે બગીચાના મધ્યભાગમાં એક સુંદર તથા મનોહર તળાવ પણ શોભી રહ્યું હતું. એ સરોવરના તીરે નાના પ્રકારનાં વૃક્ષો નેત્રોને આનંદ આપતાં જોવામાં આવતાં હતાં. એક બાજૂ આરસ પત્થરનું એક મન્દિર દૃષ્ટિગોચર થતું હતું. એ મંદિરમાં ભગવાન્ ઉમાનાથ શંકરની મૂર્ત્તિની સ્થાપના કરાયલી હતી, અને એથી થોડાક અંતરે એક પર્ણકુટી આવેલી હતી. બાગમાંનાં ફૂલો ખીલીખીલીને પોતાના સુગંધવડે મનુષ્ય માત્રને મુગ્ધ બનાવી દેતાં હતાં, ભ્રમરકુળને આકુળ વ્યાકુળ કરી નાખતાં હતાં તથા સૂર્યના ઉત્તાપથી પોતાના શિરને બચાવવામાટે શિરને વાયુના અંકમાં

નીચું નમાવી દેતાં હતાં. માલતીગઢના નિવાસીઓ એ બગીચાને 'શ્રી એકલિંગજીના બાગ'ના નામથી ઓળખતા હતા.

એક દિવસે સૂર્યભગવાનના અસ્તાચલમાં જવાના સમયથી—અર્થાત્ સાયંકાળથી—કાંઇક પૂર્વે એક બાળક અને એક બાલિકા એ એકલિંગજીના બાગમાંના તળાવનાં પગથિયાંપર બેઠેલાં હતાં. એમને જોવાથી એવો ભાસ થતો હતો કે, જાણે એ જીવધારી કુસુમો જ ખીલી નીકળ્યાં છે! બાળકનું વય બાર વર્ષનું અટકળવામાં આવતું હતું અને બાલિકાની અવસ્થા આઠથી નવ વર્ષની દેખાતી હતી. અવસ્થાના પ્રમાણમાં જોતાં બાળકનું શરીર કાંઇક કદાવર દેખાતું હતું. એ બાળક ગૌરવર્ણ, વિશાલભાલ, ઉજ્જવલનેત્ર, પ્રશસ્તવક્ષ અને આજાનુબાહુ હતો. બાલિકાની કાયા દુર્બળ હોવા છતાં પણ સબળ હતી. એનો રંગ પણ ગોરો જ હતો અને ભાલપ્રદેશ બહુ વિશાળ ન હોવા છતાં પણ સુંદર દેખાતો હતો. નાસિકા કિંચિત્ લંબ હતી—અતિશય લાંબી તો નહોતી જ. તિર્યક્ અને કૃષ્ણવર્ણ ભ્રૂની નીચે કોમળ, સુંદર અને ચંચળ નેત્રો વિરાજમાન થયેલાં હતાં. સંક્ષેપમાં એટલું કહેવું જ પર્યાપ્ત થશે કે, કોઈ પણ સારી સ્વરૂપવતી સુંદરી પ્રમાણે એ બાલિકાનાં સંપૂર્ણ અંગો સુંદર અને આકર્ષક હતાં.

બાળક અને બાલિકા બન્ને પોતાની રમતગમતમાં લીન થયેલાં હતાં. તેઓ પુષ્પો લઇને કોઈ વાર એક બીજાના શરીરપર ઉછાળતાં હતાં અને કોઇ વાર પુષ્પોની માળા બનાવીને એકબીજાના ગળામાં પહેરાવતાં હતાં. ક્વચિત્ કુસુમોને તળાવનાં પગથિયાંપર પણ નાખી દેતાં હતાં અને પાછાં તેમને વીણીને એકઠાં કરી લેતાં હતાં. કોઇ વાર સુમનોને સરોવરના જળમાં વહેવડાવી દઇને પાછાં તેમને પાણીમાંથી કાઢી લેતાં હતાં. ઇત્યાદિ બીજા પણ નાના પ્રકારના ખેલો અને તે સાથે કેટલાક વિવિધ પ્રકારના અસંબદ્ધ વિનોદો પણ તેઓ કર્યા કરતાં હતાં.

એવી રીતે કેટલીક વાર સુધી રમ્યા પછી ખેલાડી બાળકે પુષ્પો એકઠાં કરી પગથિયાંપર અક્ષરો બનાવીને કાંઇક લખ્યું. બાલિકા એ બધું તેની પીઠ પાછળ ઊભી ઊભી ધ્યાનથી જોયા કરતી હતી. અંતે બધી રચના કરી લઇને બાળકે કહ્યું કે: "જો તો ખરી, કુમારી! આ અક્ષરો કેવા બન્યા છે તે?"

બાલિકાએ જોયું તો પગથિયાંપર તેને આ પ્રમાણે પોતાનું નામ પુષ્પાક્ષરોમાં લખેલું દેખાયું: "કુન્દકુમારી!"

"લખવામાં તમારો હાથ સારો કેળવાયલો છે, તેથી જ આવી અજબ કારીગરી કરી શક્યા છો. વારુ; જુઓ હવે હું પણ એક નામ લખું છું તે!" બાલિકાએ જરાક મંદ હાસ્ય કરીને કહ્યું.

એમ બોલી થોડાંક ફૂલો એકઠાં કરીને બાલિકાએ લખવાનો આરંભ કર્યો. તેણે થોડાક અક્ષરો લખ્યા પણ તે બગડેલા જણાવાથી પાછા ભૂંસી નાખ્યા. પાછાં પુષ્પોને એકઠાં કરતી વેળાયે બાળકના લખેલા અક્ષરોમાંનાં કેટલાંક કુસુમો ખસી ગયાં, પણ બાળકે પાછા તે અક્ષરોને સુધારી દીધા. બાલિકા પાછી લખવા લાગી. બીજી વાર પણ અક્ષર બગડી જવાથી તેમને ભૂંસીને ત્રીજી વાર તેણે લખવાનો ઉદ્યોગ આદર્યો. અંતે મહાપરિશ્રમ કરીને "શોભનસિંહ !" એ પ્રમાણેનું નામ તેણે લખ્યું તો ખરું જ. એ છેલ્લી વારના અક્ષરો બહુ જ સારા અને સ્વચ્છ લખાયા છતાં પણ બાળકના લખેલા અક્ષરોની બરાબરી કરી શકે તેવા તો ન હોતા જ. બાલિકા બિચારી શું કરે ? લાચાર થઇને એ અક્ષરોને તેણે કાયમ રહેવા દીધા, અને માથું ઉંચું કરીને બાળકના મુખને તે જોવા લાગી.

"તેં મારૂં નામ શામાટે લખ્યું વારૂ ?" બાળકે હસીને કહ્યું.

"તમોએ ત્યારે મારૂં નામ કેમ લખ્યું વારૂ ?" બાલિકાએ પૂછ્યું.

બાળકથી કશું પણ ઉત્તર આપી શકાયું નહિ. મનમાં જ તેણે પોતાનો પરાજય માની લીધો.

દ્વિતીય પરિચ્છેદ

પ્રધાન પાત્રોનો પરિચય

એ પછી છ વર્ષ જેટલો સમય વીતી ગયો. વાચકો, જે બાળક અને બાલિકાનો આપણુને પરિચય થઈ ચૂક્યો છે, તેઓ હવે યૌવનની સીમાપર્યન્ત આવી પહોંચ્યાં હતાં. અર્થાત્ હવે તેઓ બાલ્યાવસ્થામાં ન હોતાં. વીરભૂમિ મેવાડ અથવા ઉદયપુરના સિંહાસનને મહારાણો અમરસિંહ શોભાવી રહ્યો હતો. રાણાના આધીન રાજાઓ અને સરદારોમાંનો માલતીગઢનો સરદાર મહાતપસિંહ રાણાજીનો વિશેષ પ્રિયપાત્ર અને વિશ્વાસપાત્ર મિત્ર મનાતો હતો. મહાતપસિંહના એકના એક પુત્રનું નામ શોભનસિંહ હતું. શોભનસિંહ બાલ્યાવસ્થાથી જ ઢાલ અને તલ્વાર બાંધ્યા કરતો હતો અને એ વ્યવસાયમાં જ તેનો બધો સમય વીતી જતો હતો. ગુરુજી પાસે બેસીને વિદ્યાભ્યાસ કરવામાં તેનું જરા પણ ધ્યાન લાગતું ન હોતું. આલસ્યના નામમાત્રથીજ તેને મહાતિરસ્કાર આવી જતો હતો.

કેટલાક સમયથી માલતીગઢની રાણી પોતાના એક પુત્ર અને એક કન્યાને મૂકીને પરલોકવાસિની થઈ ગયેલી હોવાથી શોભનસિંહ તથા તેની સહોદરા માતૃહીન દશામાં આવી પડયાં હતાં.

માલતીગઢમાં મહાતપસિંહનો એક મિત્ર પણ રહેતો હતો અને તે વરુણસિંહના નામથી ઓળખાતો હતો. વાચકોને એ વરુણસિંહનો સાક્ષાત્કાર થવાનો નથી. પરંતુ એના પુત્ર અજિતસિંહનું વાચકોએ સ્મરણ રાખવું જ જોઇએ; કારણ કે, એનો અનેક વાર પ્રત્યક્ષ પરિચય થવાનો છે. અજિતસિંહ શસ્ત્ર અને અસ્ત્ર કરતાં વ્યાસ અને વાલ્મીકિને જ વધારે ચાહતો હતો અને દિવસરાત કાલિદાસ તથા ભવભૂતિના વ્યાસંગમાં જ મચ્યો રહેતો હતો.

મહાતપસિંહ અને વરુણસિંહનો પરસ્પર એટલો બધો ગાઢ સ્નેહસંબંધ હતો કે, પારિવારિક કાર્યની સુગમતામાટે (સ્ત્રીઓના આવવા જવામાટે) ઉભયના અંતઃપુરના મધ્યમાં એક ગુપ્ત માર્ગને તેમણે નિર્માણ કરાવી લીધો હતો, અને તે માર્ગમાંથી જ તેમનો આવવા જવાનો વ્યવહાર થયા કરતો હતો.

માલતીગઢમાં દેવાધિદેવ મહાદેવજીનો ઉપાસક, પવિત્રચિત્ત અને સંસારત્યાગી એક વૃદ્ધ બ્રાહ્મણ વસતો હતો. એનું નામ કેશવાચાર્ય ગોસ્વામી હતું. જે બાગમાં એ બ્રાહ્મણ નિવાસ કરતો હતો, તે બાગ વાચકોથી અજ્ઞાત નથી; કારણ કે, એકલિંગજીના બાગને તો આપણે જોઇ જ ચૂકયા છીએ. એ ગોસ્વામીજીની એક પાલિતા કન્યા હતી કે, જેનું નામાભિધાન કુન્દકુમારી હતું. કેટલાક સમય પૂર્વે ગોસ્વામીનો એક બાલ્યાવસ્થાનો મિત્ર ઉદયપુરમાં રહેતો હતો અને કુન્દકુમારી તેની જ એકની એક પુત્રી હતી. જે સમયે એ કન્યાની અવસ્થા માત્ર બે વર્ષની જ હતી, તે સમયે એના પિતાનો કૈલાસવાસ થયો હતો. પતિના વિયોગથી અત્યંત શોકાતુર થઇને કુન્દકુમારીની માતા પણ સ્વામી સાથે બળીને સતી થઈ ગઈ હતી. અભાગિની બ્રાહ્મણબાળાની સંભાળ લેનાર આ જગત્માં કોઈ પણ રહ્યું ન હોતું. પોતાના મિત્રની પુત્રીને એવી રીતે પિતૃવિહીના, આત્મીયવિહીના અને એકાકિની જોઇને ગોસ્વામીનું અંતઃકરણ પીગળી ગયું. કેશવાચાર્ય એ અલ્પવયસ્કા કન્યાને પોતાની સાથે લઈ આવ્યો અને પ્રેમથી પોતે જ તેનું લાલનપાલન કરવા લાગ્યો. કુન્દકુમારી ગોસ્વામીને ‘પિતા’ના નામથી બોલાવતી હતી અને તેનામાં પૂજ્યભાવ, શ્રદ્ધા તથા ભક્તિ રાખતી હતી. સંસારત્યાગી કેશવાચાર્ય પણ તેને પોતાની પુત્રી પ્રમાણે જ પાળતો અને માનતો હતો.

ઘણાક વિદ્વાનોનો એવો અભિપ્રાય છે કે, પ્રેમ આંધળો હોય છે. અમારી સંમતિ પણ એવી જ છે અને વાસ્તવિક રીતે વિચાર કરતાં એ જ સિદ્ધાન્ત સત્ય જણાય છે. પ્રેમ કયારે અને કોની સાથે બંધાઈ

જશે, એનો નિશ્ચય કરી શકાતો નથી. સારા માર્ગમાં જવાથી સુખની સીમા નથી રહેતી અને કુમાર્ગમાં વિચરતાં માથાપર દુઃખના ડુંગરો આવી પડે છે! કયારે, કોણ કોની જોડે પ્રેમમાં બંધાઈ જાય છે, એનો કોઈ નિયમ જ જોવામાં આવ્યો નથી, આવતો નથી અને આવશે પણ નહિ. એનું મૂળ કારણ એ જ કે, પ્રેમ આંધળો છે.

કુન્દકુમારી અને શોભનસિંહ બાલ્યાવસ્થાથી જ સાથે વસતાં હતાં અને રમતગમત કર્યા કરતાં હતાં. એકને એક દિવસ બીજાનું દર્શન ન થતાં તેના મનમાં ગભરાટ થવા માંડતો હતો અને તરત તેઓ એક બીજાને મળવાની ચેષ્ટા કરતાં હતાં. કોઈ વાર એકલિંગજીના બાગમાં આવીને શોભન કુન્દકુમારી સંગે રમતો હતો અને કોઈ વાર કુન્દકુમારી રાજભવનમાં આવીને શોભન સાથે રમત કરતી હતી.

એ સમયથી જ ઉભયના હૃદયમાં સ્નેહના અંકુરની ઉત્પત્તિ થવા માંડી હતી અને જેમ જેમ દિવસો વીતતા ગયા, તેમ તેમ તેમનો તે સ્નેહસંબંધ વધારે અને વધારે દૃઢ થતો ગયો. એનું કારણ એ જ કે, પ્રેમ આંધળો હોય છે. એ સમયે એ વાતનું તેમને જરા પણ જ્ઞાન હતું નહિ કે, પ્રેમ શો પદાર્થ છે અને એ અજ્ઞાનાવસ્થામાં તેમના હૃદયમાં અનેક પ્રકારની આકાંક્ષાઓ અને અનેક પ્રકારની આશાઓ કલ્લોલ કર્યા કરતી હતી. કિન્તુ હવે તેઓ બાલ્યાવસ્થાની સીમાને ઓળંગી આવેલાં હોવાથી તેમનાં અંતઃકરણમાં સારાસારાવચારનો આવિર્ભાવ થવા લાગ્યો હતો. શોભનસિંહ સારી રીતે સમજી ગયો કે, કોઈ પણ ઉપાયે તેને કુન્દકુમારીની પ્રાપ્તિ થવાનો સંભવ ન હોતો; તેમ જ કુન્દકુમારી પણ જાણી ગઈ હતી કે, શોભન સાથે તેનો વિવાહસંબંધ થાય, એ ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ જેવું જ હતું.

વિશ્વના એ નિયમને તો સર્વ જનો જાણે જ છે કે, જે વસ્તુની આશા રાખવામાં આવે છે, તે વસ્તુની બહુધા પ્રાપ્તિ થઈ શકતી નથી; કિંબહુના કોઈ વાર તો દુર્ભાગ્યવશતાથી સર્વથા ધારવા કરતાં વિરુદ્ધ પરિણામ જ ભોગવવું પડે છે. અસ્તુ; હવે આ લંબાયલા ઉપક્રમને અહીં જ અટકાવીને અમો અમારાં પાઠકો તથા પાઠિકાઓની ઉત્કંઠાની તૃપ્તિમાટે નવલકથાને આરંભી દેવાનું જ ઉચિત ધારીએ છીએ.

પ્રથમ ખણ્ડ

પ્રથમ પરિચ્છેદ

કેશવાચાર્ય

કેશવાચાર્ય પોતાનાં વાવેલાં વૃક્ષોમાંથી જ પૂજામાટે જોઇતાં પુષ્પ પત્ર આદિની વ્યવસ્થા કરી લેતો હતો. વળી દરરોજ જૂદાં જૂદાં અરણ્યોમાં ભટકીને પુષ્પ અને પત્રો એકઠાં કરવાનો કેશવાચાર્યને એક પ્રકારનો પ્રમાદ હતો. કુન્દકુમારી જ્યારે બાલિકા હતી, ત્યારે પાળેલી હરિણી પ્રમાણે તે પણ ફૂલ ચૂંટવાને ગોસ્વામીની પાછળ પાછળ નિરંતર ફર્યા કરતી હતી. અસભ્ય અને જંગલી પહાડી લોકો તેને વનદેવી જાણીને પ્રણામ કરતા હતા. કુન્દકુમારીની તે બાલ્યાવસ્થાનો હવે લોપ થઇ ગયો હતો અને તે બાલ્યચપલતાની સાથે સર્વ બાલ્યભાવનાઓનો પણ અસ્ત થયો હતો. પ્રથમ પ્રમાણે વનમાં ભ્રમણ કરવાથી હવે તેના મનમાં આનંદ થતો ન હોતો, અને તેથી જ હવે તે કેશવાચાર્યની સાથે અરણ્યમાં જતી ન હોતી. હવે કેશવાચાર્ય પોતે એકલો જ પૂજામાટે પુષ્પ પત્ર આદિ એકઠાં કરીને લઇ આવતો હતો. એથી કેશવાચાર્યને એક રીતની સ્વતંત્રતા મળી હતી. આગળ કુન્દકુમારી સાથે આવતી હોવાથી તે વધારે દૂર અને ઘાટા અરણ્યમાં જઇ શકતો ન હોતો; પણ હવે એકલો હોવાથી જ્યાં જવાની ઇચ્છા થાય ત્યાં કોઈ પણ પ્રકારના ભયવિના તે સંચાર કરી શકતો હતો.

એક દિવસે ફૂલ તોડતાં તોડતાં તે બહુ જ દૂર નીકળી ગયો. કેટલાક અંતરે ઘન વૃક્ષરાજીમાં થઇને વહન કરતી એક નાની નદી પોતાના કલકલ શબ્દથી નિર્જન વનની શાંતિનો ભંગ કરતી જોવામાં આવતી હતી. એ નાની નદીની આસપાસમાં કેટલીક નાની નાની ટેકરીઓ પણ આવેલી હતી. ત્યાં આવતાં નદીના તીરે બે મુસલ્માન ફકીરો પાણી પીતા બેઠેલા કેશવાચાર્યના જોવામાં આવ્યા. મનમાં કેટલોક વિચાર કરીને કેશવાચાર્ય તેમની પાસે આવ્યો અને કેટલીક વાર સૂધી સ્તબ્ધતાથી ઊભો રહીને તેમને તાકી તાકીને જોવા લાગ્યો. તે બન્ને ફકીરો બ્રાહ્મણની એ ચેષ્ટાને જોઇને આશ્ચર્યચકિત થવા લાગ્યા. અન્તે કેશવાચાર્ય હસ્યો અને સ્મિત કરીને કહેવા લાગ્યો કેઃ "મહાશયો! છો તો સારી પેઠે ને?"

"આપ ક્યાંના રહેવાસી છો?" એક ફકીરે પૂછ્યું.

"કેમ ખાન સાહબ! એટલી વારમાં જ ભૂલી ગયા કે? હજી તો

ગઈ કાલે જ તમો અમારા મહલ્લામાં માલ વેચવા આવ્યા'તાને શું!" કેશવાચાર્યે પ્રથમ પ્રમાણે જ હસીને કહ્યું.

"અમો ફકીર લોકો છીએ. માલ વેચવાની વાત અમો શું જાણીએ વારૂ? આપ ભૂલતા હશો." બીજા ફકીરે નમ્રતાથી કહ્યું.

"આ 'ખુદાના નૂર'ને કેવી રીતે છુપાવશો? એને હું ભૂલી નથી ગયો, સમજ્યા કે?" કેશવાચાર્યે દાઢી તરફ આંગળી બતાવીને કહ્યું.

"ભાઇ! અમો તો ભટકતા ફકીર છીએ. દુઆ આપીએ છીએ અને માગી ખાઇએ છીએ." પહેલા ફકીરે પાછી વાત પલટાવી.

"તમો ફકીર છો? હું તો તમોને બહુરૂપી જ સમજું છું; કારણ કે, કાલે સૌદાગર બન્યા હતા અને આજે ફકીર બન્યા છો." કેશવાચાર્યે કહ્યું

હવે ફકીરથી વધારે સહેવાયું નહિ, એટલે તે જરા ઊછળીને કહેવા લાગ્યો કે: "અમારો ભીખ માગવા જવાનો વખત હવે થઈ ચૂકયો છે; એટલે અમો અત્યારે તમારી જોડે વધારે સવાલ જવાબ કરીને વખત વીતાડવા નથી માગતા."

એમ કહીને તે બન્ને ફકીર જવામાટે ઊઠીને ઊભા થયા. કેશવાચાર્ય મનમાં જ કહેવા લાગ્યો કે: "તમોએ ભલે ને ગમે તેવો વેશ ધારણ કર્યો હોય, પણ હમણાં જ હું બધી વાત કઢાવી લઇશ." એવો વિચાર કરીને તેણે કહ્યું કે: "ફકીર સાહબ! હું આપને બે ચાર સવાલ પૂછવા માગું છું. એ સવાલોના જવાબ આપીને પછી સુખેથી ચાલ્યા જજો. પહેલો સવાલ એ છે કે, તમો જહાંગીર બાદશાહનું નિમક ખાઓ છો કે નહિ? તમો બાદશાહના જાસૂસ છો કે નહિ?"

"અમોએ અમારા ખરા રૂપને છુપાવી રાખ્યું છે, એ જ તમારા સવાલનો મતલબ કે નહિ?" બીજા ફકીરે સામો સવાલ કર્યો.

"હા, એ જ. જો એમ ન હોય, તો 'જાસૂસ બનવું હરામ છે' એમ કહો જોઇએ." કેશવાચાર્યે તેને બોલવામાં સપડાવી લીધો.

"તમો તો કોઈ મોટા પાજી માણસ દેખાઓ છો ને શું!" પહેલા ફકીરે ઉદ્ગાર કાઢ્યો.

"વારૂ, હું પાજી તો પાજી, પણ મારા સવાલનો ખરેખરો જવાબ આપવો છે કે નહિ?" કેશવાચાર્યે પોતાના પ્રયત્નમાં દૃઢ રહીને કહ્યું.

"તમો પૂછનાર છો કોણ કે તમારી સાથે આટલી બધી માથાફોડ કરીએ?" બીજા ફકીરે જરાક આંખો કાઢીને કહ્યું.

"તમો જેવી રીતે દિલ્હીના બાદશાહના સાધારણ સરદારો છો, તેવી જ રીતે હું પણ રાજસ્થાનનો એક સાધારણ જીવ છું." કેશવાચાર્યે મર્મોક્તિથી કહ્યું.

ફકીરો હવે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખી શક્યા નહિ. ક્રોધે તેમને તેમના કર્તવ્યનું વિસ્મરણ કરાવી દીધું. તેમનામાંનો એક કોપનો આવેશ બતાવીને કહેવા લાગ્યો કે: "હું બાદશાહનો મન્સબદાર છું અને મારૂં નામ અબ્દુલ્લાખાન છે. બાદશાહ પોતે પણ મારી ખાતિરદારી કરે છે, એ વાત તારા જાણવામાં નહિ આવી હોય!"

"ત્યારે હું પણ આપને જણાવું છું કે, હું ગોસ્વામી કેશવાચાર્ય છું અને ઉદયપુરના રાણા સાહબ પોતે મારાં ચરણોમાં મસ્તક નમાવે છે." કેશવાચાર્યે પણ તેવા જ ભાવથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

"જે દુશ્મન આપણી છુપી કરામતને જાણી ગયો છે, તેને આ દુનિયામાં જીવતો રહેવા દેવો એ અજીમ ગુનાહ છે." એમ કહીને ફકીર-વેષધારી અબ્દુલ્લાખાને પોતાની ઝોળીમાંથી એક રણશૃંગ કાઢીને વગાડ્યું. એ રણશૃંગનો ધ્વનિ થતાં જ જોતજોતાંમાં બે હથિયારબંધ સિપાહીઓ આવીને હાજર થઈ ગયા. એ બન્ને સિપાહીએ મુગલ જાતિના હતા. તેમને ઉદ્દેશીને અબ્દુલાએ કર્કશ સ્વરથી કહ્યું કે: "આ કાફિરને પકડીને કયદ કરી લ્યો. જોજો; છટકી ન જાય."

પોતાના સરદારનો હુકમ સાંભળતાં જ તે સિપાહીઓએ કેશવા-ચાર્યને બાંધી લીધો અને તેને આગળ ચલાવીને પોતે તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા. કેશવાચાર્ય જાણી ગયો કે: 'હવે બળ બતાવવું વ્યર્થ છે.' એમ ધારીને તે લાચારીથી ચુપચુપ તેમની સાથે ચાલવા લાગ્યો. અબ્દુલ્લાખાન પોતાના સાથી વેષધારી ફકીર સાથે સર્વની પાછળ ચાલ્યો આવતો હતો. અરણ્યમાંથી જેવી રીતે તે ક્ષુદ્ર નદી વાંક ખાતી અને ભ્રમણ કરતી ચાલી જતી હતી, તેવી જ રીતે એ લોકો પણ વાંકાચૂંકા માર્ગોમાં ચાલ્યા જતા હતા. તેમની ગતિથી 'શત્રુઓ દક્ષિણ દિશામાં જવાની ઇચ્છા ધરાવે છે' એમ કેશવાચાર્યે જાણી લીધું. કેટલેક દૂર ચાલી આવવા પછી મુસલ્માનો એકાએક અટકી ગયા અને પોતાના ભાવિ સર્વનાશના પ્રસંગની ચિન્તા કરવા લાગ્યા. કેશવાચાર્યને પકડીને તેઓ કેટલાક અંતરે ૧ લઇ ગયા, પણ એવામાં એક એવો અદ્ભુત બનાવ બન્યો કે, અંતે કેશવાચાર્યને છોડીને પ્રાણ બચાવવામાટે તેમને પલાયનનો જ આશ્રય લેવો પડ્યો.

દ્વિતીય પરિચ્છેદ

આહેરિયા–કિરણસિંહ

વસન્તના દિવસોમાં રાજપૂત લોકો શિકાર કરવાને નીકળે છે, અને એ શિકાર 'આહેરિયા' નામથી ઓળખાય છે. એ ઉત્સવ પ્રસંગે

રાણાના આત્મીયજનો, મિત્રો અને સરદાર આદિ સર્વ એકઠા મળે છે. એ માત્ર શિકાર પણ નથી અને એને રમતનું નામ પણ આપી શકાતું નથી; કારણ કે, એ શિકારમાં મેળવેલા જય કે પરાજયથી રાજપૂત લોકો પોતાના આગામિ વર્ષના શુભાશુભ ફળની કલ્પના કરી લે છે. આજે પણ રાજપૂતો એ આહેરિયામાટે નીકળ્યા હતા. જો એઓ પશુનો વધ કરે, તો આવતું વર્ષ આનંદમાં વીતવાનું હતું અને દુર્ભાગ્યથી જો શિકાર છટકી જાય, તો તે વર્ષમાં દુઃખ અને સંકટોના આવવાની વાટ જોવાનો તેઓ નિશ્ચય કરવાના હતા.

આજે રાજપૂત લોકો એક વનવરાહની પાછળ પડ્યા હતા. વરાહની પાછળ દોડતો દોડતો રાજકુમાર કિરણસિંહ બહુ છેટો નીકળી ગયો હતો. પણ તે એકલો ન હોતો; બીજા પણ બે મનુષ્યો તેની સાથે હતા. તેઓ વરાહનો બહુ જ સારી રીતે પીછો પકડીને ચાલ્યા આવતા હતા, પણ ધૂર્ત વરાહ ઝાડીઓમાં લપાતો છુપાતો એવી રીતે સટકી જતો હતો કે, રાજકુમારને એક વાર પણ તેને મારવાનો લાગ ફાવ્યો નહિ. ચાલતાં ચાલતાં જંગલ વધારે ઘાટું આવતું ગયું અને વરાહ પણ તેમાં છુપાઈ ભરાઈને પ્રાણ બચાવવાની વધારે ચેષ્ટા કરવા લાગ્યો. વરાહનો શિકાર કાંઈ જેવો તેવો શિકાર હોતો નથી, કિન્તુ એ શિકારથી રાજપૂતોના શુભાશુભનો નિર્ણય કરવામાં આવે છે, એટલે ગમે તેટલો પરિશ્રમ પડવા છતાં પણ એ શિકારને છોડવામાં તો નથી જ આવતો. કિરણસિંહ એ વાત સારી રીતે જાણતો હતો કેઃ 'એક વાર ખુલ્લું મેદાન આવી જાય, તો પછી એ વરાહ છટકી શકે તેમ નથી.' એવા વિચારથી હાથમાં શસ્ત્ર ધારણ કરી મહાવ્યગ્રતા, કુશળતા અને ધીરવીરતાથી તે તેની પાછળ પોતાના ઘોડાને દપટાવતો જતો હતો. અંતે એક નાના ડુંગરની તળેટીમાં આવીને તેણે જોયું તો શિકારનો તેને ક્યાંય પત્તો મળ્યો નહિ. કુમાર ગભરાયો અને પોતાના સાથીને સંબોધીને કહેવા લાગ્યો કેઃ "જુઓ અહીં અવશ્ય કોઈ ગુહા છે અથવા તો કોઈ છુપો રસ્તો છે, કે જ્યાં એ વરાહ ભાગી ગયો છે."

ત્રણે જણે મળીને ખૂબ શોધ ચલાવ્યો, એટલે કેટલાક વખત પછી એ જ પહાડની તળેટીમાં એક સ્થાને એક નાની સરખી ગુહા તેમના જોવામાં આવી. એ ગુહા એટલી બધી સાંકડી હતી કે, એક સાથે બે માણસો પણ તેમાં જઈ શકે તેમ ન હોતું. એ ગુહાને જોઈને કિરણસિંહ પોતાના સાથીઓને કહેવા લાગ્યો કેઃ "મિત્રજનો! આપણો શિકાર આ ગુહામાં જ છુપાયલો છે. એને માર્યા વિના આપણું કલ્યાણ નથી; એટલે અશ્વોને અહીં જ છોડીને, ચાલો, આપણે પગપાળા જ આ ગુહામાં ચાલ્યા જઈએ."

અંતે એ ઉપાયની જ યોજના કરવામાં આવી. સર્વ પોતપોતાના વાહનપરથી ઊતરી પડ્યા અને ઘોડાઓને એમના એમ જ છોડીને બન્દૂક સામી કરી અને ભાલાઓને ખેંચીને તે ત્રણેએ એ ગુહામાં પ્રવેશ કર્યો. થોડી વાર ચાલ્યા પછી તેઓ એ ગુહાના બીજા સામેના મોઢાપર આવી લાગ્યા. ત્યાં આવતાં જ તેમણે જોયું કે, તેમનો શિકાર ગુહાના અંદરના ભાગ તરફ પીઠ રાખીને સામા દ્વાર તરફ મોઢું રાખી હાંફતો બેઠો હતો. તેનું અડધું શરીર ગુહાની અંદર અને અડધું બહાર હતું. લાગ જોઇને કિરણસિંહે પોતાના ભાલાનો ઘા કર્યો. ભાલો લાગવાથી અભાગી પશુ પોકાર કરવા લાગ્યો અને ઊભો થઇને ચક્કર ચક્કર ફરવા લાગ્યો. પરંતુ ગુહા સાંકડી હોવાથી તે પાછો ફરી શક્યો નહિ. એટલામાં બીજા બે ભાલાઓનો તેના શરીર પર આઘાત થયો. તે ગુહામાંથી બહાર નીકળી આવ્યો અને હાથ પગ પછાડવા અફાળવા મંડી ગયો.

ત્રણે રજપૂત વીરો પણ તેની પાછળ જ બહાર નીકળ્યા. જે ક્ષણે એ લોકો ગુહામાંથી બહાર નીકળ્યા, તે જ ક્ષણે મુસલ્માનો કેશવા-ચાર્યને પકડીને ત્યાં આવી લાગ્યા. રાજપૂતોને જોતાં જ કેશવાચાર્યના મુખમંડળમાં રક્તવર્ણ તેજનો આવિર્ભાવ થયો અને મુગલોનાં મોઢાં પીળાં પડી ગયાં. કિરણસિંહની દૃષ્ટિ કેશવાચાર્યપર પડતાં જ 'સીતાસિંહ! વૈરીસિંહ! અહીં આવો!' એ પ્રમાણે પોતાના સાથી-ઓને બૂમ પાડીને તે મુસલ્માનોના શરીરપર ધસી આવ્યો અને તેમને મુષ્ટિપ્રહાર કરીને દૂર ખસેડી દીધા. કિરણસિંહની વજ્ર સમાન મુષ્ટિના પ્રહારથી મુગલ સિપાહીઓનાં માથાં ચક્કર ખાવા લાગ્યાં અને તેથી કેશવાચાર્યને છોડીને ચુપચાપ તેઓ એક તરફ ઊભા થઈ રહ્યા. વૈરી-સિંહે બે ફકીરોને બે ઠોંસા લગાવી દીધા. એક ફકીર તો ઠોંસો પડતાં જ માથું પકડીને જમીનપર બેસી ગયો. પણ અબ્દુલ્લાખાને રાજપૂત વીરના મુષ્ટિપ્રહારને પોતાના હાથપર ઝીલી લીધો. કેશવા-ચાર્યને દૂર ઊભેલો જોઇને કિરણસિંહ બોલ્યો કે: "અત્યારે તો આપ પધારો. બીજી વાર આપને મળીને આજનો બધો વૃત્તાંત હું નીરાંતે સાંભળીશ." કેશવાચાર્ય પણ, ત્યાં વધારે વાર ખોટી થવાનું વ્યર્થ ધારીને, પોતાની પર્ણકુટીના માર્ગમાં પ્રયાણ કરી ગયો.

મુગલ લોકોએ પ્રથમ આક્રમણને સહન કરી લઇને ઝટ ઊભા થઈ પોતપોતાની છુપી ગુપ્તીઓને બહાર કાઢી અને લડવાની તૈયારી કરી દીધી. રાજપૂતો પણ શત્રુઓથી કાંઈ પાછા હટી જાય એવા તો ન હોતા જ. એક નાનું સરખું યુદ્ધ થયું, પણ ઇશ્વરની કૃપાથી અંતે

વિજય તો રાજપૂતોના ભાગ્યમાં જ આવ્યો. બે મુગલ સિપાહીઓનો તો ત્યાં જ ફેંસલો થઈ ગયો અને એક ફકીર જીવ લઇને કૂતરાની પેઠે નાસી ગયો. માત્ર એક જ મુસલમાન વીર બાકી રહ્યો અને તે અબ્દુલ્લાખાન પોતે જ હતો. રાજપૂતોએ એને બાંધીને કયદ કરી લીધો અને પોતાના મારેલા શિકારને સાથે લઇને તેમણે પાછો તે ગુહામાં પ્રવેશ કર્યો. એ જ ક્ષણે પાસેના ઝાડની આડમાંથી એક સુન્દર સ્ત્રી બહાર નીકળી આવી અને તેણે એમને ગુહામાં પ્રવેશ કરતા જોયા. પણ એ રાજપૂતો અને અબ્દુલ્લાખાનમાંના કોઇએ પણ એ અબળાને જોઈ ન હોતી.

કેશવાચાર્ય, કિરણસિંહથી છૂટો પડ્યા પછી એકદમ અરણ્યમાંથી બહાર નીકળી આવ્યો. અરણ્યની પાસે જ એક નાનો મઠ હતો. તે મઠના દ્વાર પાસે આવીને તેણે સાદ કર્યો કેઃ "પ્રતિભા!" કેશવાચાર્યનો કંઠધ્વનિ સાંભળતા જ એક રુદ્રાક્ષશોભિતા, ભસ્મમંડિતા, કાષાયવસના, પરિણતવયસ્કા અને ઉજ્જ્વલ શ્યામાંગી યોગિની મૂર્તિએ આવીને તેને પ્રણામ કર્યાં. એ યોગિનીને બનેલા બનાવનું આદિથી અંત પર્યંત વર્ણન કરી સંભળાવીને અંતે કેશવાચાર્યે કહ્યું કેઃ "પુત્રિ! જો એ મુસલમાનો અને રાજકુમાર કિરણસિંહના સંબંધમાં કોઈ વાત તારા જાણવામાં આવે, તો સત્વર આવીને મને સમાચાર આપી જજે." એમ કહીને કેશવાચાર્ય ત્યાંથી વિદાય થયો.

તૃતીય પરિચ્છેદ

લતાકુંજમાં સ્વપ્ન

એ જ દિવસે મધ્યાહ્ન પૂર્વે આકાશમાં કાંઇક વાદળાં જોવામાં આવ્યાં. દિવસના ચઢવાની સાથે આકાશ પણ ક્ષણેક્ષણે વધારે અને વધારે મેઘાચ્છાદિત થતું ગયું—તે એટલે સૂધી કે, મધ્યાહ્ન સમયે તો સર્વત્ર ઘોર અંધકારની ધાટી ઘટા છવાઇ ગઇ. પ્રકૃતિનું સ્વાભાવિક શાંત સ્વરૂપ મહાભયંકર દૃષ્ટિગોચર થવા લાગ્યું. એ સમયે શ્રીએકલિંગજીના ઉદ્યાનમાંના એક માધવીકુંજમાં એક સુકુમારી બાલિકા હથેળીમાં પોતાના કોમળ ગાલની સ્થાપના કરીને બેઠી હતી.

પ્રિય પાઠકો! ધારી લ્યો કે, તમોએ મહાપરિશ્રમ વેઠીને એક લતા વાવી હતી, અને પોતાના હાથે જ તેને જલસિંચન કરી ઉછેરીને મોટી કરી હતી. તે વેળાયે તમારા મનમાં એવી આશા હતી કે, એ લતા કેટલાક દિવસ પછી મોટી થતાં પુષ્પગુચ્છથી ઉભરાઈ જશે અને પોતાના સુગંધથી તમોને મુગ્ધ અને મોહિત કરી નાખશે. ઇત્યાદિ. પણ હવે

ધારો કે, તમારી એ આશાને અફળ ગયેલી જોઇને–અર્થાત્ એ પ્રમાણેનું પરિણામ ન આવતાં–તમારા મનમાં કેટલો બધો શોક થવાનો ! એની કલ્પના માત્ર તમો જ કરી શકશો. જો તમો પુષ્પસુગંધના સ્નેહી હો, તો અમો તમારી પાસેથી જાણવા માગીએ છીએ કે, તમોને એ નિરાશાથી કેટલો બધો ખેદ થવાનો સંભવ છે, તે જરા ખરેખરૂં કહી દ્યો ! કારણ કે, અમારા એ વિશેના થોડા ઘણા અનુભવની તેની સાથે સરખામણી કરવાનો અમૂલ્ય અવસર અમોને મળી શકે.

વિદ્વાન્ કવિજનો કહે છે કે: 'આશા' નામક એક લતા થાય છે, કે, જેની કેટલાક લોકો મહાયત્ન અને પ્રેમથી પોતાના હૃદયક્ષેત્રમાં વાવણી કરે છે, અને જીવસટોસટના અનેક પ્રયત્નો કરીને તેનું લાલન પાલન કરતા રહે છે. કેટલાકોના સદ્ભાગ્યયોગે એ આશાલતા પુષ્પિતા થઇને સુગંધનો આસ્વાદ આપે છે ખરી, પણ બહુધા દુર્ભાગ્યયોગે ફૂલીને પુષ્પપલ્લવિતા થવા પૂર્વે જ નષ્ટ થઈ જાય છે; અકાળે જ એનો જડમૂળથી નાશ થાય છે; માત્ર એટલું જ નહિ, પણ સાથે તે હૃદયરૂપી ક્ષેત્રનો પણ વિનાશ કરી નાખે છે. ત્યારે કહો કે, એવા સમયમાં મન શું કહેતું હોય છે વારૂ? અમોને તો આ સંસારમાં એવી સદ્ભાગિની એક પણ વ્યક્તિ નથી દેખાતી કે, જે એ આશાલતાના નાશને લીધે થયેલા પોતાના વિદીર્ણ હૃદયદ્વારા એક વાર પણ નાની અથવા મોટી આપદામાં આવી પડી ન હોય ! સંસારને નિહાળો–આબાલ–વૃદ્ધ વનિતા સર્વેને–સર્વના જીવનને નિરખીને જુઓ, એટલે તરત તમારા જાણવામાં આવી જશે કે, સકળ સાંસારિક જનો એક કે બીજા પ્રકારે અવશ્ય એ નિરાશાના કટુસ્વાદને ચાખી ચૂક્યાં છે. જુઓ આ બાળા, કે જેના કેશ આમ તેમ વિખરાયલા છે અને જે પોતાના કુમળાયલા ગાલને હાથના આધારે રાખીને બેઠી છે, એના હૃદયમાં પણ શું એવો જ કોઈ નિરાશાનો આઘાત નથી થયો ? ખરેખર કુન્દકુમારી પણ નિરાશાના મૂળવાળી આશારૂપી લતા અને પોતાના ભગ્નહૃદયને સાચવતી વ્યાકુલ બની ગઈ છે ? કુન્દકુમારી ગાલપર હાથ રાખીને ચિન્તારૂપી ગંભીર સમુદ્રમાં ગોથાં ખાયા કરતી હતી. તેના મનમાં અનેક પ્રકારના વિચારતરંગો ઉદ્ભવ્યા કરતા હતા, અને તેમાંના કેટલાક વિચારો નીચે લખ્યા પ્રમાણેના હતા;–

"વારૂ–શોભનસિંહનો જન્મ ક્ષત્રિયના ગૃહમાં શામાટે થયો ? અસ્તુ: પણ જ્યારે એમનો જન્મ ક્ષત્રિયકુળમાં થયો, તો પછી હું બ્રાહ્મણને ત્યાં કેમ અવતરી વારૂ ? જો હું બ્રાહ્મણકુમારી થઈ, તો

એમને પણ બ્રાહ્મણનો દેહ પ્રાપ્ત કેમ ન થયો? સૃષ્ટિના કર્તા માટે આ અત્યન્ત નિન્દા અને દોષનો વિષય છે!!"

થોડી વાર શાંત રહીને પુનઃ તે મનમાં જ કહેવા લાગી કેઃ "સમયના પરિવર્તન સાથે મનુષ્યના મનનું પણ બહુ જ પરિવર્તન થાય છે! પ્રથમ મારી એવી ધારણા હતી કે, શોભનસિંહના મોહના માર્ગમાં હું ઊભી પણ નથી રહેવાની–મારા હૃદયને હું વશ કરી લઈશ! પણ અત્યારે તો એથી વિપરીત દશા જ થયેલી જોવામાં આવે છે. હવે તો એવી જ ભાવના થયા કરે છે કે, શોભનનો વિવાહ નજરે જોઇને જ હું સુખિની થઈશ! પણ એ ક્યારે પરણશે? કઈ ભાગ્યશાલિની સુંદરીને હૃદયનું દાન આપશે!!"

પુનઃ તે પોતાના મનને પૂછવા લાગી કેઃ શોભનસિંહ, પોતાનો વિવાહ શામાટે નથી કરતા વારુ? અનેક સ્થાનેથી માગાં આવ્યાં, પરન્તુ એકનો પણ એમણે સ્વીકાર ન કર્યો, એનું કારણ શું હશે? કોઇ વાર કન્યા રૂપાળી નથી, કે તેના પિતાની વીરોમાં નામના નથી અથવા તો તે ઉચ્ચ વંશની કુલીન બાળા નથી, ઇત્યાદિ નાના પ્રકારના વિરોધ તેઓ વારંવાર લાવ્યા કરે છે, એનો કશો પણ હેતુ સમજી શકાતો નથી! ખરેખર શોભનસિંહ મને ચાહે છે–અરે ચાહે છે એટલું જ નહિ પણ પ્રાણથી પણ મને વિશેષ માને છે! પણ પોતાના એ સ્નેહની વાત કોઈ વાર પણ એમણે કહી નથી. આજથી પહેલાં આ અસાર સંસારમાં મનુષ્યે મનુષ્યની સાથે જેટલો સ્નેહ સાચવેલો છે, ને ભવિષ્યમાં કોઇ કોઇની જોડે સ્નેહનો જેટલો સંબંધ રાખશે; એટલો જ બલ્કે એથી પણ વધારે સ્નેહસંબંધ એમણે મારી સાથે રાખેલો છે! પરંતુ એ સ્નેહના બદલામાં મેં એમને શું આપ્યું છે અને હવે પછી શું આપવાની છું વારુ? બીજું કાંઈ નહિ, પણ કેવળ દારુણ દુઃખ અને દુઃખ જ!!"

એ વિચારનો હૃદયમાં ઉદ્ભવ થતાં જ કુન્દકુમારીના ઓષ્ઠો ધીમે ધીમે કંપવા લાગ્યા. બહુ જ મૃદુતા અને સ્પષ્ટતાથી તેના છેલ્લા શબ્દોનો પ્રતિધ્વનિ થયો કેઃ "કેવળ દારુણ દુઃખ અને દુઃખ જ!!"

કુન્દકુમારી પુનઃ વિચાર કરવા લાગી કેઃ "પણ આટલી બધી અકારણ ચિન્તા મારે શામાટે કરવી જોઇએ?" વિચારમાં તે એટલી બધી તલ્લીન થઈ ગઈ હતી કે, કોકિલાનો પંચમ સ્વર અને બપૈયાનો પિયુપિયુ શબ્દ પણ તે સાંભળી શકતી ન હોતી. કેટલાક સમય પછી એ સુંદરીએ એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો અને એ નિઃશ્વાસના પ્રતિધ્વનિરૂપે જાણે શોભનસિંહનો કંઠધ્વનિ તેના સાંભળવામાં આવ્યો હોયની! એમ તેને લાગ્યું. જાણે શોભનસિંહ 'કુન્દકુમારી!' કહીને તેને બોલાવતો હોયની! એવો તે અબળાને આભાસ થયો!

અહીં એ વાર્તા અમારે વાચકોને જણાવી દેવી જોઇએ કે, શોભનસિંહ એ બાળાને કુન્દકુમારીના નામથી જ બોલાવ્યા કરતો હતો.

કુન્દકુમારી એકાએક ચોંકી ગઈ અને આંખો ફાડી ફાડીને આસપાસ ચારે તરફ જોવા લાગી. પણ અંતે પોતાના ભ્રમના ભેદને જાણી લઇને ચિત્તને અન્ય વિષયમાં લગાડવાની ચેષ્ટા કરવા લાગી. થોડી વાર પછી પાછો તેને એવો ભાસ થયો કે, જાણે શોભનસિંહ તેને 'કુન્દકુમારી! ઓ કુન્દકુમારી!' કહીને બોલાવતો ઊભો છે.

પાછી તે આમતેમ નજર દોડાવવા લાગી, પણ જ્યારે કોઈ પણ તેના જોવામાં આવ્યું નહિ, ત્યારે તે પવનપર કોપ કરવા લાગી અને વાયુથી ઉત્પન્ન થતા શબ્દનો તિરસ્કાર કરતી એક શીતલ પાષાણ શિલાપર હાથના આધારે મસ્તક રાખીને લેટી ગઈ અને લેટતાંની સાથે જ તે ગાઢ નિદ્રાને વશ થઇ ગઇ.

એ સમયે દિવસ કાંઇ નમતો થવા માંડ્યો હતો અને દક્ષિણ દિશાનો વાયુ આકાશમાં ઘેરાયલાં વાદળાંને વિખેરી નાખવાના પ્રયત્નમાં લાગેલો હતો. નિદ્રાવસ્થામાં કુન્દકુમારી અનેક પ્રકારનાં સ્વપ્નો જોવા લાગી. એક વાર તેણે એવું સ્વપ્ન જોયું કે, જાણે તે એક અજ્ઞાત સ્થાને જઇ ચડી છે અને ત્યાં ગાયન, વાદન અને નૃત્ય આદિનો આનંદદર્શક પ્રકાર ચાલી રહ્યો છે. જોતજોતામાં એક નૃત્ય કરતી પૂતળી કુન્દકુમારી પાસે આવી અને તેણે એક તીખી ધારવાળી તલ્વાર કુન્દના હાથમાં આપી. ઇચ્છા ન હોવા છતાં પણ એ યુવતીએ તે તલ્વાર લઇ લીધી અને નિમેષમાત્રમાં એ બધા દેખાવનો લોપ થઇ ગયો. ત્યાર પછી અનેક અશ્વ અને હાથીઓને દલબદ્ધ થઇને તેણે પોતાની સામેથી ચાલી જતા જોયા. પળમાત્રમાં એ દૃશ્યનો પણ લોપ થયો. પુનઃ ગાયન, વાદન અને નૃત્ય આદિ પ્રકાર અને તલ્વાર આપવાનો દેખાવ તેની નજર આગળ તરવા લાગ્યો. હવેના વખતે કુન્દકુમારીએ વિરક્ત થઇને તે તલ્વારને ધિક્કારથી જમીનપર નાખી દીધી. તલ્વારનો તિરસ્કાર કરવાની સાથે જ તે બાળાને એક પ્રકારના અકથનીય કષ્ટનો બોધ થવા લાગ્યો; એટલે તે તલ્વારને મેળવવામાટે કુન્દકુમારી બહુ જ ગભરાઇને પ્રયત્ન કરવા લાગી અને અત્યંત પરિશ્રમ કર્યા પછી તે તલ્વાર પાછી તેના હાથમાં આવી. તલ્વાર હાથમાં આવતાં જ તેની નિદ્રા ઊડી ગઇ અને આંખો ઉઘડી ગઇ. જાગતાં જ તેને એવો ભાસ થયો કે, તેના મસ્તક આગળ કોઇ પુરુષ બેઠેલો છે. આંખો ઉઘાડીને જોયું, તો શોભનસિંહ બેઠેલો હતો.

"શોભનસિંહ ! આજે–અત્યારે મેં એક નઠારૂં અને ભયંકર સ્વપ્ન જોયું છે. એનું સ્મરણ થતાં મારા હૃદયમાં કંપનો આવિર્ભાવ થાય છે અને ગાત્ર શિથિલ થઈ જાય છે." કુન્દકુમારી બેઠી થઇને બોલી.

"સ્વપ્ન કદાપિ સત્ય નથી હોતું; એટલામાટે તારે એથી ગભરાઇ જવાનું કાંઇ પણ કારણ નથી." શોભનસિંહે તેના હૃદયને શાંત કરવાના ઉદ્દેશથી કહ્યું.

એ પછી કુન્દકુમારીએ સ્વપ્નનો સર્વ વૃત્તાંત શોભનસિંહને કહી સંભળાવ્યો. એ સાંભળી લઇને તે બોલ્યો કેઃ "તું કશી પણ ચિંતા કરીશ નહિ. સ્વપ્ન કદાપિ ફળતું નથી."

કુન્દકુમારીનો એ આશ્વસનમાં વિશ્વાસ બંધાયો કે નહિ, એ અમો કહી શકતા નથી; પરંતુ એટલું કહી શકીએ છીએ કે, તે બાળાએ એનું કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યું નહિ.

ચતુર્થ પરિચ્છેદ
લતાકુંજમાં પુષ્પ

અત્યારે પણ આકાશમાં કેટલાક છૂટાં છવાયાં વાદળાં ચઢી આવેલાં દેખાતાં હતાં. શોભનસિંહના હૃદય–આકાશમાં પણ કાળી ઘટા છવાયલી હતી અને તે પણ આજે વિભાગશઃ જોવામાં આવતી હતી. આજે શોભનસિંહના આનંદરૂપ સમુદ્રમાં ભીષણ તરંગો ઉદ્ભવતા હતા. ઓલવાઇ જવા પહેલાં દીપકના પ્રકાશનો એક વાર મોટો ભડકો થાય છે, તેવી જ શોભનસિંહના ચિત્તની અવસ્થા હતી;–

"જઇફીમેં જવાનીસે જ્યિાદા જોશ હોતા હય;
ભડકતા હય ચિરાગે સુબહ, જબ ખામોશ હોતા હય."

–અસ્તુ. શોભનસિંહે કુન્દકુમારીને સંબોધીને કહ્યું કેઃ "કુન્દકુમારી ! તું તારા મનમાં શા વિચાર કરતી હતી વારૂ ?"

કુન્દકુમારી એ પ્રશ્ન સાંભળીને શોભનસિંહના મુખ સામું જોઇ રહી, અને જ્યારે તેને કોઇ પણ વાતનું સ્મરણ થયું નહિ, ત્યારે તેણે સામો પ્રશ્ન પૂછ્યો કેઃ "ક્યારે ? કઈ વેળાયે ?"

"હું એટલું જ જાણવા માગું છું કે, તારા મુખમાંથી જે 'કેવળ દારુણ દુઃખ અને દુઃખ જ,' એ શબ્દોનો ઉચ્ચાર થયો હતો, એનો ભાવાર્થ શો છે ?" શોભનસિંહે મંદ હાસ્ય કરીને કહ્યું.

શોભનસિંહનો એ પ્રશ્ન સાંભળીને કુન્દકુમારી નિઃસ્તબ્ધ થઈ ગઇ અને કેટલીક વાર સુધી વિચાર કરીને મલિન ભાવથી કહેવા લાગી કેઃ "શોભન ! એ શબ્દોના ભાવાર્થને જાણવાથી તમોને શો લાભ થવાનો હતો !"

"કાંઈ નહિ. વારૂ, ત્યારે હવે હું રજા લઇશ." એમ કહીને શોભનસિંહ ઊઠીને ઊભો થઇ ગયો, અને જવાની તૈયારી કરવા લાગ્યો.

"ના. હમણા ન જશો." કુન્દકુમારીએ તેને રોકીને કહ્યું.

"ત્યારે મારા સવાલનો જવાબ દે." શોભનસિંહ બોલ્યો.

કુન્દકુમારી આમતેમ જોઇને બોલી કે: "જો એ શબ્દોના ભાવાર્થને જાણવાનો પ્રયત્ન તમો ન કરો, તો વધારે સારૂં."

બીજીવારનો એવો જવાબ સાંભળીને શોભનસિંહે હસવાને બદલે ભવાં ચઢાવ્યાં અને મોઢું ઊતરેલું બનાવી દીધું. તે પોતાના મનમાં જ વિચાર કરવા લાગ્યો કે: "પ્રણયિની કુન્દકુમારીનો પ્રેમ મારામાં હવે આગળના જેવો રહ્યો નથી. આજે મનની વાત મારાથી એ છુપાવે છે, એનું એ જ મૂળ કારણ છે."

જે વ્યક્તિને તમો પોતાની જ સમજતા હો, અને તે જો પોતાના મનના ભાવને તમારાથી છુપાવતી હોય, તો એથી અવશ્ય તમારા હૃદયમાં ખેદ થવાનો જ. કિન્તુ મનમાં વિચાર કરી જુઓ કે, એવી એવી વાતોને કેટલીયે વાર તમો હસવામાં જ ઊડાવી ચૂકયા છો. કુન્દકુમારી અને શોભનસિંહ વચ્ચે એવો પ્રકાર કોઈ દિવસે પણ થતો ન હોતો—તેઓ એકબીજાના હૃદયની વાત કદાપિ છુપાવતાં ન હોતાં,—જો કોઈ વાર તેઓ એવી કોઈ બીના છુપાવવા ઇચ્છતાં હતાં, તો પણ તે ક્ષણે તે વાત પોતાની મેળે જ જાહેર થઈ જતી હતી. પરંતુ આજે કુન્દકુમારીને તેના મનનો ભેદ છુપાવતી જોઇને હૃદયમાં શોભનસિંહ અનિવાર્ય શોક કરવા લાગ્યો. તે પોતાના મનમાં જ કહેવા લાગ્યો કે: "કુન્દકુમારીનો સ્નેહ હવે આગળના જેવો રહ્યો નથી." એ વિચાર આવતાં જ અભિમાને તેની ગર્દન દબાવી અને અભિમાનના વેગમાં જ તે બોલી ઊઠયો કે; "કુન્દકુમારી! એક દિવસ તે પણ હતો કે;—"

શોભનસિંહથી વધારે બોલી શકાયું નહિ. એટલું બોલીને જ તે અટકી ગયો. જાણે કોઇએ તેના મોઢામાં ડૂચો મારી દીધો હોયની! એવો જ તેને ભાસ થવા લાગ્યો. તે પોતાની ઇચ્છાથી જ બોલતો બંધ થઈ ગયો હતો કે નિરુપાય થઇને તેને શાંત થવું પડ્યું હતું, એનો અમારાથી યથાર્થ નિર્ણય કરી શકાય તેમ નથી.

કુન્દકુમારી વારંવાર પૂછવા લાગી કે: "કેમ શોભન! તે એવો દિવસ કયો હતો વારૂ? તે કેવો દિવસ હતો? શોભન! તે વેળાયે શી લીલા થયા કરતી'તી? તમો ચુપ કેમ થઈ ગયા? બોલતા કેમ નથી?"

શોભનસિંહથી એ પ્રશ્નનું ઉત્તર આપી શકાયું નહિ. અંતે મહા કઠિનતાથી તે બોલ્યો કે: "ના. હવે હું કાંઈ પણ બોલીશ નહિ."

"એનું કારણ?" કુન્દકુમારીએ સવાલ કર્યો.

શોભને કશો પણ જવાબ આપ્યો નહિ. કુન્દકુમારી ફરીફરીને પૂછવા લાગી: "કેમ? નહિ શામાટે બોલો?"

એ બીજી વેળાયે પણ શોભનસિંહ તો નિરુત્તર જ રહી ગયો. કુન્દકુમારી મનમાં જાણી ગઇ કે: "શોભનનું હૃદય આજે મારાથી વિરક્ત થઇ ગયું છે!" એ વિચાર થતાં જ તેની મુખમુદ્રામાં પણ ગંભીરતાનો આવિર્ભાવ થવા લાગ્યો, તેના હૃદયમાં કંપ થવા લાગ્યો અને તેથી તે પણ અભિમાનના મદથી ઉન્માદિની બની ગઈ. અભિમાન આણવાનું કારણ એટલું જ કે, તેણે શોભનસિંહનો કશો પણ અપરાધ કર્યો ન હોતો, છતાં તેણે એ બિચારીપર અમથો કોપ કર્યો હતો. કુન્દકુમારી પણ કાંઈ ન બોલી. થોડી વાર પછી તે ત્યાંથી ઊઠીને ચાલવા લાગી. એટલે જાણે નિદ્રામાંથી જાગૃત થયો હોયની! તે પ્રમાણે ઝબકી ઊઠીને શોભનસિંહ બોલ્યો કે: "કેમ, કુન્દકુમારી! કયાં જાય છે?"

"હું હવે વધારે વાર અહીં રહું એ યોગ્ય નથી." વિષાદને વશ થઇ કુન્દકુમારીએ તીવ્ર સ્વરથી ઉત્તર આપ્યું.

"તું શામાટે જાય છે? લેને હું જ ચાલતો થાઉં છું." શોભને કહ્યું.

એટલું બોલીને તે તો ચાલવાજ લાગી ગયો. કેટલાક અંતરે જવા પછી મુખ ફેરવીને તેણે નજર દોડાવી, તો કુન્દકુમારી એક દૃષ્ટિથી તેની તરફ જોતી ઊભેલી તેના જોવામાં આવી. એ દૃશ્યને જોતાં જ શોભનસિંહનું હૃદય કંપવા લાગ્યું, મસ્તક ભ્રમણ કરવા માંડયું અને શરીરમાંથી સ્વેદ છૂટવા લાગ્યો. તે દાંતોમાં આંગળી દબાવી પાસેના એક ચંપક વૃક્ષમાંથી એક પુષ્પને તોડીને આગળ વધ્યો. થોડુંક ચાલવા પછી અચાનક કોઇ વિચાર આવવાથી તે પાછો ઊભો રહી ગયો. કુન્દકુમારીએ કહ્યું હતું કે: "હું હવે વધારે વાર અહીં રહું એ યોગ્ય નથી!" એ વાકયનું તેને પુનઃ સ્મરણ થઇ આવ્યું. શોભનસિંહે કુન્દકુમારીના એ કથનનો બીજોજ ભાવાર્થ કાઢયો. તે મનમાં જ કહેવા લાગ્યો કે: "હં—એ વાકયથી એણે મને એમ દર્શાવ્યું કે, હવે આપણે બાળક નથી—બાલ્યાવસ્થામાં નથી. એટલે જ્યાં મારા જેવો યુવા પુરુષ ઉપસ્થિત હોય, ત્યાં એના જેવી યુવતિ ઊભી રહે, એ ઉચિત ન કહેવાય. હાય! શું કુન્દકુમારીએ મને એટલો બધો નીચ અને અધમ ધારી લીધો છે કે!!" તેણે પાછો મનમાં નિર્ધાર કર્યો કે: "મારે જઇને તલ્વાર પર હાથ રાખી પ્રતિજ્ઞાપૂર્વક એ યુવતિને જણાવી દેવું જોઇએ કે, મને તું ધારે છે, તેવો. હું નીચ, અધમ અને ઇન્દ્રિયલોલુપ નથી!"

એવો નિશ્ચય કરીને શોભનસિંહ પાછો વળ્યો અને જ્યાં કુન્દકુમારી ઊભી હતી, ત્યાં આવ્યો. ત્યાં કુન્દકુમારી પાષાણની એક વિશાળ શિલાપર અર્ધનિદ્રિત અને અર્ધજાગૃત જેવી અવસ્થામાં પડી હતી. તેના માથાના કેશ આમતેમ વિખરાઇ ગયા હતા અને મુખમંડળમાં મલિનતા વ્યાપી ગઇ હતી. શોભનસિંહે કહ્યું કેઃ "કુન્દકુમારી !"

કુન્દકુમારીએ નેત્ર ઊઘાડીને જોયું. તેની દૃષ્ટિ પ્રથમ કરતાં વધારે સ્થિર, મુખમુદ્રા ગંભીર અને આંખો લાલચોળ થઈ ગયેલી દેખાતી હતી. શોભનસિંહ, તેની આવી અવદશાને જોઇને પોતે જે વાત કહેવાને આવ્યો હતો, તે ભૂલી ગયો. જેના કાતર અને શોકપૂર્ણ મુખમંડળને જોઇને હૃદયના કટકે કટકા થઇ જતા હોય, તેને એવાં કઠોર વચન કહી શકાય પણ ખરાં કે? કદાપિ નહિ. શોભનનાં નેત્રોમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. મહાપરિશ્રમથી અશ્રુના પ્રવાહને અટકાવીને તે કહેવા લાગ્યો કેઃ "કુન્દકુમારી ! હવે મને તું ભૂલી જવાની ચેષ્ટા કર અને વિવાહિત થઇને પોતાના પાત સાથે સંસારવિલાસનો ઉપભોગ લે !!"

કુન્દકુમારીના કોમળ ગાલ પણ ગુલાબી રંગનો ત્યાગ કરીને લાલ લાલ બની ગયા હતા. કેટલીક વાર સુધી તો માથું નમાવી નીચી નજર કરીને તે બેસી રહી. પછી તે ધીમા સ્વરથી બોલી કેઃ "શોભન ! તમારો જ્યારે વિવાહ થાય, ત્યારે મને અવશ્ય બોલાવજો. તમારી અર્ધાંગીને જોવામાટે હું પણ આવીશ !"

"અત્યારે એ વિશે હું નિશ્ચયપૂર્વક કાંઈ પણ કહી શકતો નથી." શોભનસિંહે ગંભીરતાથી કહ્યુંઃ "તેમ જ પ્રતિજ્ઞા પણ કરી શકતો નથી."

"હું તમોને પ્રતિજ્ઞા કરવાનું નથી કહેતી; કિન્તુ કેવળ એટલું જ કહું છું કે, તમારા વિવાહની વેળાયે મને ભૂલી ન જશો." કુન્દકુમારીએ નમ્રતા અને વિનયશીલતાથી કહ્યું.

"જો મારા વિવાહનો સમય આવશે, તો તને પણ એના સમાચાર મળી જશે." શોભનસિંહે માર્મિકતાથી જણાવ્યું.

એટલું કહીને શોભન પુનઃ વિચાર કરવા લાગ્યો કેઃ "જે મારો આટલો બધો તિરસ્કાર કરે છે, તેની પાસે વધારે વાર ઊભા રહેવામાં માલ જેવું કાંઇ પણ નથી. કદાચિત્ મારા સહવાસથી એને વધારે કષ્ટ પણ થતું હોય ! માટે મારે અહીંથી ચાલ્યા જવું જોઇએ." એવી ધારણાથી બીજો એક પણ શબ્દ બોલ્યા વિના તે ત્યાંથી વાયુના વેગે ચાલ્યો ગયો. શોભનસિંહના જવા પછી કુન્દકુમારીએ સાડીના પાલવથી પોતાની આંખમાંનાં આંસૂ લૂછી નાખ્યાં.

એક બીજાના કહેવાનો ભાવાર્થ બન્ને ઉલટો જ સમજ્યા હતા. શોભનસિંહ અભિમાનમાં ફૂલાતો સરળ રેષામાં ચાલવા લાગ્યો. આગળ વધીને જોયું તો માલતીગઢના સિંહદ્વારનું તેને દર્શન થયું. તે દ્વારમાંથી બહાર નીકળી આવ્યો; સમીપમાં આરાવલી પર્વતનાં ઊંચાં ઊંચાં આકાશથી સાથે વાતો કરતાં શિખરો દૃષ્ટિગોચર થવા લાગ્યાં. તે શિખરો જાણે તેને પોતાની પાસે બોલાવતાં હોયની ! એવો શોભનસિંહને ભાસ થવા લાગ્યો. તે પર્વતની દિશામાં વિચરવા લાગ્યો.

દિવસ હવે વધારે રહ્યો ન હોતો. થોડી વારમાં જ સૂર્યાસ્ત થવાનો હતો. માર્ગમાં મનુષ્ય કે પશુ કોઈ પણ ક્યાંય દેખાતું ન હોતું. માત્ર કેટલાંક પક્ષીઓ ઊડી ઊડીને પોતાના માળામાં ભરાઇ જતાં હતાં, તેનો જ મંદધ્વનિ સંભળાતો હતો. પણ શોભનને એનું જરા પણ ભાન હતું જ નહિ. તે તો પોતાના એક બીજા જ ધ્યાનમાં નિમગ્ન થઇને એકસરખો પર્વતની દિશામાં જ ચાલ્યો જતો હતો.

પંચમ પરિચ્છેદ

એ કોણ?

કેશવાચાર્યની આજ્ઞાનુસાર શોધ કરીને પ્રતિભા સંધ્યાકાળે શ્રી એકલિંગજીના બાગમાં આવી પહોંચી, અને કહેવા લાગી કે: "રાજપૂતો મુગલોને પકડીને ઉદયપુર લઈ ગયા છે. એક મુગલ અને એક સ્રીના મોઢેથી મેં એ વાત સાંભળી છે."

અહીં વાચકોને પ્રતિભાનો કેટલોક પરિચય કરાવવો અત્યંત આવશ્યકીય છે. પ્રતિભા કુન્દકુમારી પ્રમાણે કેશવાચાર્યની પાલતા પુત્રી ન હોતી, કિન્તુ બાલ્યાવસ્થાથી જ તે કેશવાચાર્યની શિષ્યા થઈ હતી. જે સમયે ગોસ્વામી કેશવાચાર્ય પાર્વતીનાથ નામક મઠનો અધિકારી હતો અને એકલિંગજીના બાગનો અધિકાર તેના ગુરુના હાથમાં હતો, તે સમયમાં જ પ્રતિભાએ કેશવાચાર્ય પાસેથી સંન્યસ્તદીક્ષા લીધી હતી. ગુરુનો પરલોકવાસ થયા પછી કેશવાચાર્ય પોતાના સ્થાને, એટલે કે, પાર્વતીનાથમઠની ગાદીએ પોતાની શિષ્યા પ્રતિભાને બેસાડીને પોતે પોતાના ગુરુનું—એકલિંગજીના બાગનું—આસન સંભાળવા લાગ્યો હતો. કેશવાચાર્ય પ્રતિભાને પોતાની પુત્રી પ્રમાણે ચાહતો હતો. પ્રતિભા કુન્દકુમારીને પણ એવા જ પ્રેમથી ચાહતી હતી, પણ એ પ્રેમમાં સંસારત્યાગિની યોગિનીની અયોગ્ય માયાનું મિશ્રણ થયેલું જોવામાં આવતું હતું. એનું શું કારણ હોવું જોઇએ, એ કેશવાચાર્યના સમજવામાં આવી શકતું ન હોતું.

કેશવાચાર્ય અને પ્રતિભાને બેઠેલાં જોઈને કુન્દકુમારી પણ તેમની પાસે આવીને બેઠી, અને પ્રતિભાને કહેવા લાગી કેઃ "બહેન! તમે તો આજે કાંઈ ઘણા દિવસે દેખાયા!"

"વારંવાર આવવાનું બની નથી શકતું એથી જ." પ્રતિભા બોલી. થોડી વાર રહીને પ્રતિભા પુનઃ બોલી કેઃ "કેમ, કુન્દકુમારી તારું શરીર આવું નિસ્તેજ અને દુર્બળ કેમ થઈ ગયું છે વારુ?"

"મારું શરીર દુર્બળ થઈ ગયું છે? ના, ના. એ તો ઘણા દિવસથી તમોએ મને જોઈ નથી ને, એથી જ તમોને એમ લાગે છે." કુન્દકુમારીએ ખરી વાતને ખોટી બનાવવાનો પ્રયત્ન કર્યો. એમ કહીને તરત તે ત્યાંથી ઊઠીને ચાલી ગઈ; એટલે પ્રતિભા કેશવાચાર્યને ઉદ્દેશીને કહેવા લાગી કેઃ "પિતાજી! કુન્દકુમારીની અવસ્થા હવે વિવાહયોગ્ય થઈ ચૂકી છે; તો એના વિવાહનો અદ્યાપિ કાંઈ પણ નિશ્ચય તમોએ કર્યો છે ખરો કે નહિ?"

"પ્રથમ તો મારી પણ એવી જ ઇચ્છા હતી કે, હવે એને સત્વર પરણાવી દેવી. પરન્તુ એની જન્મકુંડળીને જોતાં જે અશુભ ચિહ્ન મારા જાણવામાં આવ્યું છે, તેથી મારી એ ઇચ્છાનો લોપ થઈ ગયો છે. એના ગ્રહો હવે બહુ જ નઠારા આવવાના છે." કેશવાચાર્યે ઉત્તર આપ્યું.

"આપે એવું તે શું અશુભ ચિહ્ન જોયું તે જણાવશો?" પ્રતિભાએ નિરાશામિશ્રિત ઉત્સુકતાથી પૂછ્યું.

કેશવાચાર્ય એનું ઉત્તર આપવા જતો હતો, એટલામાં કુન્દકુમારી પાછી ત્યાં આવી લાગી અને પ્રતિભાને કહેવા લાગી કેઃ "બહેન! તમો તમારા મઠમાં ક્યારે જવાનાં છો વારુ!

"હમણા જ જવાની છું." પ્રતિભાએ કહ્યું.

"ત્યારે મને પણ સાથે લેતાં જશો કે?" પ્રેમ દર્શાવીને કુન્દકુમારીએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

"તારે ચાલવું હોય, તો મારી ક્યાં ના છે?" પ્રતિભાએ કહ્યું.

"ત્યારે પિતાજી! મને જવાની આજ્ઞા છે કે?" શિષ્ટાચારને અનુસરીને કુન્દકુમારીએ કેશવાચાર્યની આજ્ઞા માગી.

"એમાટે આજ્ઞા તે વળી શાની હોય!" કેશવાચાર્યે અનુમતિ આપી.

મન્દમન્દ વાયુ આરાવલી પર્વતમાંના વૃક્ષોની શાખાઓને ધીમે ધીમે આન્દોલિત કરતો હતો અને પ્રતિભા તથા કુન્દકુમારી મંદ ગતિથી પહાડી રસ્તામાં ચાલી જતી હતી. એ માર્ગ એ વેળાયે નિઃસ્તબ્ધતાના મહિમાને વિસ્તારતો જોવામાં આવતો હતો. ધીમે ધીમે શુક્લ-

પક્ષની ચન્દ્રિકામયી છાયાએ આવીને પર્વત, તરુ, લતા અને માર્ગ આદિને આચ્છાદિત કરી નાખ્યાં. કુન્દકુમારીએ ચાલતાં ચાલતાં પ્રતિભાને પૂછ્યું કે: "બહેન! આજે તમારે આરતી કરવાની નથી કે શું?"

"ના; મારી એક શિષ્યા છે, તે જ આરતી કરી લેશે." પ્રતિભાએ ઉત્તર વાળ્યું.

"પણ બહેન! અહીં વનપશુઓનો ત્રાસ છે ખરો કે નહિ?" કુન્દકુમારીએ બીજી જાતનો સવાલ કર્યો.

"જરા પણ નથી." પ્રતિભાએ ટૂંકો જવાબ આપ્યો.

"એમ કેમ વારુ?" કુન્દકુમારીએ અસંતોષ બતાવ્યો.

"કારણ કે, એક તો આસપાસમાં કોઇ અરણ્ય નથી અને બીજું રાજપૂત લોકો વારંવાર અહીં શિકાર કરવાને આવ્યા કરે છે, એટલે વનપશુ અહીં વાસ કરતાં જ નથી." પ્રતિભાએ સંતોષકારક ઉત્તર આપ્યું.

"વારુ; પણ જો આપણે અહીંથી દૂર ચાલ્યાં જઇએ, તો કાંઇ ભયનો સંભવ ખરો કે?" કુન્દકુમારીએ પ્રશ્નશૃંખલાને આગળ લંબાવી.

"અરણ્યની બહારના ભાગમાં ભય શાનો હોય વારુ? પણ—હા—આજ કાલ અહીં કેટલાક મુસલ્માન લોકો આવેલા છે અને તેથી જો કાંઇ પણ ભય હોય તો તે એ વિધર્મીઓનો જ છે." પ્રતિભાએ કહ્યું.

એ વાત સાંભળતાં જ કુન્દકુમારીનું હૃદય થરથર કંપવા લાગ્યું અને તેનાં વિશાળ નેત્રોને સર્વત્ર ભયંકર અંધકારનો વિસ્તાર દેખાવા લાગ્યો. ભયના આઘાતથી તેનું કોમળ શરીર પણ કંપી ગયું. પણ પ્રતિભા જરાક આગળ આગળ ચાલતી હોવાથી એમાંનું કશું પણ તેના જોવા કે જાણવામાં આવી શક્યું નહિ. કુન્દકુમારીએ પૂછ્યું કે: "કેમ બહેન! આજે જો કોઈ રાજપૂત આ પર્વતપર ચઢે, તો શું થાય વારુ?"

"એનો જવાબ મારાથી કેમ કરીને આપી શકાય વારુ? હું કાંઈ ભવિષ્યભાષિણી નથી." પ્રતિભાએ જણાવ્યું.

કેટલીકવાર સુધી મૌનવ્રત ધારણ કરીને કુન્દકુમારીએ પુનઃ પૂછ્યું કે: "અને તે જો રાજપૂત બાળક જ હોય, તો પણ એ મુસલ્માનો તેનાપર અત્યાચાર કરવાથી દૂર નહિ જ રહે કે શું?"

"એ વિશે મારાથી શું કહી શકાય? પણ તું ડરતી તો નથી ને?" પ્રતિભાએ આશ્વાસક ભાવથી કહ્યું.

"ના; હું જરાય ડરતી નથી. તમો તમારે ચાલ્યાં કરો." કુન્દકુમારીએ મંદ સ્વરથી કહ્યું.

એ જ સમયે કેટલાક અંતરે પથ્થરના એક ચઢાણપર એક તરુણ પુરુષ બેઠેલો તેમના જોવામાં આવ્યો. હજી તો હમણાં જ

મુસલ્માનો વિશેની વાતચીત ચાલતી હતી, એટલે કુન્દકુમારીના હૃદયમાં ઘણો જ ગભરાટ થવા લાગ્યો. થોડી વારમાં જ કોણ જાણે શા વિચારથી, તે આગળ વધી અને તેણે જોયું કે, એ તરુણ પુરુષના શિરપર 'અમરશાહી' પાઘડી બાંધેલી હતી, અને તેમાં એક હીરો પણ ચમકતો હતો. તેનાં વસ્ત્રો પણ રાજપૂતો જેવાં જ હતાં અને કમ્મરે એક તલ્વાર પણ લટકેલી હતી. પ્રતિભાએ એટલો તો નિશ્ચય કરી લીધો કે: 'એ પુરુષ અવશ્ય કોઈ રાજપૂત વીર જ હોવો જોઇએ.' એ પછી તેના સમક્ષ આવીને તે હિમ્મતથી કહેવા લાગી કે: "કોણ શોભનસિંહ?" વાચકોએ અહીં જાણવું જોઇએ કે, પ્રતિભા શોભનસિંહને સારી રીતે ઓળખતી હતી.

શોભનસિંહ લમણે હાથ રાખીને વિચારમાં લીન થઈ ગયો હતો. તે પોતાના વિચારમાં એટલો બધો તદાકાર–તલ્લીન–થઈ ગયો હતો કે, તેને એ બે અબળાઓના આવવાની પણ ખબર ન પડી ને પ્રતિભાનો આવાહનધ્વનિ પણ તેના કર્ણદ્વારમાં પ્રવેશી ન શક્યો. પ્રતિભાએ શોભનસિંહને બીજી વાર બોલાવ્યો. હવેની વેળાયે શોભને પ્રતિભાનો અવાજ સાંભળ્યો અને આશ્ચર્યસહિત આંખો ઊંચી કરીને તેના મુખ સામું જોવા લાગ્યો. તેણે જોયું કે: "સામે એક યોગિની ઊભેલી છે. ને તેની ડાબી બાજુએ–ઓહ! એ તો તે જ મૂર્તિ!"

"કુમાર! તમો અહીં કેમ આવ્યા છો?" પ્રતિભાએ પૃચ્છા કરી.

કેટલીક વેળા વીતી જવા પછી શોભનસિંહના અંગમાં ચેતન આવ્યું. તે યોગિનીને પ્રણામ કરીને કહેવા લાગ્યો કે: "દેવી! એવું કયું સ્થાન છે કે જ્યાં રાજપૂતોનો સંચાર ન હોય?"

"સંભળાય છે કે, આજ કાલ કેટલાક મુગલો અહીં આવેલા છે. શું એ વાત તમારા સાંભળવામાં નથી આવી?" પ્રતિભાએ પૂછ્યું.

"હું પણ એ વાત સાંભળી ચૂક્યો છું." શોભનસિંહે ઉત્તર આપ્યું.

"છતાં અહીં તમો અત્યારે એકલા શામાટે આવ્યા છો?" પ્રતિભાએ પૂછ્યું.

એ સવાલનો શોભનસિંહે કશો પણ જવાબ આપ્યો નહિ. તે એક દૃષ્ટિ અને એક ધ્યાનથી કુન્દકુમારીના મુખનું અવલોકન કરવા લાગ્યો. થોડી વાર પછી શુદ્ધિ આવતાં પુનઃ પ્રતિભા પ્રતિ જોઇને તે બોલ્યો કે: "અત્યારે તમો બન્ને ક્યાંથી આવો છો?"

"એકલિંગજીના બાગમાંથી." પ્રતિભાએ ઉત્તર દીધું.

શોભનસિંહે પુનઃ કુન્દકુમારીના મુખપર દૃષ્ટિપાત કર્યો અને કંપિત સ્વરથી પૂછ્યું કે: "કુન્દકુમારી! તું અહીં ક્યાંથી?"

કુન્દકુમારી કોઇ પણ બોલ્યા ચાલ્યા વિના ઊભી હતી અને એક ટસથી શોભનસિંહને જોયા કરતી હતી. જેવો શોભનસિંહનો ધ્વનિ તેનાં શ્રવણોમાં અથડાયો કે, તરત તેની છાતી ધડકવા લાગી. પ્રતિભાની પાછળ એક પાષાણશિલા પડેલી હતી, તેના પર કુન્દકુમારી બેસી ગઈ અને તેણે વસ્ત્રવડે પોતાના મુખને ઢાંકી લીધું.

તેની એ બધી ચર્યા શોભનસિંહે જોઈ અને તેના ભાવને તે સમજી ગયો. તેના હૃદયના એથી કકડે કકડા થઈ ગયા. કુન્દકુમારીના આવવાનું કારણ જેટલું પોતાના જાણવામાં હતું તેટલું પ્રતિભાએ કહી સંભળાવ્યું, પણ શોભનસિંહે તે તરફ જરા પણ ધ્યાન આપ્યું નહિ.

થોડેક છેટે કેટલીક વારથી એક શ્વેત વસ્તુ દૃષ્ટિગોચર થયા કરતી હતી. તેને જોઇને પ્રતિભા શોભનસિંહને કહેવા લાગી કે: “ જુઓ, આ સામો મારો મઠ દેખાય છે; તો ચાલો અને આજની રાત ત્યાં જ વિશ્રાંતિ કરીને ગાળો.”

શોભનસિંહ કિંકર્તવ્યવિમૂઢ જેવો થઈ ગયો હતો. વસ્તુતઃ પ્રતિભા સાથે તેના મઠમાં જવાની તેની જરા પણ ઇચ્છા હતી નહિ. કદાચિત્ ચંદ્રમાની શીતલ ચંદ્રિકામાં બેસવાથી તેના હૃદયની વ્યથાનું નિવારણ થાય એવો સંભવ હતો. એટલામાટે થોડી વાર હા નાનો વિચાર કરીને તેણે ઉત્તર આપ્યું કે: “ તમો ચાલતાં થાઓ.”

“ત્યારે તમો શું પાછળથી આવશો ?” પ્રતિભાએ કહ્યું.

“તમો ચાલો તો ખરાં.” શોભનસિંહે વાતને ઊડાવવાનો યત્ન કર્યો.

કુન્દકુમારીને બોલાવી સાથે લઇને પ્રતિભા આગળ ચાલવા લાગી. કુન્દકુમારી શિલાતલપરથી ઊઠી અને એક દીર્ઘ નિ:શ્વાસ નાખી શોભનનાં નેત્રો આગળથી વીજળીના ઝબકારાની પેઠે પસાર થઈ ગઈ. શોભનસિંહના હૃદયમાં કોણ જાણે શો આઘાત થયો કે જેથી તેનું મસ્તક ભ્રમણ કરવા લાગ્યું—ને ઊભો ન થઇ શકવાથી તે પાછો ત્યાં ને ત્યાં જ બેસી રહ્યો. હાય ! કુન્દકુમારી ! આજ રાત્રિના સમયે તું એ સ્થાને શામાટે આવી ? શું શોભનસિંહ પણ અહીં આવેલો છે, એ જાણીને જ તું પણ આવી હતી કે ? પર્વતપર ચઢતી વેળાયે શોભનસિંહે મુખ ફેરવીને જોયું હતું અને માલતીગઢના દ્વારમાં કુન્દકુમારી ઊભેલી તેની નજરે પડી હતી. કિંચિત્ આગળ વધીને પુનઃ તેણે ત્યાં દૃષ્ટિપાત કર્યો હતો, પણ તે વેળાએ તે યુવતી ત્યાં હતી નહિ. એ સર્વ બનાવોનું અનુક્રમે શોભનસિંહને સ્મરણ થવા લાગ્યું. હાય ! ત્યારે શું માત્ર શોભનસિંહને મળવામાટે જ કુન્દકુમારી ત્યાં આવી હતી કે ? આહ—

કુન્દકુમારી તો શોભનસિંહને ભૂલી જવાની ચેષ્ટામાં પડી હતી, એનું ત્યારે શું થયું વારુ ? એનું ઉત્તર અમારાથી આપી શકાય તેમ નથી.

આકાશમાં ચંદ્રિકાનો વિસ્તાર થયેલો હતો. પૂર્ણચંદ્રનાં વિમળ કિરણોના સમાગમથી પૃથ્વી પ્રકાશિત થયેલી જોવામાં આવતી હતી. શોભનસિંહ ત્યાંથી ઊઠીને ચાલવા લાગ્યો. પ્રથમ તે ધીમો ચાલ્યો, પછી વેગને કાંઇક વધાર્યો અને અંતે અત્યંત વેગથી ગમન કરવા લાગ્યો. વેગપૂર્વક ચાલવાથી હૃદયની વ્યથાનો નાશ થઇ જશે, એવી તેની ધારણા હતી. જ્યારે મનુષ્યના હૃદયમાં કોઈ પણ પ્રકારનો અગ્નિ પ્રજળ્યા કરે છે, ત્યારે તેની દશા લગભગ ગાંડા જેવી જ થઈ જાય છે; એમાં અસ્વાભાવિક જેવું કાંઇ પણ નથી.

એવી રીતે ઊતાવળથી ચાલતાં શોભનસિંહ એક વિશાળ આમ્ર-વૃક્ષ તળેથી પસાર થતો હતો, એવામાં એક બાજૂથી આવીને અચાનક કોઇએ તેનો હાથ પકડી લીધો અને કહ્યું કે: " શોભન ! "

ઉત્તરમાં શોભનસિંહે કહ્યું કે: " કોણ અજિત ? "

જેણે શોભનનો હાથ પકડ્યો હતો, તે અજિતસિંહ હતો. અજિતસિંહ શોભનનો પ્રાણાધિક મિત્ર થતો હતો અને તેના સર્વ ગુહ્ય ભેદોને પણ જાણતો હતો. તેણે આશ્ચર્યચકિત થઇને પુછ્યું કે: "શોભન ! તું અહીં ક્યાંથી ?"

" ભાઇ ! અહીં હું કેમ અને શામાટે આવ્યો છું, એનો બહુ લાંબો વૃત્તાંત છે. પણ પ્રથમ એ તો કહે કે તું અહીં કેમ આવ્યો છે ?" શોભનસિંહે જણાવ્યું.

" મેં બે મુસલમાનોનો પીછો પકડ્યો હતો એટલે તેમની પાછળ પાછળ ભટકતો હું અહીં સુધી આવી પહોંચ્યો છું. અહીં જ તે મુસલમાનો ક્યાંક છુપાઇ રહ્યા છે અથવા તો ન્હાસી આવ્યા છે, એવો મારા મનમાં સંશય છે. હવે અત્યારે આ અરણ્યમાં તેમને શોધવાની મારી ઇચ્છા નથી." અજિતસિંહે આવવાનું કારણ વ્યક્ત કરી બતાવ્યું.

" એ ઘટનાથી અનુમાન કરી શકાય છે કે, મુગલોના જાસૂસો આટલામાં જ ક્યાંક છુપાઇ બેઠેલા હોવા જોઇએ. વારુ—કાલ સવારમાં આપણે એનો શોધ ચલાવીશું." શોભનસિંહે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

" પણ શોભન ! તું અત્યારે આ પહાડમાં કેમ અને શા કાર-ણથી આવ્યો છે, એ તો તેં જણાવ્યું જ નહિ." અજિતસિંહે પ્રથમ પ્રશ્નનું પુનરુચ્ચારણ કર્યું.

" એનું કારણ હું તને કહી સંભળાવું છું. બેસી જા." શોભને કહ્યું.

બન્ને મિત્રો તે આમ્રવૃક્ષથી થોડાક અંતરે પથ્થરપર બેસી ગયા અને શોભનસિંહે તે દિવસનો સઘળો વૃત્તાંત અજિતને કહી સંભળાવ્યો. નિત્ય પ્રમાણે શોભન આજે પણ એકલિંગજીના બાગમાં ફરવામાટે ગયો હતો અને લતાકુંજમાં કુન્દકુમારીને જેવી અવસ્થામાં જોઈ હતી તથા ત્યાં તે યુવતિના સ્નેહમાં શાંતિને બદલે જે તીવ્રતાનો તેને અનુભવ થયો હતો, તે સઘળો વૃત્તાંત તેણે અથથી ઇતિ પર્યન્ત વર્ણવ્યો. શોભનના ચુપ થવા પછી અજિતસિંહે ગંભીરતાથી કહ્યું કેઃ "શોભન! તું એ બાળાને કોઇ પણ રીતે ભૂલી તો નથીજ શકવાનો ને?

"અજિત! તું મને ભૂલવાની વાત કહે છે! આજ સુધી તો હું એને ભુલી શકયો નથી અને ભવિષ્યમાં પણ ભુલી શકીશ, એવી મને આશા નથી." શોભનસિંહે સત્ય ઉત્તર આપ્યું.

"શોભન! તું વિવાહ કરી લે. એથી તને સુખ અને શાંતિની પ્રાપ્તિ થશે." અજિતસિંહે ઉપદેશ આપ્યો.

"નહિ, અજિત! તું હજી એના રહસ્યને સમજતો નથી. વિવાહ કરવાથી કોઇ કાળે પણ મને સુખ મળવાનું નથી." શોભનસિંહે એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને નિરાશાપૂર્વક કહ્યું.

"એમ કેમ વારુ? આ તો આજે હું નવી જ વાત સાંભળું છું." અજિતસિંહે આશ્ચર્ય બતાવ્યું.

"જો અજિત! હવે મારા હૃદયમાં એટલું બીજું સ્થાન નથી કે જેમાં હું બીજી સ્ત્રીના પ્રેમને રાખી શકું." શોભનસિંહે દૃઢતા દર્શાવી.

"તે વિવાહિતા સ્ત્રી પોતાના પ્રેમમાટે તારા હૃદયમાં પોતાની મેળે જ સ્થાન કરી લેશે. એની તારે ચિંતા કરવાની નથી. તું પ્રથમ વિવાહ તો કરી લે." અજિતસિંહે પોતાના આગ્રહને ચાલુ જ રાખ્યો.

"નહિ, અજિત! નહિ. એમ બનવું સર્વથા અશકય છે. જ્યારે પણ એ સુંદરી કુન્દકુમારીને હું જોઉં છું, એટલે તત્કાળ મારી વિવાહ વિષયક ઇચ્છાનો નાશ થઇ જાય છે. અનેક સ્થાનેથી વિવાહ માટેનાં માગાં આવ્યાં પણ તે બધાંને મેં એક કે બીજું કારણ બતાવીને ટાળી દીધાં એ વાતને શું તું નથી જાણતો કે? અજિત! મારો વિવાહ થઇ ગયો છે." શોભનસિંહે પોતાના પ્રેમમાં અચળ રહીને આશ્ચર્યકારક સંવાદ કર્યો.

"એને તું વિવાહ કહે છે કે? અરે એ તો એક બાલ્યવિનોદ હતો બાલ્યવિનોદ!" અજિતસિંહે પુનઃ તેના વાદનો પ્રતિવાદ કર્યો.

અજિતસિંહ હજી વધારે બોલવા જતો હતો, એટલામાં પાસેના આમ્રવૃક્ષની આડમાંથી એક મનુષ્ય વ્યક્તિ બહાર નીકળીને બીજી તરફ નાસી જતી તેમના જોવામાં આવી. શોભનસિંહે પોકાર કરીને કહ્યું કેઃ "એ કોણ?"

"ચાલો—આપણે એને જોઇએ." અજિતસિંહે કહ્યું.

ક્ષણમાત્રમાં તો તે મનુષ્યમૂર્તિ અદૃશ્ય થઈ ગઇ અને ઉભય મિત્રોનો પરિશ્રમ નિષ્ફળ થયો.

ષષ્ઠ પરિચ્છેદ

ક્યાં ગઇ?

તે દિવસે લતાકુંજમાં બેસીને કુન્દકુમારીએ નિશ્ચયપૂર્વક એમ જ માની લીધું હતું કે: "શોભનસિંહ મારાપર કોપાયલા છે! જો એમને મારા કોઈ પણ શબ્દ અથવા કોઇ પણ કાર્યથી કષ્ટ કિંવા દુઃખ થયું હશે, તો તેમાટે એમની ક્ષમા માગીને સદાને માટે હું અહીંથી વિદાય થઈ જઇશ." એવો નિશ્ચય કરીને કુન્દકુમારી ત્યાંથી શોભનસિંહને શોધવામાટે ઊઠી અને કેટલેક દૂર જવા પછી તેણે તેને પર્વત તરફ જતો જોયો. એટલે તે ત્યાંથી પાછી વળી અને પ્રતિભાને સાથે લઇને પર્વતપર ચઢી. પ્રથમ તો તેણે શોભનસિંહને મળીને કેટલીક વાતચીત કરવાનો વિચાર કર્યો હતો, પણ જ્યારે ચાર આંખો મળી, ત્યારે લજ્જા, ક્ષોભ અને અભિમાને તેના મુખમાંથી એક પણ શબ્દને બહાર નીકળવા દીધો નહિ.

ત્યાંથી આવ્યા પછી ભોજન સમયે પ્રતિભાએ ભોજનમાટે કેટલાંક ફળમૂળ લાવીને કુન્દકુમારી આગળ મૂકયાં; પરંતુ તેણે જરા પણ આહાર કર્યો નહિ. એ પછી બન્ને શય્યામાં પડી રહી. શય્યામાં પડ્યા પછી પ્રતિભા, કુન્દકુમારીને કેશવાચાર્ય, માલતીગઢ આદિના શય્યામાં નાના પ્રકારના અનેક પ્રશ્નો પૂછવા લાગી, અને કુન્દકુમારી એ પ્રશ્નોનાં યથાર્થ ઉત્તરો આપતી રહી. એવી રીતે વાતો કરતાં કરતાં પ્રતિભાની આંખ લાગી ગઇ અને તે ગાઢ નિદ્રાને વશ થઈ ગઇ.

નિત્યના નિયમ પ્રમાણે પાર્વતીય પક્ષીઓના કલરવ સાથે જ પ્રતિભાની નિદ્રાનો લોપ થયો. શય્યામાં કુન્દકુમારીને ન જોવાથી અને કુટીરનાં દ્વાર ખુલ્લાં જોવાથી પ્રતિભાના મનમાં કોઈ પણ પ્રકારનું આશ્ચર્ય થયું નહિ. પરંતુ કુટીરથી બહાર નીકળ્યા પછી ત્યાં પણ જ્યારે કુન્દકુમારી તેના જોવામાં ન આવી, ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. નિકટનાં બીજાં એક બે સ્થાનોમાં શોધ કરતાં પણ જ્યારે તે ન મળી, ત્યારે તો તેના મનમાં એક પ્રકારનો આઘાત જ થવા લાગ્યો. એક વાર ફરીથી તે બાળાને શોધવાનો નિશ્ચય કરીને પ્રતિભા બહાર નીકળી; પરંતુ એ વેળાયે પણ જ્યારે તેનો કાંઇ પણ પત્તો ન લાગ્યો, ત્યારે મુગલો વિશે તેના મનમાં સંશય આવવા

લાગ્યો. મનમાં એ સંશય આવતાં જ તે અત્યન્ત વ્યાકુળ થઈ ગઈ. એ નિર્જનવનમય પાર્વતીય પ્રદેશમાં તે ચતુર્દશવર્ષીયા કુન્દકુમારી એકલી ક્યાં ગઇ હશે વારૂ? કેશવાચાર્યને પ્રતિભામાં બહુ જ વિશ્વાસ હોવાથી જ તેણે કુન્દકુમારીને તેની સાથે મોકલી હતી. પોતાનાં બીજાં બધાં કામોને છોડી દઇને પ્રતિભા પ્રાણુપર પણ ઉદાર થઇને કુન્દકુમારીનો શોધ ચલાવવા લાગી. ધીમે ધીમે તેણે સમસ્ત અરણ્યને ખૂંદી નાખ્યું; અંધકારમયી પાર્વત્ય ગુહાઓ અને નદીના તીર પ્રાંતમાં જઈ જઇને તે 'કુન્દકુમારી ! કુન્દકુમારી ' કરીને પોકાર કરવા લાગી. પરંતુ પોતાની છાયાવિના બીજું કોઇ પણ માનવ પ્રાણી તેના જોવામાં ન આવ્યું અને પોતાના શબ્દોના પ્રતિધ્વનિવિના બીજો એક પણ શબ્દ તેના સાંભળવામાં ન આવ્યો. તેને નિરાશા અને નિરાશાનું જ સર્વત્ર દર્શન થવા લાગ્યું.

પર્વતનાં જાણીતાં અને અજાણ્યાં બધાં સ્થાનોને પ્રતિભા શોધી વળી, પણ જ્યારે બાળાનો કાંઈ પણ પત્તો મળ્યો નહિ, ત્યારે તે મનોગત વિચાર કરવા લાગી કે: "એ છોકરી એકલિંગજીના બાગમાં તો નહિ ચાલી ગઇ હોય ને?" એવો વિચાર કરીને ત્યાં જઇને જ પોતાની ઉત્કંઠાને શાંત કરવાના નિશ્ચયથી તે વેગપૂર્વક એકલિંગજીના બાગ તરફ ચાલવા લાગી. લગભગ મધ્યાહ્ન સમયે યોગિની હાંફતી હાંફતી બાગમાં આવી પહોંચી અને ત્યાં આવીને જ્યારે તેણે એમ સાંભળ્યું કે: "તે અહીં પણ આવી નથી." ત્યારે તો તેની નિરાશાની સીમા જ રહી નહિ. કુન્દકુમારીના એકાએક અદૃશ્ય થવાના સમાચાર સાંભળીને કેશવાચાર્ય પણ મહાચિન્તા અને શોકના સમુદ્રમાં ડૂબી ગયો.

"પિતાજી! આ અનર્થનું મૂળ હું જ છું." પ્રતિભાએ કેશવાચાર્યને ઉદ્દેશીને ખેદદર્શક સ્વરથી કહ્યું.

"એમ ધારી લેવામાં તારી ભૂલ થાય છે; કારણ કે, વિધિના લેખને કોઈ પણ મિથ્યા કરી શકતું નથી." કેશવાચાર્યે તેના હૃદયનું સાંત્વન કરવાના ઉદ્દેશથી શાંતિદર્શક વાક્યો ઉચ્ચાર્યાં:

"જો હું એને મારી જોડે ન લઈ ગઈ હોત, તો......"

"તો પણ જે થવાનું હોત, તે તો થાત જ. આવી રીતે જ આપણાથી જૂદા થવાનું એ બાળાના ભાગ્યમાં લખેલું હતું. જો એ અહીં હોત, તો પણ એને કોણ રોકી શકે એમ હતું વારૂ?" કેશવાચાર્યે પ્રતિભાને વચ્ચે જ બોલતી અટકાવીને ભાગ્યની પ્રબળતાનું દર્શન કરાવ્યું.

એ વેળાયે પ્રતિભાનાં નેત્રોમાંથી બે અશ્રુબિન્દુ ખરી પડતાં કેશવાચાર્યે જોયાં. તે મનમાં જ વિચાર કરવા લાગ્યો કેઃ "આ શું?"

પ્રતિભા કાંઇ પણ બોલ્યા ચાલ્યા વિના જ ત્યાંથી ઊઠીને બહાર ચાલી આવી. મનમાં કુન્દકુમારીમાટે તેને અનિવાર્ય ચિંતા થયા કરતી હતી.

સપ્તમ પરિચ્છેદ

રાજપુત્રનું આયોજન

કુન્દકુમારીના અચાનક અદૃશ્ય થવાના સમાચાર દશે દિશામાં પવન પ્રમાણે ફેલાઇ ગયા. શોભનસિંહ પ્રભાતમાં દુર્ગમાં આવ્યો, તો ત્યાં એ વાત એના પણ જાણવામાં આવી. શોભનસિંહ એકાંતમાં બેસીને એ વિશે વિચાર ચલાવવા લાગ્યો. પ્રથમ તો કુન્દકુમારીને તેણે જ અભિમાન દર્શાવ્યું હતું, તેની એને સ્મૃતિ થવા લાગી. તે મનમાં જ જરાક હસ્યો અને આત્મગત કહેવા લાગ્યો કેઃ "મારૂં અભિમાન શાનું—મને અભિમાન કરવાનો અધિકાર શો છે? જો કુન્દકુમારીની ઇચ્છા હોય તો મારો તિરસ્કાર કરી શકે એમ છે—તે મારા સ્નેહથી વિમુખ થઇ શકે એમ છે. એ બધાં અભિમાનો કુન્દકુમારીને જ શોભા આપી શકે છે. મારામાં એવી તે શી વિશેષતા છે કે, જેના બળથી હું અભિમાન કરૂં? અરે—મારૂં તે અભિમાન શું અને વાત શી! એ કલ્પના જ વ્યર્થ છે!" થોડી વાર વિચારશૂન્ય દશામાં રહીને તે પુનઃ નિશ્ચય કરીને મનમાં જ બોલ્યો કેઃ "હું એ સ્વર્ગીય સુન્દરીને અવશ્ય ચાહીશ—હું સ્વાર્થનો ત્યાગ કરીને, જેનાથી એને સુખ અને સંતોષ મળવાનો સંભવ હશે, તેવા કાર્યની જ હવે પછી ચેષ્ટા કરતો રહીશ. હું દૂરનો દૂર રહીને પણ એનાપર ઉપકાર કર્યા કરીશ." એમ ધારીને અંતે તેણે દૃઢતમ નિશ્ચય કર્યો કેઃ "અત્યારે કુન્દકુમારી અદૃશ્ય થયેલી છે અને અનુમાન એવું જ કરી શકાય છે કે, એ બાળા અવશ્ય કોઇ અનિવાર્ય આપત્તિમાં આવી પડેલી હોવી જોઇએ. એનાપર ઉપકાર કરવાનો આ એક બહુ જ સારો અવસર છે. બસ; આ ક્ષણે જ એને શોધવામાટે હું કમર કસીને બહાર નીકળી પડીશ!"

આ નિશ્ચય કરીને શોભનસિંહ ઊઠ્યો અને વસ્ત્ર બદલી એક તલ્વાર તથા તમંચો લઇ ઘોડાપર સવાર થઇને કિલ્લાથી બહાર નીકળ્યો. પ્રથમ તો શોભનસિંહ અજિતસિંહને ઘેર ગયો. તેને જોતાં જ અજિતસિંહે સવાલ કર્યો કેઃ "કેમ ભાઈ! આજે વળી આ ઠાઠમાઠ? ક્યાં જવાની તૈયારી કરી છે?"

" કુન્દકુમારીને શોધવા જવાની !" શોભનસિંહે ઉત્તર આપ્યું.

" આજે તું ગાંડો તો નથી થયો ને ?" અજિતસિંહે ટકોર કરી.

" અજિત ! તું તો બધો ભેદ જાણે છે. તારાથી તો એક પણ બીના છુપી નથી. છતાં તું આમ બોલી રહ્યો છે ?" શોભનસિંહે ગંભીરતાથી કહ્યું.

" તું તેને ક્યાં ક્યાં શોધતો ફરીશ ?" અજિતે પૂછ્યું.

" જળમાં, સ્થળમાં અને નભોમંડળમાં સર્વત્ર ફરી વળીશ. એ રમણી અવશ્ય મને મળવાની જ, એ વિશે તારે સંશય રાખવો જ નહિ !" શોભનસિંહે પોતાના નિશ્ચયને વ્યક્ત કર્યો.

અજિતસિંહે તેને ઘણોય સમજાવ્યો, પણ તે હઠીલાએ તેની એક પણ વાત માની નહિ. અંતે તેના ઉપદેશથી કંટાળી જઇને શોભન બોલ્યો કે: " ભાઈ ! હવે હું કોઇ પણ કારણથી રોકાવાનો તો નથી જ. ત્યારે મારા કાર્યમાં તું વૃથા બાધા શામાટે નાખે છે ? તું જોતો નથી કે, ઘેરથી બધી તૈયારી કરીને જ હું તારી પાસે આવેલો છું તે !"

અજિતસિંહના મનમાં મહાખેદ થવા લાગ્યો. શોભનસિંહના નિશ્ચયને ચળાવવાનું કાર્ય અશકય જાણીને તે કહેવા લાગ્યો કે: " વારુ; ત્યારે ચાલ હું પણ તારી સાથે જ ચાલું છું; કારણ કે, એકથી હમેશા બે વધારે બળવાન ગણાય છે."

" પ્રિય અજિતસિંહ ! તું મારી સાથે આવીશ, તો મારા કાર્યમાં વિઘ્ન આવી પડવા જેવું જ થશે. ભાઇ ! હું એટલું તો સારી રીતે સમજું છું કે, તું જો મારી જોડે હોય છે, તો મારામાં બમણું બળ આવી જાય છે. છતાં આ કાર્ય જૂદા પ્રકારનું હોવાથી હું તને છોડીને એકલો જ જવાનું વધારે પસન્દ કરૂં છું. મેં મારા આવી રીતે ચાલ્યા જવાની વાત કોઇને પણ જણાવી નથી. તે એટલે સુધી કે, મારા પિતાની પણ મેં આજ્ઞા નથી લીધી. એમ કરવાનાં અનેક કારણો છે. તેમાંનું એક કારણ તો એ છે કે, જો હું પિતાને એ વિશે પૂછવા રહ્યો હોત, તો તેઓ મને કોઇ કાળે પણ આજ્ઞા આપત નહિ; અને બીજું એ કે, જે કાર્યમાટે પ્રવાસ કરવા હું તત્પર થયો છું, તે ખુલ્લી રીતે તેમની આગળ મારાથી કહી શકાય તેમ ન હોતું, અને પિતા આગળ અસત્ય પણ બોલી શકાય નહિ. ઇત્યાદિ કારણોથી માત્ર તારા વિના બીજા કોઇને પણ મારા પ્રયાણની વાત જણાવવાનું મેં ઉચિત ધાર્યું નથી. મારા ચાલ્યા જવા પછી અવશ્ય મારો શોધ કરવામાં આવશે, એટલે તે વેળાયે તને જે યોગ્ય લાગે તે ખુલાસો કરી દેજે અને સર્વના મનનું સમાધાન કરજે." શોભનસિંહે ગંભીર મુદ્રા તથા ગંભીર વાણીથી આ શબ્દો ઉચ્ચાર્યા.

અજિતસિંહે જાણી લીધું કે: 'શોભનનું ચિત્ત અત્યારે ઠેકાણે નથી, અને એટલામાટે સર્વ વાતોનો વિચાર કરીને મારે જ ધ્યાનથી બધું કામ પાર પાડવું પડશે.' એવો વિચાર કરીને તેણે શોભનસિંહને જણાવ્યું કે: "વારુ; ત્યારે એ તો બતાવતો જા કે, તારો મેળાપ પાછો ક્યાં થશે?"

"હું ક્યાં જઇશ અને ક્યાં રહીશ, એનો અત્યારે હજી મેં કશો પણ નિશ્ચય કર્યો નથી. ભાઈ અજિત! મારા જેવા એક દુર્ભાગી મનુષ્યમાટે તું આટલી બધી ચિન્તા કરીને વ્યર્થ મનને વ્યથામાં શામાટે નાખે છે? મને મળવાની શી અગત્ય છે?" શોભનસિંહે વિરક્તભાવથી કહ્યું.

"મારી ચિન્તા અને મનોવ્યથાનો વિચાર તારે કરવાનો નથી. મારી એક વાત જો તું માને તો તારો બહુ જ ઉપકાર. તે એ કે આજે અહીંથી ચાલીને તું કોઈ સ્થાને રહી જજે. મને તે સ્થાનનું નામ જણાવી દે, એટલે આવતી કાલે હું તને ત્યાં આવીને મળીશ. આપણે મળ્યા પછી જે કાંઇ કરવાનું હશે, તેની વ્યવસ્થા કરી લઇશું." અજિતસિંહે પોતાના આગ્રહને ચાલૂ જ રાખ્યો.

"અજિત! હવે હું એક ક્ષણમાત્ર પણ અહીં થોભી શકું એમ નથી. મારા ચિત્તમાં બહુ જ ગભરાટ થાય છે. મારું ચિત્ત આટલું બધું વ્યાકુળ થઈ ગયું છે, એથી મને અવશ્ય લાગે છે કે, મારી કુન્દકુમારી જરૂર કોઈ અનિવાર્ય આપત્તિમાં આવી પડેલી હોવી જોઇએ. વારુ; ત્યારે મારા સુખદુ:ખના ભાગી બંધુ અજિત! હું તારી આજ્ઞા લઉં છું. કૃપા રાખે છે તેવી હમેશા રાખતો રહેજે."

આટલું કહીને શોભનસિંહ ઊઠીને ઊભો થયો અને ઘરમાંથી બહાર નીકળી આવ્યો. અજિતસિંહે એક વાર તેને પાછો બોલાવવાનો વિચાર કર્યો, પણ 'જતી વેળાયે કોઇને વધારે ટોકવો, એ સારું નથી' એમ ધારી તેણે પોતાના વિચારને માંડી વાળ્યો. વળી તે એ પણ જાણતો જ હતો કે: 'એ હવે અત્યારે મારા ઉપદેશને માનવાનો તો નથી જ. પોતાના મનનું ધાર્યું એ અવસ્ય કરવાનો જ એટલે એને રોકવો વ્યર્થ છે.' અસ્તુ. થોડી વાર પછી તેણે બહાર આવીને જોયું તો શોભનસિંહનું કાંઈ પણ ચિન્હ ત્યાં દૃષ્ટિગોચર થયું નહિ. શોકથી તેણે એક દીર્ઘ નિ:શ્વાસ નાખ્યો અને વિચારમાં નિમગ્ન થઇને કેટલાક સમય પર્યન્ત ત્યાંનો ત્યાં જ ઊભો રહી ગયો.

દ્વિતીય ખણ્ડ

પ્રથમ પરિચ્છેદ

અબળા કે સબળા ?

એ તો અમો પ્રથમ જ જણાવી ચૂકયા છીએ કે, જ્યારે રાજપૂત લોકોએ પોતાના કરેલા શિકાર—વરાહ—અને મુગલોને સાથે લઇને તે ગુહામાં પ્રવેશ કર્યો હતો, ત્યારે પાસેના વૃક્ષની આડમાં ઊભેલી એક તરુણ અબળા તેમની એ ચર્યાનું અવલોકન કર્યા કરતી હતી. રાજપૂતોના આગળ વધવા પછી તે પણ કેટલાક અંતરે રહીને તેમની પાછળ પાછળ ચાલવા લાગી.

એ યુવતિ તેઓ કયાં જાય છે, તે જોવા અને જાણવાની ઇચ્છા ધરાવતી હતી. જ્યારે રાજપૂત લોકો ગુહામાંથી બહાર નીકળ્યા ત્યારે એ અબળા ગુહાના અંતર્ભાગમાં રહીને બહુ જ સાવધાનતાથી એ લોકોના કાર્યને જોવા લાગી. તેણે સામેના મેદાનમાં ત્રણ ઘોડાઓને આમતેમ ફરતા જોયા. પોતાના માલિકોને જોતાં જ તે અશ્વો કૂદી-કૂદીને તેમની સામા આવીને ઊભા રહ્યા. રાજપૂતોએ પરસ્પર કાંઇક સલાહ કરીને એક ઘોડાની પીઠ ઉપર પોતાના શિકારને બાંધી દીધો અને એક રાજપૂત તે ઘોડાની લગામ પકડીને પગે પાળો ચાલવા લાગ્યો. બીજો મનુષ્ય પોતે ઘોડાપર સવાર થયો અને તેણે અબ્દુલ્લાખાનના હાથપગ બાંધીને તેને પોતાના ખોળામાં રાખી લીધો. કુમાર કિરણસિંહ અશ્વારોહણ કરીને સર્વની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તે સ્ત્રીએ મનમાં નિશ્ચય કર્યો કે: 'સર્વનો સ્વામી એ જ હોવો જોઇએ."

અરણ્યમાં એક સ્થળે કેટલાક કઠિયારાઓ સૂકાયલાં ઝાડોનાં થડોને વાઢતા ઊભા હતા. રાજપૂતોને જોતાં જ તે સર્વએ પોતાના કામને મૂકીને તેમને નમસ્કાર કર્યા. એ લીલાને જોઇને તે પાછળ ચાલતી ચપળા તરત પામી ગઈ કે: "એ કઠિયારાઓ અવશ્ય એ રાજપૂતોને ઓળખતા હોવા જોઇએ."

તે રાજપૂત ઘોડેસવારોના આગળ વધી જવા પછી તે તરુણી કઠિયારાઓ પાસે આવી અને નમ્રતા તથા વિનયથી તેમને પૂછવા લાગી કે: "આ ઘોડેસવારો કે જે હમણાં જ અહીંથી ગયા તે કોણ હતા વારુ ? તમો એમને ઓળખો છો ખરા કે ?"

કઠિયારાઓ એ અબળાને જોઇને તરત જાણી ગયા કે: 'એ કોઈ સાધારણ કૃષિકારની કન્યા તો નથી જ.' વળી એ અબળાને આવા અરણ્યમાં એકાકિની આવેલી જોઇને તો તેમના મનમાં વધારે જ

આશ્ચર્ય થવા લાગ્યું. કઠિયારાઓએ તેને કેટલાક સવાલો પૂછ્યા, પણ તેમના જૂઠા જવાબો આપીને તેણે તે ભોળા લોકોને હવામાં અદ્ધર ઉડાવી દીધા. વળી તે પૂછવા લાગી કે: "હા; પણ મેં જે વાત પૂછી કે, એ ઘોડેસવારો કોણ છે અને એમને તમો ઓળખો છો કે નહિ? એનો તો તમોએ જવાબ આપ્યો જ નહિ."

"ઓળખીએ કેમ નહિ? એમાંનો એક તો રાણા સાહેબનો મોટો પુત્ર હતો, પણ બીજા બે કોણ હતા, એની અમોને ખબર નથી." એક કઠિયારાએ જવાબ આપ્યો.

"એ લોકો ક્યાં ગયેલા હોવા જોઇએ, એ પણ તમો બતાવી શકો એમ છે કે?" તે સ્ત્રીએ થોડી વાર પછી બીજો પ્રશ્ન પૂછ્યો.

"ગયા હશે ઉદયપુર. બીજે ક્યાં જવાના હતા!" કઠિયારો બોલ્યો.

"એ ઉદયપુર ગયા હશે, એમ તમો ખાત્રીથી કહો છો કે?" નિશ્ચય કરવામાટે તે તરુણીએ ખોંચીને બીજી વાર પૂછ્યું.

"હા હા; ખાત્રીથી કહીએ છીએ ખાત્રીથી!" બીજા કઠિયારાએ જરાક કંટાળો બતાવીને કહ્યું.

એ જવાબ સાંભળીને તે યુવતિ ત્યાંથી પાછી ફરી અને જે માર્ગથી આવી હતી તે માર્ગમાં જ પાછી ચાલી ગઇ.

બીજે દિવસે પ્રાત:કાળમાં એ જ પ્રમદા ઉદયપુરના રાજમાર્ગમાં વિચરતી જોવામાં આવી. તેણે એક મોટી ચાદર ઓઢીને પોતાના શરીરને માથાથી પગ સુધી ઢાંકીને છુપાવી દીધું હતું. ચાલતાં ચાલતાં એક વૃદ્ધ પુરુષને પોતા પાસેથી પસાર થતો જોઇ તેને ઉદ્દેશીને તે કહેવા લાગી કે: "જો આપ મારૂં એક કામ કરી આપો, તો હું આપને એના બદલામાં સારૂં ઇનામ આપવા તૈયાર છું. જો આપની એ કામ કરવાની ઇચ્છા હોય, તો જણાવો."

તે વૃદ્ધ પુરુષે એ યુવતિનું મુખ જોવાની ચેષ્ટા કરી, પરંતુ ઘુંઘટથી તેના મુખનો સમસ્ત ભાગ ઢંકાયલો હોવાથી તેનો પ્રયત્ન સર્વથા નિષ્ફળ થયો. તેણે પૂછ્યું કે: "એવું તે આપનું શું કામ છે વારૂ?"

"હું આપને એક વસ્તુ આપું, તે કૃપા કરીને આપ મહારાણાજીના હાથમાં પહોંચાડી દેશો?" તરુણીએ કહ્યું.

"પણ તે વસ્તુને નજરે જોયા વગર હું એ કામ કરવા માટેની હા પાડી શકું એમ નથી." વૃદ્ધ પુરુષે દીર્ઘ દૃષ્ટિથી કહ્યું.

તરુણીએ પોતાના વસ્ત્રના અંતર્ભાગમાંથી એક નાની પોટલી કાઢીને તે વૃદ્ધ પુરુષના હાથમાં આપી. એ પોટલીને હાથમાં લઇને તે ગૃહસ્થે પૂછ્યું કે: "એમાં કોઇ જોખમની વસ્તુ તો નથી ને?"

"ના; એ વિષે આપ નિશ્ચિન્ત રહો." યુવતિએ આશ્વાસન આપ્યું.

તરુણીએ થોડાક રૂપિયા તેને ઇનામ દાખલ આપ્યા અને એ અચાનક મળેલા લક્ષ્મીલાભથી આનંદિત થતો થતો તે વૃદ્ધ પુરુષ ત્યાંથી રાજભવન તરફ જવાને રવાના થઈ ગયો.

દ્વિતીય પરિચ્છેદ

નવીન સંબંધ-રાણાજી-અબ્દુલ્લા

અપરિચિત અબળાએ તે વૃદ્ધ પુરુષદ્વારા મોકલેલી પોટલી યથા-સમય રાણાજીના હાથમાં પહોંચી ગઈ. એ પોટલી ચારે કોરથી સારી રીતે મજબૂત સીવી લીધેલી હતી. રાણાએ તેને ઉખેડીને જોઈ એટલે તેમાંથી એક જડાઉ રાખડી (રાખી અથવા રક્ષા) અને એક પત્રિકા નીકળી. એ પત્રિકા ફારસી ભાષામાં લખેલી હતી, પણ ગુર્જર વાચકોની જાણમાટે અમો અહીં તેનો ગુજરાતી અનુવાદ આપવાનું જ વધારે યોગ્ય ધારીએ છીએ. એ પત્રમાં નીચેના આશયનો લેખ લખેલો હતો;—

"રાજપૂતોમાં એવો તે કોણ હશે કે, જે રક્ષાબંધનના પવિત્ર સંબંધને પ્રાણુથી પણ વધારે નહિ ચાહતો હોય! રાજપૂતવંશમાં ઉત્પન્ન થયેલો એવો કાપુરુષ તે કોણ હશે કે, રક્ષા બાંધનારી ભગિનીની આપત્તિના નિવારણમાટે પોતાના જીવનનું બલિદાન આપવાને તૈયાર નહિ થતો હોય! રાજપૂતોનાં હૃદયો અત્યંત ઉદાર છે, અને એટલા માટેજ આ અપરિચિતા દુઃખિની બાળા આપની પવિત્ર સેવામાં આ રક્ષાને મોકલવાનું સાહસ કરી શકી છે. આશા રાખવાનું એક બીજું કારણ એ પણ છે કે, અમરસિંહ મહારાજાધિરાજ પ્રતાપનંદન અમરસિંહ જેવા ન્યાયપરાયણ, ધર્મશીલ અને પરોપકારી મહારાણા આગળ મારી પ્રાર્થના નિષ્ફળ જવાનો સંભવ નથી. અર્થાત્ આપ આ જ્ઞાનહીના બાળાની ધૃષ્ટતાની ક્ષમા કરીને આ નવીન સંબંધનો સ્વીકાર કરશો કે?

"મહાશય, હું એક બીજી પણ ભિક્ષા માગું છું અને તે એ કે, આપના વીરશિરોમણિ યુવરાજે મલ્લયુદ્ધમાં એક મુગલને હરાવીને કયદ કરી લીધો છે. એ મુગલ તે બીજો કોઈ નહિ, પણ દિલ્લીનો મન્સબદાર અબ્દુલ્લાખાન છે. રાજન્! એને જો આપ બંધનમુક્ત કરી દેશો, તો આપની આ ધર્મભગિની ઉપર આપનો પૂર્ણ આભાર થશે. સ્વર્ગ-વાસી રાજપૂતકુલતિલક મહારાણા પ્રતાપસિંહના પ્રતાપી પુત્રનાં ચરણોમાં કરેલી આ પ્રાર્થના નિષ્ફળ તો નહિ જ થાય, એવી મારી ધારણા છે અને આશા છે કે, મહારાણાજી! આપ પણ એમ જ સમજતા હશો.

અંતમાં હું એટલી જ વિનતિ કરું છું કે, અબ્દુલ્લાખાન પણ એક સત્ય વીર છે–હવે પછી એમના હાથે આપનું કાંઇ પણ અનિષ્ટ થશે નહિ. એના ભાર અથવા એની જવાબદારીને હું મારા માથાપર ધારી લઉં છું.

આપની રક્ષાબંધન કરનારી ધર્મભગિની અમીના."

રાજપૂતોમાં રક્ષાબંધનનો સંબંધ બહુ જ પૂજ્ય, પવિત્ર અને ગૌરવદાયક ગણાય છે. કોઇ પણ રમણીની આપેલી રક્ષા; પછી તે સોનાની હોય, જડાઉ હોય, હીરા મોતીથી મઢેલી હોય કે માત્ર ઊન અથવા રેશમની જ હોય, પણ તે મળવાથી માત્ર રાજપૂતો તો શું, પણ મુગલ સમ્રાટો પણ પોતાનું અહોભાગ્ય માનતા હતા. આપણી કથાના સમયથી પૂર્વે ઇતિહાસમાં એક એવો બનાવ નોંધાયલો છે કે, જેના યોગે એ નીતિની સત્યતાનો આપણને ઘણો જ સારો પરિચય મળી શકે છે. તે એ કે, એક દિવસ કોઇ રાજપત રાણીએ વિપત્તિમાં આવી પડવાથી દિલ્લીના તે સમયના મુગલ સમ્રાટ્ હુમાયૂનને એવી જ એક રક્ષા મોકલી હતી અને તે રક્ષાને જોતાં જ હુમાયૂન્ બંગાળાના વિજયની લાલસાનો પરિત્યાગ કરીને તત્કાળ મેવાડમાં આવવાને રવાના થયો હતો. ત્યાં આવ્યા પછી અવિશ્રાંત પરિશ્રમ કરીને તેણે ચિત્તોડની રાણીનો આપત્તિમાંથી ઉદ્ધાર કર્યો હતો. એથી સ્પષ્ટ સિદ્ધ થઈ જાય છે કે, આ અસાર સંસારમાં ભ્રાતૃસંબંધથી બીજો એક પણ સંબંધ વિશેષ બળવાન્ નથી.

અમરસિંહ એ વિનતિપત્રને વાંચીને ગહન ચિન્તામાં પડી ગયો, પણ એમાંથી કોઈ પણ નવીન ભેદને તે જાણી શક્યો નહિ. "અમીના તો કોઈ મુસલ્માન અબળાનું નામ જણાય છે! ત્યારે મારી પાસે આ રક્ષા મોકલનાર એ અમીના કોણ હશે વારુ? અમીના અબ્દુલ્લાને શામાટે છોડવવા ચાહે છે, એની અત્યારે મારાથી કશી પણ કલ્પના કરી શકાતી નથી. અસ્તુ: એનું ગમે તે કારણ હો, પણ એ અબળા જ્યારે રક્ષાબન્ધનનો પવિત્ર સંબંધ બાંધીને એ ભિક્ષા માગે છે અને પોતાને એક આશ્રિતા તરીકે ઓળખાવે છે, ત્યારે મારે એની પ્રાર્થનાનો અવશ્ય સ્વીકાર કરવો જ જોઇએ. વળી અબ્દુલ્લાને અહીં બંધનમાં રાખવાથી કાંઇ વધારે લાભ થવાનો સંભવ પણ નથી. એક મચ્છરને મારવાથી મારું શું ભલું થવાનું હતું વારુ? હું એને અવશ્ય છોડી મૂકીશ!" એવો તેણે મનમાં જ દૃઢ નિશ્ચય કરી લીધો.

એ પ્રમાણે લાભ હાનિનો વિચાર કરીને મહારાણા અમરસિંહે અનુચરોને અબ્દુલ્લાને દરબારમાં લાવીને હાજર કરવાની આજ્ઞા કરી. તત્કાળ રાજબંદિને ત્યાં ઉપસ્થિત કરવામાં આવ્યો. એક બે સવાલ જવાબ થવા પછી રાણાજીએ પૂછ્યું કે: "ખાંસાહબ! અમીના કોણ છે?"

બન્ને ભવાં ચઢાવીને અબ્દુલ્લાએ જવાબ આપ્યો કે: "આલી જનાબ! હું મારા છૂટકારાની ઉમ્મીદ નથી રાખતો. જો મને હું જ્યાં અત્યાર સુધી હતો, ત્યાં જ પાછો મોકલી આપશો, તો આપની મારાપર મોટી મેહરબાની થશે. હું આપનો એહસાન કોઇ દિવસ પણ ભૂલીશ નહિ."

"આપના મનમાં કોઇ પણ પ્રકારની વ્યથાને ઉપજાવવામાટે આ સવાલ મેં આપને નથી પૂછ્યો. આપ એનો જવાબ ન આપો, તો મને એની એટલી બધી જરૂર પણ નથી. પણ, વારૂ; એ તો જણાવો કે, આપની સાથે બીજા કેટલા મુગલો આ મેવાડભૂમિમાં આવેલા છે?" અમરસિંહે પૂછ્યું.

"મહારાણા આગળ આ બધી છુપી વાતોને હું જીવ જતાં પણ ઉઘાડી પાડવાનો નથી." અબ્દુલ્લાએ નકારનો જવાબ વાળ્યો.

"હું તો આપને એ પ્રથમથી જ જણાવી ચૂકેલો છું કે, જો આપ મારા સવાલોના ખરેખરા જવાબો આપી દેશો, તો હું આપને અવશ્ય છોડી મૂકીશ." અમરસિંહે આશ્વાસન આપ્યું.

"મહારાણાજી! આ અબ્દુલ્લા એવા છૂટકારાનો ભૂખ્યો નથી." અબ્દુલ્લાએ દૃઢતાથી જણાવી દીધું.

"વારૂ; ત્યારે એ તો બતાવો કે, આપ લોક અહીં શા મતલબથી આવેલા છો?" અમરસિંહે વળી પણ પ્રશ્ન કર્યો.

"આવો સવાલ શામાટે પૂછવો જોઇએ? જો હું એમ કહું કે, અમો આપના દોસ્ત તરીકે આવ્યા છીએ, તો એ મારી વાત આપ માનશો ખરા કે?" અબ્દુલ્લાએ સામો પેચીલો સવાલ કર્યો.

"ના; એકદમ તો હું માનું નહિ જ." અમરસિંહે કહ્યું.

"ત્યારે એવો સવાલ પૂછવો ફજૂલ છે." અબ્દુલ્લાએ કહ્યું.

અમરસિંહે એ જવાબને ધ્યાનમાં ન લઇને પાછો સવાલ કર્યો કે: "સાંભળવામાં આવે છે કે, જહાંગીર બાદશાહે અમારાપર ચઢાઇ કરવા માટે ફોજ મોકલી છે, એ વાત ખરી છે કે?"

"મહારાજ! મુગલો નમકહરામ હોતા નથી, એ વાતને જો આપ જાણતા ન હો તો આજથી જાણી રાખજો. જે વાત કહેવાથી આપની ભલાઈ અને અમારા શહનશાહની બુરાઇ થવાનો સંભવ હોય, તેવી કોઈ પણ વાત મારી જબાનથી આપ કોઇ કાળે પણ સાંભળી શકવાના નથી." અબ્દુલ્લાખાને જરાક હસીને જવાબ આપ્યો.

"વારુ ત્યારે એ વાતોને આપણે હવે આટલેથી જ રહેવા દઇશું. પણ જુઓ, અબ્દુલ્લાખાન! આપ જો મારી એક–માત્ર એક જ વાત

માનવાનું વચન આપો, તો હું આપને આ ક્ષણે જ છોડી મૂકવાને તૈયાર છું." અમરસિંહે જરાક વિચાર કરીને કહ્યું.

"હું એમ કરવાની કબૂલાત આપું છું. ફરમાવો." અબ્દુલ્લાએ અમરસિંહના મનોભાવને જાણીને જવાબ આપ્યો.

"જો હું આપને બંધનમુક્ત કરૂં તો, ફરી વાર મેવાડમાં આવીને આપ અમોને પરિશ્રમ તો નહિ આપો ને ?" અમરસિંહે જણાવ્યું.

"એનો મારી મરજીથી હું કેમ કરીને કોલ આપી શકું વારૂ ? કારણ કે, જેનું નમક હું ખાઉં છું, તે જે હુકમ કરે તે મુજબ મારે ચાલવું જ જોઈએ." અબ્દુલ્લાએ જરાક વિચાર કરીને કહ્યું.

એ ઉત્તર સાંભળીને અમરસિંહના મુખમંડળમાં આનંદની છાયા દેખાવા લાગી. તરત તેણે પોતાના સિપાહીઓને આજ્ઞા કરી કે: "આ મુગલ નાયકને છોડી મૂકો; કારણ કે, એ એક વીરનર છે."

"આટલી વાર સુધી હજૂર શું મારી નમકહલાલીની પરીક્ષા જ લેતા હતા કે ?" અબ્દુલ્લાએ મંદ હાસ્ય કરીને કહ્યું.

"જો આપ એમ સમજો, તો પણ કાંઈ ખોટું નથી. ખાં સાહેબ ! આપ એક શત્રુના રૂપમાં આવ્યા હતા, પણ હવે મિત્રના રૂપમાં વિદાય થાઓ. બાદશાહ સાથે યુદ્ધ કરવાનું તો જન્મોજન્મથી જ વિધાતાએ અમારા ભાગ્યમાં લખી રાખ્યું છે, એટલે જે વેળાયે લડવાને આવો, તે વેળાયે સમરક્ષેત્રમાં પુનઃ શત્રુના રૂપે દર્શન આપજો." અમરસિંહે પણ હસીને જ આ વાક્યો ઉચ્ચાર્યાં.

અબ્દુલ્લા મહારાણાને નમન કરીને સિપાહીઓની સાથે દરબારમાંથી બહાર આવ્યો. ત્યાં એક સિપાહીએ તેને કહ્યું કે: "આપ મહાભાગ્યશાળી છો, તેથી જ મહારાણાજીના શત્રુ થયા છો."

"બહાદુરોની કીમત બહાદુરો જ આંકી શકે છે. ખાખરની ખિસ્કોલી શાકરનો સ્વાદ શું જાણે !" અબ્દુલ્લા હસીને બોલ્યો.

અબ્દુલ્લા એટલું બોલીને વિદાય થયો. પણ તેના મનમાં એક ખટકો ક્ષણે ક્ષણે થયા કરતો હતો. રાણાજીએ અમીનાના નામનો ઉચ્ચાર કર્યો હતો, એનો જ વારંવાર વિચાર કરતો તે ચાલ્યો જતો હતો.

તૃતીય પરિચ્છેદ

કયદ

જે સમયે પ્રાતઃકાળના મંદમંદ વાયુના આઘાતથી આરાવલી પર્વતપરનાં વૃક્ષો ધીમે ધીમે કંપાયમાન થયાં કરતાં હતાં, તે સમયે એ જ શૈલરાજની એક નિર્જન ઉપત્યકા (તળેટી) માંથી અબ્દુલ્લાખાન

વિચારમાં નિમગ્ન થયેલો એકલો જ ચાલ્યો જતો હતો. અબ્દુલ્લાખાનની ત્રણ બાજુએ નાની નાની ટેકરીઓ ઘાસથી પોતાના શિરોભાગને ઢાંકીને ઊભેલી જોવામાં આવતી હતી. નાનાં નાનાં વૃક્ષોથી છવાયલી એ ટેકરીઓ પ્રકૃતિદેવીના ઉપવન સમાન સુશોભિત દેખાતી હતી. ઉચ્ચ પર્વતવિભાગમાં હરિતતૃણશય્યાના સૌન્દર્યનું અપૂર્વ સંમેલન થયેલું હોવાથી એને નિરખતાં સર્વ જનોનાં નેત્રોને એક સરખો આનંદ મળી શકતો હતો. તળેટીમાં ઊભાં રહીને એ પર્વતોની ઉંચાઇને જોવા જતાં અમારી કોમળપ્રાણા પાઠિકાઓના હૃદયમાં ભય ઉત્પન્ન થવાનો સંભવ હોવાથી અમો એનું વિસ્તૃત વર્ણન કરવાનું ઉચિત ધારતા નથી. એક બાજૂએ વહન કરતી લઘુ પાર્વતીય નદી વિરહવ્યાકુલા વનિતા પ્રમાણે સ્વામિસંમેલનાર્થ દોડી જતી હતી. કોમલતા અને કઠિનતા તથા સરળતા અને કુટિલતા એક સ્થાને સંમીલિત થઇને પ્રકૃતિની શિલ્પનિપુણતા અને સુન્દરતાનો વિશ્વસૃષ્ટાની કુશળતા સહિત બહુ જ સારો પરિચય કરાવતી હતી.

અબ્દુલ્લાખાનનું ધ્યાન એ સૃષ્ટિના સૌન્દર્યમાં જરા પણ હતું નહિ. તે તો સર્વથા પોતાની ચિંતામાં જ આત્મવિસ્મૃત થઇ ગયો હતો. કેટલાક અંતરે આવેલી એક ટેકરીપર એક રમણી બેઠેલી હતી અને તેના સુદીર્ઘ કૃષ્ણકેશ હવામાં આમતેમ ઉડતા જોવામાં આવતા હતા. અચાનક એ સુન્દરીપર અબ્દુલ્લાની દૃષ્ટિ પડી. કેટલાક સમય પછી તે યુવતિએ પણ અબ્દુલ્લાને જોયો અને ચાર આંખો મળતાં જ તે એકાએક હબકીને પાષાણપ્રતિમા સમાન જડ બની ગઇ. અબ્દુલ્લાએ આશ્ચર્યના ભાવથી પૂછ્યું કે: "કોણ અમીના ?"

"હા; હું અમીના જ છું." અમીનાએ કહ્યું.

"તારા અહીં આવવાનું કારણ ?" અબ્દુલ્લાએ સવાલ કર્યો.

"હું કાંઇ આજે જ અહીં નવી આવી નથી, પણ દિલ્હીથી તમારી સાથેની સાથે જ છું." અમીનાએ અજાયબી ઉપજાવનારો જવાબ આપ્યો.

"પણ મને તો દિલ્લી છોડ્યાને ઘણા જ દિવસ થઇ ગયા છે." અબ્દુલ્લા વિચાર કરીને બોલ્યો.

"જેટલા દિવસ દિલ્લી છોડ્યાને તમોને થયા, તેટલા જ દિવસ મને પણ થઇ ગયા છે." અમીના બોલી.

"તું દિલ્લીથી ક્યારે નીકળી હતી વારૂ ?" અબ્દુલ્લાએ પૂછ્યું.

"જે દિવસે તમો મને કપટજાળમાં ફસાવીને ન્હાસી ગયા હતા, તે જ દિવસે." અમીનાએ જવાબની સાથે એક મેણું પણ મારી લીધું.

"અમીના ! શું તું આ સાચું બોલે છે કે ?" અબ્દુલ્લાએ કહ્યું.

"તમારી આગળ અને હું જૂઠું બોલું ?" અમીના રોષથી બોલી.

અબ્દુલ્લાનું મોઢું પીળું પડી ગયું. તે કહેવા લાગ્યો કેઃ "ત્યારે આટલા દિવસમાં મને તેં એક વાર પણ મોઢું કેમ ન બતાવ્યું વારૂ ?"

"મોઢું બતાવવાની મરજી નહોતી થતી, એટલામાટે જ." અમીનાએ ટૂંકો ને ટચ જવાબ આપ્યો.

"પણ હું તો અહીં જંગ કરવા આવ્યો છું. તારા આવવાનો શો હેતુ હતો ?" અબ્દુલ્લાએ જરાક આડો સવાલ કર્યો.

"હેતુ ? માત્ર તમોને આફતમાંથી ઉગારવાનો જ." અમીનાએ જરાક હસીને જવાબ આપ્યો.

"પણ આજ સુધીમાં કોઇ વાર પણ તેં આફતમાંથી મને બચાવ્યો છે ખરો કે ?" અબ્દુલ્લાએ આંખ ફેરવીને કહ્યું.

"કાફિરોએ તમોને કેમ છોડી દીધા, એ વાતને તમો જાણો છો ખરા કે ?" અમીનાએ સામો સવાલ કર્યો.

"બહાદુર મર્દો બહાદુર મર્દની કદ્ર કરે છે, એટલામાટે જ." અબ્દુલ્લાએ જરાક અભિમાનથી જ જવાબ આપ્યો.

"સાહબ ! આ તમો પોતાની તારીફ પોતાના મોઢેથી કરો છો તો ખરા; પણ એમાં સચ્ચાઇ જરા પણ નથી." અમીના ધીમેથી બોલી.

"ત્યારે તું જ કહે કે, મારો છૂટકારો કેમ થયો ?" અબ્દુલ્લા બોલ્યો.

"માત્ર મારા લીધે જ." અમીનાએ કહ્યું. એટલું કહીને અમીનાએ રક્ષાબંધનનો સમસ્ત વૃત્તાંત તેને આદિથી અંતપર્યન્ત કહી સંભળાવ્યો. એ સાંભળી લઇને અબ્દુલ્લા આશ્ચર્યચકિત થઇને કહેવા લાગ્યો કેઃ "પણ બી સાહબા ! એ તો જણાવો કે, આ બધી કરામાત તમો શીખ્યાં ક્યાંથી ?"

"શું એ વાત તમો નથી જાણતા કે, જોધપુરનાં જનાબ બેગમ સાહબાની ખિદમતમાં હું રહી ચૂકી છું તે ?" અમીનાએ કહ્યું.

"શું, એ તું ખરૂં બોલે છે કે ?" અબ્દુલ્લાએ હર્ષમાં આવી જઇને એ ઉદ્ગાર કાઢયો. તેને વધારે સંતોષ આપવાના ઉદ્દેશથી અમીના આગળ વધીને કહેવા લાગી કેઃ—

"જે વખતે હું જનાબ બેગમ સાહબની તહનાતમાં રહેતી હતી, તે વખતે રાજપૂતોના રીતિરિવાજ આદિની ઘણીક વાતચીતો તેમની સાથે થયા કરતી હતી. એક દિવસ વાતપરથી વાત નીકળતાં તેમણે મને એ રક્ષાબંધનો વૃત્તાંત પણ કહી સંભળાવ્યો હતો. વળી મારા પૂછવાથી એ રક્ષા બનાવવાનો તરીકો પણ તેમણે મને બતાવી દીધો હતો. હું એવા વિચારની અબળા છું કે, મનુષ્યે જો અવસર મળે તો

પ્રત્યેક વિદ્યા શીખી રાખવી જોઇએ; કારણ કે, કોઇ વેળાયે તે બહુ જ ઉપયોગની થઇ પડે છે. એ મારા અભિપ્રાયથી આજે મને પ્રત્યક્ષ લાભ મળ્યો છે."

"ત્યારે તો તું એ બહુ જ સારી વિદ્યા શીખી અને એનો લાભ પણ તને સારો મળ્યો." અબ્દુલ્લાએ વિનોદનો ભાવ દર્શાવીને કહ્યું.

"ખૈર એ વાતો તો જાણે ઠીક. પણ હવે મારી એક આરજૂ તમારે પૂરી કરવી પડશે." અમીનાએ ઇચ્છા દર્શાવી.

"એ વળી શી આરજૂ છે, કહે જોઇએ?" અબ્દુલ્લાએ ઉત્કંઠા બતાવી.

"પણ હું જે કહું, તે તમારે કુબૂલ કરવું જ પડશે." અમીનાએ ગંભીરતાથી કહ્યું.

"તારો હુકમ કે? વારૂ; ફરમાવ ત્યારે." અબ્દુલ્લા બોલ્યો.

"જનાબ મહારાણા સાહબને મેં એવું વચન આપેલું છે કે, મારાથી બની શકશે તેટલી ઉતાવળ કરીને તમોને અને તમારા સાથીઓને હું મેવાડની સરહદથી બહાર પહોંચાડી આવીશ." અમીનાએ જણાવ્યું.

"બસ, હવે હું જાણી ગયો કે, તારો પોતાના ભાઇનો પક્ષ કરીને મારી સાથે લડવાનો જ વિચાર થયેલો છે. યા ખુદા! જેનું તેં કોઇ કાળે મોઢું પણ જોયું ન હોતું, તે તો થયો તારો પોતાનો અને આપણી આટલા દિવસની મહબ્બત હોવા છતાં હું થયો બિગાનો!" અબ્દુલ્લાએ કહ્યું.

"હા; પારકાને જ પોતાનો બનાવ્યો છે તો! જેના મુખનું કોઇ દિવસે દર્શન પણ ન હોતું કર્યું, તેને મેં મારો મિત્ર બનાવી લીધો છે. મેવાડમાં આવીને મિત્રતાનો મેં આ નવીન સંબંધ બાંધ્યો છે. સમજ્યા કે?" અમીના જરાક હસીને કહેવા લાગી.

"હજૂરનું કહેવું રાસ્ત છે. આપ જનાબની સાથે લડતાં નક્કી આ બન્દાની જ હાર થવાની છે; કારણ કે, આપ આલીજનાબપર મારાથી તો હથિયાર ચલાવી શકાય તેમ છેજ નહિ." એમ કહીને વિનોદનો ભાવ દર્શાવવા માટે અબ્દુલ્લાએ નિમ્નલિખિત કવિતાની લીટીનો કટાક્ષ પૂર્વક ઉચ્ચાર કર્યો: "હમ મર્દ હયેં ઔરતપે ન હથિયાર ઉઠેગા!"

અમીના પણ ઉર્દુ ભાષાનાં રહસ્યોને જાણનારી હોવાથી જરૂર કાંઇક જવાબ આપત; પણ તેણે વધારે બોલવાનું યોગ્ય ન ધાર્યું અને વિનોદને ગંભીરતાનું સ્વરૂપ આપીને કહ્યું કે: "એમ થવું તો બન્ને માટે એક સરખું જ છે. પણ મારી વાતને આપ મશ્કરીમાં ઉડાવી

દેશો નહિ. રાણા સાહબ સાથે વિગ્રહ કરવાથી હવે તમારે દૂર જ રહેવાનું છે. તમારે દિલ્લી તરફ ચાલ્યા જવું પડશે."

"બાદશાહ સલામતે મને અહીં જંગ કરવામાટે મોકલ્યો છે, એ શું તું નથી જાણતી કે?" અબ્દુલ્લાએ પણ ગંભીરતાથી સવાલ કર્યો.

"જાણવા છતાં પણ હું તમોને એમ કરવાની ના પાડું છું." અમીનાએ અધિકારદર્શક સ્વરથી કહ્યું.

અમીનાની વાતને નાકબૂલ કરવાની અબ્દુલ્લામાં શક્તિ હતી નહિ. એટલે દિલ્લી તરફ પાછા વળવાનો નિશ્ચય કરીને અબ્દુલ્લાએ કહ્યું કે: "વારૂ; ચાલો ત્યારે આપણ હવે દિલ્લી જવા માટેની તૈયારી કરીએ."

એમ કહી અમીનાનો હાથ ઝાલીને અબ્દુલ્લા ઊઠીને ઊભો થયો અને એ બન્ને પર્વતની તળેટીમાં વિસ્તરેલા એક ઘન અરણ્યના અંતર્ભાગમાં ચાલ્યાં ગયાં. એ અરણ્યના મધ્યમાં એક ગુહા હતી અને ત્યાં કેટલાક મુગલો આમતેમ ફરતા જોવામાં આવતા હતા. અબ્દુલ્લા અને અમીના તે ગુહામાં દાખલ થયાં. ગુહામાં હજી તો તેઓ થોડુંક જ ચાલ્યાં હશે, એટલામાં બહારથી કોલાહલનો ધ્વનિ તેમના કાનોમાં આવીને અથડાયો. એ અવાજ સાંભળતાં જ અબ્દુલ્લા ઝટ ગુફામાંથી બહાર નીકળી આવ્યો અને આવીને સાંભળ્યું કે: "એક શસ્ત્રધારી હિન્દુ–રાજપૂત આટલામાં આવીને ફર્યાં કરે છે. કદાચિત્ એ કોઇ ન્હારા વિચારથી પણ આવ્યો હોય!"

અબ્દુલ્લા તે તરફ ચાલ્યો અને થોડેક છેટે જતાં એક શસ્ત્રાસ્ત્રધારી રાજપૂત અરણ્યમાં વિચરતો તેના જોવામાં આવ્યો. મુગલને જોઇને તે યુવક નાઠો પણ નહિ અને છુપાયો પણ નહિ. નિઃશંક અને નિર્ભયતાથી તે જેમનો તેમ જ ફરતો રહ્યો. અબ્દુલ્લાએ તેને પૂછ્યું કે: "તું કોણ છે?"

વાંચકો! તમો એ રાજપૂત તરુણને ઓળખો છો કે? એ આપણી નવલકથાનો નાયક શોભનસિંહ જ હતો. શોભનસિંહે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે: "હું ગમે તે છું, પણ પ્રથમ એ તો જણાવો કે, તમો આટલા બધા મુગલો અહીં શામાટે આવ્યા છો?"

"હું તને હુકમ ફર્માવું છું કે, તું ફૌરન અહીંથી ચાલ્યો જા." અબ્દુલ્લાએ કરડાકીથી કહ્યું.

અકસ્માત્ શોભનસિંહના મનમાં એવો વિચાર આવ્યો કે: 'કદાચિત્ કુન્દકુમારી એમના હાથમાં સપડાઇ ગઇ હોય અને એમણે તેને પકડીને અહીં કયદ કરી રાખી હોય, તો તે સંભવિત જણાય છે ખરૂં!' એ વિચાર આવતાં જ તેના મનમાં કોપનો આવિર્ભાવ થયા અને કોપના આવેશમાં જ તે કહેવા લાગ્યો કે:–

"આ મેવાડ મારી જન્મભૂમિ છે–અત્યારે હું મારી માતાના અંકમાં બેઠેલો છું–હું અહીંથી ક્યાં ચાલ્યો જાઉં અને શામાટે ચાલ્યો જાઉં? સામો હું તમો લોકોને આજ્ઞા કરૂં છું કે, જો તમો અમારા શત્રુ જ હો, તો અત્યારે અને આ ક્ષણે જ આ મેવાડની સીમાથી બહાર ચાલ્યા જાઓ." શોભનસિંહે તિરસ્કારદર્શક સ્વરથી કહ્યું.

"ઓ હિન્દુ જવાન! હું તને ફરીથી ચેતવણી આપું છું કે, તું જલ્દ અહીંથી ચાલ્યો જા; કારણ કે, વિનાકારણ તને કયદ કરીને હયરાન કરવાનો અમારો ઇરાદો નથી." અબ્દુલ્લાએ વળી પણ ધમકાવીને કહ્યું.

એ વખતે શોભનસિંહે મનમાં વિચાર કર્યો કે: "જો હું આ લોકોનો કયદી બની જઇશ, અને જો એમને ત્યાં કુન્દકુમારી હશે; તો તેનો સહજમાં જ શોધ લાગી જશે. એક વાર પત્તો મળ્યો એટલે પછી તેના ઉદ્ધારની ચેષ્ટા પણ કરી શકાશે." એવી ધારણાથી તે કહેવા લાગ્યો કે: "અરે ચાંડાલ! જો તારામાં મને પકડવાની શક્તિ હોત, તો તો તેં ક્યારનોય મને કયદ કરી લીધો હોત; પણ તું તો કોઇ બ્યંડળ છે, એટલે તારામાં એટલું બળ ક્યાંથી હોઇ શકે વારૂ? જો તારૂં માથું હવે કેવી રીતે ધડકી જૂદું થાય છે તે!"

એમ કહીને શોભનસિંહે અબ્દુલ્લાના માથાપર તાકીને પોતાની બન્દૂક ચલાવવાનો યત્ન કર્યો; પરંતુ એ માત્ર એક પ્રકારનો અભિનય હોવાથી બંદૂકના ઘોડાને દાબવામાં તે જાણી જોઇને વિલંબ કરવા લાગ્યો.

તેની બંદૂકને જોઇને જીવવાની આશાને છોડી બેઠેલા અબ્દુલ્લાએ એક છલાંગ મારીને શોભનસિંહનો હાથ પકડી લીધો અને તેના હાથમાંની બંદૂક તથા કમરમાંની તલ્વારને છીનવીને પોતાના કબ્જામાં કરી લીધી. શોભનસિંહે પોતાની ઇચ્છાથી તે બન્ને હથિયારો તેને આપી દીધાં. તેને આવી રીતે નિઃશસ્ત્ર થયેલો જોઇને અબ્દુલ્લા કોપ કરીને કહેવા લાગ્યો કે: "તને કયદી થવાનો જ ધખારો છે, તો ભલે કયદી થઇને ચાલ અમારી સાથે."

એમ કહીને બળથી શોભનસિંહનો હાથ પકડીને તેને ઘસીટતો અબ્દુલ્લાખાન ત્યાંથી ચાલવા લાગ્યો. શોભનસિંહે તેની વિરુદ્ધ એક પણ શબ્દ ન ઉચ્ચાર્યો. તેના મનમાં જે ઇચ્છા હતી, તેને એકાએક આમ સફળ થયેલી જોઇને તેના હૃદયમાં એક પ્રકારનો આનંદ થવા લાગ્યો અને તે આનંદની છટા તેની મુખમુદ્રામાં પણ દૃષ્ટિગોચર થવા લાગી. અબ્દુલ્લા એથી આશ્ચર્યચકિત થઇ ગયો, પણ એના ખરા કારણને જાણી શક્યો નહિ. મનુષ્યના મનની વાત મનુષ્ય જાણી પણ ક્યાંથી શકે?

ચતુર્થ પરિચ્છેદ

પૂર્વકથા

અબદુલ્લા કોણ હતો અને અમીના કોણ હતી ઇત્યાદિ પ્રશ્નો જિજ્ઞાસુ વાચકોના મનમાં ઉત્પન્ન થાય, એ સર્વથા સ્વાભાવિક જ છે. એમાં પણ અબદુલ્લાના વિશેષ પરિચયની એટલી બધી આવશ્યકતા નથી; પરંતુ અમીનાની પૂર્વકથાને જાણ્યાવિના તો વાચકોના મનની શાંતિ થવાની નથી જ. એ વાત સારી રીતે અમારા ધ્યાનમાં હોવાથી પ્રસ્તુત પરિચ્છેદમાં અમો અમીનાનો કેટલોક પૂર્વ વૃત્તાંત આપીને વાચકોની જિજ્ઞાસાતૃપ્તિનો પ્રયત્ન કરીશું. અસ્તુ.

બીબી અમીનાનું ઘર દિલ્લીમાં હતું. જે ઘરમાં અમીનાનો વસવાટ હતો, તે ઘરની સ્ત્રીઓમાં એક તો અમીના પોતે હતી અને બીજી તેની ભુઆ રહેતી હતી. એ ભુઆની અવસ્થા પણ અમીના જેવી જ હતી; કારણ કે, તે વખતમાં ત્યાં સ્ત્રીઓની ગણના કૂતરા પ્રમાણે જ કરવામાં આવતી હતી. નાની અવસ્થામાં જ અમીનાનો વિવાહસંબંધ થઈ ગયો હતો અને થોડા સમયમાં જ પાછી તે વિધવા થઈ ગઈ હતી. અમીનાએ પોતાના શૌહરના મરણ પછી તરત વિધવાવિવાહ અથવા તો નિકાહ કર્યો ન હોતો. એનું કારણ એ હતું કે, તે કાંઈક ફારસી ભણેલી હતી. યૌવનમાં આગળ વધતાં જ્યારે પણ તેના મનમાં વિવાહ કરવાની ઇચ્છા થઈ આવતી હતી, ત્યારે તરત જ તે એક ફારસી કિતાબ કાઢીને વાંચ્યા કરતી હતી. એ પુસ્તકમાં એક સ્થળે એમ લખેલું હતું કે: "અતિ રૂપવતી હોવા છતાં પણ જો કોઈ વિધવા સ્ત્રી સાથે વિવાહ કરે છે, તો તે ઘણો જ દુ:ખી થાય છે." એ લેખને વાંચતા જ અમીનાનો વિવાહ વિષયક વિચાર બદલાઈ જતો હતો અને તેના હૃદયમાં વિજાતીય દ્વેષનો ઉદ્‌ભવ થતો જોવામાં આવતો હતો. તે પોતાના મનમાં કહ્યા કરતી હતી કે: "હં—શું મર્દો ઔરતોને એટલી બધી નીચી અને કમીની સમજે છે કે? ખૈર; હું પણ એ મતલબી મર્દોને બતાવી આપીશ કે, ઔરતો મર્દોને પણ કેટલા બધા નીચા અને કમીના સમજે છે તે! જમાનો બદલાઈ જશે, તો પણ કોઈ મર્દ સાથે હું શાદીના ગાંઠથી નહિ જ જોડાઉં!"

અમીના જો કે વધારે પૈસાદાર ન હોતી, પરન્તુ તે અત્યંત રૂપવતી હતી, એમાં તો કશો પણ સંશય ન હોતો જ. દિલ્લીના ઘણાખરા કુબેરપુત્રો એના સૌન્દર્યથી મુગ્ધ થઇને એને પોતાના કાબૂમાં લાવવાની ચેષ્ટા કર્યા કરતા હતા, પરંતુ એ કોઇને જરાય ગણકારતી ન હોતી; કારણ કે, તે સમયે તેના મનમાં પુરુષજાતિ વિશેના વિજાતીય દ્વેષનો અગ્નિ દિન રાત એક સરખો જાગૃત રહ્યા કરતો હતો. જ્યારે પણ

પત્ની અને પતિના પ્રેમસુખનું તેને સ્મરણ થઈ આવતું હતું, ત્યારે થોડી વાર તેનો નિશ્ચય ચળી જવાની અણીપર આવી લાગેલો જોવામાં આવતો હતો.

એક દિવસ અબ્દુલ્લા નામનો એક સાધારણ સૈનિક અચાનક તેની નજરે પડ્યો. એ મુગલ તરુણ કેટલો ને કેવો રૂપાળો અને સૌન્દર્યનો શૃંગાર હતો, એ જોકે અમારાથી કહી શકાય તેમ નથી; પરંતુ અમીનાનાં નેત્રોએ તો તેના અંગમાં અપૂર્વ સૌંદર્યનું દર્શન કર્યું. અમીનાનો જીવ એ તરુણમાં ભરાઇ ગયો. તે એટલે સુધી કે, તેની મનોહારિણી મૂર્ત્તિને તે કદાપિ ભૂલી શકી નહિ. તેની પ્રતિજ્ઞા એક તરફ દૃઢ અને બીજી બાજૂએ શિથિલ થવા લાગી.

જેવી રીતે અત્યારે આપણા જોવામાં આવે છે કે, જો કોઇ સ્વરૂપવતી સુન્દરી અસહાયા હોય છે, તો તેને અનેક પ્રકારનાં સંકટો ભોગવવાં પડે છે; તેવી રીતે તે સમયમાં પણ એવો જ પ્રકાર ચાલતો હતો. પ્રથમ પ્રથમ તો અમીના પાસે અનેક કુટ્ટિનીઓ અથવા તો દૂતીઓ આવવા લાગી; પણ અમીનાના હૃદયમાં દૃઢ થઇ ગયેલા તે ફારસી લેખ અને અબ્દુલ્લા વિષયક અનુરાગ આગળ તે દૂતીઓએ બતાવેલી હજારો લાલચોનું કાંઇ પણ જાણવા જેવું પરિણામ થઇ શક્યું નહિ. ધીમે ધીમે તેને ભાવિ અત્યાચારની છાયા દૃષ્ટિગોચર થવા લાગી, અને એથી કોઇ કોઇ વાર તેનું મન બહુ જ ગભરાટને અનુભવવા લાગ્યું.

અમીનામાં એક બહુ જ અદ્વિતીય ગુણ હતો. તે એ કે તે ચિત્રકળામાં અત્યંત પ્રવીણ હતી. તેના એ ગુણનાં ગીતો બાદશાહની બેગમોના સાંભળવામાં પણ આવી ચૂક્યાં હતાં. દિલ્લીશ્વર અકબરશાહની પુત્રવધૂ—એટલે કે સલીમની જોધપુરી બેગમે પોતાના પતિ સલીમ આગળ એક દિવસ પોતાની છબિ ચિત્રાવવાની ઇચ્છા દર્શાવી અને સાથે ચિત્રકારિણી અમીનાની પણ પ્રશંસા કરી. બીજે જ દિવસે અમીનાને બાદશાહના જનાનખાનામાં બોલાવવામાં આવી અને આવતાંની સાથે જ તે જોધપુરી બેગમની તસ્વીર ચીતરવા લાગી એથી ચિત્રલેહા અમીનાને બે લાભો થયા; એક તો તેને શાહી જનાનખાનામાં નોકરી મળી અને બીજો લાભ એ કે વિલાસી તરુણોના અત્યાચારથી તેનો છૂટકો થયો.

કેટલાક દિવસ પછી ચિત્રના કાર્યની સમાપ્તિ થઇ. જ્યારે છબિ તૈયાર થઇ ગઇ અને તે બીજી બેગમોને બતાવવામાં આવી, ત્યારથી અમીનાનું નામ આખા અંતઃપુરમાં જાણીતું થઇ ગયું. એ પત્રપ્રતિમાને

જોઇને અભિમાનની પ્રતિમારૂપ કેટલીક બેગમો નાક મોઢાં વાંકાં કરવા લાગી. કોઇએ જેમ એ છબિની પ્રશંસા પણ ન કરી, તેમ જ નિન્દા કરવાની પણ કોઇની હિમ્મત ચાલી શકી નહિ. એક બેએ પ્રશંસા કરી અને બે ચાર તો દ્વેષના અગ્નિથી એટલી બધી બળી ગઈ કે, ત્યાંની ત્યાં જ એની નિન્દા પણ કરવા લાગી. પણ એમાં ખૂબી તો એ કે જેમણે એ છબિની નિન્દા કરી હતી, તે બેગમોએ જ સર્વથી પ્રથમ અમીનાને બોલાવીને પોતપોતાની તસ્વીરો તેના હાથે આલેખાવી. અમીનાને એ વ્યવસાયથી દ્રવ્યનો ઘણો જ લાભ થવા લાગ્યો.

એવી રીતે અમીનાને બહુ બહુ છબિયો આલેખવી પડી. 'પોતાના દહિને કોઇ પણ ખાટું કહેતું નથી' એ કહેવત પ્રમાણે બધી બેગમોને પોતપોતાની છબિ વધારે પસન્દ પડી. પણ એથી અમીનાને ધનની સારી રકમ હાથ લાગી ગઇ. બેગમોની તસ્વીરો બનાવવાનું કામ પૂરૂં થવા પછી અમીના દિલ્લીના ચાંદની ચોકમાં એક મકાન ભાડે લઇને તેમાં રહેવા લાગી. અમીના લોંડીઓ, દરબાન અને નોકર ચાકરની બધી વ્યવસ્થા કરી લઇને ઠાઠમાઠથી ત્યાં વસવા લાગી હતી; કારણ કે, હવે તે માલદાર થઇ ગઇ હતી અને પૈસાટકાની તેને જરા પણ ખોટ હતી નહિ. આટલા બધા દિવસો વીતી જવા છતાં પણ અબ્દુલ્લાના મુખને તે ભૂલી શકી ન હોતી. એક દિવસ સંધ્યાકાળે અમીનાએ અબ્દુલ્લાને પોતાના મકાન પાસેથી ઘોડાપર બેસીને જતો જોયો. તેને જોતાં જ તે બારી પાસેના બારણામાંથી કઠેરામાં આવીને ઊભી રહી અને તેની નજર પોતાપર પડે તો સારૂં, એવી આશાથી તેની તરફ જોવા લાગી. અબ્દુલ્લા પણ એક વિલાસી યુવક હતો એટલે આમતેમ જોતાં તેની દૃષ્ટિ અમીનાપર જઇ પડી. પણ અબ્દુલ્લા એકસરખો આગળ વધતો ગયો અને વારંવાર ફરી ફરીને અમીનાના મુખને જોતો જોતો અંતે દૃષ્ટિથી અદૃશ્ય થઈ ગયો.

તે દિવસથી દરરોજ અબ્દુલ્લા એ માર્ગમાંથી નીકળવા લાગ્યો અને અમીના પણ નિત્ય નિયમિત સમયે કઠેરામાં ઊભી રહીને તેના ચિત્તનું આકર્ષણ કરવા લાગી. એક દિવસ અચાનક મનમાં કોઇ વિચાર આવવાથી અબ્દુલ્લાએ અમીનાના મકાનના દરબાનને આવીને પૂછ્યું કેઃ "આ મકાનમાં કોણ રહે છે વારૂ ?"

"મશહૂર તસવ્વુર–ચિત્રલેખા–અમીના બીબી." દરબાને જવાબ આપ્યો. એ જવાબ સાંભળીને અબ્દુલ્લા ચાલ્યો ગયો.

એ બનાવને કેટલાક દિવસ વીતી ગયા પછી અબ્દુલ્લાખાન વસ્ત્રા-લંકારોથી સજ્જિત થઇ, અતર ફુલેલ લગાવી આંખમાં સુરમાની કાળાશ

તથા હોઠપર પાનની લાલાશનો રંગ ચઢાવીને ઠાઠમાઠથી ત્યાં એક દિવસ આવી લાગ્યો અને તેણે દરવાનને કહ્યું કે: "તમારી બીબીને જઇને ખબર આપો કે એક રઇસ પોતાની છબિ ચિત્રાવવામાટે આવેલા છે, અને દરવાજાપર તમારા હુકમની વાટ જોતા ઊભેલા છે."

થોડી વારમાં જ દરબાન અંદર જઇને પાછો આવ્યો અને વિનયથી કહેવા લાગ્યો કે: "બીબી સાહબાએ એમ કહેવડાવ્યું છે કે, અસલ તસ્વીર આપી જાઓ, તો તેની નકલ બનાવી આપવામાં આવશે."

"તેમને જઇને કહો કે, મારે મારા ચહેરાપરથી જ તસ્વીર ઊતરાવવાની છે." અબ્દુલ્લાએ બીજો સંદેશ કહાવ્યો.

પાછો અંદરથી એવો જવાબ આવ્યો કે: "મર્દની તસ્વીર ચહેરો જોઇને ઊતારી શકાય એમ નથી."

અબ્દુલ્લા નિરાશ થઇને જવાની તૈયારી કરતો હતો, એટલામાં અમીના 'જોઉં તો ખરી એ કોણ આવ્યો છે તે!' એવો વિચાર કરીને ઉપર છજામાં નીકળી આવી, તો તેણે અબ્દુલ્લાને ત્યાં આવેલો જોયો. તરત તે લૌંડીને તેણે નીચે મોકલી કે, જે અબ્દુલ્લાને ઉપર બીજા માળપર લાવીને એક વિશાળ સુશોભિત ઓરડામાં બેસાડી ગઇ. અમીના પડદા પાછળ બેસીને વાતચીતની શરૂઆત કરતી બોલી કે: "ચહેરો જોઇને તસ્વીર ઊતારવાનું કામ એક દિવસમાં તો પૂરૂં થઇ શકવાનું નથી જ, તેમ જ માત્ર એક વાર આપનો ચહેરો જોવાથી પણ એ ચિત્ર આલેખી શકાશે નહિ. એટલા માટે જો તસ્વીર ઊતરાવવાની જ આપની ઇચ્છા હોય, તો આપને રોજ અહીં આવવાની તકલીફ ઉઠાવવી પડશે."

આંધળો શું માગે? બે આંખો, જો ઈશ્વર આપે તો. અબ્દુલ્લાને તો એટલું જ જોઇતું'તું, એટલે તેણે અનુમોદન આપીને જણાવ્યું કે: "વારૂ; જેવું આપનું ફર્માન. હું રોજ આવીશ."

બીજે દિવસે અબ્દુલ્લાના આગમનની વેળાયે અમીના માથું ઓળી, સારાં વસ્ત્રો ધારણ કરી, તેલ ફુલેલ લગાવી, અને આંખોમાં સુરમો આંજીને દર્પણની સામે પાન ચાવતી બેસી રહી હતી. એટલામાં ખાનસાહબ પણ ત્યાં આવી ધમકયા. મંદ હાસ્ય કરીને અમીનાએ તેનો આદર સત્કાર કર્યો અને ત્યારપછી અહીં તહીંની કેટલીક વાતો કરીને અમીનાએ તસ્વીર ઊતારવાની શરૂઆત કરી. નિર્લજ્જ અમીના પરપુરુષ સમક્ષ બેસીને વારંવાર તેના મુખનું અવલોકન કરવા લાગી, અને પોતાની કલમને ચલાવવા લાગી. કલમ ચલાવતાં ચલાવતાં કોઇ કોઈ વાર તેનો હાથ કંપી જતો હતો અને વચવચમાં તે વાતો પણ કરતી

જતી હતી. એથી સ્પષ્ટ જણાય આવતું હતું કે, અમીનાના મનમાં વસી રહેલા પુરુષજાતિવિષયક દ્વેષનો એ સમયમાં લોપ થઈ ગયેલો હોવો જોઇએ.

એ પ્રમાણે ઘણા દિવસ વીતી ગયા. જે દિવસે તસ્વીર તૈયાર થઈ ગઈ, તે દિવસે અમીનાએ અબ્દુલ્લાને કહ્યું કે: "આપનું કામ તો આજે પૂરું થયું છે. પણ હવે પછી પણ કોઈ કોઈ દિવસ મુલાકાતનો લાભ તો આશા છે કે, આપતા રહેશો જ."

"દિલજાન! તને જોયાવિના આ અબ્દુલ્લા એક દિવસ પણ જીવતો રહી શકવાનો હતો ખરો?" અબ્દુલ્લાએ આજે પહેલી જ વાર મર્યાદાનો ભંગ કરીને આ વાક્ય ઉચ્ચાર્યું.

દિવસો પાણીના પ્રવાહ પ્રમાણે ઝટપટ વહી જવા લાગ્યા અને એ બન્ને આશક માશૂક એક બીજાના પ્રેમની સાંકળમાં બંધાઈ ગયાં. અમીનાનાં કોપ અને પ્રતિજ્ઞાનો કોણ જાણે ક્યાંય લોપ થઈ ગયો. અબ્દુલ્લાની પોતાની પરણેતર અને પોતાના પુત્રપર જે પ્રીતિ અને મમતા હતી, તેનો પણ સર્વથા નાશ થઇ ગયો. તેમની સાથે મળવા કરવાની વાત તો દૂર રહી, પણ તેમની સૂરત જોવાનું પણ તેણે છોડી દીધું. અબ્દુલ્લાએ અમીનાને નિકાહ કરવાની મરજી દેખાડી, પણ એ ક્ષણે અમીનાને પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ થવાથી તેણે કહ્યું કે: "નિકાહ તો એક જાતનો ખોટો દેખાવજ છે. જ્યાં બન્નેનાં દિલ મળી ગયાં હોય, ત્યાં નિકાહની શી જરૂર છે!" અંતે અમીનાની ભાવના જ માન્ય રહી અને એ બન્ને પ્રેમાંધ યુવતિયુવક આનંદમાં પોતાનો સમય વીતાડવા લાગ્યાં.

એ જ સમયમાં અકબરનો શાહજાદો સલીમ 'જહાંગીર' નામ ધારણ કરીને દિલ્લીના તખ્તપર બેઠો હતો. બાદશાહ થતાંની સાથે જ સર્વથી પ્રથમ તેનું ધ્યાન ઉદયપુરના મહારાણા તરફ ગયું હતું. કેટલાક કાળપૂર્વે પાણીપતમાં એક યુદ્ધ થયું હતું, તે યુદ્ધમાં સલીમ પોતે હાજર હતો અને રાજપૂતો સાથે તે લડ્યો પણ હતો. તે યુદ્ધમાં માત્ર ગણત્રીના રાજપૂત વીરોએ મુગલોની અગણિત સેનાનો કેવી રીતે વિધ્વંસ કરી નાખ્યો હતો, એ બનાવ સલીમ પોતાની આંખોથી જોઇ ચૂક્યો હતો. એટલે રાજપૂતોની પ્રણાલીને અનુસરીને બાદશાહ જહાંગીરે (સલીમે) પોતાના સૈન્યમાં સુધારણા કરી, અને એ સુધારણા થઇ રહ્યા પછી સેનાપતિને શોધી કાઢવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. અંતે એક સેનાધ્યક્ષ પણ તેને મળી આવ્યો અને તે સેનાધીશના સહાયક તરીકે બાદશાહે અબ્દુલ્લાને ચૂંટી

કાઢ્યો. અબ્દુલ્લાને એ એક કાર્યમાટે ચૂંટી કાઢવાનું કારણ એ હતું કે, આગળ પણ ઘણીક વાર અબ્દુલ્લાની રણકુશળતાના વૃત્તાંતોને સલીમ પોતે સાંભળી ચૂક્યો હતો. એ પ્રમાણે સૈન્યની સઘળી તૈયારીઓને પૂરી કરી દેવામાં આવી.

"સેના થોડા વખતમાં જ દિલ્લીથી કૂચ કરવાની છે." એવી અફ્વા દરબારમાંથી અબ્દુલ્લાના સાંભળવામાં આવી. દિલ્લીને છોડી જવા-માટે તો અબ્દુલ્લાના મનમાં કશો પણ શોક થયો નહિ; પરંતુ અમીનાના થનારા વિયોગના વિચારથી તેનું હૃદય વિદીર્ણ થઈ ગયું. એ વાત અબ્દુલ્લાએ અમીનાને જ્યારે પ્રથમ કહી સંભળાવી, ત્યારે પ્રથમ તો અમીનાના મનમાં કાંઈક દુ:ખ થયું, પણ પછીથી તે પોતાના દુ:ખને ભૂલી જઈને પોતાના આશકને કહેવા લાગી કે: "ગભરાઓ છો શામાટે? મને પણ સાથે જ લેતા જાઓ, એટલે થયું."

"અરે પણ હું તો લડાઈ કરવાને જાઉં છું, એ તું ભૂલી ગઈ કે શું?" અબ્દુલ્લાએ સંકોચ દર્શાવ્યો.

"એ હું સારી રીતે જાણું છું. છતાં પણ તમારી સાથે આવવાની મારી ઇચ્છા છે." અમીનાએ તેની સાથે જવાનો આગ્રહ દર્શાવ્યો.

અબ્દુલ્લાનો અમીનાને પોતા સાથે લઈ જવાનો વિચાર ન હોતો, અને તે આવો હઠ પકડીને બેઠી હતી. તે મહાસંકટમાં પડી ગયો. અંતે અબ્દુલ્લાએ એવો નિશ્ચય કર્યો કે: "મારે હવે કોઈ પણ રીતે ફરેબ કરીને અહીંથી ચાલ્યા જવું જોઈએ." મનમાં એવો વિચાર કરીને તેણે અમીનાને કહ્યું કે: "વારુ; આ બાબતનો આપણે નીરાંતે વિચાર કરીશું. જતી વેળાયે હું જરૂર તને પણ સાથે લેતો જઈશ."

અમીના અબ્દુલ્લા કરતાં કાંઈ ઓછી બુદ્ધિ ધરાવનારી નારી ન હોતી. તેના મનોભાવને તે તત્કાળ જાણી ગઈ અને મનમાં જ કહેવા લાગી કે: "હું પણ જરૂર તમારી સાથે મેવાડમાં આવીશ." પણ બહારથી ભોળાઈના ભાવને બતાવતી બોલી કે: "વારુ; ત્યારે જેવી તમારી મરજી!" અબ્દુલ્લાના મનમાં કાંઈક ધૈર્ય આવ્યું અને તે ત્યાંથી ઊઠીને પોતાને ઘેર આવ્યો.

દિલ્લીમાંથી પ્રયાણ કરી જવા પૂર્વે અમીનાને છેલ્લી વાર મળવાનું સાહસ અબ્દુલ્લા કરી શક્યો નહિ. એનું કારણ એ હતું કે, અમીના તેની સાથે ચાલવાનો હઠ પકડી બેઠી હતી. તીક્ષ્ણ બુદ્ધિશાલિની અમીના પણ બાદશાહની સેનાના પ્રયાણનું દિનરાત ચિંતન કરતી હતી; કારણ કે, તેનો પોતાનો પણ જવાનો વિચાર હતો. એક દિવસ અચાનક તેણે સાંભળ્યું કે: "શાહી ફોજ રવાના થઈ ચૂકી છે." એ ખબર સાંભ-

ળતાં જ તે પણ તરત પોતાના ઘરમાંથી બહાર નીકળી અને દિલ્હી નગરમાંથી પ્રયાણ કરીને ફૌજની પાછળ પાછળ ચાલવા લાગી. ઘણા દિવસો પછી બધા અજમેર પહોંચ્યા. નગરની સીમામાં છાવણી નાખીને સેનાપતિએ અબ્દુલ્લાને પોતાની પાસે બોલાવ્યો અને તેઓ પરસ્પર કાંઇક મસલહત કરવા લાગ્યા. અંતે એવો નિશ્ચય કરવામાં આવ્યો કે: "પ્રથમ તો આપણામાંના કોઇ ચાલાક માણસે જઇને મેવાડમાંના પહાડી રસ્તાઓ જોઇ આવવા જોઇએ; કારણ કે, એવા પહાડી દેશોમાં યુદ્ધ કરવું, એ કંઇ રમતની વાત નથી. પરંતુ ત્યાં જશે કોણ? એવો ચાલાક આદમી કોણ છે?" એવો સવાલ ઊભો થયો, એટલે કેટલાક ઊહાપોહ પછી અબ્દુલ્લાએ પોતે જ ત્યાં જવાનો નિશ્ચય કર્યો અને કેટલાક ચુનંદા મુગલ સૈનિકોને લઇને તે ઉદયપુર તરફ જવાને રવાના થઇ ગયો. અમીના પણ ચોરી છુપીથી તેમની પાછળ પાછળ ચાલવા લાગી. અબ્દુલ્લાએ મેવાડમાં પહોંચ્યા પછી ઉદયપુર અને માલતીગઢની વચ્ચેના એક નિર્જન સ્થાનમાં પોતાનો પડાવ નાખ્યો. એ પછી જે કાંઇ બનાવ બન્યો, તે વાચકોને વિદિત હોવાથી અત્ર તેની પુનરુક્તિનું અનાવશ્યક છે. હવે પાછા આપણે આપણી કથાની શૃંખલાને આગળ લંબાવીશું.

પંચમ પરિચ્છેદ

સ્વપ્ન સમાન

અબ્દુલ્લાએ શોભનસિંહને કયદ કરી લીધો હતો, એ વૃત્તાંત તો વાચકો વાંચી આવ્યા છે. જે દિવસે શોભન યવનોનો બંદી થયો, તે જ દિવસે અમીના અને પોતાના દલબલને સાથે લઇને અબ્દુલ્લા દિલ્લી તરફ જવાને મેવાડભૂમિમાંથી રવાના થયો. શોભનસિંહ પણ નજરબન્દ થઇને એ લોકોની જોડે પ્રવાસ કરવા લાગ્યો. પરંતુ શોભન જે વિશિષ્ટ ઉદ્દેશથી શત્રુઓનો બંદી થયો હતો, તે તેનો ઉદ્દેશ સફળ થયો નહિ. અર્થાત્ કુન્દકુમારીનો પત્તો તેને ત્યાં મળી શક્યો નહિ. તે સર્વથા નિરાશ થઈ ગયો.

અજમેર પાસેની મુગલ સૈન્યની મોટી છાવણીમાં આવીને એક કપટયુક્તિનો અબ્દુલ્લાએ સફાઇથી પ્રયોગ કર્યો. સેનાપતિને મળીને તે કહેવા લાગ્યો કે: "જનાબેમન્! હું હવે મયદાને જંગમાં લડવાને લાયક રહ્યો નથી."

"એમ કેમ વારુ?" સેનાપતિએ આશ્ચર્યથી પૂછ્યું.

પેશાબનાં ભયંકર દર્દોની
છેલ્લામાં છેલ્લા અજાયબ શોધ!



"ગોનો-કીલર"

(રજીસ્ટર્ડ)

પ્રમેહ અને પેશાબને લગતાં તમામ બીકટ દર્દોનો ચમત્કારીક ઈલાજ.

"ગોનો કીલર"–પેશાબ અને ધાતુનાં દર્દો માટે એકજ છેલ્લી દવા છે, કે જેની બરોબરી કોઈ પણ દવા છેજ નહી. તેનાં ચમત્કારીક ગુણને લીધે દર્દીને કદી પણ નાસીપાસ થવું પડતું નથી. મોટા મોટા વૈદ્યો, હકીમો, ડાકટરોની દવાઓ અને ઈન્જેકશનો લઈ કંટાળી ગયા હો! અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ અને અમેરિકન મેડીસિનો (દવાઓ)માં પૈસા ગુમાવી નિરાશ થઈ બેઠા હો! ત્યારે છેવટનો ઈલાજ **"ગોનો કીલર"** એકજ બીનજોખમી વનસ્પતીક **રામબાણ ઈલાજ છે. ચાહે** તેટલા ભયંકર પ્રમાણમાં, ચાહે તેટલા **વરસનો** જુનો અથવા નવો પ્રમેહ, પેશાબ માર્ગે વહેતી રસી, (પરૂ) જતી ધાતુ તેમાં થતી બળતરા (અગન), પેશાબ ટીપું ટીપું તથા અટકીને આવવો, ગુપ્ત ભાગ (મૂત્રાશયમાં) થયેલો જખમ તથા આવેલો સોજો, તેથી પેશાબ કરવામાં નડતી મુશ્કેલી, અને પેશાબની ઘડી ઘડી થતી હાજત (ઇચ્છા), **મૂત્રાશયમાં પરમાના** ઉત્પન્ન થયેલ, **"ગોનો કોકસ"** નામના જંતુઓ, સ્વપ્નામાં જતી ધાતુ, સ્ત્રીઓના **પ્રદરનાં** રોગો, વગેરે પેશાબને લગતાં સ્ત્રી અને પુરૂષો બેઉનાં જુનાં તથા નવાં જડ કરી બેઠેલાં નાસીપાસી ઉપજાવે તેવાં તમામ દર્દોનો જડથી નાશ કરી ખરાબ થયેલી ધાતુને સુધારી સ્વચ્છ અને ઘટ્ટ કરે છે.

૫૦ ગોળીની એક બાટલીની કિંમત રૂ. ૩) વી. પી. ખર્ચ જુદું.

પરદેશ–હિંદુસ્થાન બહાર એક બાટલીની કિ. શી. ૭) બે બાટલીની કિંમત શી. ૧૨) ત્રણ બાટલીની કિ. શી. ૧૬). અગાઉથી નાણાં મોકલાવવાં જોઇએ.

તારનું "સરનામું–GONOKILLER" BOMBAY

એકલા બનાવનારઃ–**ડૉ. ડી. એન. જસાણી,** A ૧૩૭ ગુલાલવાડી **મુંબઈ ૪.**

મુંબઈ એજંટ–વનમાલી ભાખાની કું., પ્રીન્સેસ સ્ટ્રીટ–**મુંબઈ ૨.**

૪૮–૪૯

"મને ખ્વાબમાં આવીને ફરિસ્તાઓ કહી ગયા છે કે: 'અબ્દુલ્લા! તું જંગમાં જઇશ નહિ.' એટલામાટે જ હું લડવાને આવવાનો નથી." અબ્દુલ્લાએ ગંભીરતાથી જણાવ્યું.

સેનાપતિએ તેને ઘણોય સમજાવ્યો, પણ અબ્દુલ્લાએ તેની એક પણ વાત માની નહિ. એટલે અંતે લાચારીથી વિરક્ત થઇને સેનાધ્યક્ષે તેને કહ્યું કે: "આજ સુધી તમારા વિશે મારા મનમાં ઘણા જ સારા વિચારો હતા, પણ આજે તે બધા વિચારો બદલાઈ ગયા છે. તમારા જેવા ડરપોક માણસોથી જંગના મયદાનમાં રમી શકાય તેમ છે જ નહિ. હું તમોને છૂટા કરૂં છું; તમારી મરજી હોય, ત્યાં જવાની તમોને રજા આપવામાં આવે છે."

અબ્દુલ્લા મનમાં આનંદિત થતો ચાર છ મુગલોને સાથે લઇને દિલ્હી તરફ ચાલતો થયો. શોભનસિંહ પણ તેમની સાથે જ હતો. શોભનસિંહ નજરકયદ હતો, એ તો પ્રથમથી જ અમો કહી ચૂકયા છીએ. એટલે તે સાધારણ કયદી પ્રમાણે દુઃખી ન હોતો, કિન્તુ સર્વની જોડે હળીમળીને રહ્યા કરતો હતો. એવી રીતે હળીમળીને અને નમ્રતાથી વર્તવામાં તેનો એક સ્વાર્થ પણ સમાયલો હતો. તે બહુધા કુન્દકુમારીનો પત્તો મેળવવાની અનેક ચેષ્ટાઓ કર્યા કરતો હતો; પરંતુ દુર્ભાગ્યવશતાથી તેની તે ચેષ્ટાઓ લેશમાત્ર પણ ફળવતી થઈ શકી નહિ.

દિલ્લીનો પ્રવાસ કરતી વેળાયે મુગલ સિપાહીઓ તો અમીનાને અબ્દુલ્લાની સ્ત્રી જ ધારતા હતા. જાણે તેની સ્ત્રી ઉદયપુરથી પોતાના પિતાને ત્યાંથી જ આવેલી હોય ની! એવી જ તેમની ધારણા હતી. પરંતુ અબ્દુલ્લા પોતે દિલ્લી ગયો નહિ; કારણ કે, દિલ્લીમાં જઇને બાદશાહને મોઢું બતાવવાની તે હિમ્મત કરી શકયો નહિ. માર્ગમાં એક નાનું અને મનોહર અરણ્ય આવતું હતું અને ત્યાં પીપળા તથા અશોક આદિ વૃક્ષોની અત્યંત વિપુલતા હતી. એ અરણ્યમાંની નાની નાની નદીઓ પણ કલકલ શબ્દ કરતી અને દોડતી દોડતી યમુનાનદી સાથે પ્રેમાલાપ કર્યા કરતી હતી. અમીનાની ઇચ્છાને આધીન થઇને અબ્દુલ્લાએ એ સ્થાને જ પોતાનો પડાવ નાખ્યો અને ત્યાં જ તે એકાંત સુખને ઉપભોગતો વસવા લાગ્યો. એક દિવસ રાત્રિના સમયે સર્વ મુગલો નિદ્રાના અંકમાં પડીને અમીરી અને ફકીરીનાં સ્વપ્ન જોવામાં નિમગ્ન થઇ ગયા હતા, તે વેળાયે શોભનસિંહ તંબૂના એક ખૂણામાં પડ્યો પડ્યો નાના પ્રકારની ચિંતાઓને આલિંગન આપ્યા કરતો હતો. શોભનસિંહ નિદ્રાદેવીના પ્રસાદને મેળવી શકયો નહિ. આજે ઘણા દિવસથી તેનાં નેત્રોને નિદ્રાનો

પરિચય થતો જ ન હોતો. 'चिन्तातुराणां न सुखं न निद्रा' ચિંતાતુરને સુખ અને નિદ્રા હોતાં નથી, એ કહેવત કાંઇ ખોટી તો નથી જ.

એકાએક શોભનસિંહની ચિંતામાં બાધા પડી ગઇ. ગાયનના મધુર આલાપથી તે સ્થાનમાં મધુર ગુંજન થવા લાગ્યું. એ મધુર સ્વરને સાંભળીને શોભનસિંહ મનમાં ને મનમાં જ આશ્ચર્યના ઉદ્દગારો કાઢવા લાગ્યો અને તે ગાયનને એક ધ્યાનથી સાંભળવા લાગ્યો. શોભનનું હૃદય આન્દોલિત થવા લાગ્યું; કારણ કે, એ સ્વર ચિરપરિચિત હતો; નવીન ન હોતો. બાષ્પરુદ્ધ કંઠથી શોભન એકાએક બોલી ઉઠ્યો કે: "આ કોણ ગાય છે વારૂ ?"

ગાનાર વ્યક્તિએ એ શબ્દો કદાચિત્ સાંભળ્યા નહિ હોય; કારણ કે, એ સવાલનો કશો પણ જવાબ મળ્યો નહિ. પુનઃ તે જ સ્વર બીજી મધુર રાગિણીના રૂપમાં કર્ણગોચર થવા લાગ્યો. શોભનસિંહ ચિત્રસ્થ પ્રતિમા પ્રમાણે સ્તબ્ધ બનીને એ આલાપને સાંભળ્યા કરતો હતો. સંગીતનો ધ્વનિ ધીમે ધીમે દૂર જવા લાગ્યો અને તે એટલે સૂધી કે, અંતે તે સંભળાતો પણ બંધ થઇ ગયો. શોભનસિંહે ગાંડા માણસ પ્રમાણે પોકાર કર્યો કે: "કુન્દકુમારી ! ઓ કુન્દકુમારી ! તું ક્યાં છે ?"

પરંતુ એનું કોઇએ પણ ઉત્તર આપ્યું નહિ. શોભને બીજી વાર પણ આવાહન કર્યું, પરંતુ વાયુના સહાનુભૂતિસૂચક 'આહા' શબ્દ, રાત્રિના નિઃસ્તબ્ધતાસૂચક પ્રતિધ્વનિ અને વૃક્ષોના નિરાશાબોધક મર્મર રવ વિના બીજું કાંઈ પણ સાંભળવામાં આવી શકયું નહિ. શોભન પોતે એવી નિમગ્નતામાં ત્યાં કેટલી વાર સુધી બેસી રહ્યો હતો, એની તેને જરા પણ શુદ્ધિ રહી નહિ. એકાએક તેણે બહાર નજર કરી તો, ઉષઃકાળનો અંધુક પ્રકાશ સર્વત્ર પ્રસરેલો તેના જોવામાં આવ્યો. તે તત્કાલ ઊઠીને ઊભો થઈ ગયો.

ષષ્ઠ પરિચ્છેદ
પુનઃ શોધમાં !

પ્રકૃતિના અંધકારનો અંત આવ્યો, કિન્તુ શોભનસિંહના અંતઃકરણમાં છવાયલા અંધકારનો લોપ થયો નહિ. એ અંતરનો અંધકાર તો ક્ષણે ક્ષણે વધારે અને વધારે ભયંકર થતો દેખાયો. શોભનસિંહ રાત્રિસંગીતના મધુરધ્વનિનો બહુ જ વિચાર કરવા લાગ્યો. વિચાર કરતાં કરતાં તેણે કુન્દકુમારીના વિષયમાં એક પ્રકારનો નિશ્ચય કર્યો અને ત્યાર પછી તે નિશ્ચયને પૂર્ણ કરવાની યુક્તિને શોધી કાઢીને થોડા સમયને માટે તે નિશ્ચિન્ત થયેલો દેખાયો.

દિવસ વીત્યો અને પાછી નિશા આવી. ગતરાત્રિ જેવો જ અંધકાર પાછો સર્વત્ર છવાઈ ગયો. રાતે શોભનસિંહ પોતાના તંબૂમાંથી બહાર નીકળ્યો; કારણ કે, તે નજરબંદ હતો, કયદી ન હોતો. એટલામાટે એનાપર પહેરાનો પણ એટલો બધો સખ્ત જાપતો રખાયલો ન હોતો. તે જે વેળાયે તંબૂમાંથી નીકળીને બહાર આવ્યો, તે વેળાયે સર્વ સિપાહીઓ મૃતસમાન અવસ્થામાં પડેલા હતા. એક અફીણી સિપાહી બેઠો બેઠો ઝોકાં ખાયા કરતો હતો. શોભન એને ઓળખતો હતો. પગલાંનો અવાજ સાંભળીને સિપાહીએ પૂછ્યું કેઃ "એ કોણ ?"

"દોસ્ત." શોભનસિંહે સાંકેતિક ઉત્તર આપ્યું.

"શી ખબર છે, દોસ્ત ?" સિપાહી પ્રથમ પ્રમાણે જ ઝોકાં ખાતો બોલ્યો.

"સિંહના બાળકે પોતાના હાથે જ પોતાના પગમાં સાંકળ પહેરી લીધી હતી અને આજે પોતાની ઇચ્છાથી તેને તે તોડી નાખે છે." શોભનસિંહે માર્મિક ઉત્તર આપ્યું.

નિદ્રામાં ઘેરાયલા સિપાહીએ પોતે એ વાકયનું રહસ્ય ન સમજવાથી નિદ્રિત સ્વરમાં જ કહ્યું કેઃ "હં—એવી વાત છે કે ?" એનો કશો પણ જવાબ ન આપતાં શોભનસિંહ ત્યાંથી ગચ્છંતી કરી ગયા.

બીજે દિવસે સવારમાં તપાસ કરતાં કયદી ન્હાસી ગયેલો જણાયો. અબ્દુલ્લાએ પોતાના સિપાહીઓને બહુ જ ધમકાવ્યા, કેટલાકોને દંડ પણ કર્યો અને તેને પકડી લાવવા માટેનો સખ્ત હુકમ ફર્માવ્યો. જો કે અબ્દુલ્લાને શોભનસિંહની કશી પણ આવશ્યકતા તો ન હોતી જ; છતાં પણ એક કાફિર તરુણ મુગલોની આંખમાં ધૂળ નાખીને ચાલ્યો ગયો, એ વાતથી તે ઘણો જ છેડાઈ ગયો હતો.

શોભનસિંહનો મુગલોને પાછો કયાંય પત્તો મળી શકયો નહિ. મુગલોની છાવણીમાંથી નીકળીને શોભન કેટલાક અંતરે આવેલા એક ઘાટા જંગલમાં ચાલ્યો ગયો. એ દિવસ કૃષ્ણપક્ષની તૃતીયા કે ચતુર્થીનો હતો, એટલે ચંદ્રપ્રકાશની સહાયતાથી તે રાતમાં ને રાતમાં જ ઘણો જ દૂર નીકળી આવ્યો હતો. આવા અરણ્યમાં અને ભયાનક રાત્રિના સમયમાં કોઈ હિંસ્ર પશુ આવીને ખાઈ જશે અથવા હલ્લો કરશે, એની તેના હૃદયમાં જરા પણ ભીતિ હતી નહિ. તેની તો એવી જ ધારણા હતી કેઃ "આવા ભયાનક નિર્જનવનમાં કુન્દકુમારી અવશ્ય એકલી એકાટ ભ્રમણ કરતી ફરતી હોવી જોઇએ."

એ પછી "જ્યાં મને મળશે અથવા મળવાનો સંભવ હશે, ત્યાં હું કુન્દકુમારીને શોધીશ." એવો વિશ્વાસપૂર્વક નિશ્ચય કરીને શોભનસિંહ એક વૃક્ષ તળે વિશ્રાંતિ લેવામાટે બેઠો. બેઠા પછી તે પાછો મનમાં વિચાર કરવા લાગ્યો કે: "હું પ્રાણ જતાં સુધી પણ કુન્દકુમારીને શોધતો રહીશ. મુગલોનો હું વળી પણ કયદી થાઉં, તો તેની પણ મને ચિન્તા નથી; કારણ કે, કુન્દકુમારીના કલ્યાણ-માટે તો હું મારા જીવનનો ઉત્સર્ગ કરી જ ચૂકયો છું, એટલે હવે ચિંતા શી છે?"

પ્રાતઃકાળ થતાં તો ત્યાંથી તે પાછો ચાલવા લાગ્યો. પણ તે ક્યાં જતો હતો વારૂ? તેના–તે બાળાના જ પુનઃ શોધમાં!

તૃતીય ખણ્ડ

પ્રથમ પરિચ્છેદ

મહાતપસિંહ

એક દિવસે સંધ્યાસમયે એક રાજપૂત અશ્વારોહી માલતીગઢના સિંહદ્વારમાં થઇને કિલ્લાના અંતર્ભાગમાં દાખલ થયો. અશ્વ પસીનાથી તરબોળ થઈ ગયો હતો અને તે રાજપૂત પણ થાકી ગયેલો. ધૂળથી ખરડાઈ ગયેલો જોવામાં આવતો હતો. સરદારના મકાન પાસે આવી લાગતાં જ તે તરુણ નર ઘોડાપરથી નીચે ઊતરી પડ્યો અને મહાતપસિંહને મળવા માટેની પોતાની ઇચ્છાને પ્રકટ કરવા લાગ્યો. એ સમયે મહાપતસિંહ પુષ્પવાટિકામાં વિરાજીને વિશ્રામનો ઉપભોગ લઈ રહ્યો હતો. તે પ્રવાસી યુવકનો સંદેશ સિપાહીએ આવીને સરદારને કહી સંભળાવ્યો. મહાપતસિંહની આજ્ઞાથી તે યુવકને પુષ્પવાટિકામાં સરદાર આગળ લાવીને બેસાડવામાં આવ્યો. સાલુમ્બ્રાગઢથી એ યુવક દૂત તરીકે માલતીગઢમાં આવ્યો હતો.

શિષ્ટાચાર અનુસાર કુશલ પ્રશ્નની સમાપ્તિ થતાં મહાતપસિંહે જિજ્ઞાસા દર્શાવી કે: "અત્યારે તો આપ વિશ્રામ કરો, હું પછી અવકાશે આપની જોડે વાતચીત કરીશ. અત્યારે તો મારે માત્ર એટલું જ જાણવાનું છે કે, ઘણા દિવસો પછી સાલુમ્બ્રા સરદારે મને જે યાદ કીધો છે, તેનું કારણ શું છે?"

"રાજન્! દીવાનજીની આજકાલ જે દશા ચાલે છે, તેની તો બહુધા આપને ખબર હોવી જ જોઇએ." રાજપૂત યુવકે કહ્યું.

"સારી રીતે જાણું છું. મહારાણાજી પોતાની ક્ષત્રિયોચિત વીરતા અને ગુણગ્રાહકતાને ભૂલી ગયા છે અને વેશ્યા, ચાટુકાર, મદિરા તથા આલસ્યના જાળમાં સપડાઇને પવિત્રતાત્મા પ્રતાપસિંહના નામને કલંકિત કરી રહ્યા છે. એ પરિસ્થિતિ સારી રીતે મારા જાણવામાં આવી ગયેલી છે." મહાતપસિંહે ગંભીરતા અને શોકના મિશ્રિત ભાવથી કહ્યું.

એ ઉત્તર સાંભળીને તે તરુણ ક્ષત્રિયકુમારે પોતાનું મોઢું નીચું કરી લીધું. એટલે મહાતપસિંહ પુનઃ બોલ્યો કે: "આપ મને રાજનિન્દક કિંવા રાજદ્રોહી ધારી ન લેશો. હૃદયમાં ખેદ અને આવેશનો અતિરેક થવાથી જ મારા મુખમાંથી આ ઉદ્‌ગારો નીકળી પડે છે. મારો ઉપાય નથી."

"એક બાજૂએ મહારાણાજીની આવી દશા છે અને બીજી બાજૂએ રાજપૂત જાતિની કીર્ત્તિ ઘોર વ્યાધિવડે ઘેરાયલી છે. મુગલો એક

મોટી સેના લઇને મેવાડપર ચઢાઈ કરવાના છે, એ વાત તો આપના સાંભળવામાં પણ આવેલી હોવી જ જોઇએ." તે તરુણ વીરે ગંભીર-મુદ્રાથી કહ્યું.

"હા; એ સમાચાર પણ હું સાંભળી ચૂક્યો છું." મહાતપસિંહે વક્ર-મુદ્રા કરીને ઉત્તર આપ્યું.

"પરંતુ રાણાજીને એની જરા પણ ચિન્તા હોય એમ દેખાતું જ નથી. તેઓ તો એમાટે અંધ અને બધિર જેવા જ બની ગયા છે. એટલામાટે જ યુવરાજ કિરણસિંહ અને સાલુમ્બ્રા સરદારે આપને પોતા પાસે બોલાવેલા છે. એ લોકોની એવી ઇચ્છા છે કે, આવતી પૂર્ણિમાને દિને રાજા અને સરદારોએ મળીને હવે પછી આપત્તિ-નિવારણના શા ઉપાયો યોજવા જોઇએ, એનો નિર્ણય ઉદયપુરમાં કરી નાખવો." રાજપૂત યુવકે લાગણી દેખાડીને કહ્યું.

"એ બહુ જ પ્રશંસનીય ઇચ્છા છે. શ્રીએકલિંગજીની કૃપાથી એમની એ શુભ ઇચ્છા સફળ થાઓ! હું નિયત કરેલા દિવસે ત્યાં જરૂર આવીને હાજર થઇશ." મહાતપસિંહે અનુમોદન આપ્યું.

"વારુ; તો હવે આપ મને જવાની આજ્ઞા આપશો?" તે યુવકે ઊઠીને પ્રયાણની આજ્ઞા માગી.

મહાતપસિંહે તેને રોકી રાખ્યો અને કહ્યું કે: "હેં! આ શું? અત્યારે આપ જશો ક્યાં?"

નમ્રતા અને વિનયસહિત તે યુવક કહેવા લાગ્યો કે: "હું આપની આજ્ઞાનું પાલન કરીને આપના આદરસત્કારનો સ્વીકાર નથી કરી શકતો, એમાટે મારા હૃદયમાં અત્યંત શોક થાય એ સ્વાભાવિક છે. પરંતુ જો આપ શાંતિથી વિચાર કરશો તો મારું આ વર્તન આપને અવિનયરૂપ નહિ જ દેખાય; કારણ કે, મેવાડમાંના જેટલા સરદારો છે, તે સર્વ સરદારોને આ સમાચાર પહોંચાડવાનો ભાર કેવળ મારા માથાપર જ નાખવામાં આવ્યો છે અને સમય બહુ જ થોડો રહ્યો છે; એટલે કે, આવતી પૂર્ણિમાથી પૂર્વે જ મારે એ કાર્યની સમાપ્તિ કરી નાખવાની છે. એટલામાટે એક પળ પણ વિશ્રાંતિમાં મારાથી વીતાડી શકાય તેમ નથી જ. રાજન્! અત્યારે હું નથી રહેતો, એનો આપ લેશ માત્ર પણ શોક કરશો નહિ; કારણ કે, હું વળી બીજા કોઈ અવસરે આપને ત્યાં આવીશ અને અતિથિ થઇને આપના સત્કારનો સ્નેહસહિત સ્વીકાર કરીશ. અત્યારે તો ગમે તેમ કરીને પણ મને જવાની આજ્ઞા આપશો જ, એવી આપનાં ચરણોમાં મારી આગ્રહ-પૂર્ણ પ્રાર્થના છે."

મહાતપસિંહે અતિશય આગ્રહ કર્યો, પરંતુ યુવાને ત્યાં વધારે વાર ખોટી થવાની સાફ ના પાડી. તેના ચાલ્યા જવા પછી મહાતપસિંહ તેની સ્વદેશહિતૈષિતાની મનમાં ને મનમાં જ પ્રશંસા કરતો ઘરમાં આવીને હજી તો બેઠો હતો, એટલામાં પોતાની શિષ્યાસહિત યોગિની પ્રતિભા ત્યાં આવી લાગી અને આવતાંની સાથે જ પૂછવા લાગી કે: "મહારાજ! કુમાર શોભનસિંહના કાંઈ સમાચાર મળ્યા કે?"

"ના; હજી તો કશા પણ સમાચાર મળ્યા નથી." મહાતપસિંહે નિરાશાસૂચક સ્વરથી કહ્યું.

"ત્યારે આપે બીજો કોઇ પ્રબંધ કર્યો કે?" પ્રતિભાએ પૂછ્યું.

"બીજો શો પ્રબંધ કરૂં?" મહાતપસિંહે કહ્યું.

"કુમારના અનુસંધાન માટેનો." પ્રતિભા બોલી.

"પુત્રનું અનુસંધાન કરવા માટેનો અત્યારે મને અવકાશ નથી. અત્યારે અમારાં નેત્રો સમક્ષ રક્તપાતક સંગ્રામનું ઘોર સંકટ આવીને ઉપસ્થિત થયેલું છે અને એ સંકટને ટાળવા માટેના અમારે ઉચિત પ્રયત્નો કરવાના છે. માતૃભક્તિ કરતાં પુત્રપ્રેમ વિશેષ બળવાન્ નથી." વૃદ્ધ મહાતપસિંહે સ્વદેશાભિમાનનું દર્શન કરાવ્યું.

પ્રતિભા મનમાં ને મનમાં વિચારવા લાગી કે: "ઓ! રાજપૂતોનાં હૃદયો આવાં કઠિન હોય છે, એ તો મેં આજે જ જાણ્યું!" પછી તે મહારાજને સંબોધીને કહેવા લાગી કે: "મહારાજ! શોભનસિંહ ક્યાં ગયેલા છે, એ આપ જાણો છો ખરા કે?"

"અજિતે એમ સાંભળ્યું છે કે, તે દિલ્લી તરફ ગયેલો છે." મહાતપસિંહે ઉત્તર આપ્યું.

"દિલ્લી જવાનું શું કારણ હોવું જોઇએ, એની આપને કાંઈ ખબર છે ખરી કે?" પ્રતિભાએ પાછો બીજો સવાલ કર્યો.

"મુગલોની રાજધાની જોવાનું જ. બીજું કારણ તે શું હોઈ શકે વારૂ?" મહાતપસિંહે ભોળા ભાવથી કહ્યું.

કેટલીક વાર સુધી મૌનવ્રત ધારણ કરીને મનમાં કાંઇક વિચાર કર્યા પછી પ્રતિભા ધીમેથી કહેવા લાગી કે: "સાંભળો, મહારાજ! મારા ગુરુજીની એક પાળેલી કન્યા હતી."

"કુન્દકુમારી જ કે નહિ?" મહાતપસિંહે કહ્યું.

"હા; તે જ. પણ આજે કેટલાક દિવસથી તે અદૃશ્ય થઇ ગઈ છે અને તેનો પત્તો નથી." પ્રતિભાએ જણાવ્યું.

"એ વાત પણ મારા સાંભળવામાં આવી છે." મહારાજે કહ્યું.

"એક દિવસ શોભનસિંહે મારી પાસે આવીને કુન્દકુમારીના સમાચાર પૂછ્યા હતા, એટલે જે કાંઈ બનાવ બન્યો હતો તે મેં તેમને જણાવી દીધો હતો. મારી વાત સાંભળીને તેઓ એમ બોલ્યા હતા કે: "પરોપકારમાટે હું તેને શોધવાને જાઉં છું. જ્યાં સુધી તેનો પત્તો નહિ મળે, ત્યાં સુધી હું પાછો ફરવાનો નથી." એમ કહીને તેઓ ચાલ્યા ગયા હતા." પ્રતિભાએ શોભનસિંહના જવાનું ખરૂં કારણ કહી સંભળાવ્યું.

"હા; એમ પણ સંભવે છે ખરૂં." મહાતપસિંહે ભ્રૂકુટિ ચઢાવીને મૂછોપર હાથ ફેરવી વિચાર કરીને જવાબ આપ્યો.

"પણ, આટલા દિવસ વીતી જવા કેડે હવે મારા મનમાં એક બીજો જ સંશય આવવા માંડયો છે." પ્રતિભાએ ગંભીરતાથી કહ્યું.

"એ સંશય શો છે?" મહાતપસિંહે આતુરતાથી પૂછ્યું.

"મારા ગુરુની કન્યાને આમ શોધવામાં શોભનસિંહની કેવળ પરોપકાર બુદ્ધિ નથી; કિન્તુ કુન્દકુમારીને તેઓ ચાહતા હોવા જોઇએ; એ જ સંશય મારો છે." પ્રતિભાએ સંશયને વ્યક્ત કરી બતાવ્યો.

મહાતપસિંહે એનું કાંઈ પણ ઉત્તર આપ્યું નહિ. એટલે પ્રતિભા પાછી બોલવા લાગી કે: "ગુરુજીને પણ મેં મારો આ સંશય જણાવી દીધો છે અને તેમનો પણ લગભગ એવો જ અભિપ્રાય છે. પણ મારે તો હવે એ જ વિચાર કરવાનો છે કે, કુન્દકુમારી જ્યારે મારા મઠમાંથી જ અદૃશ્ય થઈ ગઈ છે, ત્યારે એને શોધી કાઢવાનો ભાર પણ મારા શિરે જ આવી પડ્યો છે. એટલામાટે સત્વર જ ગુરુજીની આજ્ઞા લઇને મારે એને શોધવામાટે નીકળી પડવું છે. આપ કહો છો કે, શોભનસિંહ દિલ્લીતરફ ગયેલા છે, તો એથી એ જ અનુમાન કરી શકાય છે કે, તેમને એ બાળાના દિલ્લીમાં હોવાના સમાચાર મળેલા હોવા જોઇએ. હું પ્રથમ દિલ્લી જ જઇશ. શોભનસિંહ ક્યાં ગયા છે, એટલું જાણવામાટે જ હું અત્યારે આપની પાસે આવી હતી. એટલે હવે હું આજ્ઞા લઉં છું."

"જો ભાગ્યયોગે શોભનસિંહ આપને મળી જાય, તો તેને મારો એટલો સંદેશ કહેજો કે, મેવાડમાં જીવનોત્સર્ગ કરવાનો સમય આવી લાગ્યો છે, એટલામાટે જો તું શુદ્ધ રાજપૂત હોય અને મારો પુત્ર હોય તો એ ઉત્સવમાં આવીને તનુમનધનથી ભાગ લેવાની તૈયારી કરીને મેવાડમાં આવી પહોંચજે."

"જેવી આજ્ઞા. હું અવશ્ય એ સંદેશ તેમને પહોંચાડીશ." એમ કહીને યોગિની પ્રતિભા ત્યાંથી વિદાય થઈ ગઈ.

દ્વિતીય પરિચ્છેદ
આકર્ષણ

જ્યાં સુધી મહાતપસિદ્ધ યોગિની સાથે વાતચીત કરવામાં રોકાયલો હતો, ત્યાં સુધી તે યુવક રાજપૂત દૂત તે બાગમાંથી બહાર ગયો ન હોતો. જતાં જતાં તે યુવાને એક સ્થાને એક બાળાને બેઠેલી જોઇ. એ બાળાને જોતાં જ તેની પોતાની ગતિ મંદ થઇ ગઇ અને પછી તો તે એકદમ જ ચાલતો અટકી પડ્યો. બાળા એક પાષાણના ઓટલાપર પગ નીચે લટકતા રાખીને ફૂલોનો ગજરો બનાવવાના કામમાં નિમગ્ન થઇ ગયેલી બેઠી હતી. એકાએક નજર પડવા છતાં પણ એ બાળાને નિર્જીવ પ્રતિમા ધારીને તે યુવક જરા પણ ઠગાયો નહિ; કારણ કે, ગજરો બનાવતાં તેના બન્ને હાથો એક સરખા ચાલતા પ્રત્યક્ષ જોવામાં આવી શકતા હતા. જો તે હીલતી ન હોત અને પાષાણમૂર્તિ પ્રમાણે સ્થિરતા ધારીને બેસી રહી હોત, તો પણ તેને કોઇ પણ મનુષ્ય નિર્જીવ મૂર્તિ ધારે, એ સર્વથા અશક્ય હતું; કારણ કે, આ સંસારમાં એવો અદ્વિતીય ચતુર શિલ્પકાર કોઇ પણ નથી કે, જે જડવસ્તુમાંથી એવી અતુલ સૌન્દર્યવતી મૂર્તિને નિર્માણ કરી શકે. શ્વેત રંગની સાથે રક્ત રંગનું મિશ્રણ કરીને જુઓ, તો એ બાળાના સૌન્દર્યની આપ કેટલેક અંશે કલ્પના કરી શકશો. તે યુવકને એ સ્થાનમાં પરી અથવા અપ્સરાને જોવાની આશા તો ન હોતી જ, એટલે તે એ બાળાને અપ્સરા પણ માની શક્યો નહિ. તેમ જ એને સ્વર્ગની દેવી પણ તે ન ધારી શક્યો; કારણ કે, સ્વર્ગની દેવીના દર્શનનો લાભ મળે, એટલો બધો તે યુવક પોતાને ભાગ્યશાળી સમજતો ન હોતો અથવા તેને પોતાના કરેલા એવા એક પણ મહાપુણ્યની સ્મૃતિ હતી નહિ કે, જેના ફળ તરીકે તેને દેવાંગનાનું દર્શન થઇ શકે. એ સર્વ કારણોની એકત્રતાથી તે યુવકે એ બાળાને ધારી તો માનવી અબળા જ. તેણે અનુમાન કર્યું કે: “એ બાળાનું વય લગભગ બાર વર્ષનું જ હોવું જોઇએ.” બાળાના મુખકમળમાંથી અપૂર્વ સૌન્દર્યનો પ્રવાહ વહ્યા કરતો હતો અને તેમાં મધુરતા તથા સરળતાનો સંપૂર્ણતાથી સમાવેશ થયેલો હતો. બાળાનું મુખમંડળ એટલું બધું સ્વચ્છ અને નિર્મળ હતું કે, દર્પણ પ્રમાણે તેમાં પણ છાયા પડી શકતી હતી. એના ગુલાબી હોઠોને જોતાં એવો જ ભાસ થતો હતો કે, જાણે જન્મથી એ હોઠોએ હાસ્યનો ત્યાગ કર્યો જ નથી અને હવે કરવાના પણ નથી. એનાં વિશાળ નેત્રો એટલાં બધાં ઉજ્જવળ અને સ્નિગ્ધ હતાં કે, કોઇથી તેમનું વર્ણન કરી શકાય તેમ હતું જ નહિ. ભમરના

રંગ સમાન એનાં કાળાં ભ્રૂ કર્ણપર્યન્ત વિસ્તરેલાં હતાં અને મનુષ્યની દૃષ્ટિને તે તત્કાળ પોતા તરફ આકર્ષતાં હતાં. કેવળ એના મુખના સૌન્દર્યને જોઇને જ તે યુવક મોહમુગ્ધ બની ગયો હતો, એમ ન હોતું; કિન્તુ એ બાળાની સુગોલગ્રીવા, બાહુ, પતલી કમર અને કોમળ ચરણ ઇત્યાદિ અવયવો પણ મનુષ્યના મનને મોહવશ કરવાને પૂર્ણ શક્તિમાન્ હતા. બાળાના એ અપૂર્વ રૂપરાશિના પાછલા ભાગમાં વિસ્તરેલા કૃષ્ણ કુંતલ—કાળા વાળ—એટલા બધા કાળા હતા કે, સંસારમાં એના જેવી કાળી કોઈ પણ વસ્તુ ભાગ્યે જ મળી શકે ! મુક્ત કેશકલાપ એટલો બધો મનોહર અને રમણીય દેખાતો હતો કે, અંબોડામાં એટલી બધી રમણીયતા આવી શકી હોત કે નહિ, એની શંકા જ હતી. બાળાએ એ સમયે લીલા રંગની સાડી પહેરેલી હતી અને લીલા રંગની સાથે કાળા વાળ એટલા બધા શોભાયમાન દેખાતા હતા કે, બીજા રંગ સાથે એટલી બધી શોભાનું દર્શન કદાપિ થઈ શકત નહિ. પુષ્પવાટિકામાં ગોદમાં પુષ્પ લઇને બેઠેલી એ બાળા એવી તો માધુર્યમયી દેખાતી હતી કે, સુન્દર ગૃહના મધ્યભાગમાં રત્નાલંકારોથી સજ્જિત થયેલી કામિની પણ એટલી અને એવી મધુરી ન દેખાય. પરંતુ સૌન્દર્યની એ સાક્ષાત્ પ્રતિમાનું નામ શું હશે વારુ ? યુવક એ અબળાનું નામાભિધાન જાણવાને બહુ ઉત્કંઠિત થવા લાગ્યો; પણ શું કરે ? લાચાર—નામ જાણવાનું તેની પાસે એક પણ સાધન હતું નહિ.

ઘણા વખત પછી બાળાએ ઊંચી નજર કરીને જોયું. એ ક્ષણે ગર્દન ઝુકાવીને બહુ વારથી ગજરો ગુંથતાં ગર્દન દુઃખી આવી હોય અને થાક ઊતારવાને જ તેણે માથું ઉચક્યું હોય ની ! એવો જ ભાસ થવા લાગ્યો. ઊંચી નજર કરતાં જ સામા ઊભેલા યુવકને એણે જોયો અને ચાર આંખોનો મેળાપ થઈ ગયો. દૃષ્ટાદૃષ્ટ થતાં જ યુવકે લજ્જિત થઇને માથું નીચું નમાવી દીધું અને મનમાં કહેવા લાગ્યો કેઃ "અરે હું આ શું કરી રહ્યો છું ! એક અજ્ઞાત બાળાને વિમુગ્ધ પુરુષ પ્રમાણે એક દૃષ્ટિથી હું આટલી વારથી જોતો ઊભો રહ્યો છું, એ શું કહેવાય ? ધિક્કાર હો મને અને મારા આવા અપવિત્ર આચરણને ! !" મનમાં એવા એવા અનેક વિચાર કરતો નીચી નજર કરીને ધીમે પગલે તે ત્યાંથી ચાલતો થઈ ગયો અને બાળાની દૃષ્ટિથી અદૃશ્ય થતાં સુધી તેણે એક વાર પણ પુનઃ પાછળ દૃષ્ટિપાત ન કર્યો તે ન જ કર્યો.

થોડી વાર તો તે યુવકના મનમાં વિવેકનો અચલ અધિકાર રહ્યો, પરંતુ પુનઃ તે બાળાના અપ્રતિમ અને અનુપમેય સૌન્દર્યનું ચિત્ર હૃદયનેત્રો સમક્ષ આવતાં તેના તે વિવેકનો લોપ થઈ ગયો

અને તેના સ્થાનમાં સ્વાભાવિક ઓસ્નેહનો સંચાર થતાં તેના મુખ-માંથી નૈસર્ગિક રીતે જ કવિ કુળગુરુ કાળિદાસકૃત 'શૃંગારતિલક' નામક કાવ્યનો પ્રથમ શ્લોક તાલસ્વરસહિત બહિર્ગત લાગ્યો:–

'बाहू द्वौ च मृणालमास्यकमलं लावण्यलीला जलं
श्रोणी तीर्थशिला च नेत्रशफरं धम्मीलशैवालकम् ।
कान्तायाः स्तनचक्रवाकयुगलं कन्दर्पबाणानलै-
र्दग्धानामवगाहनाय विधिना रम्यं सरो निर्मितम्' ॥*

"અહા–કેવો અનુભવપૂર્ણ ભાવાર્થ! ખરેખર ઉપમા તો કાળિ-દાસ! તારા પિતાની જ છે! જો મને એ કાન્તાના કાયારૂપ સરો-વરમાં સ્નાન કરવાનો પ્રસંગ મળે, તો કન્દર્પના બાણાનળથી દગ્ધ થયેલા મારા હૃદયને શાંતિ મળે ખરી કે નહિ? અવશ્ય–મળે, મળે ને મળે જ. ખરૂં જ કહ્યું છે કે;–

'उपमा कालिदासस्य भारवेरर्थगौरवम् ।
दंडिनः पदलालित्यं माघे संति त्रयो गुणाः' ॥ †

–શૃંગારરસમય કાવ્યોનું વાચન પણ કામાનળની શાન્તિનો એક સારામાં સારો અને રામબાણ ઉપચાર છે; એમાં તો લેશમાત્ર પણ સંશય નથી જ." આવી રીતે કેટલાક અસંબદ્ધ વિચાર કરતો ઉન્માદ-વશ થઇને તે યુવક માર્ગમાં વિચરવા લાગ્યો.

એ યુવકના ગયા પછી બાળા મનમાં વિચાર કરવા લાગી કે: "એ અપરિચિત તરુણ કોણ છે વારૂ? એની અવસ્થા વીશ વર્ષથી વધારે તો જણાતી નથી જ. એની કાંતિ કનકસમાન છે, કદમાં પણ કેવો મધ્યમ છે અને શરીરે પણ દૃઢ તથા બળવાન્ જણાય છે. એ શૂરવીરસમાન દેખાતો યુવાન કોણ હશે અને ક્યાંથી આવ્યો હશે વારૂ?"

---

* ભાવાર્થ–કામદેવના બાણની જ્વાળાથી બળતા પુરુષોને સ્નાન કરીને શાંત થવામાટે બ્રહ્મા–વિધાતા–એ સ્ત્રીની બે ભુજાઓ છે મૃણાલ–કમળદંડ જેમાં, સ્ત્રીનું મુખ છે કમળ જેમાં, લાવણ્યનો વિલાસ છે જળ જેમાં, કટિ છે ઉતર-વાની સીઢી જેમાં, નેત્રરૂપ છે બે મત્સ્યો જેમાં, બાંધેલા કેશરૂપ છે શૈવાલ જેમાં અને બે સ્તન છે ચક્રવાકપક્ષીનું જોડું જેમાં એવું (સ્ત્રીના શરીરરૂપ) રમણીય અને સુંદર સરોવર નિર્માણ કરેલું છે.

† ઉપમાનો ગુણ કાલિદાસનો જ છે, અર્થગૌરવ ભારવિના લેખમાં વિશેષ છે, પદલાલિત્ય દંડીન્ કવિની કૃતિમાં અધિક દૃષ્ટિગોચર થાય છે અને માઘ કવિની રચનામાં સાધારણતઃ ત્રિવા સમાન ભાવે એ ત્રણે ગુણોનો સમાવેશ થયેલો જોવામાં આવે છે.

એવા વિચારો કરતી એ બાળા પોતાના અડધાપડધા ગુંથેલા ગજરાને લઇને ઊઠી ઊભી થઈ. ત્યાંથી ચાલીને તે મહાતપસિંહના અંતઃપુરમાં આવી અને તરત એક સુસજ્જિત ઓરડામાં પેસી ગઈ. ઓરડામાં એક પલંગ બિછાવેલો હતો. બાળા પ્રથમ તો એ પલંગપર બેસી ગઈ અને થોડી વાર બેઠા પછી તેપર લેટી ગઇ. પાછી તે ઊઠીને બેઠી થઈ અને કાંઇક વિચાર કરીને વરુણસિંહના અંતઃપુર તરફ ચાલવા લાગી. એ તો અમો વાર્તાના આરંભમાં જ જણાવી ચૂક્યા છીએ કે, અંતઃપુરવાસિની અબળાઓના આવજાવની સગવડમાટે વચ્ચેથી એક ગુપ્તમાર્ગ કાઢેલો હતો. એ માર્ગમાં થઇને જ એ બાળા ત્યાં આવી હતી. વરુણસિંહના રણવાસમાં પ્રવેશ કરતાં જ પ્રથમ જે દાસી મળી તેને એણે પૂછ્યું કેઃ "પ્રમીલા ક્યાં છે વારૂ?"

"પેલા ઓરડામાં બેઠાં." દાસીએ એક સુસજ્જિત ઓરડા તરફ અંગુલીનિર્દેશ કરીને કહ્યું.

બાળા તરત તે ઓરડા ભણી ચાલી ગઈ, પણ તે ઓરડામાં પણ જ્યારે કોઈ તેના જોવામાં ન આવ્યું ત્યારે તે નિરાશ થઇને ત્યાંથી પણ પાછી ફરી. એટલામાં એક સમવયસ્કા બાળા પોતાની પાસે જ આવતી તેની નજરે પડી. તેને આવતી જોઇને એ બાળા હતી ત્યાં જ ઊભી રહી ગઈ. બીજી બાળાએ નિકટ આવીને પોતાના નાનકડા ઘુંઘટમાંથી એક અપૂર્વ સુન્દર મૂર્ત્તિને બહાર કાઢી. બાગમાં બાળાએ જે ગજરો હાલમાં જ ગુંથ્યો હતો અને જેને તે પોતાની સાથે જ લેતી આવી હતી, તે ગજરાને તેણે તે બીજી બાળાના ગળામાં પહેરાવી દીધો.

તેની આવી ચેષ્ટાને જોઇને તે બીજી બાળા બોલી કેઃ "ત્યારે તો આજે લાવણ્યમયીએ પ્રમીલાના ગળામાં વરમાળા આરોપીને તેની સાથે વિવાહ કર્યો, એમ જ કે નહિ?" એમ બોલીને તે હસી પડી.

યદ્યપિ અમો એ બીજી નારીને પણ બાળાના નામથી જ બોલાવીએ છીએ, તથાપિ એને બાળા કહેવાનો અમોને બહુ જ થોડો અધિકાર છે. એની શારીરિક પૂર્ણતાને જોતાં સ્પષ્ટ જણાઈ આવતું હતું કે, એ બાળા કેટલેક અંશે યુવતિ નામના અધિકારને પ્રાપ્ત થઈ ચૂકી હતી. અમે જો કે બીજી બાળાને પ્રથમ બાળાની સમવયસ્કા કહી ચૂક્યા છીએ, પરંતુ વાસ્તવિકતાથી જોતાં તે પ્રથમા બાળાથી વયમાં બે વર્ષ મોટી હતી. એ તો વાચકો જાણી જ ગયા હશે કે, પહેલીનું નામ લાવણ્યમયી અને બીજીનું નામ પ્રમીલા હતું. લાવણ્યમયીએ પ્રમીલાના પ્રશ્નનું કાંઇ પણ ઉત્તર ન આપીને પોતાના ગુલાબી હોઠોને દાંતોમાં દબાવી તેના ગુલાબી ગાલપર નખવતી એક ચૂંટી ભરી લીધી.

"વારૂ; એ તો કહે કે, અત્યારે એકાએક આવીને તેં મારા આ અંધકારમય ગૃહમાં પ્રકાશનો પ્રસાર કરી દીધો, એનું કારણ શું છે ?" પ્રમીલાએ સંભાષણનો આરંભ કરીને કહ્યું.

"તું ઘણીક વાર અચાનક આવીને મારા અંધકારવ્યાપ્ત ગૃહમાં પ્રકાશનો વિસ્તાર કરે છે, એનો બદલો વાળવામાટે જ." લાવણ્યમયીએ પણ વિનોદનું ઉત્તર વિનોદથી જ આપ્યું.

"હું તારે ઘેર ક્યારે આવી હતી જો !" પ્રમીલાએ છણકો કર્યો.

"ત્યારે મેં ક્યારે તારા ઘરમાં અજવાળું કર્યું છે જો !" લાવણ્યમયી પણ તેવા જ ભાવથી છણકો કરીને બોલી.

"બીજાના ઘરપર ચઢાઇ કરીને તું લડવા તો નથી આવીને ?" પ્રમીલા જરાક ગંભીરતાના અભિનયથી બોલી.

"પોતાના ઘરમાં આવેલી જોઇને મને તું વિના કારણ ગાળો ભાંડવાને તો તૈયાર નથી થઇ ગઇ ને ?" લાવણ્યમયીએ કહ્યું.

"પણ તને તો ગાળો બહુ જ ગમે છે ને !" પ્રમીલા બોલી.

"હા; પણ માત્ર તારા મુખની જ." લાવણ્યમયીએ કહ્યું.

લાવણ્યમયીનું એ વચન સત્ય હતું; કારણ કે, પ્રમીલાના મધુર કંઠમાંથી નીકળતી ગાળો, તે ભાગ્યે જ ગાળો કહી શકાય, એમ હતું. તેની ગાળ કોઈ જાદૂઇ અસરથી પ્રેમના કોમળ અને સ્નિગ્ધ સંભાષણના રૂપમાં ફેરવાઈ જતી હતી. પ્રમીલા એના ઉત્તરમાં કાંઇક બોલવા જતી હતી, એટલામાં બહારથી કોઇનાં પગલાંનો અવાજ સાંભળવામાં આવ્યો. એ અવાજ સાંભળતાં જ પ્રમીલા લાવણ્યમયીના હાથમાંથી પોતાના હાથને છોડવીને વીજળીના વેગે અદૃશ્ય થઈ ગઇ. જે વેળાયે પ્રમીલા પાછલે દરવાજે થઇને બહાર નીકળવા જતી હતી, તે વેળાયે તેની ચાલવાની ગતિ જો કે અત્યંત તીવ્ર હતી, તથાપિ અજિતસિંહે સામેના દ્વારમાંથી અંતઃપ્રવેશ કરીને તત્કાળ તેને જતી જોઈ લીધી.

એ ઓરડામાંથી નીકળીને પ્રમીલા જે ઓરડામાં ઊભી રહી, તે ઓરડો એના કરતાં કાંઇક ન્હાનો હતો. લાવણ્યમયી પણ ધીમે ધીમે ચાલતી તેની પાસે આવી પહોંચી. થોડી વાર સુધી તો બન્ને સખીઓ ખૂબ ઠઠ્ઠા મશ્કરી કરતી. હતી, પણ પછીથી લાવણ્યમયીને કાંઇક યાદ આવવાથી તે ત્યાંથી ચાલતી થઇ અને જ્યાંથી આવી હતી, તે માર્ગે પાછી ચાલી ગઈ.

લાવણ્યમયીના ચાલ્યા જવા પછી પ્રમીલા પાછી પોતાના પ્રથમના ઓરડામાં આવી. એ વેળાયે અજિતસિંહ પલંગપર પડ્યો પડ્યો પુસ્તક વાંચતો હતો. પ્રમીલાએ ઘરમાં આવીને પાછળનો દરવાજો વાસી

દીધો અને પછી સામેના બારણામાં ઝાંખીને જોયું. કોઇ હતું નહિ. એટલે તે આવીને પલંગના એક ખૂણે અજિતસિંહના પગ પાસે શર્માતી અને સંકોચાતી ધીમેથી બેસી ગઇ. અજિતસિંહે તેની તરફ હસીને જોયું અને પુનઃ પુસ્તક વાંચવા માંડ્યું. પણ જીવ બધો પ્રમીલામાં ભરાયલો હોવાથી બે ચાર લીટી વાંચી ન વાંચી અને તે પણ સમજ્યા વિનાની જ. વળી તેણે વાંચવાનો પ્રયત્ન કર્યો પણ તાત્પર્ય કાંઇ પણ સમજવામાં ન આવ્યું. વાંચનમાં ચિત્ત ન લાગવાથી અંતે કંટાળીને તે પુસ્તકને મૂકી દઇને પ્રમીલાને તાકાતાકીને જોવા લાગ્યો. પ્રમીલા પણ તેને અભંગ ધ્યાનથી નિરખવા લાગી. એટલે અજિતસિંહ કહેવા લાગ્યો કેઃ "મનુષ્ય શું મનુષ્યને ખાઇ જાય છે કે ?"

"ના; એમ કોણ કહે છે?" પ્રમીલાએ શર્માઇને ઉત્તર આપ્યું.

"ત્યારે આટલી બધી દૂર કેમ ન્હાસે છે ? અહીં બેસવામાં આટલી બધી ગભરાય છે શાની ?" અજિતસિંહે કહ્યું.

"જો વળી ! ગભરાટ તે શાનો હોય ?" પ્રમીલા છણકો કરીને બોલી.

"ગભરાટ નથી, ત્યારે જ તો સો ગાઉ દૂર બેઠી છે, જોને !" અજિતસિંહે અધીરતાનું બીજા રૂપમાં દર્શન કરાવ્યું.

"શું, આપ એમ ધારો છો કે, આપના ભયથી હું દૂર બેઠી છું ?" પ્રમીલાએ શય્યામાં શૂરવીરતા બતાવીને કહ્યું.

"એમ નહિ તો બીજું વળી શું ?" પ્રમીલાને ચીડાવવામાટે ખાસ કરીને અજિતસિંહે આ વાક્ય ઉચ્ચાર્યું.

એનું પ્રમીલા કાંઇ પણ ઉત્તર આપી શકી નહિ. તે હાસ્યમયી પ્રતિમા સાડીના છેડાથી મુખને ઢાંકીને હસતી હસતી સ્વામીના શરીરપર ઢળી પડી. અજિતસિંહે તે શારદીય ચંદ્રિકારાશિને પોતાની છાતી સરસી ચાંપીને પ્રેમથી ચુંબન કર્યું. પ્રમીલાના ગળામાં પુષ્પોની માળાને જોઇને તે પૂછવા લાગ્યો કેઃ "આજે તું ખૂબ શૃંગાર સજીને આવી છે ને શું !"

"એક દિવસ તમોએ મારા ગળામાં માળા પહેરાવી હતી અને આજે આ માળા લાવણ્યમયી પહેરાવી ગઇ છે. એ પણ તમારી ભગિની જ છે કે નહિ ! એટલે કે, હું ભાઇ અને બ્હેન બન્ને જોડે પરણી છું." પ્રમીલાએ હસીને કહ્યું.

એ સમયે અજિતસિંહ પ્રમીલાના વીણાવિનન્દિત મધુર કંઠસ્વરના શ્રવણમાં તલ્લીન થઇ ગયો હતો અને મદનના ગર્વનો ખર્વ કરનાર તેના કટાક્ષને જોયા કરતો હતો. વસ્તુતઃ અજિતસિંહનું ધ્યાન શી વસ્તુમાં હતું, એ અમારાથી કહી શકાય એમ નથી.

એ ક્ષણે બહારથી કોઇનાં ચરણોનો ધ્વનિ સંભળાયો. એ ધ્વનિ સાંભળતાં જ પ્રમીલા વળી પાછી પાછળનાં બારણાં ઉઘાડીને ત્યાંથી બહાર ન્હાસી ગઇ. પતિપત્નીના વિલાસનો અચાનક ભંગ થઇ ગયો.

તૃતીય પરિચ્છેદ

પ્રત્યાવર્તન

સંવત્ ૧૬૬૪ ની એક ભયંકર રાત્રિના સમયમાં આકાશમાંથી જળની મૂષળધાર વૃષ્ટિ થયા કરતી હતી, વાયુ પણ વિશેષ વેગથી ચાલતો હતો અને તેથી કેટલાંક બળવાન્ અને મહાન્ વૃક્ષો પણ નિર્મૂળ થઇને પોતાના આશ્રિત નાના રોપાઓ તથા જીવજંતુઓને દબાવતાં ભૂતલશાયી થઈ જતાં હતાં. એક તો અરણ્ય, તેમાં વળી અંધકાર અને અંધકારમાં જળવૃષ્ટિ તથા ચપળા–વીજળી–ના ચમકાટને જોઇને જાણે નિસર્ગદેવી આજે વિકટ હાસ્ય કરતી હોય ની ! એવો જ સર્વથા ભાસ થતો હતો.

અંધકાર એટલો બધો વિપુલ પરિમાણમાં વિસ્તરેલો હતો કે, પોતાનો હાથ પણ કોઇના જોવામાં આવી શકતો ન હોતો. એ ભયંકર સ્વરૂપધારી અરણ્યના જે વિભાગમાં વૃક્ષ અથવા બીજા કોઇ પણ પ્રકારના આશ્રયનું નામ નિશાન પણ ન હોતું, તે વિભાગ–સ્થાનમાં એક સંન્યાસિની કોઇ વાર ઉભી ઉભી અને કોઇ વાર બેસીને વિચાર કરતી દૃષ્ટિગોચર થતી હતી. કોઈ વૃક્ષતળે તે એટલામાટે ઉભી ન હોતી રહેતી કે, કદાચિત્ તે પડી જાય તો રક્ષાને સ્થાને ભક્ષા ન કરી નાખે. સંન્યાસિનીના શિરપર અતોનાત પાણી વર્ષતું હતું અને પ્રતિક્ષણ પવન મહારાજ તેને પૃથ્વીપર પાડી નાખવાની ચેષ્ટા કર્યા કરતો હતો. શરદીની વિશેષતાથી તેના શરીરમાં કંપનો આવિર્ભાવ થવા લાગ્યો હતો. બહુ વાર સુધી એમની એમ ઉભી રહેવાથી તે અકળાઇને થાકી ગઇ અને થરથર કંપતી ભૂમિપર બેસી ગઈ. એ ક્ષણે જ પાછો વીજળીનો ચમકાટ થયો.

એનાથી થોડાક અંતરપર આવેલા એક લતાકુંજમાં એવી જ રીતે આફતનો મારેલો એક તરુણ પુરુષ બેઠેલો જોવામાં આવતો હતો. વીજળીના ચમકાટમાં તેણે તે સંન્યાસિનીને જમીનપર પડતી જોઇ લીધી, ને એ ઘટનાને જોતાં જ તે યુવક તરત પોતાના સ્થાનેથી ઉઠીને તે સ્ત્રીની પાસે આવ્યો. આવતાંની સાથે જ પ્રથમ એ યુવકનો હાથ તે સ્ત્રીના લલાટપર પડ્યો. તે અબળાનું આખું શરીર શીતલ થઈ ગયું હતું અને તેમાં ભયંકર કંપ થયા કરતો હતો. છતાં પણ

અદ્યાપિ તે ચેતનહીન થયેલી ન હોતી. યુવક પોતાના મુખને તે અબળાના મસ્તક પાસે રાખીને કહેવા લાગ્યો કે: "માતા ! આ ભયંકર સ્થાનમાં આપને બહુ જ કષ્ટ થતું હશે; તો પાસે જ એક પર્ણકુટી છે, તેમાં ચાલો; ત્યાં આપને ઘણો જ આરામ મળશે."

સંન્યાસિની એ યુવકના આધારથી ઊઠીને ઊભી થઈ. એ ક્ષણે પુનઃ એક વાર વીજળીનો ચમકાટ થયો. એ પ્રકાશની સહાયતાથી યુવકે સંન્યાસિનીનું મુખ જોઈ લીધું અને આશ્ચર્યથી કહ્યું કેઃ "યોગિની દેવી !"

પરિચિત કંઠસ્વર સાંભળતાં જ યોગિની બોલી કે: "કોણ શોભનસિંહ કે? કુમાર ! તમો અહીં ક્યાંથી વારૂ ? કુન્દકુમારી ક્યાં છે?"

પ્રકૃતિની વિકરાલ ભૈરવ ગર્જનાને ભેદીને યોગિનીનો ક્ષીણ કંઠસ્વર શોભનસિંહનાં શ્રવણોમાં સંપૂર્ણતાથી પહોંચી ન શક્યો. માત્ર કુન્દકુમારીના નામના ઉચ્ચારને જ શોભન સાંભળી શક્યો. એણે જાણ્યું કેઃ 'પ્રતિભા કુન્દકુમારીના સમાચાર સાંભળવાની ઇચ્છા ધરાવે છે.' એટલે એણે ઉત્તરમાં જણાવ્યું કે: "ચાલો; પછી બધું કહી સંભળાવું છું."

કેટલેક અંશે અનુમાન અને કેટલેક અંશે વિદ્યુત્પ્રકાશની સહાયતાથી શોભનસિંહ પ્રતિભાને પર્ણકુટી પર્યન્ત સહીસલામત લઇ આવ્યો. ત્યાં પાણી બહુ જ ઓછા પરિમાણમાં ટપકતું હતું, હવાનું પણ વધારે જોર ન હોતું અને તેથી વૃક્ષોને પણ પડવાની ભીતિ ન હોતી. પ્રતિભા શરદીથી અદ્યાપિ કંપ્યા કરતી હતી. કેટલીક વાર પછી જરાક હૂંફ આવતાં તે પૂછવા લાગી કે: "કુમાર ! કુન્દકુમારીના કાંઇ સમાચાર મળ્યા કે ?"

"નહિ, દેવી !" નિરાશાથી શોભને ઉત્તર આપ્યું. વચ્ચે માલતીગઢથી નીકળ્યા પછીનો કેટલોક વૃત્તાંત સંભળાવીને છેવટે તેણે કહ્યું કેઃ "આજે કેટલા દિવસથી કુન્દકુમારીને દિવસ અને રાત એક સરખી રીતે હું શોધ્યા કરૂં છું, પણ ક્યાંય એનો પત્તો મળી શકતો જ નથી. પણ સાથે મારો એવો પણ નિશ્ચય છે કે, કુન્દકુમારીનો નિવાસ આ અરણ્યમાં જ છે. મારા ધારવા પ્રમાણે ગઈ કાલે પણ તે મારા જોવામાં આવી હતી. મને જોતાં જ તે ન્હાસી ગઇ અને ત્યાર પછી તે સંધ્યાના અંધકારમાં ક્યાં છુપાઇ ગઈ, એની અદ્યાપિ મને ભાળ મળી શકી નથી !"

એ વાત સાંભળીને પ્રતિભાનું મુખ કાંઈક નિસ્તેજ થઈ ગયું. શોભનસિંહે યોગિનીને એ અરણ્યમાં આવવાનું કારણ પૂછ્યું અને ત્યાર પછી માલતીગઢના કુશળ સમાચારની પણ પૃચ્છા કરી. એ સર્વ પ્રશ્નોના

યથોચિત ઉત્તર આપીને પ્રતિભા કહેવા લાગી કે: "કુમાર ! તમારા પિતાએ તમોને પાછા બોલાવેલા છે. મેવાડમાં મુસલ્માનો આવી ચૂકયા છે અને જે દિવસ જાય છે તેમાં યુદ્ધ થવાની તૈયારી છે. એટલા-માટે તમારા પિતાએ એમ કહેવડાવ્યું છે કે, જો શોભનસિંહ મારો ખરો પુત્ર હોય, તો તેણે આ સમયે જન્મભૂમિના હિતમાટે જીવનો-ત્સર્ગ કરવાની ઇચ્છાથી યુદ્ધક્ષેત્રમાં ઉપસ્થિત થવું જ જોઇએ. પછી તો જેવી તમારી ઇચ્છા."

એ સંદેશ સાંભળીને પ્રથમ તો શોભનસિંહ કાંઇક વિચારમાં પડી ગયો અને થોડી વાર પછી કહેવા લાગ્યો કે: "દેવી ! મારાથી પિતાની આજ્ઞાનો અનાદર કરી શકાય તેમ નથી. હું આ ક્ષણે જ આપની રજા લઇને ઘરભણી ચાલતો થાઉં છું. પણ ખેદ એટલો જ થાય છે કે, કુન્દકુમારીનો શોધ હું ન કરી શકયો અને વચ્ચે અચાનક યુદ્ધનું વિઘ્ન આવીને ઊભું રહ્યું !"

"કુન્દકુમારીને હું શોધીશ. અને એ બાળાનો પત્તો મળતાં જ હું એકલિંગજીના બાગમાં આવી પહોંચીશ. હવે તમો આ વિષયની જરા પણ ચિન્તા રાખશો નહિ." પ્રતિભાએ આશ્વાસન આપ્યું.

કેટલેક અંશે એ આશ્વાસનથી શોભનસિંહના હૃદયનો ભાર ઓછો થયો. પ્રભાતકાલિક બાલરવિનાં રક્તવર્ણ કિરણોના ઉદય સાથે જ અવસ્કંદ–તોફાન–અને જળવૃષ્ટિનો અંત થઇ ગયો. એ વેળાયે પ્રતિ-ભાનાં ચરણોમાં પડી તેનો આશીર્વાદ લઇને શોભનસિંહ મેવાડ તરફ જવાને રવાના થઇ ગયો.

એ રાત્રિના તોફાન અને વર્ષાદથી એક બીજા માણસનું પણ ઘણું જ નુકસાન થઇ ગયું હતું. તે માણસ બીજો કોઇ નહિ, કિંતુ આપણો પૂર્ણ પરિચિત મુસલ્માન સરદાર અબ્દુલ્લાખાન જ હતો. અબ્દુલ્લાનો તંબૂ બિલકુલ ફાટી જઇને હવામાં ઊડી ગયો હતો, ઘોડાઓ રસ્સી તોડીને ભાગી ગયા હતા, ઝાડની ડાળોથી દબાઇ જતાં ગાડીઓના ચૂરેચૂરા થઇ ગયા હતા, ખાવા પીવાની બધી ચીજો બિલ્કુલ બગડી ગઇ હતી અને બિચારી અમીના માથાથી પગ સુધી ભીંજાઇને પાણીમાં તરબોળ થઇ ગઇ હતી. અબ્દુલ્લાએ મહાકષ્ટ અને દુઃખ સાથે બાકી રહેલી રાત અમીનાના હાથને પકડી રાખીને ઊભે ઊભે જ જેમ તેમ કરીને વીતાડી. સવારમાં તોફાન અને વર્ષાનું બળ નરમ પડતાં અમીના કહેવા લાગી કે: "હું એક પળમાત્ર પણ હવે અહીં રહેવાની નથી. અત્યારે અને આ ક્ષણે જ હું તો દિલ્લી તરફ ચાલી જવાની છું."

એ પછી અબ્દુલ્લાએ પાસેના એક ગામમાંથી પાલખી અને ભોઇ-ઓને બોલાવી મંગાવ્યા. અમીનાને પાલખીમાં બેસાડીને અને પોતે ઘોડેસવાર થઇને અબ્દુલ્લા પોતાના અનુચરોને દિલ્હીની દિશામાં પ્રયાણ કરવાની આજ્ઞા આપી દિલ્હી તરફ જવાને ચાલતો થયો. એમ સાંભળવામાં આવે છે કે, દિલ્હીમાં પહોંચ્યા પછી અબ્દુલ્લાએ બાદશાહ આગળ પોતાના ગુનાહને છુપાવવામાટે એવો ખોટો બચાવ કર્યો હતો કે: "સેનાપતિએ જ મને કાઢી મૂક્યો છે; કારણ કે, મારા જેવા એક અદના આદમીની મદદ લેવાની તેમની મરજી હોય, એમ જણાતું નથી. મારે લાચાર થઇને પાછા ફરવું પડ્યું છે."

જહાંગીર બાદશાહ જરાક ભોળા અને ઉદાર સ્વભાવનો હોવાથી તેણે એ વાતને ખરી માની લીધી અને વધારે કાંઇ પણ પૂછપરછ કરી નહિ, એટલે અબ્દુલ્લા નીરાંતે પોતાની પ્યારી અમીના સાથે અયશ આરામમાં પોતાના દિવસો વીતાડવા લાગ્યો.

ચતુર્થ પરિચ્છેદ

પુનઃ સંયોગ

લગભગ એક પ્રહર દિવસ ચઢી આવ્યા પછી સૂર્ય નારાયણે પોતાના જગજ્જીવક પ્રકાશનું દર્શન કરાવ્યું. પ્રતિભા તડકામાં બેસીને રાતની શરદીને હટાવવાનો પ્રયત્ન કરતી હતી. હજી સુધી એનાં ભીનાં વસ્ત્રો સૂકાયાં ન હોતાં. એટલામાં પાછળથી કોઇ સ્ત્રી આવીને પ્રતિભાને ગળે બાઝી પડી. પ્રતિભાએ મુખ ફેરવીને જોયું તો કાષાયવસ્ત્ર-ધારિણી અને ચન્દનતિલકવિલાસિની કુન્દકુમારીને તેણે પોતાની દૃષ્ટિ સમક્ષ ઊભેલી જોઈ. આશ્ચર્યની સીમા !

પ્રતિભા એકસમયાવચ્છેદે વિસ્મિત, પુલકિત, સ્તંભિત અને વિચલિત થઇ ગઇ. એ વેળાયે કુન્દકુમારીને પ્રેમ કરવો કે ગાળો ભાંડવી, એનો પ્રતિભા કાંઈ પણ નિશ્ચય કરી શકી નહિ. અંતે કોપ કરી તેને પોતાની ગોદમાં ખેંચીને તે તિરસ્કારપૂર્વક કહેવા લાગી કે: "કુન્દકુમારી ! શું કેશવાચાર્યના શિક્ષણનું ફળ આ છે કે?"

જે હેતુથી પ્રતિભાએ આ શબ્દો ઉચ્ચાર્યાં હતા, તે હેતુને કુન્દકુમારી તે ક્ષણે જ સમજી ગઇ. છતાં સ્ત્રીસ્વભાવને અનુસરી અજાણી બનીને તે પૂછવા લાગી કે: "કેમ વારૂ ? મારો એવો તે શો અપરાધ થયો છે?"

"તેં શો અપરાધ કર્યો છે તે બતાવું કે? તું બ્રાહ્મણની કન્યા હોઇને એક ક્ષત્રિય કુમારમાં પ્રેમાસક્ત થયેલી છે; સ્ત્રી હોવા છતાં

કોઇને પણ કહ્યા વગર તું ઘરમાંથી બહાર ન્હાસી ગઇ છે અને આવા યૌવનના સમયમાં તું એકલી એકાટ ભિન્ન ભિન્ન પ્રાંતોમાં ભ્રમણ કરતી રહે છે; છતાં પણ ઉપરથી એવો સવાલ કરે છે કેઃ ‘ મારો એવો તે શો અપરાધ થયો છે?’ ધિક્કાર છે તને અને તારી બુદ્ધિને!” પ્રતિભાએ કોપના આવેશથી કહ્યું. “આના કરતાં વધારે બીજો તે શો અપરાધ હોઇ શકે, એ તો બતાવ!”

કુન્દકુમારી ક્રોધ અને અભિમાનના ભાવથી પ્રતિભાની ગોદમાંથી ઊઠીને દૂર જઈ ઊભી રહી અને હાંફતી હાંફતી કહેવા લાગી કેઃ “તું મને શું સમજે છે? જરાક વિચાર કરીને બોલ.”

“હું તને સતી નથી સમજતી.” પ્રતિભાએ શબ્દોનો પ્રહાર કર્યો.

“ત્યારે તો તને અને તારા જીવનને સહસ્ત્ર વાર ધિક્કાર છે! હું તે ભૂમિની સ્ત્રી છું કે જે ભૂમિની અબળાઓ પોતાના સતીત્વના સંરક્ષણમાટે અગ્નિની જ્વાળામાં પડીને જીવતી જ બળી જાય છે અને પ્રાણની આહુતિ આપી દે છે! એ વાતને તું ભૂલી ગઇ હોય, એમ જ જણાય છે!!” કુન્દકુમારીએ અત્યંત કોપ દર્શાવીને કહ્યું.

“એ બધા પાપને છુપાવવાના પ્રકારો છે.” પ્રતિભાએ તેના કોપની જ્વાળામાં એ પળી ધૃત હોમ્યું.

“પાપને છુપાવવાના પ્રકારો કે?” કુન્દકુમારી છેડાયલી નાગની પ્રમાણે ફૂત્કાર કરીને ગર્જતી કહેવા લાગી. “શું હું આ અસત્ય વચન ઉચ્ચારૂં છું કે? માત્ર અન્તર્યામી ભગવાન્ જ જાણે છે કે, જે પાપનું તું મારા શિરે આરોપણ કરે છે, તે પાપની હું અધિકારિણી થઇ નથી. શોભનસિંહને અરણ્યમાં બે ચાર વાર મેં જોયા હતા, પરંતુ હું તેમની પાસે ગઇ ન હોતી. એનું કારણ એ જ કે, શરીરશુદ્ધિનો કોઇ કાળે પણ સંહાર થવો ન જોઇએ!!”

“તું મહાપાપિની છે.” પ્રતિભા તેના બોલવાના ભાવાર્થને સમજવા છતાં તેની વધારે પરીક્ષા કરી લેવાના ઉદ્દેશથી બોલી.

હવે કોપના સ્થાને કુન્દકુમારીના મનમાં વેદના થવા લાગી અને તેના પરિણામે તેનાં નેત્રોમાંથી અશ્રુધારાનું વહન થવા લાગ્યું. તે રોતી રોતી જ બોલી કેઃ “જા; હવે હું તારી જોડે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવા નથી ઇચ્છતી.”

પ્રતિભાએ તેનાં વચનથી જરા પણ કોપ ન કર્યો—સામી તે હસતી હસતી કહેવા લાગી કેઃ “અરે અભાગિની! હું તારી કોઈ વૈરિણી નથી.”

કુન્દકુમારી આશ્ચર્યચકિત નેત્રોથી તેના મુખને નિહાળવા લાગી. એટલે પ્રતિભાએ પ્રથમ પ્રમાણે જ હસીને કહ્યું કે: "હું તારી માતાની સગી બહેન થાઉં છું, સમજી કે?"

અંધકારવ્યાપ્ત રાત્રિમાં જેવી રીતે વીજળીના ચમકાટથી એકાએક સર્વ વસ્તુઓ દૃષ્ટિગોચર થવા માંડે છે અને સર્વત્ર પ્રકાશ છવાઈ જાય છે, તેવી જ રીતે યોગિનીના એ વચનથી કુન્દકુમારીના મનમાં નવીન પ્રકારનો પ્રકાશ દેખાવા લાગ્યો. તે એકાએક પોતાના સ્થાનેથી ઊઠી અને ઊછળીને પ્રતિભાની ગોદમાં ભરાઈ ગઈ—તે પ્રતિભાના ગળામાં બન્ને હાથ નાખીને ડૂસકાં ભરી ભરીને રડવા લાગી. પ્રતિભા પણ થોડી વાર સુધી રડી અને પછી બોલી કે: "કુન્દકુમારી! ખરેખર હું તારી માસી જ છું. જો એ સંબંધ ન હોત, તો તને આટલો બધો ઠપકો આપવાની મને કશી પણ અગત્ય હતી નહિ. ખાસ તને શોધવામાટે જ હું ભટકતી ભટકતી અહીં સુધી આવી છું. જો તારી સાથે રક્તનો સંબંધ વિધાતાએ ન સાંધ્યો હોત, તો મારે આટલા બધા પરિશ્રમો શામાટે વેઠવા પડત વારુ?"

કુન્દકુમારીને માતૃસ્નેહનો લેશમાત્ર પણ અનુભવ ન હોતો—એટલે સુધી કે, માતાના મુખનું દર્શન પણ તેણે કર્યું ન હોતું, એટલે માતાના મુખનું તેને જરાય સ્મરણ હતું નહિ. એટલામાટે પ્રતિભાને જ પોતાની જનની માની લઈને તેનાં ચરણોની રજને તે બાળાએ પોતાના માથાપર ચઢાવી અને ત્યાર પછી સજળ નેત્રોથી યોગિની તરફ જોઈને સદ્ગદિત સ્વરથી તે બોલી કે: "માતા!"

"મારી પુત્રી!" અશ્રુ વર્ષાવતી પ્રતિભાએ ઉભરાઈ જતા વાત્સલ્યથી આ શબ્દોને ઉચ્ચાર્યાં.

"તમો જ મારી માતા છો કે?" કુન્દકુમારીએ પૂછ્યું.

"હવે તો એમ જ માની લેવાનું છે." પ્રતિભાએ આંસુ લૂછીને કહ્યું.

"માતા! ત્યારે ખરેખર તમો મારાં માસી જ છો કે?" કુન્દકુમારીએ પુનઃ પ્રશ્ન કર્યો.

"મારી સહોદરા જે સમયે બહુ જ અલ્પવયસ્કા બાલિકા હતી, તે સમયે જ અમારાં માતાપિતાનો પરમધામમાં નિવાસ થયો હતો. એ પછી બહુ બહુ કષ્ટ વેઠીને એને મેં પાળીપોષીને મોટી કરી અને ઉદયપુરના એક બ્રાહ્મણકુમાર વેરે પરણાવી દીધી હતી. હું પોતે સદાને માટે કૌમારવ્રત ધારણ કરીને કેશવાચાર્યની શિષ્યા થઈ હતી. તું મારી

એ જ સહોદરાની પુત્રી છે. સમજી કે?" પ્રતિભાએ કેટલોક પૂર્વવૃત્તાંત કુન્દકુમારીને કહી સંભળાવ્યો.

"ત્યારે માતા! આટલા દિવસ તમોએ મને એ વાત કેમ ન કહી વારૂ?" કુન્દકુમારીએ પ્રેમસદ્‌ગદિત થઇને કહ્યું.

"જેમ એ વાત અત્યાર સુધી મેં કહી ન હોતી, તેમ જ હવે પછી હું એ વાત તને કહેવાની પણ ન હોતી. પણ આજે નિરુપાય થવાથી જ આ ભેદ મારે ઊઘાડવો પડ્યો છે!" પ્રતિભાએ કહ્યું. થોડી વાર રહીને પ્રતિભાએ પાછો સવાલ કર્યો કે: "કુન્દકુમારી! તું આવી રીતે ઘરમાંથી નાઠી શા માટે?"

"માતા! હું કોઈ પણ અનિષ્ટ ઉદ્દેશથી ઘરમાંથી બહાર નીકળી નથી." કુન્દકુમારીએ ઉત્તર આપ્યું.

"શું તેં શોભનસિંહમાટે જ ગૃહનો ત્યાગ ન હોતો કર્યો કે?" પ્રતિભાએ ભ્રૂધનુષ્ય ચઢાવીને કહ્યું.

"હા; શોભનસિંહના કારણથી જ નીકળી હતી; પરંતુ તેમની પ્રાપ્તિમાટે નહિ. એટલો જ ભેદ છે." કુન્દકુમારી બોલી.

"તો શું એને ભૂલી જવામાટે કે?" પ્રતિભાએ પૂછ્યું.

"ના; ભૂલી જવામાટે પણ નહિ." બાળાએ અટપટો જવાબ દીધો.

"ત્યારે શામાટે?" કંટાળેલી પ્રતિભા બૂમ મારીને બોલી.

"વારૂ; ત્યારે સાંભળો, હું સમસ્ત વૃત્તાંત કહી સંભળાવું છું." એમ કહીને કુન્દકુમારી નીચેનો વૃત્તાંત વર્ણવવા લાગી:—

"આજે હું તમોને મારા હૃદયનો ભેદ ખોલી બતાવું છું; પણ કૃપા કરીને તમો એ વાત કોઇને પણ કહેશો નહિ. તે દિવસ તમારા સૂઈ જવા પછી હું શય્યામાંથી ઊઠી અને શોભનસિંહને કેટલીક વાતો કહેવામાટે મઠમાંથી બહાર આવી. પરંતુ પ્રથમ તો શોભનસિંહને મેં જ્યાં પૂર્વે જોયા હતા, ત્યાં એ વખતે જોયા નહિ. થોડીક વાર શોધ્યા પછી એક આમ્રવૃક્ષતળે શોભનસિંહને મેં અજિતસિંહ સાથે વાતચીત કરતા જોયા અને તેમના મુખથી મેં મારા નામનો ઉચ્ચાર થતો પણ સાંભળ્યો. મારું નામ સાંભળતાં જ તેમની વાતો સાંભળવાની મારા મનમાં સ્વાભાવિક જ વધારે ઇચ્છા થઇ આવી. હું લપાઇ છુપાઇને ધીમાં પગલાંથી ચાલતી તે આમ્રવૃક્ષની પાસે જઇ પહોંચી. ત્યાં પહોંચ્યા પછી મેં જે કાંઇ પણ સાંભળ્યું તેથી હું એકાએક ચમકી ગઇ. મેં સાંભળ્યું કે, શોભનસિંહ વિવાહ કરવા ઇચ્છતા હતા, પણ મને જોતાં જ તેમની એ વિવાહ વિષયક ઇચ્છાનો નાશ થઇ જતો હતો. વળી એ વાત પણ મારા જાણવામાં આવી કે, વિવાહ માટેના

અનેક માગાંનો તેમણે જે અસ્વીકાર કર્યો હતો, તેનું મૂળ કારણ પણ હું જ હતી. એ સર્વ રહસ્યને જાણીને મેં મનમાં જ નિશ્ચય કર્યો કે, જો મને એ જોશે નહિ, તો અવશ્ય કોઈ પણ સ્ત્રી સાથે વિવાહ કરશે અને સુખી થશે. એવો નિશ્ચય કરીને હું ત્યાંથી ભાગી. 'એ કોણ?' એવો શોભનસિંહે પોકાર કર્યો, પણ મને તેઓ જોઇ શક્યા નહિ. તે દિવસે અને તે ક્ષણે જ મેં એવી પ્રતિજ્ઞા કરી લીધી કેઃ 'હું એમની દૃષ્ટિથી દૂરની દૂર જ રહેવાનો પ્રયત્ન કરીશ.' બસ–માતા! આવી ધારણાથી જ મેં માલતીગઢનો ત્યાગ કરેલો છે. ગુરુ કેશવાચાર્ય અને તમો તો એમ જ ધારી બેઠાં હશો કે, કુન્દકુમારી મરી ગઈ હશે! ખરું કે નહિ?"

પ્રતિભા વિસ્મયતાપૂર્વક કુન્દકુમારીને શિરથી ચરણપર્યંત ધારી ધારીને જોવા લાગી. થોડા વખત પછી તે બોલી કેઃ "કુન્દકુમારી! તું આ નિર્જનવનમાં એકલી કેમ રહે છે અને ક્યાં રહે છે?"

"માતા! હું એકલી નથી રહેતી. મને મારા જેવી એક બીજી અનાથા રાજપૂત બાળા મળી ગઇ છે એટલે હું અને તે સાથે મળીને એક જ પર્ણકુટીમાં વસીએ છીએ." કુન્દકુમારીએ એક નવી વાત સંભળાવી.

"બસ; હવે એ બધા ઝગડાને નાખ ચૂલામાં અને તું મારી જોડે ચાલવા માંડ." પ્રતિભાએ પોતાની ઇચ્છા દર્શાવી.

"ક્યાં ચાલું?" કુન્દકુમારીએ પ્રશ્ન કર્યો.

"માલતીગઢ. બીજે ક્યાં?" પ્રતિભાએ ઉત્તર આપ્યું.

"ચાલવાનું કારણ?" કુન્દકુમારીએ પાછો સવાલ કર્યો.

"કારણ પૂછવાનું કોઈ કારણ?" પ્રતિભાએ કરડાકીથી કહ્યું.

"કારણ કે, હું ત્યાં ચાલવાની નથી." કુન્દકુમારીએ કહેવા માંડ્યું: "મેં મારા મનની બધી વાતો તમોને જણાવી દીધી છે, એટલે વધારે કહેવાની કશી પણ અગત્ય નથી."

"એ તો હું પણ જાણું છું કે તું ચાલવાની નથી; પણ હું પણ તને સાથે લીધા વિના અહીંથી જવાની નથી." પ્રતિભાએ દૃઢતાથી કહ્યું.

પ્રતિભાએ કુન્દકુમારીને બહુ બહુ સમજાવી, પરંતુ કોઇ પણ ઉપાયથી તે હઠીલી બાળા વશ થઇ નહિ. ઉપદેશ, ધમકી અને શાંતિનો કશો પણ ઉપયોગ થયો નહિ. પ્રતિભાના સર્વ પ્રયત્નો નિષ્ફળ થયા. અંતે કુન્દકુમારીએ પોતાનું સ્વરૂપ બતાવીને કહ્યું કેઃ "જોઉં તો ખરી કે, મને અહીંથી કોણ લઇ જાય છે તે!"

નિરુપાય થઇને પ્રતિભા ઊઠીને ઊભી થઇ અને કોપ દર્શાવીને કહેવા લાગી કેઃ "વારુ જા; અને તારી ઇચ્છા હોય તેમ કર. આજથી તું મારી પુત્રી નથી અને હું તારી માતા નથી. હું આ ચાલી!"

હવે કુન્દકુમારીનો બધો મદ ઊતરી ગયો અને તે પ્રતિભાનાં ચરણોમાં પડીને નમ્રતાથી કહેવા લાગી કે: "નહિ, માતા! એમ ન બોલો કે: 'તું મારી પુત્રી નથી!' જ્યારે આ બળતા હૃદયને શાંત કરવાની તમોએ આટલી બધી કૃપા કરી છે, ત્યારે હવે એ શાંતિનો આમ તત્કાળ ભંગ કરવો તમોને ઉચિત નથી."

"જો તું મારી પુત્રી હોત, તો માતા હૃદયમાં શી વેદના ભોગવે છે, એની કલ્પના તેં કરી હોત અને અત્યાર સુધીમાં તો મારી ઇચ્છાને આધીન થઇને માર્ગે પણ પડી ચૂકી હોત. પણ તું મારી કોઇ પણ નથી." પ્રતિભાએ આંખોને લાલચોળ કરીને જણાવ્યું.

"તમારા 'તું મારી કોઈ પણ નથી!' એ વાક્યને સહન કરવાની હવે મારામાં શક્તિ નથી. આજે મને તમોએ જે વસ્તુ આપી છે, તે મને આ જન્મમાં પૂર્વે કોઈવાર પણ પ્રાપ્ત થઇ ન હોતી, અને હવે પછી મળવાની આશા પણ નથી. હું તમારી જોડે ચાલીશ, પણ મને પ્રથમ એટલું કહો કે:" કુન્દકુમારી વધારે બોલી શકી નહિ. એટલું જ બોલીને તે સ્થિર દૃષ્ટિથી પ્રતિભાના મુખનું અવલોકન કરવા લાગી.

"શું કહું?" ભગ્ન સ્વરથી પ્રતિભાએ પૂછ્યું.

"એ જ કે, જો હું ફરીથી તમારો ત્યાગ કરીને ક્યાંક ચાલી જવાની ઇચ્છા કરૂં, તો તમારે મને રોકવી નહિ: એ માટેનું મને વચન આપો." કુન્દકુમારીએ આશ્ચર્યજનક ઇચ્છા દર્શાવી.

"આમ કરવામાં મને કશો પણ વાંધો નથી." પ્રતિભાએ સમયને સાધી લેવાના ઉદ્દેશથી કહ્યું અને કુન્દકુમારીના કોમલ કપોલભાગમાં ચુંબન કર્યું. એ પછી બન્ને અબળાઓ ઊઠીને ઊભી થઇ અને કુન્દકુમારીની નૂતન સખી રાજપૂત બાળાને સાથે લઇને તેઓ ચાલવા લાગી. એ બાળાનું નામ રેવતી હતું. એનો વિશેષ વૃત્તાંત હવે પછી પાઠકવૃન્દના જાણવામાં આવશે. અસ્તુ.

પંચમ પરિચ્છેદ

અમરલીલા

"God bless the king, I mean the faith's defender;
God bless–no harm in blessing–the pretender;
But who pretender is, or who is King,—
God bless as all,–that's quite another thing."

J. Byrom.

આપણી વાર્તાના સમયમાં મેવાડરાજ્યની લગામ જગદ્વિખ્યાત

વીરશિરોમણિ, મહારાણાશ્રી પ્રતાપસિંહના જ્યેષ્ઠ પુત્ર મહારાણા અમરસિંહના હાથમાં હતી, એ તો અમો આ ગ્રન્થમાં આગળ પણ અનેક વાર જણાવી ચૂકયા છીએ, એટલે એ વિશે વિશેષ લખવાની કશી પણ આવશ્યકતા નથી. અમરસિંહ જ્યારે આઠ વર્ષના વયનો હતો, ત્યારથી જ સંકટસમયમાં દીર્ઘકાળપર્યન્ત પોતાના પિતા સાથે વસેલો હોવાથી તેને સર્વ પ્રકારનાં સંકટો અને શુભ તથા અશુભ પ્રસંગોનો ગંભીર તથા ગહન અનુભવ થયેલો હતો. તે જ્યારે ઇ. સ. ૧૫૮૭ માં સિંહાસનારૂઢ થયો, ત્યારે પૂર્ણ યુવાવસ્થામાં હતો અને પોતાની બરોબરીના પુત્રો તથા શૂરવીર રાજપૂત યોદ્ધાઓના બળથી મંડિત હતો. સારાંશ કે, પ્રતાપસિંહ કરતાં રાજ્યારોહણ સમયે અમરસિંહને આત્મોન્નતિ તથા રાજ્યોન્નતિનાં અધિક અનુકૂલ સાધનો ઉપલબ્ધ થયાં હતાં, એમાં તો કશો પણ સંશય નથી.

મહારાણા પ્રતાપસિંહનો સર્વથી મહાન્ શત્રુ દિલ્લીનો શાહનશાહ અકબર તેના પરલોકવાસ પછી આઠ વર્ષપર્યન્ત જીવતો હતો. જો કે પ્રતાપ સાથેના યુદ્ધમાં અંતે બાદશાહનો વિજય થયો હતો; પરંતુ એ વિજય તેને ઘણો જ મોંઘો પડી ગયો હતો અને અંતે કંટાળીને તેને યુદ્ધવિગ્રહને બંધ જ કરી દેવો પડ્યો હતો. અકબરે પોતાના જીવનકાળમાં અમરસિંહની જરા પણ છેડ કરી ન હોતી તેમ જ અમરસિંહે પણ પ્રબળ મુગલો સાથે વિનાકારણ વિગ્રહ કરવાનું ઉચિત ધાર્યું ન હોતું. એટલામાટે જ્યાં સુધી અકબર જીવતો રહ્યો, ત્યાં સુધી મેવાડના દિવસો શાંતિમાં વીતી ગયા. એ અવકાશમાં અમરસિંહે પોતાના રાજ્યમાં અનેક સુધારાનાં કાર્યો કરી લીધાં; એટલે કે, પૃથ્વીના વિભાગો નવી રીતિથી કરવામાં આવ્યા, જાગીરદારોને નવીન જાગીરો અપાઇ અને જાગીરદારોની નોકરીના નિયમો પણ બાંધવામાં આવ્યા. અમરસિંહે પદવીધરોની પદવીઓને સ્થિર કરી દીધી કે જે આજ સુધી પણ જેમની તેમ જ ચાલી આવે છે. એવી જ રીતે બીજા પણ અનેક પ્રકારના નિયમો બનાવ્યા. પાઘડી કેવી અને કેવા ઘાટની બાંધવી જોઇએ એ માટેનો પણ ખાસ નિયમ કરવામાં આવ્યો. એ પાઘડી 'અમરશાહી પાઘડી'ના નામથી ઓળખાય છે અને મેવાડની રાજસભાના મોટા મોટા ઉમરાવ અને જાગીરદારો એ જ પાઘડી આજ સુધી બાંધતા જોવામાં આવે છે.

એ પ્રમાણે અમરસિંહનો સમય સ્વસ્થતા અને શાંતિમાં જ વ્યતીત થવા લાગ્યો; પણ એથી પ્રતાપસિંહે અંતકાળે ઉચ્ચારેલાં વાક્યોની સત્યતા સિદ્ધ થવા બેઠી હોય ની! એવો રંગ દેખાવા લાગ્યો.

ભોગવિલાસમાં નિમગ્ન ન રહેવામાટેના પ્રતાપસિંહના ઉપદેશને ન ગણકારીને અમરસિંહે પોતાના નિવાસમાટે એક સુંદર સરોવરના તીરપ્રાંતમાં એક ભવ્ય અને વિશાળ મહાલય બંધાવ્યો અને તેને 'અમરમહાલય'નું નામ આપવામાં આવ્યું. એ મહાલય અદ્યાપિ કાયમ છે. મેવાડના રાજપુરુષોએ એ પછી જે મોટા મોટા પથ્થરના મહાલયો બંધાવેલા છે અને જેમાં તેઓ અદ્યાપિ રહે છે, તે મહાલયોની બાંધણી કરતાં એ 'અમરમહાલય'ની બાંધણી સર્વથા જૂદા જ પ્રકારની છે. એટલે કે, તે સમયના 'ગોથિક્' શિલ્પ પ્રમાણે એની રચના કરાયલી છે. અસ્તુ. એ 'અમરમહાલય'ને તે સમયના કેટલાક લોકો 'વિલાસમંદિર'ના નામથી પણ ઓળખતા હતા. 'અમરમહાલય'નું એ વિલક્ષણ નામ પડવાનું કારણ શું હતું, એ જાણવામાટે ભૂતકાળને ભેદીને આપણે એ મહાલયમાં પ્રત્યક્ષ પ્રવેશ કરવો જોઇશે; તો ચાલો પાઠકો તથા પાઠિકાઓ, આપણે અમરમહાલયમાં પ્રવેશ કરીએ અને તેમાંની અમરલીલાનું અવલોકન કરીને મનમાં ઉત્પન્ન થયેલી આતુરતાને શાંત પાડીએ.

રાત્રિ લગભગ એક પ્રહર જેટલી વીતી ગઇ હતી. એ વેળાયે અમરમહાલયમાં અનેક દીપકોનો દિવસ સમાન પ્રકાશ વિસ્તરેલો જોવામાં આવતો હતો અને તે પ્રકાશ સરોવરના સ્વચ્છ સલિલમાં પ્રતિબિંબિત થતાં જાણે ત્યાં નીચે તથા ઉપર મળીને બે મહાલયો અસ્તિત્વ ધરાવતા હોય ની ! એવો ઘડીભર ભ્રમ થઈ જતો હતો. ધીમે ધીમે આકાશમાં ચંદ્રમાનો ઉદય થતો જતો હતો અને તેથી સરોવરની સુન્દરતામાં વૃદ્ધિ થતી જોવામાં આવતી હતી. મહાલયનાં દ્વારપર સખ્ત ચોકી પહેરો રાખેલો હતો અને મહારાણાના ખાનગી દુરાચારી મિત્રો વિના બીજા કોઇને પણ અંદર જવા દેવાની પરવાનગી ન હોતી.

હવે આપણે જરા મહાલયના અંતર્ભાગમાં સંચાર કરીને ત્યાંનું અવલોકન કરીએ. અમરસિંહ જે વચલા ઓરડામાં બેસીને વિલાસ અથવા બીજા શબ્દોમાં કહીએ તો દુરાચાર સુખનો ઉપભોગ લેતો હતો, તે ઓરડાની લંબાઈ અને પહોળાઇ ચાળીસ કે પચાસ હાથથી ઓછી તો ન હોતી જ. એ ઓરડો ચોખૂણો હતો અને દરેક ભીંતમાં અનેક દરવાજા અને બારીઓ જોવામાં આવતાં હતાં. સ્થળે સ્થળે મોટાં મોટાં દર્પણો ભીંતે લટકતાં હતાં અને શૃંગારરસોત્પાદક કેટલીક છબિઓ પણ ત્યાં દૃષ્ટિગોચર થતી હતી. છતની કડીઓમાં ફૂલઝાડની કુંડીઓ લટકતી હતી અને બારીઓમાં દીપકમાળાની રચના કરેલી હતી. ઓરડામાં એક વિશાળ અને સારી કારીગરીનો બહુમૂલ્ય ગાલીચો પાથરેલો હતો અને તેની ઉપર

એક સ્થાને સુવર્ણનું રત્નજડિત એક સુંદર સિંહાસન ગોઠવેલું હતું. એ સિંહાસનના ઉપરિ ભાગમાં ચાર નાજુક થાંભલાઓને આધારે મોતીઓની ઝાલરવાળો જરીનો ભરેલો ચંદરવો છવાયલો હતો અને સિંહાસનમાં ગાદી તકિયા પણ એવા જ પ્રકારના રાખેલા હતા. સિંહાસન સમક્ષ ડાબી જમણી બન્ને બાજૂએ વીસ વીસ બીજાં નાનાં સુવર્ણાસનો ગોઠવેલાં હતાં અને સિંહાસનની આસપાસ ચામરધારિણી યુવતિઓને ઊભાં રહેવામાટેની વિપુલ જગ્યા રાખવામાં આવી હતી. સારાંશ કે, એ ઓરડાને એટલો બધો સુન્દર, સુશોભિત અને વિલાસમય બનાવવામાં આવ્યો હતો કે, જેની યથાર્થ કલ્પના ભાગ્યે જ કરી શકાય તેમ છે.

અત્યારે ઓરડામાં કેટલીક અતુલ રૂપવતી લલનાઓ નાના પ્રકારનાં વાદ્યયંત્રો તથા પક્ષવાદ્યો આદિને લઇને બેઠેલી અને તેમના સ્વરોને મેળવતી જોવામાં આવતી હતી. રાત્રિના પ્રથમ પ્રહરની સમાપ્તિ થતાં દૂરથી અમુક એક વિશેષ પ્રકારના સંગીતનો આલાપ સંભળાયો અને તે આલાપને સાંભળતાં જ તે સર્વ સુંદરીઓ ઊઠીને ઊભી થઇ ગઇ. થોડી વારમાં જ એ ઓરડામાં એક સ્વર્ગીય દેવીસમાન સૌન્દર્ય ધરાવતી સોળ શૃંગાર સજીને પધારેલી અનુપમ લાવણ્યવતી લલનાએ પ્રવેશ કર્યો અને તેને અન્ય સર્વ સુંદરીઓએ નમી નમીને નમસ્કાર કર્યા. એ બીજી બાળાઓ વાદ્યયન્ત્રોને વગાડીને સંગીતને આરંભતી હતી એટલામાં તે નવીન આવેલી અપ્સરાએ પોતાના ગાંધર્વકન્યા સમાન કંઠસ્વરથી કહ્યું કેઃ—

"ના;–હાલમાં આ ગાયનવાદનના વ્યવસાયને બંધ રાખો. મારા પ્રાણાધાર મહારાણાને પધારવા દો એટલે અમો સાથે મળીને જ એ આનંદનો આસ્વાદ લઇશું."

એ ચાર ક્ષણમાં જ એક દાસીએ આવીને નમ્રતાથી કહ્યું કેઃ મહારાણાજી પધારે છે."

એ સમાચાર સાંભળતાંજ સર્વ સુન્દરીઓ પોતપોતાના સ્થાનેથી ઊઠીને ઊભી થઇ ગઇ–તે નવીન સુંદરી પણ ધીમે ધીમે પોતાના આસનપરથી ઊઠી અને તેણે અમરસિંહ–મેવાડના મહારાણાને તેના કેટલાક રાતદિવસના મિત્રો સહિત ત્યાં આવતો જોયો. રાણાના આવતાં જ નમસ્કાર ચમત્કારનો પ્રકાર ચાલવા લાગ્યો. તે પોતાના આસનપર બેસી ગયો, અતુલ લાવણ્યવતી લલના તેની ડાબી બાજૂના બીજા આસનપર બેઠી, મિત્રો પણ સઘળા ગોઠવાઇ ગયા અને ગાયનવાદનની લીલાનો આરંભ થયો. એટલામાં અમરસિંહે આજ્ઞા કરી કેઃ "મદિરા લાવો અને નૃત્યસહિત ગાયન કરો."

આજ્ઞાનું તરત પાલન કરવામાં આવ્યું. દાસીઓએ મદ્યથી ભરેલી સુવર્ણસુરાહી અને સુવર્ણના પ્યાલાઓ એક સુવર્ણની થાળીમાં લાવીને હાજર કર્યાં. પેલી મુખ્ય સ્ત્રી પ્યાલા ભરી ભરીને અમરસિંહને મદ્ય પાવા લાગી. અમરસિંહ કાંઇ દારૂડિયો તો ન હોતો જ. માત્ર તબીયતને બહલાવવામાટે જ તે કોઇ કોઇ વાર કિંચિદ્ મદ્યપાન કરતો હતો. લગભગ ત્રણ ચાર પ્યાલા પીધા પછી તેના મગજમાં કાંઇક ખુમારી આવવા લાગી એટલે તેણે મદિરા પીવાનું બંધ કર્યું; અને ઉદ્ગાર કાઢ્યો કે: "યુદ્ધ અને વિગ્રહમાં જીવન વીતાડવા કરતાં આવા વિલાસમાં જીવનનો સદ્વ્યય કરવો એજ મનુષ્યાવતારની ખરી સાર્થકતા છે. મનોહારક હાસ્ય નૃત્યનો આરંભ હજી કેમ નથી કરાતો?"

આજ્ઞા થતાં જ રમણીઓ અથવા બીજા શબ્દોમાં બોલીએ તો વારવનિતાઓના હાવભાવ અને કટાક્ષયુક્ત નૃત્ય ગાનનો આરંભ થયો અને અમરના મિત્રોએ મદિરાનું પણ ઇચ્છા પ્રમાણે આનંદ અને સ્વતંત્રતાથી સેવન કરવા માંડ્યું. એ નૃત્ય ગાયનનો પણ અંતે કંટાળો આવવાથી અમરસિંહે તે મુખ્ય નારીને આજ્ઞા કરી કે: "દુલારી! હવે તું એક ચીજ સંભળાવ અને અમારા દિલને ઉન્મત્ત બનાવ. પણ ગાયન તારી દિલ્લીની ભાષામાં ગાજે કે, જેથી સર્વને વધારે કૌતુક થાય."

અહીં વાચકોએ જાણવું જોઇએ કે, એ દુલારી એક હિન્દુવેશ્યા હતી અને મૂળ દિલ્લીની રહેનારી હતી. અમરના વિલાસી સ્વભાવના સમાચાર સાંભળીને તે મેવાડમાં આવી હતી અને પોતે સંગીતશાસ્ત્રમાં પ્રવીણ તથા અતિશય રૂપવતી હોવાથી રાણાની બહુ જ પ્રિયપાત્ર થઇ પડી હતી. રાણાની આજ્ઞા થતાં જ સિતારના તારોને મેળવીને તેણે નીચે પ્રમાણે ગાવાની શરૂઆત કરી:

સંગીત

"કયસા જાદૂ કિયા સજની—મૈં તો વ્યાકુલ હો ગઇ
સારી રયન નીંદ ન આવેરે હાં—કયસા.
હમરે પિયાકો લે આવો જાવોરી—કયસે કાટું દિન રતિયાં ઉન બિન
હમ પે ટોનવા જી કર ગયે—સુખ ચયન હર ગયે આજ રે હાં—કયસા.
હયક્ હય મૌત હી આઇ ન કયામત આઇ;
ફિર સતાનેકો હમારે શબે ફુરકત આઇ;
દર્દને કયું ન મેરે હાલ પે કી હમ્દર્દી;
કયું ન હસરતકો મેરે હાલપે હસરત આઇ!—કયસા."

સંગીતની પૂર્ણાહુતિ થતાં જ સર્વના મુખમાંથી 'વાહ-વાહ-વાહ-વાહ'ના ઉદ્દગારો નીકળવા લાગ્યા અને અમરસિંહે દુલારીને ચુંબન તથા આલિંગનરૂપી ઇનામ આપીને તેની એ સેવાનો બદલો વાળી આપ્યો. એ પછી શૃંગારની ચેષ્ટાનો અંત આવ્યો અને તેના સ્થાનમાં દ્યૂતદેવી આવીને વિરાજમાન થયેલી દેખાવા લાગી. એટલે કે, અમરસિંહ પોતાના ખુશામદી મિત્રો સાથે જુગાર રમવામાં પ્રવૃત્ત થયો. રાણાના પ્રતિસ્પર્ધી રમનારાઓ તેને ખુશ કરવામાટે જાણી જોઇને હારી જતા હતા. રાણા તરફથી તેના એક પ્રતિનિધિ તરીકે બીજો જ માણસ પાસા ઢાળતો હતો અને રાણો બેઠો બેઠો જોયા કરતો હતો. રાણાની પાસે જ દુલારી ઊભી ઊભી પંખાવતી વાયુ ઢોળ્યા કરતી હતી. બીજી એક સુંદરી રાણાના ખોળામાં માથું મૂકીને લેટી ગઈ હતી અને મધુર સ્વરથી કાંઇક ગાયા કરતી હતી. એ દુલારીની એક સ્વરૂપવતી શિષ્યા હતી અને તે પણ રાણાને પ્રેમજાળમાં સપડાવવા માટેના પોતાથી બનતા પ્રયત્નો કર્યા કરતી હતી. થોડાક અંતરે એક બીજી નારી દર્પણ સમીપ બેસી નાકમાંની નથને હીલવતી પોતાના સૌન્દર્યના વસંત ઋતુનું દર્શન કરીને મનમાં હર્ષાતી હતી. એટલામાં બહારથી એક દરબાને આવીને સમાચાર સંભળાવ્યા કે: "બહાર કેટલાક સરદારો મહારાણાજીના દર્શનમાટે પધાર્યા છે અને અહીં આવવાની આજ્ઞા માગી રહ્યા છે."

"પાછો વળી એ જ યુદ્ધનો પ્રસ્તાવ કે?" અમરસિંહે તે દ્વારપાળની વાત સાંભળતાં જ પોકાર કરીને કહ્યું.

"પાછો વળી એ જ યુદ્ધ અને વિગ્રહનો પ્રસ્તાવ કે?" હજી તો રાણાના શબ્દો પૂરા બોલાયા પણ ન હોતા, એટલામાં તેના એક હાજી હા કરીને સત્યાનાશ કાઢનાર મિત્રે પ્રતિધ્વનિ સમાન તેના વાક્યનો પુનરુચ્ચાર કર્યો.

"કોઈ પ્રાંતમાં તો શું પણ કોઇ રાજ્યમાં પણ આજકાલ યુદ્ધનું નામ સાંભળવામાં આવતું નથી. આપણા દેશમાં પણ યુદ્ધ કે લડાઇનું નામ નિશાન નથી. પણ અહીંના નવરા સરદારોને લડાઇ વગર બીજું કોઇ કામ જ નથી સૂઝતું. એ દુઃખ તે કોની આગળ જઇને કહેવું!" બીજા એક સવાયા ખુશામદી ટટ્ટૂએ ટાપસી પૂરી.

"પૂર્વે જો કે યુદ્ધના પ્રસ્તાવો થતા હતા, પણ તે સમયે વિગ્રહની આવશ્યકતા હતી. અત્યારે એવી કશી પણ આવશ્યકતાને હું જોઇ શકતો નથી." અમરસિંહે કહ્યું.

"હા—આપ કહો છો, તે તો યુદ્ધનો જ કાળ હતો અને તેથી યુદ્ધ થાય એ સ્વાભાવિક જ હતું. તે કાળ તો એવો હતો કે, પ્રતિદિન વિગ્રહ થયા કરતો હતો અને ક્ષણે ક્ષણે એમાટેના પ્રસ્તાવો પણ થતા હતા. પણ અત્યારે કાંઇ તેવો સમય નથી." ત્રીજાએ હા જી હાનો વ્યાપાર ચલાવ્યો.

"હાલમાં તો લડાઇની કશી પણ જરૂર દેખાતી નથી. ત્યારે વિના કારણ આપણને આવી અને આટલી બધી મંત્રણાની યંત્રણા શામાટે આપવામાં આવતી હશે, એ કાંઇ સમજી શકાતું નથી." ચોથાએ પોતાની મોભાગ્રબુદ્ધિનું પ્રદર્શન કરાવ્યું.

"જેમ સ્વાભાવિક રીતે જ અત્યારે યુદ્ધની આવશ્યકતા નથી, તેમ જ જાણી જોઇને વિગ્રહને ઉપસ્થિત કરવાનું પણ કાંઇ પ્રયોજન મને તો જણાતું નથી. જુઓ ને, રાજપૂતાનાના અત્યારે જેટલા રાજાઓ છે, તે સર્વેએ મુગલો સાથે સંધિ કરીને મિત્રતા કરી લીધી છે. માત્ર આપણા મહારાણાજી જ એ વિષયમાં અત્યાર સુધી કાંઇ પણ ધ્યાન નથી આપતા." પ્રથમ મિત્રે પોતાના સમાનશીલવ્યસન મિત્રોને ઉદ્દેશીને કહ્યું. પણ એ વાત અમરસિંહને સંભળાવવાનો જ તેનો અંતઃસ્થ હેતુ હતો.

"બાદશાહ સાથે મિત્રતા કરવામાં કેટલા બધા લાભો સમાયલા છે, એની અદ્યાપિ મહારાણાજીના મનમાં કલ્પના આવેલી નથી. જો આપણા રાણાજી બાદશાહ સાથે મૈત્રીનો સંબંધ બાંધી લે, તો તો પછી બીજું જોઇએ જ શું? બાદશાહ આપણને કેટલીયે નવી નવી જાગીરો આપશે અને દિલ્લીમાં મહારાણાજીના નિવાસમાટે આવો જ એક મોટો મહાલય પણ બંધાવી આપશે." બીજા મિત્રે પોતાના મૂળ મંત્રની વિસ્તારથી ટીકા કરી સંભળાવી.

મહાલયનું નામ સાંભળીને દુલારી બોલી ઊઠી કે: "દિલ્લીમાં મહાલય બંધાય, તો તો આપણે બધાં ત્યાં જ જઇને વસીએ તો. અહીંનાં હવા પાણી કરતાં દિલ્લીનાં હવા પાણી વધારે સારાં છે."

"જો એમ બને, તો તો પછી આનંદનો અવધિ જ થઇ જાય ને શું!" દુલારીની શિષ્યાએ ટાપસી પૂરી.

"ચાલો ત્યારે મહારાજ! આપણે દિલ્લીમાં જ જઇને આપણો નિવાસ કરીએ ને સુખમાં દિવસ વીતાડીએ. આ યુદ્ધપ્રિય સામંતોના ત્રાસથી તો આપણો છૂટકો થાય!" દુલારીએ આગળ પડીને ઉપદેશ કર્યો અને અમરસિંહના ઉત્તરની તે આતુરતાથી પ્રતીક્ષા કરવા લાગી.

અમરસિંહે કોઇની વાતનો કશો પણ જવાબ આપ્યો જ નહિ. એ મૌનવ્રતનું કારણ એ હતું કે, જેમ તેના મનમાં શાંતિને ભોગવ-

વાની લાલસા હતી તેમ જ કીર્ત્તિને મેળવવાની ઇચ્છાનો પણ નિવાસ હતો. હવે શાંતિને ભોગવવી કે કીર્ત્તિને મેળવવાનો પ્રયત્ન કરવો, એ પ્રશ્નના ગંભીર વિચારમાં તે નિમગ્ન થઈ ગયો. ક્ષણે ક્ષણે રાણાના મનમાં ઉત્તેજનનો આવિર્ભાવ અને તિરોભાવ થવા લાગ્યો. પ્રથમ તેના મનમાં એ વિચાર આવ્યો કે: "યુદ્ધ કર્યા વિના જ પોતાના પૂર્વજોના રાજ્યને શત્રુ; અને તે પણ વળી વિધર્મી હિન્દુધર્મદ્રોહી શત્રુના હાથમાં સોંપી દેવું, એ શું મારા માટે ઉચિત છે કે? વિધર્મી સમ્રાટ્‌ના દાસત્વને સ્વીકારવાથી જ મારી શોભામાં વૃદ્ધિ થવાની છે કે શું? ના ના–કદાપિ નહિ!" એક ક્ષણે એવા વિચારોનો ઉદ્‌ભવ થતો હતો પણ અન્યક્ષણે તે કુલટા કામિનીઓનાં ચંદ્ર સમાન મુખમંડળોને જોતાં અને તેમની પ્રેમથી ભરેલી મીઠી મીઠી વાતોને સાંભળતાં જ તેનો એ બધો જુસ્સો ક્યાંનો ક્યાંય ચાલ્યો જતો હતો. અત્યંત સુસજ્જિત 'અમર-મહાલય'ના દર્શનથી અને સરોવરની શોભા તથા પુષ્પવાટિકામાંના સુગંધથી તે બિલકુલ બાયલો બની જતો હતો; એટલે કે, વિલાસની એ વસ્તુઓનું સ્મરણ થતાં જ તેના શૌર્યનો અચાનક સંહાર થઈ જતો હતો.

દુર્ભાગી દ્વારપાળ ઉત્તરની આશામાં ને આશામાં ત્યાંનો ત્યાં જ પાષાણની પ્રતિમા સમાન નિશ્ચલ ઊભો હતો, પરન્તુ તેને કાંઇ પણ ઉત્તર ન મળવાથી તે નિરાશ થઈ ગયો અને મહાધર્મસંકટમાં આવી પડ્યો; કારણ કે, મહારાણાની આજ્ઞા વિના ત્યાંથી ખસી શકાય તેમ ન હોવાથી નિરુપાય થઈને તેને ત્યાં જ ઊભા રહેવાની ફરજ પડી.

હવે એમને આપણે એવી અવસ્થામાં જ છોડીને બહાર ખોટી થતા સરદારોની થોડી ઘણી ભાળ લઈએ. ચાલો ત્યારે, વાચકો, આપણે મહાલયમાંથી બહાર જઈએ.

ષષ્ઠ પરિચ્છેદ

ચંદાવત્ કૃષ્ણનો ઉપદેશ અથવા સુષુપ્તિ અને જાગરણ

"યુદ્ધથકી ગભરાય જે, નહિ તે ક્ષત્રિય બાળ;
રાજપૂત તે છે ખરો, જે થાય શત્રુનો કાળ.
દે શીતળતા સૂર્ય તો, સૂર્ય કદા ન કથાય;
તમ તેજથી હીન તે, પંઢ ચંદ્ર કહેવાય." **અજ્ઞાત કવિ.**

પૂર્ણિમાનો દિવસ આવતાં ન આવતાંમાં તો મેવાડના સર્વ સરદારો, જાગીરદારો અને રાજાઓ ઉદયપુરમાં આવીને એકઠા થઈ ગયા.

પૂર્ણિમાના દિવસે સંધ્યા સમયે યુવરાજ કિરણસિંહ સાથે મળીને સર્વ સરદારોએ એક સભા ભરી અને 'હવે પછી શું કરવું અને શું નહિ?' એ વિષયપર તે સભામાં વાદવિવાદ ચાલવા લાગ્યો. અંતે ઘણાક ઊહાપોહ પછી એવો નિશ્ચય કરવામાં આવ્યો કે: 'સર્વ સરદારોએ જઈને મહારાણાજીને વિપત્તિનો સમગ્ર વૃત્તાંત કહી સંભળાવવો અને જો એનું કોઈ પણ સારૂં પરિણામ ન આવે, તો વિનયથી રાણાને વિલાસની નિદ્રામાંથી જાગૃત કરવાની ચેષ્ટા કરવી. પણ દુર્ભાગ્યયોગે જો એ ઉપાયનું પણ કાંઈ ફળ ન થાય, તો પછી ત્રીજો પ્રયત્ન એ કે, બળાત્કાર કરીને પણ રાણાને કર્તવ્યપાલનમાં પ્રવૃત્ત કરવા.' એ પ્રમાણે તેમણે પ્રથમ અને દ્વિતીય પ્રકારના પ્રયત્નો કરી જોયા, પણ એનું જ્યારે કશું પણ પરિણામ આવ્યું નહિ, ત્યારે તેમણે તૃતીય ચેષ્ટાનો ઉદ્યોગ કરવા માંડ્યો. એક દિવસ રાત્રિના સમયે સર્વ સરદારો એકઠા થઈને 'અમરમહાલય'ના દ્વાર પાસે આવીને ઊભા રહ્યા; કારણ કે, મહારાણો રાત્રિનો સમય બહુધા ત્યાં જ વીતાડતો હતો, એ વાતને તેઓ સારી રીતે જાણતા હતા. સરદારોએ ત્યાંના દ્વારપાળ દ્વારા કહેવડાવ્યું કે: "જઈને રાણાજીને કહો કે, સરદારો આપને મળવામાટે બહાર આવીને ઊભા છે." એ સંદેશ લઈને દ્વારપાળ અમરસિંહ પાસે ગયો અને સંદેશ સંભળાવ્યો પણ ખરો, પરંતુ તે બિચારાને એનો કશો પણ જવાબ આપવામાં ન આવ્યો, એ આપણે ગત પરિચ્છેદના અંતમાં જાણી આવ્યા છીએ, એટલે એના વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. અસ્તુ.

અંતે એ સરદારો જ્યારે બહાર ઊભા રહી રહીને બહુ જ કંટાળી ગયા અને તેમની આંખો દૂખવા આવી, ત્યારે રાણાના ઉત્તરની વાટ ન જોતાં જીવપર ઉદાર થઈને તેમણે તત્કાળ મહાલયમાં પ્રવેશ કર્યો. સર્વના અગ્રભાગે સાલુમ્બ્રા સરદાર ચંદાવત કૃષ્ણસિંહ હતો, તેની પાછળ માલતીગઢનો રાજા મહાતપસિંહ અને એની પછી અનુક્રમે બીજા સરદારોએ અમરમહાલયના અંતર્ભાગમાં પ્રવેશ કર્યો. સર્વ સરદારોને આમ એકાએક પોતાનાં નેત્રો સમક્ષ આવી ઊભેલા જોઈને અમરસિંહ લજ્જિત, વિરક્ત અને દિગ્મૂઢ જેવો બની ગયો. પણ અંતે કાંઈક હિમ્મત લાવીને તે કહેવા લાગ્યો કે: "મારા સરદારો! અહીં આપ અત્યારે શી ઇચ્છાથી આવેલા છો અને આપનો ઉદ્દેશ શો છે, તે સત્વર મને કહી સંભળાવો!"

સાલુમ્બ્રાસરદારે ધીરતા અને ગંભીરતાથી ઉત્તર આપ્યું કે: "અમો અત્યારે મહારાણાજીને ભ્રમાંધકારમાંથી ઊગારી લેવાને જ આવ્યા

છીએ અને આપને આ મોહની નિદ્રામાંથી જાગૃત કરવા એજ અમારો ઉદ્દેશ છે."

"પરંતુ આવી વિચિત્ર અને વિલક્ષણ રાજભક્તિનું ઉદાહરણ તો મેં કદાપિ જોયું ન હોતું અને સાંભળ્યું પણ ન હોતું. શું તમારૂં આ વર્તન તમોને યોગ્ય લાગે છે કે?" અમરસિંહે વિરક્તદર્શક ભાવથી કહ્યું.

અમરસિંહના આ ઉદ્દગાર સાંભળીને તેના ખુશામદી મિત્રો વચ્ચે ટાપસી પૂરીને હાજી હા કરતા બોલવા લાગ્યા કે: "ના, મહારાજ! કદાપિ નહિ. કોઈ દેશમાં આવો બનાવ તો બન્યો જ નથી. જોવું તો દૂર રહ્યું, પણ સ્વપ્નમાં પણ આવી બીના જોવામાં નથી આવી, અને આ સરદારો—"

બસ એ ખુશામદી ટટ્ટુઓ વધારે કાંઈ પણ બોલી શક્યા નહિ. તેમની વાત તેમના મોઢામાં જ રહી ગઈ; કારણ કે, મહાતપસિંહ પોતાની તલ્વારને ખેંચીને તેમના માથાપર જઇને ઊભો રહ્યો અને આંખોમાંથી અગ્નિના કણોને વર્ષાવતો કહેવા લાગ્યો કે: "આશા છે કે, હવે, આ ખુશામદી કૂતરાઓની જીભ શાન્ત થઈ જશે. જો એમ નહિ થાય તો તેને આ તલ્વારની ધારનો સ્વાદ ચાખવો પડશે."

પુનઃ સાલુંબ્રાપતિ અમરસિંહને સંબોધીને કહેવા લાગ્યો કે: "આપનો જન્મ પ્રસિદ્ધ વીર અને પૂજનીય 'શિશોદિયા' વંશમાં થયેલો છે, એ વાતને શું આપ ભૂલી ગયા છો કે? પોતાના પૂર્વજોની કીર્ત્તિનો શું આપના મનમાં જરા પણ વિચાર નથી થતો કે? આપના વંશમાં અત્યાર સુધીમાં જે અનેક વીર પુરુષો થઈ ગયા છે, તે સર્વના નામોનો અત્યારે હું આપ સમક્ષ ઉચ્ચાર કરી જાઉં કે?"

સરદારશિરોમણિ ચંદાવત્ કૃષ્ણ એમ બોલીને કેટલીક વાર સુધી ચુપ રહ્યો અને કાંઇ પણ જવાબ ન મળવાથી પુનઃ વાગ્બાણને ચલાવતો કહેવા લાગ્યો કે: "રાજન્! જરા કમળમેરની વાતને યાદ કરો, પિતા પ્રતાપસિંહનાં સંકટોનું સ્મરણ કરો અને ક્ષત્રિયધર્મની સ્મૃતિને પણ તાજી કરો. અદ્યાપિ આપની સ્મરણશક્તિ એટલી બધી મલિન નથી થઇ ગઇ કે, એ સર્વ ઘટનાઓને આપ ભૂલી ગયા હો! શું રાજસ્થાનની સ્ત્રીસેનાની કીર્ત્તિનાં ગીત આપના સાંભળવામાં નથી આવ્યાં કે? તેઓ પોતાનાં કોમળ શરીર પર લોહકવચ ધારણ કરીને અને પોતાના સુકોમળ હસ્તોમાં તલ્વાર ને ભાલા આદિ શસ્ત્રાસ્ત્રો ઉપાડી કેશકલાપને મુક્ત મૂકી ભગવતી ચંડીનો અવતાર લઇ સ્વદેશના રક્ષણમાટે અને સ્વાતંત્ર્ય તથા ધર્મના ઉદ્ધારમાટે શત્રુઓ સાથે રણભૂમિમાં લડીને પોતાના જીવનનો ઉત્સર્ગ કરી ગઇ છે—પરાધીનતાના

પાપથી સર્વથા અલિપ્ત રહીને પોતાની પાછળ જગતમાં અક્ષય્ય કીર્ત્તિને છોડી ગઈ છે, તો એટલું સામર્થ્ય પણ શું આપ પુરુષ હોવા છતાં નથી ધરાવતા?"

અમરસિંહ તો પ્રથમ પ્રમાણે નિરુત્તર જ રહ્યો. એટલે ચંદાવત્ સરદાર આગળ વધીને કહેવા લાગ્યો કે: "મહારાજ! મેવાડની એ અબળાઓ કોમળ કામિનીઓ હોવા છતાં પણ શું કરી ગઈ છે અને આપ કઠોર પુરુષ હોવા છતાં પણ કેવાં કાર્યોમાં નિમગ્ન થયેલા છો, એ અંતરાયનો વિચાર કરી જુઓ! જે મેવાડભૂમિનો બાર વર્ષનો સુકોમળ બાળક પણ અદ્ભુત રણકૌશલ્યથી યુદ્ધ કરવાને ઉદ્યુક્ત થઈ જાય છે, તે જ ભૂમિના આપ એક પૂર્ણ યુવા પુરુષ અને નેતા હોવા છતાં સાધારણ મદનયુદ્ધમાં આમ પરાજિત થઈને નિરુત્સાહ થઈ ગયા છો, એનો આપના હૃદયમાં લેશમાત્ર પણ શોકયુક્ત પશ્ચત્તાપ નથી થતો કે? સૂર્યવંશના રાજા થઈને આવી રીતે કાયર અને બાયલા બનીને આપ બેસી રહો, એ મહાખેદનો વિષય છે. હજી તો પોતાના જીવનકાળમાં આપે ઘણાં ઘણાં મહાન્ કાર્યો કરવાનાં છે. આપ જાણો છો કે, અદ્યાપિ ચિત્તોડનો ઉદ્ધાર નથી થયો!"

જાણે ચંદાવત્ કૃષ્ણનો ઉપદેશ જરા પણ તે સાંભળતો ન હોય અને મૂક તથા બધિર જ બની ગયો હોય ની! તે પ્રમાણે જ અમરસિંહ કાંઈ પણ બોલ્યા વિના નીચું માથું કરીને બેસી રહ્યો હતો. ક્ષણે ક્ષણે ચંદાવત્ સરદારના મનમાંનો કોપાગ્નિ વધારે અને વધારે પ્રદીપ્ત થતો જતો હતો. તે આંખોને લાલચોળ કરી સિંહસમાન ગર્જનાથી પુનઃ બોલવા લાગ્યો કે:-

"અકબર સાથેના યુદ્ધનું કનિષ્ટ કે શ્રેષ્ઠ જે પરિણામ આવવાનું હતું તે આવી ચૂકયું હતું અને મહાપ્રતાપી પ્રતાપરાણાના જીવનના અંતિમ દિવસે મેવાડના મુખ્ય માંડલિક રાજાઓ અને સરદારો આપના પિતાની તૃણશય્યા સમક્ષ બેસી નીચું મુખ કરી નેત્રમાંથી અશ્રુ વર્ષાવ્યા કરતા હતા, અને આપ પોતે પણ એ સમયે પોતાના મરણોન્મુખ પિતા સમક્ષ બે હાથ જોડીને ઊભા હતા. જીવમાં અંતિમ યાતના થતી હોવા છતાં પણ પ્રતાપસિંહ અત્યંત અસ્પષ્ટ ધ્વનિથી "ચિત્તોડ! ચિત્તોડ!!" એવો જ ઉચ્ચાર કર્યા કરતા હતા. એ ઘોષ સર્વના સાંભળવામાં આવ્યો હતો અને એથી સર્વનાં અંતઃકરણો અત્યંત વિહ્વળ થઈ ગયાં હતાં. થોડી વાર પછી પ્રતાપરાણાએ પોતાનાં નેત્રોને ઊઘાડ્યાં હતાં અને આપને જોઈને એક ગંભીર નિઃશ્વાસ નાખ્યો હતો. તેમની એવી અવસ્થા જોઈને મેં પૂછ્યું હતું કે: 'મહા-

રાજ ! આપના હૃદયમાં શી વ્યથા થાય છે ? આપની યોગમયી શાન્તિનો ભંગ શાથી થાય છે ? મહારાજ ! અમો સર્વ આપ સમક્ષ ઊભા છીએ–કહો–આપના મનની શી ઇચ્છા બાકી રહી છે ?' એના ઉત્તરમાં પરલોકના પ્રવાસની તૈયારી કરતા રાણાજીએ એવાં વાક્યો ઉચ્ચાર્યાં હતાં કે: 'સરદાર ! હું મહાદુર્ભાગી છું ! મને મરણ પણ સુખપૂર્વક પ્રાપ્ત નથી થતું ! ચંદાવત્ ! કહો, કુમાર અમરસિંહ મારા વ્રતની પરિપૂર્ણતા કરશે ?' આપે એ ક્ષણે વીરાસન વાળી હાથ જોડીને કંપિત સ્વરે કહ્યું હતું કે: 'પિતાજી ! મારા વચનમાં વિશ્વાસ રાખો ! હું પિતાના વ્રતની પરિપૂર્ણતા કરીશ !' આપની એ પ્રતિજ્ઞાને સાંભળીને મહારાણા ફરી બોલ્યા હતા કે: 'વ્રતની ઉદ્યાપના કરીશ ? તારૂં સુકુમાર શરીર આવાં કષ્ટો સહન કરી શકશે ? છાતીએ આગની અંગીઠી બાંધીને સ્વદેશના ઉદ્ધારમાટે પોતાના પ્રાણ અર્પવાને તું સમર્થ થઇ શકીશ ખરો ?' એનું આપે શું ઉત્તર આપ્યું હતું, એ આપને સાંભરે છે ખરૂં કે ? ન સાંભરતું હોય, તો હું યાદ દેવડાવીશ. તે વીરત્વ-દર્શક ઉત્તર હતું કે: 'હા; પૂજ્ય પિતાજી ! હું સમર્થ થઇ શકીશ ! પ્રતાપનો પુત્ર કોઇ કાળે પણ અસત્ય ભાષણ કરે, એ સંભવે જ નહિ.' આપના એ આશ્વાસનથી પણ સંતોષ ન થવાથી પ્રતાપસિંહે પુનઃ શંકા દર્શાવીને કહ્યું હતું કે: "આ વેશ, આ પર્ણકુટી અને આ શય્યા–વિશેષ વૈભવ નહિ–બની શકશે કે ?" એના જવાબમાં આપે દૃઢતા બતાવીને જણાવ્યું હતું કે: 'એવો કુલાંગાર કોણ હોય કે, જે પોતાના પિતાની અંતકાળની આજ્ઞાનું ઉલ્લંઘન કરે ? પિતાજી મરતાં સુધી હું ચિત્તોડના ઉદ્ધારનો પ્રયત્ન કરતો રહીશ. એ પ્રતિજ્ઞા હું ધર્મને સાક્ષી રાખીને કરૂં છું. આપની આત્મશક્તિ મારી સહાયિકા થાઓ !' એ પ્રતિજ્ઞા સાંભળી 'હવે હું સુખે મરીશ !' એમ બોલી મરણોન્મુખ મહા-રાણાએ આપને કાંઇક સંકેત કર્યો અને આપે પોતાનું મુખ તેમના મુખ પાસે રાખ્યું. આપના મસ્તકપર હાથ રાખીને તેમણે આશીર્વાદ આપ્યો અને કહ્યું કે: 'આ પંક્તિને સદા સર્વદા સ્મૃતિમાં રાખજે: 'संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते' એમ કહીને મહારાણાએ મારા તરફ જોઇને કાંઇક વિકટ હાસ્ય કર્યું હતું. એનો ભાવાર્થ હું સમજી ગયો અને તે એ જ કે, આપનાં વચનોમાં તેમનો જોઇએ તેટલો વિશ્વાસ બંધાતો ન હોતો અને તેથી મેં તેમને એવું આશ્વાસન આપ્યું હતું કે: 'મહારાણાજી ! જ્યાં સુધી હું જીવતો છું, ત્યાં સુધી તો કુમાર પિતૃ-વ્રતનું ઉલ્લંઘન કરી શકશે નહિ. હું રાત દિવસ એનાપર ધ્યાન રાખીશ. આ મારૂં અંતિમ વચન છે. આપ નિશ્ચિન્ત થાઓ !'

એ પછી આપના પિતાના મુખમંડળમાં અપૂર્વ અને અલૌકિક હાસ્યની છટા દૃષ્ટિગોચર થવા લાગી. તે આસન્ન મરણ મુખમુદ્રામાં સ્વર્ગીય લાવણ્ય ઝળકવા લાગ્યું. તે હાસ્ય અને તે લાવણ્ય હજી તો દૃષ્ટિ-ગોચર થતાં હતાં, એટલામાં અચાનક તે સ્વદેશપ્રેમી, પરમપુણ્યશીલ, વીરોના વીર, અર્જુનના અવતાર, મેવાડના ચક્રચૂડામણિ અને રાજ-સ્થાનના દિવ્યરત્ન મહાપુરુષે પોતાના આયુષ્યના મધ્યાહ્નકાળમાં જ પોતાનાં નેત્રોને સદાને માટે બંધ કરી લીધાં અને તેઓ પરિશ્રમથી મેળવેલું રાજ્ય આપના હાથમાં આપી ગયા. હવે આપને બે વાતોનો વિચાર કરવાનો છે, કાં તો મરણ સમયે પિતાને જે વચન આપે આપેલું છે, તેની પૂર્તિ કરો કે પછી આપને વિલાસમાં ન પડવા દેવાની અને પિતૃવ્રતથી ન ચળવા દેવાની મેં જે તે મહાપુરુષ સમક્ષ પ્રતિજ્ઞા કરી હતી, તેનું પાલન કરવાની મને સ્વતંત્રા આપો!"*

પિતાના પરલોકપ્રયાણ સમયનું ચિત્ર નેત્રો સમક્ષ આવીને ઊભું રહેવાથી અમરસિંહનાં નેત્રોમાંથી બે ચાર અશ્રુબિન્દુ ટપકી પડ્યા. છતાં પણ તેના ચિત્તમાં આવેશનો આવિર્ભાવ થયો નહિ અને તે કાંઇ પણ બોલ્યો નહિ. એટલે વૃદ્ધ ચંદાવત કૃષ્ણ પુનઃ ગર્જના કરીને કહેવા લાગ્યો કેઃ—

"મહારાજ! ઉદયપુરનાં દ્વારપર્યન્ત તો શત્રુઓ આવી લાગ્યા છે, છતાં ઉદયપુરના રક્ષક હોવા છતાં આપ નિશ્ચિન્ત થઇને બેઠા છો અને ક્ષણિક ભોગવિલાસમાં પોતાના અમૂલ્ય જીવનનો વિનાશ કરી રહ્યા છો, એ શું આપને શોભા આપે છે કે? કદાચિત્ આપની એવી ધારણા હશે કે, મુગલોની આધીનતાનો અંગીકાર કરી લેવાથી હવે પછીનો સમસ્ત કાળ આનંદ અને સુખમાં જ વીતી જશે. પણ મહા-રાણાજી! આપની એ આશા સર્વથા વ્યર્થ છે; વંધ્યાપુત્ર અને આકાશ-કુસુમ સમાન છે! એ તો નિશ્ચયપૂર્વક જાણી લેજો કે; પરાધીનતાથી કોઇ કાળે પણ સત્ય સુખની પ્રાપ્તિ થઇ શકતી નથી. મહાન્ વિદ્વાનો પણ એમ જ કહી ગયા છે કેઃ

'पराधीनं वृथा जन्म परस्त्रीषु वृथा सुखम् ।
परगेहे वृथा लक्ष्मीर्विद्या या पुस्तके वृथा'' ॥ †

---

* ચંદાવત્ કૃષ્ણે પ્રતાપની કેવી સેવા બજાવી હતી, તેનું સવિસ્તર વર્ણન 'ગુજરાતી'ની ઇ. સ. ૧૯૦૬ ની ભેટ 'હળદીઘાટનું યુદ્ધ' નામક પુસ્તકમાં આવી ગયું છે. આ સંભાષણમાં જે પ્રતાપ, અમરસિંહ અને ચંદાવત્ કૃષ્ણનાં ભૂતકાલિક વાક્યો આવે છે, તે બધાં તે ગ્રંથમાંનાં જ છે અને પ્રસંગોચિત જાણીને અહીં લેવામાં આવ્યાં છે.

† વૃથા જન્મ પરતંત્ર ને, ત્યમ પરનારીભોગ;
પરગૃહમાં લક્ષ્મી વૃથા, પુસ્તકવિદ્યાયોગ."

—અત્યારે તો આપની કદાચિત્ એવી જ માન્યતા હશે કે, વિધર્મી સમ્રાટ્ આધીન થઈ રહેવાથી કોણ જાણે કેટલાં બધાં વૈભવસુખો આવી મળશે; પરંતુ જ્યારે જરા જરા વાતમાં ભયંકર અપમાનને સહન કરવાના પ્રસંગો પ્રાપ્ત થશે, અત્યંત કરના ભારથી મસ્તક દબાવા માંડશે અને નાના પ્રકારની પીડાઓ ભોગવવી પડશે—જ્યારે આપનામાં સ્વતંત્રતાને પ્રકાશિત કરવાની અલ્પ શક્તિ પણ અવશિષ્ટ રહેવા નહિ પામે અને આજ્ઞા વિના એક પગલું ચાલવામાટે ભયંકર શિક્ષાને ભોગવવાનો સંભવ સ્પષ્ટ દૃષ્ટિગોચર થશે, ત્યારે જ પરતંત્રતામાં સુખ છે કિંવા દુઃખ છે, એની ખરી કલ્પના આપ કરી શકશો. પણ એવો અશુભ પ્રસંગ આવે તે પૂર્વે જ જાગૃત થાઓ; મહારાજ ! પોતાના પૂર્વજોની ઉજ્જવલ કીર્ત્તિને કલંકિત ન કરો; પોતાના નિષ્કલંક કુળને અધઃપાતથી બચાવી લ્યો—પિતાને આપેલા વચનનું યથાર્થ પાલન કરો. એમાં જ આપની અને અમો બધાની શોભા સમાયલી છે. મારાથી હવે વધારે બોલી શકાતું નથી."

અમરસિંહે મૌનવ્રત ધારણ કરેલું હોવાથી ચંદાવત્ સરદારના એક પણ પ્રશ્નનું ઉત્તર આપ્યું નહિ. થોડી વાર સુધી બધા ચુપ થઇને ઊભા રહ્યા. ચંદાવતના મનમાં ધીમે ધીમે ક્રોધ અને ઘૃણાનો એક સમયાવચ્છેદે ઉદય થવા લાગ્યો. તેને જાણે પોતાના મસ્તકમાં અગ્નિની જ્વાળા પ્રકટી હોય ની, એવો ભાસ થયો. ગાલીચાપર મદિરાની જે સુવર્ણસુરાહી પડી હતી તેને તેણે તરત ઉઠાવી લીધી અને એક ગાંડા માણસ પ્રમાણે મોટા દર્પણપર તેનો પ્રહાર કર્યો. જોતજોતામાં તે વિશાળ દર્પણના કકડે કકડા થઈ ગયા. એટલામાં ઓરડાના અંતર્ભાગમાં મહાકોલાહલ થતો સંભળાયો. સાલુંબ્રાપતિ આંખો ફેરવીને સર્વ સરદારોને કહેવા લાગ્યો કેઃ "મેવાડના શૂરવીર અને કૃતજ્ઞ સરદારો ! આજે પ્રાણ અર્પીને પણ આપણે મહારાણા પ્રતાપસિંહના પુત્રને શાશ્વત કલંકથી મુક્ત કરવો જો એ."

એટલું કહી સાલુમ્બ્રાસરદારે અમરસિંહનો હાથ પકડીને તેને આસનપરથી નીચે ઊતાર્યો. અમરસિંહના મનમાં એથી ઘણું જ માઠું લાગ્યું—વિશેષતઃ સ્ત્રીઓની વચ્ચે થયેલું એ અપમાન અસહ્ય થઈ પડયું—તે ક્રોધથી લાલ પીળો થઈ ગયો અને સરદારોને ઉદ્દેશીને જેમ ફાવે તેમ બકવા લાગ્યો. પણ એના અપશબ્દોનો કોઇએ જરા પણ વિચાર કર્યો નહિ અને કાંઈ જવાબ પણ વાળ્યો નહિ. સર્વ સરદારો મળીને તેને 'અમરમહાલય'માંથી બહાર લઇ આવ્યા. એ વખતે લગભગ ઉષઃકાળ થવા આવ્યો હતો અને મંદ મંદ પ્રકાશની છટા સર્વત્ર

વિસ્તરી ગયેલી જોવામાં આવતી હતી. મહાલયની બહાર ચોગાનમાં કેટલાક સુસજ્જિત અશ્વોને ઊભા રાખવામાં આવ્યા હતા. જે અશ્વ તેજસ્વી અને દ્રુતગતિ હતો, તેપર બેસવાનો સરદારોએ અમરસિંહને આગ્રહ કર્યો. શું કરે? તે બિચારો નિરુપાય થઈ ગયો હતો અને સરદારોની શક્તિને આધીન થઈ ગયો હતો. તે કાંઈ પણ બોલી શક્યો નહિ અને કાંઈ કરવાનું સામર્થ્ય તો તેનામાં હતું જ નહિ; એટલે તેનાં નેત્રોમાં અશ્રુ ભરાઈ આવ્યાં. સર્વ સરદારોએ જોયું કે, તેના ગણ્ડદેશમાંથી પ્રબળ વેગવતી અશ્રુધારા વહન કરતી હતી. છતાં હૃદયને કઠિન કરીને કોઇએ પણ તે તરફ વધારે ધ્યાન આપ્યું નહિ. કિંતુ પોતપોતાના અશ્વપર આરૂઢ થઇને અને અમરસિંહને પોતાની જોડે લઇને તે સરદારો વાયુના વેગે આગળ વધવા લાગ્યા. જતી વખતે સર્વેએ સાથે મળીને 'શ્રી એકલિંગજીનો જય!' એવો જયધ્વનિ કર્યો હતો.

કેટલાક અંતરે યુવરાજ કિરણસિંહ સેનાસહિત ઊભો રહીને એ સરદારોના આવવાની વાટ જોયા કરતો હતો. સરદારો અમરસિંહને લઇને તે સ્થળે આવી પહોંચ્યા. ત્યાં આવતાં જ સૈનિકો મહારાણાને જોઇ જયધ્વનિ કરતા પર્વતપરથી નીચે ઊતરવા લાગ્યા અને પાછળના ભાગમાં હૃદયને ઉન્મત્ત કરનાર નગારાંનો ધ્વનિ થવા માંડ્યો. આ ઉત્સાહવર્ધિની પરિસ્થિતિના યોગે નિમેષ માત્રમાં જ અમરસિંહના મનની સમસ્ત જડતાનો નાશ થઈ ગયો. ઉન્મત્ત સૈનિકોના વારંવારના જયનાદથી, હૃદયને ઉન્મત્ત બનાવનાર રણવાદ્યોના ધ્વનિથી અને પર્વતની તે સમયની સ્વાભાવિક શોભાના દર્શનથી અમરસિંહનું મન ચૈતન્યમય બની ગયું. એ વેળાએ તે મનમાં જ વિચાર કરવા લાગ્યો કે: "સરદારોએ મારી સાથે આવું ઉચ્છૃંખલતા પૂર્ણ વર્તન કર્યું, પણ એમાં પ્રથમ દોષ મારો જ હતો." એમ ધારીને તે સરદારોની ક્ષમા માગવા લાગ્યો.

એટલે સાલુમ્બ્રાસ્વામીએ વિનયસહિત જણાવ્યું કે: "મહારાજ! આપે ઉચ્ચારેલા અપશબ્દોથી અમો અમારૂં જરા પણ અપમાન થયેલું નથી માનતા. હવે આપ પોતાના કર્તવ્યનું પાલન કરીને મેવાડભૂમિની રક્ષા કરો, એટલે બસ છે."

એ પછી અમરસિંહ પોતાના સરદારો અને સૈનિકોને સંબોધીને કહેવા લાગ્યો કે: "મારા બંધુઓ! તમારે અત્યારે મુસલ્માનોના કપટપ્રભાવનો જ વિચાર કરવાનો છે. એમની ધૃષ્ટતા તો જુઓ. આપ જે પોતાની સ્વતંત્રતાનું રક્ષણ શરીરના રક્તને વહેવડાવીને પણ કરતા

આવ્યા છો અને હજી પણ કર્યા કરો છો, એ પ્રાણુથી પણ અધિક પ્રિય આપણી સ્વતંત્રતાને મુગલસમ્રાટ્ છીનવી લેવા માગે છે. પણ મને જોઇને અત્યંત આનંદ થાય છે કે, તેમના એ અયોગ્ય સાહસનો તેમને યથાયોગ્ય દંડ દેવાને આપ બધા એકબળથી તૈયાર થઈ ગયા છો. હે મિત્રો ! આજે અગિયાર વર્ષ થયાં માતા રણચંડી નિરાહાર હોવાથી ચાલો આપણે આજે શત્રુઓના રક્ત અને માંસનું ભોજન આપીને એ કરાલ રણચંડીની ક્ષુધાને શાંત કરીએ. મને પૂરેપૂરો વિશ્વાસ છે કે, ભગવતી રણચંડી સમરભૂમિમાં અવશ્ય આપણી સહાયિકા થશે જ. અર્થાત્ વિજય વિશે મારા હૃદયમાં લેશમાત્ર પણ શંકા નથી.”

ચારે તરફથી સૈનિકોએ દેવી ભવાનીનો જયજયકાર બોલાવ્યો અને તેઓ બમણા ઉત્સાહથી યુદ્ધક્ષેત્ર ભણી ચાલવા લાગ્યા.

અમરસિંહને સુષુપ્તિ અને જાગરણનો અદ્ભુત પૂર્વ તથા અમૂલ્ય અનુભવ થયો.

સપ્તમ પરિચ્છેદ

શૂરાના સંગ્રામ

બાદશાહની સેના મંઝિલ દર મંઝિલ પડાવ નાખવાને બદલે ઉદય-પુરપર આક્રમણ કરવામાટે, ઉદયપુરનો પરાજય કરવામાટે અને મેવાડની સ્વતંત્રાનો વિધ્વંસ કરવામાટે વાયુના વેગે અવિશ્રાંત ચાલી આવતી હતી. પહાડોને ઓળંગતો, પહાડી વિકટ રસ્તાઓને સુગમ્ય કરતો, અનેક પ્રકારનાં કષ્ટોને સહન કરતો, સૈનિકોના મનમાં ઉત્સાહને ભરતો અને વિજયની આશાના ઉદ્યાનમાં વિચરતો બાદશાહનો સેનાપતિ પણ નદીનો પ્રવાહ જેવી રીતે સમુદ્ર તરફ વહેતો જતો હોય છે, તે પ્રમાણે ઉતાવળથી મેવાડની રાજધાની ઉદયપુરપ્રતિ ધસી આવતો દેખાતો હતો. સૈન્યમાં હાથી, ઘોડા, બળદની ગાડીઓ, બંદૂક, તોપો, બીજાં હથિયાર અને અન્ન સામગ્રી આદિ યુદ્ધસાધનોની જરા પણ ન્યૂનતા જોવામાં આવતી ન હોતી. પાયદળ અને ઘોડેસવાર સૈનિકોની સંખ્યા હજારોની થવા જતી હતી. કોઈ મુસ્લિમ યોધ્ધો ‘નામવરી’ની આશા ધરાવતો હતો, તો કોઇ ખાનસાહબના મનમાં અતુલ ધનભંડારને મેળવવાની જ લાલસા લાગી રહી હતી; કોઈ બહાદુરજંગના હૃદયમાં બહાદુરી બતાવીને મોટી પદવીને મેળવવાની આકાંક્ષા હતી તો કોઇ વળી સુંદર રાજપૂત રમણીનું હરણ કરવાને જ ત્યાં આવ્યા હતા, એવી રીતે પોતપોતાની જૂદી જૂદી આશાઓથી ઉત્સાહિત થઇને મુસ્લિમ સૈનિકો

મોટી ધામધૂમથી મેવાડભૂમિમાં દિલ્હીના બાદશાહના અધિકારને જમાવવામાટે ચાલ્યા આવતા હતા.

બન્ને બાજૂ ગગનચુંબિત ઉચ્ચ પર્વતો ઊભેલા હતા અને તેમના મધ્યભાગમાંની ખીણમાંથી એ મુસલ્માની સેના ચાલી જતી હતી. કાંઇક દક્ષિણ દિશાયે એક અમુક સ્થાને એ પર્વતો પરસ્પર આલિંગન કરીને ઊભેલા જોવામાં આવતા હતા અને એ ઉભય પર્વ-તની વચ્ચેથી એક નાની ગુહા જેવો માર્ગ નીકળેલો હતો. એની ડાબી બાજૂ એક બહારથી નાની પણ અંતર્ભાગમાં વિસ્તૃત થતી ગુહા દૃષ્ટિગોચર થતી હતી અને આસપાસ એવી બીજી પણ અનેક નાની મોટી ગુહાઓ જોવામાં આવતી હતી. મુસલ્માન સૈનિકોને એ માર્ગની ભયંકરતાનું વિશેષ જ્ઞાન ન હોવાથી તેઓ તો નિર્ભય થઇને આગળ વધતા જ જતા હતા.

મુગલોની સેનાનો મધ્યભાગ જ્યારે એ ગુહાઓની પાસે આવી લાગ્યો તે વેળાયે એકાએક એક ગુહામાંથી એક ઘોડેસવાર સૈનિક બહાર નીકળી આવ્યો. તે હજી તો કેટલાકની નજરે પણ પડ્યો ન હોતો, એટલામાં તો તેના જેવો જ એક બીજો અશ્વારોહી સૈનિક બહાર આવ્યો—તરત ત્રીજો પણ નીકળ્યો—સારાંશ કે જોતજોતાંમાં ગુહા-માંથી એક મહાભારત અશ્વારોહી સૈન્ય નીકળીને ત્યાં એકત્ર થઈ ગયું.

ગુહામાંથી નીકળતા એ ઘોડેસવારોને રાજપૂત સૈનિકો તરીકે ઓળખવામાં મુસલ્માનોને જેટલો સમય લાગ્યો હતો, તેટલા સમયમાં તો રાજપૂતોની વિશાળ સેના ત્યાં એકત્ર થઇ ગઈ. એમને જોતાં જ મુગલોની સેનામાં મહાકોલાહલ મચી ગયો અને તેઓ બહુ જ ગભ-રાટમાં પડી ગયા. એટલામાં તો બીજી ગુહાઓમાંથી પણ એક પછી એક રાજપૂત વીરો બહાર નીકળતા જોવામાં આવ્યા, અને જોત-જોતાંમાં મુગલો તથા રાજપૂતોના પરસ્પર યુદ્ધનો આરંભ થઈ ગયો.

બંદૂક અને તોપનો ઉપયોગ કરી શકાય, એમાટેનો કોઈ પણ ઉપાય હતો નહિ, એટલે લાચાર થઇને મુગલ સેનાપતિએ તલ્વારોને ચલાવવાનો જ પોતાના સૈનિકોને હુકમ આપી દીધો. 'દીન દીન'નો પોકાર કરતા મુસલ્માનો જીવપર આવીને તલ્વારની મદદથી લડવા લાગ્યા. મુસલ્માનોના 'દીન દીન' શબ્દની સાથે રાજપૂતોના 'હરહર મહાદેવ' અને 'એકલિંગજીનો જય!' ઇત્યાદિ રણધ્વનિનું સંમિશ્રણ થયું અને એ એકત્ર ગર્જનાથી પર્વતો પણ કંપાયમાન થતા હોયની! એવો ભાસ થવા લાગ્યો. એ વેળાયે અમરસિંહ સિંહસમાન પરાક્રમ ધારણ કરીને યુદ્ધક્ષેત્રમાં ઝૂંઝવા લાગ્યો. ગમે તેમ પણ અંતે પિતાનું

તેજ પુત્રમાં પ્રકટ્યું તો ખરૂંજ. 'બાપ તેવા બેટા' એ કહેવત કાંઈ ખોટી તો નથી જ.

એક વાર રાજકુમાર કિરણસિંહનો અશ્વ ઇશારો મળતાં જ છલાંગ મારીને ઊછળતો શત્રુસૈન્યના મધ્યભાગમાં જઇને ઊભો રહ્યો. રાજકુમારને પોતાના મધ્યમાં આવી પડેલો જોઇને મુગલ સૈનિકોના આનંદનો પાર ન રહ્યો. ચારે તરફથી મુગલોએ એ રાજકુમારના શરીરપર આક્રમણ કર્યું, અને એને મારી નાખવા અથવા તો કેદ કરી લેવામાટે ઘણા પ્રયત્નો કર્યા. પણ સિંહનો શાવક કાંઇ એમ જ પકડાઈ કે મરાઈ જતો નથી. અર્થાત્ કિરણસિંહ પણ તેમના હાથમાં આવ્યો નહિ—તેની તેજસ્વી તલ્વારના પ્રહારથી અનેક મુગલ સૈનિકોનાં માથાં ધડથી જૂદાં થઇને ધૂળ ચાટતાં થઇ ગયાં. એટલામાં તેના ઘોડાની ગર્દનપર કોઇ શત્રુની તલ્વારનો એક જોરદાર પ્રહાર થયો. રાજકુમારે એ પ્રહારને જોતાં જ જમીન પર પડતા ઘોડાની પીઠપરથી નીચે કૂદકો માર્યો અને દોડતાં દોડતાં જ શત્રુઓનો મહાવિનાશ કરવા માંડયો. એટલામાં એક બીજો ઘોડેસવાર રાજપૂત વીર તેની પાસે આવી પહોંચ્યો અને તેની આવી અવસ્થાને જોઇને નમ્રતાપૂર્વક કહેવા લાગ્યો કે: "રાજકુમાર! આપ આ અશ્વપર આરૂઢ થાઓ અને પોતાના શરીરના સંરક્ષણનો પ્રયત્ન કરો!"

યુદ્ધોન્મત્ત કિરણસિંહે મુખ ફેરવીને જોયું તો એક રાજપૂત વીર યુવક એક સુસજ્જિત અશ્વને લઇને ઊભેલો તેના જોવામાં આવ્યો. એટલે તેની પ્રાર્થનાના ઉત્તરમાં તે કહેવા લાગ્યો કે: "હે વીર યુવક! જો આ અશ્વને હું મારા ઉપયોગમાં લઇશ, તો પછી તમારી શી દશા થશે, એનો તમોએ કાંઇ પણ વિચાર કર્યો છે ખરો કે?"

"મારી જે દશા થવાની હશે, તે થશે. એની આપ ચિન્તા ન કરો. સત્વર આ અશ્વપર આરોહણ કરો અને શત્રુના પ્રાણોને પરિહરો!" તે શૂરવીર યુવકે જવાબ આપ્યો.

"નહિ; મહાશય! તમારી આ ઉદારતા માટે હું તમને સહસ્ત્રશઃ ધન્યવાદ આપું છું; પરંતુ તમારા જીવને જોખમમાં નાખીને હું મારા પ્રાણનું રક્ષણ કરવા નથી ઇચ્છતો. મારાથી એ અશ્વનો ઉપયોગ કરી શકાય એમ નથી જ." રાજકુમાર કિરણસિંહે કૃતજ્ઞતાપૂર્વક તેની પ્રાર્થનાનો અસ્વીકાર કરતાં કહ્યું.

"પરંતુ યુવરાજ! આપના અને મારા જેવા એક ક્ષુદ્ર પ્રાણીના પ્રાણોમાં જે મહદંતર રહેલો તેનો પણ આપે વિચાર કરવો જ જોઇએ." તે વીર યુવકે પુનઃ માર્મિક ભાવથી વિનતિ કરી.

"સર્વના પ્રાણ સમાન છે. એમાં અંતર જેવું કાંઇ પણ નથી." કિરણસિંહે જણાવ્યું.

એટલું બોલીને રાજકુમાર ત્યાંથી આગળ વધવા જતો હતો, એટલામાં મહાતપસિંહ ત્યાં આવતો દેખાયો. મહાતપસિંહે તે નવીન આગંતુક વીર નરને જોઇને કહ્યું કે: "હું તમને ઓળખી ગયો."

વૃદ્ધ સરદારના પરિચિત સ્વરને ઓળખીને કિરણસિંહે તેની સામું જોયું એટલે મહાતપસિંહ તેને કહેવા લાગ્યો કે: "યુવરાજ! આપ કોઇ પણ પ્રકારના સંકોચ વિના આ ઘોડાપર બેસી જાઓ."

મહાતપસિંહની એ પ્રાર્થનાને સાંભળતાં જ કિરણસિંહ વધારે કાંઈ પણ બોલ્યા વિના ઉછળીને ઘોડાપર ચઢી બેઠો. મહાતપસિંહે મનમાં એવો વિચાર કર્યો હતો કે: 'કુમાર એ યુવકના અશ્વને પોતાના ઉપયોગમાં લેશે, એટલે મારો અશ્વ હું એ યુવકને આપી દઇશ.' પરંતુ મહાતપસિંહને પોતાની એ ઇચ્છાને વ્યક્ત કરવાનો અવસર સુદ્ધાં પણ મળ્યો નહિ; તો પછી તેની એ ઇચ્છા ફળીભૂત તો ક્યાંથી જ થઇ શકે? કારણ કે, કિરણસિંહને પોતાના અશ્વપર આરૂઢ થતો જોઇને તે ક્ષણે જ તલ્વારથી માર્ગને સ્વચ્છ કરતો તે વીર યુવક શત્રુસેનામાં આગળ વધવા લાગ્યો. એ બધા બનાવો બહુ જ અલ્પ સમયમાં બની ગયા હતા. એ બધા બનાવો બન્યા, તે સમયમાં તલ્વારો તો અવ્યાહત ચાલ્યા જ કરતી હતી. યુદ્ધ એક ક્ષણને માટે પણ બંધ રહ્યું ન હોતું.

એટલામાં અકસ્માત્ શત્રુઓએ આવીને મહાતપસિંહને ચારે તરફથી ઘેરી લીધો. એ સમયે અન્ય રાજપૂત યોદ્ધાઓ આમ તેમ વિખરાઇને શત્રુઓનો સંહાર કરી રહ્યા હતા અને તેમને એક બીજાના સંકટની જરા પણ શુદ્ધિ હતી નહિ. એટલે કોઇની સહાયતાની આશા ન હોવાથી નિરુપાય થઇને વૃદ્ધ મહાતપસિંહ એકલો જ શત્રુઓ સાથે ઘોર સંગ્રામ કરવા લાગ્યો. અંતે શત્રુઓની સંખ્યા વધારે હોવાથી તેણે શત્રુઓને સંહારવાના કાર્યનો ત્યાગ કરીને માત્ર પોતાના દેહને રક્ષવાની જ ચેષ્ટા કરવા માંડી. મહાતપસિંહ એકલો હતો અને અનેક શત્રુઓ એકસમયાવચ્છેદે તેના શરીરપર શસ્ત્ર ચલાવી રહ્યા હતા. અર્થાત્ તે સર્વના પ્રહારોને એ એકલો રોકી શકે, તે સર્વથા અશક્ય અને અસંભવિત જ હતું. અંતે તે ઘણો જ જખમી થઈ ગયો અને તેના શરીરમાં આઘાતનાં અનેક ચિહ્નો દેખાવા લાગ્યાં તથા દેહમાંથી રક્તની અસ્ખલિત ધારાનું વહન થવા લાગ્યું. અંતે શરીરમાં લેશમાત્ર પણ શક્તિ ન રહેવાથી અવસન્ન થઇને તે ઘોડાની પીઠપરથી નીચે ઢળી પડ્યો, પરંતુ હજી તે પૃથ્વીપર પડ્યો ન હોતો, એટ-

લામાં તે જ વીર યુવક કોણ જાણે ક્યાંથી અચાનક આવીને તેના ઘોડાપર ચઢી બેઠો અને તે વૃદ્ધને પોતાની ગોદમાં રાખી અપરિમિત બળથી તલ્વારને ચલાવતો રાજા મહાતપસિંહની રક્ષા કરવા લાગ્યો. એ યુવક એવી તો બેપરવાઇથી તલ્વારને ચલાવતો હતો કે, એને પોતાના પ્રાણની જરા પણ દરકાર હોય, એમ જોવામાં આવતું ન હોતું. મહાતપસિંહ એ વેળાયે સર્વથા અચેતન અવસ્થામાં જ પડેલો હતો. તેને કોઇ પણ વાતનું કશું પણ ભાન હતું નહિ. એટલામાં એક બીજો અશ્વારોહી રાજપૂત વીર ત્યાં આવી લાગ્યો અને તે પણ તે યુવકને સહાયતા આપવા લાગ્યો. તેના એ કાર્યને જોઇને તે પ્રથમ યુવક તેને કહેવા લાગ્યો કેઃ "મહાશય ! આ મૂર્છિત પુરુષ માલતીગઢના રાજા છે, માટે આપણે ગમે તેમ કરીને પણ એમનો બચાવ કરવો જ જોઇએ. આપ કૃપા કરીને મારા સહાયક થાઓ—આપના આ ઉપકારનો બદલો વાળી આપવાની હું સમય આવતાં ચેષ્ટા કરીશ."

"હું પોતે જ આપના આ ઉપકારને મરણપર્યન્ત ભૂલવાનો નથી; કારણ કે, એ મારા પિતા છે." તે નવીન આગંતુક દ્વિતીય અશ્વારોહી વીર તરુણે ઉત્તર આપ્યું.

પ્રિય ચાણક્ય વાચકો ! આપ એ ભેદને કાંઇ સમજ્યા કે ? એ અશ્વારોહી તરુણ સૈનિક કોણ હોવો જોઇએ વારુ ? શું એ ભેદ પુનઃ અમારે જ આપને જણાવવો પડશે કે ? અસ્તુ. જો આપ ન સમજતા હો, તો અમો જ જણાવી દઇએ છીએ કે, એ દ્વિતીય સૈનિક વીરયુવક બીજો કોઇ પણ નહિ, પરંતુ આપણી કથાનો પ્રેમનાયક શોભનસિંહ જ હતો. અસ્તુ. શોભનસિંહના ઉપર્યુક્ત વાક્ય પછી તેમની વચ્ચે બીજી કાંઇ પણ વધારે વાતચીત થઇ જ નહિ. બન્ને રાજપૂત વીરયુવકો પોતાના પ્રાણોપર ઉદાર થઇને મહાતપસિંહના રક્ષણોનો પ્રયત્ન કરવા લાગ્યા.

મહાવિડંબનામાં આવી પડેલા મુગલ બાદશાહની ફોજના સિપાહીઓનો રાજપૂતોના પ્રબળ પરાક્રમ સમક્ષ જરા પણ ટકાવ થઇ શક્યો નહિ. કેટલાક યમધામમાં પહોંચી ગયા, કેટલાકો અર્ધમૃત થઇને ત્યાં જ પડ્યા પડ્યા બૂમો મારવા લાગ્યા અને બાકી જે થોડાઘણા મુસલ્માન સૈનિકો જીવતા બચ્યા હતા, તેઓ ઝંઝાવાતના આઘાતથી જેવી રીતે સૂકાયલાં પાંદડાં ઊડી જાય છે, તેવી રીતે જીવ લઇને પલાયન કરવા લાગ્યા. અલ્પ સમયમાં જ વિજયની દિશાનું પરિવર્તન થઇ ગયું—એટલે કે, દીર્ઘ પરિશ્રમ પછી અંતે વિજયદેવીએ વરમાળા તો મેવાડના મહારાણા અમરસિંહના ગળામાં જ આરોપી દીધી અને સર્વત્ર એકલિંગજીના જયનો ગગનભેદક ધ્વનિ થવા લાગ્યા.

અષ્ટમ પરિચ્છેદ
પરિચય

વિજયોત્ફુલ્લ રાણો અમરસિંહ પોતાના વિજયી સૈન્યસહિત એકતાનથી જયનાદ કરતો પર્વતની એક ઉપત્યકામાં આવી લાગ્યો અને ત્યાં એક ટેકરી હતી, તેપર પોતે ચઢી જઈ સર્વ સૈનિકોને તથા સરદારોને સંબોધીને કહેવા લાગ્યો કે: "મારા સત્ય બંધુજનો! આજે આપ સર્વેએ પોતાના જીવનના ગૌરવને અક્ષુણ્ણ—અભંગ—રાખ્યું છે અને અત્યારે હું કોની કોની પ્રશંસા કયા કયા શબ્દોથી કરૂં, એનો મારા મનમાં બહુ જ ગંભીર વિચાર થઈ પડ્યો છે. આપ સર્વ સમાનશૌર્યધારી વીરનર છો, પરંતુ આજના યુદ્ધમાં મારા કુમાર કિરણસિંહે અત્યંત પ્રશંસનીય સેવા બજાવી છે. વળી એ ઉપરાંત બીજા પણ એક રાજપૂત તરુણ વીરના યુદ્ધકૌશલ્યને દૂરથી જ જોઈને હું મંત્રમુગ્ધ જેવો બની ગયો છું. એ યુવકે ઘોરતમ સંકટના સમયમાં કિરણસિંહને જે સહાયતા કરી છે, તે એના ઉપકારને હું મરણપર્યન્ત પણ ભૂલી શકવાનો નથી જ. જો તે યુવક અહીં હાજર હોય, તો તેને હું મારા સમક્ષ આવવાની વિનતિ કરૂં છું."

અમરસિંહની આસપાસ અનેક સૈનિકો આમતેમ વિખરાયલા અને એકત્ર થઈને ઊભા હતા. તેમનામાંથી એક વીરયુવક આગળ વધ્યો અને રાણાને પ્રણામ કરીને હાથ જોડી ઊભો રહ્યો. તે યુવકને જોતાં જ યુવરાજ કિરણસિંહ બોલી ઉઠ્યો કે: "પિતાજી! તે વીર તરુણ આ પોતે જ છે."

થોડી વાર સુધી તો અમરસિંહ તે યુવકને પગથી માથા સુધી નિરખી નિરખીને જોતો જ રહ્યો અને ત્યારપછી કેટલીક વારે બોલ્યો કે: "યુવક! તમારૂં નામ શું છે અને તમારો નિવાસ ક્યાં છે, તે કૃપા કરીને જણાવો."

"આ દાસનું નામ તેજસિંહ છે અને હું સાલુમ્બાગઢમાં વસું છું:" તે યુવકે વિનય અને નમ્રતાથી ઉત્તર આપ્યું.

"તમારાં બીજાં પણ કોઈ આપ્તજનો છે ખરાં કે?" કિંચિદ્ વિચાર કરીને અમરસિંહે પૂછ્યું, અને તેની મુખમુદ્રામાં થતા પરિવર્તનનું તે અવલોકન કરવા લાગ્યો.

"આ સેવકનું આ સંસારમાં બીજું કોઈ પણ આપ્ત કે ઇષ્ટ નથી." તેજસિંહે કિંચિત્ નિરાશાસૂચક વાણીથી કહ્યું.

"તમારો વ્યવસાય શો છે?" અમરસિંહે પૂછ્યું.

"કૃષિકર્મ, મહારાજ!" તેજસિંહે ઉત્તર આપ્યું.

"હવે પછી તમારે એ વ્યવસાય કરવો પડશે નહિ. આજથી હું તમોને મારા પાંચ સો સૈનિકોના નાયકની પદવી આપું છું. તમો હવેથી ઉદયપુરમાં જ વસજો." ઉદાર રાણાએ પોતાની ઉદારતાનો પરિચય કરાવ્યો.

"જેવી મહારાણાજીની આજ્ઞા. આ પ્રાણ માત્ર દેશ અને રાજાની સેવામાટે નિર્માયલા હોવાથી દેશની અને આપની સેવા કરવાનું સાધન આપવાની ઉદારતા દર્શાવીને આપ મારા પર આ મોટો ઉપકાર કરી રહ્યા છો." તેજસિંહે પોતાની કૃતજ્ઞતાનું દર્શન કરાવ્યું.

"વારૂ; તમો ઉદયપુરમાં મને પાછા મળજો." અમરસિંહે કહ્યું.

એ દિવસની અરણ્ય—સભાની એટલેથી જ સમાપ્તિ કરવામાં આવી. બીજા રાજપૂત વીરો આમતેમ ચાલ્યા જવાની ધામધૂમમાં પડ્યા હતા, તે ગડબડાટનો લાભ લઇને શોભનસિંહે આવીને તેજસિંહનો હાથ પકડી લીધો અને આભારદર્શક સ્વરથી કહ્યું કે: "મહાશય! હવે આપને છોડવાની મારી જરા પણ ઇચ્છા નથી થતી. આપનો મારા પર ઘણો જ મોટો આભાર થયો છે કે, જેનો બદલો વાળવાની મારામાં લેશમાત્ર પણ શક્તિ નથી."

"માલતીગઢના કુમાર! આપ વારંવાર આવાં વાક્યો ઉચ્ચારીને મને લજ્જિત શામાટે કરો છો વારૂ? આવાં પ્રશંસામય વાક્યો સાંભળીને હું ઘણો જ શર્માઇ જાઉં છું." તેજસિંહે નિરભિમાનિતા દર્શાવી.

"કારણ કે, આપે મારા પૂજ્ય પિતાશ્રીના પ્રાણનું સંરક્ષણ કર્યું છે." શોભનસિંહે કહ્યું.

"તો એમાં મેં વિશેષતા તે શી કરી બતાવી છે? કર્તવ્યપાલનથી અધિક મેં કશું પણ કર્યું નથી. આપની પ્રશંસા કરવાની પદ્ધતિ અતિશયોક્તિ ભરેલી છે." તેજસિંહે પુન: સરળતા દર્શાવી.

"આજથી મને આપ પોતાનો એક મિત્ર માનજો." શોભનસિંહે અંત:કરણના ખરા ભાવથી કહ્યું.

"માલતીગઢના કુમારની મિત્રતાનો લાભ મળવાથી આ સેવક પોતાને કૃતાર્થ અને ગૌરવમંડિત થયેલો માને છે." તેજસિંહે તેવા જ યોગ્ય શબ્દોમાં ઉત્તર વાળ્યું.

"ત્યારે તો આજ પોતાના નવીન મિત્રના અતિથિ થવાનો આપ અસ્વીકાર તો નહિ જ કરો, એવી મને દૃઢ આશા છે." આલંકારિક ભાષામાં શોભનસિંહે તેજસિંહને આમંત્રણ કર્યું.

"કદાપિ નહિ. આપના અતિથિ થવાનું મારા ભાગ્યમાં તે વળી ક્યાંથી હોય વારૂ? એથી તો મારા મનમાં અપાર આનંદ થવાનો.

એક વાર મારે માલતીગઢ આવવું જ હતું; કારણ કે, માલતીગઢના રાજાની આજ્ઞાનું અદ્યાપિ હું પાલન નથી કરી શક્યો, એનો મને બહુ જ ખેદ થયા કરે છે." તેજસિંહે આભારદર્શક શબ્દો ઉચ્ચાર્યા.

એ સંભાષણની સમાપ્તિ પછી શોભનસિંહ અને તેજસિંહ ત્યાંથી ચાલીને પોતાની છાવણીમાં આવ્યા. છાવણીમાં આવતાં જ તેમને એવા સમાચાર મળ્યા કેઃ 'મહાતપસિંહ ભયંકર જ્વરથી પીડાય છે!' એ વાત સાંભળતાં જ તેઓ તેની પાસે ગયા અને તેને જોતાં જ શોભનસિંહ ઘણો જ ગભરાઇ ગયો. ત્રિદોષના વિકારની પ્રબળતા થઈ જવાથી મહાતપસિંહ લવારો કર્યા કરતો હતો અને ભયંકર અંગવિક્ષેપ કરીને સર્વના મનમાં ભયને ઉપજાવ્યા કરતો હતો. તત્કાળ એક નિપુણ વૈદ્યરાજને ચિકિત્સામાટે ત્યાં બોલાવવામાં આવ્યો.

અનુચર વૈદ્યને બોલાવવા ગયો, એટલે તેજસિંહ શોભનસિંહને ઉદ્દેશીને કહેવા લાગ્યો કેઃ "મારો તો એવો જ અભિપ્રાય છે કે, મહારાજને આપણે હવે સત્વર જ માલતીગઢમાં લઈ જવા જોઇએ. જો કાંઇ પણ વધારે આવશ્યકતા હોય અને આપની ઇચ્છા હોય, તો આપની સાથે હું પણ માલતીગઢ ચાલવાને તૈયાર છું."

"મને વિશ્વાસ છે કે, અત્યારે મારૂં મગજ ઠેકાણે ન હોવાથી મારા બોલવાનો જરા પણ વિચાર ન કરતાં આપ પોતે જ જેમ યોગ્ય લાગે તેમ કરવાની વ્યવસ્થા કરી લેશો. આપનો મારાપર એ એક બીજો ઉપકાર થશે." શોભનસિંહે નેત્રમાં નીર લાવીને પ્રાર્થના કરી.

"વળી પણ આપ આવું બોલ્યા કે? આપની આજ્ઞા પ્રમાણે પ્રત્યેક કાર્ય કરવાને હું કટિબદ્ધ છું." તેજસિંહે જરાક વક્રતાદર્શાવીને કહ્યું.

શોભનસિંહ તેના મનોભાવને જાણી ગયો, એટલે વધારે કાંઇ પણ બોલ્યો નહિ. અંતે તેજસિંહનો અભિપ્રાય જ યોગ્ય ઠર્યો. તે જ દિવસે સર્વ જનો મહાતપસિંહને પાલખીમાં નાખીને માલતીગઢ તરફ જવાને રવાના થઈ ગયા.

નવમ પરિચ્છેદ

કુન્દકુમારીની ઇચ્છા

પ્રતિભા કુન્દકુમારીને શ્રીએકલિંગજીના બાગમાં લઇ આવી. માર્ગમાં જ તેણે તેને ચેતવણી આપી મૂકી હતી કેઃ "તારી સાથે મારો જે રક્તસંબંધ છે, તે વિશેની વાત તારે બીજા કોઇને કોઇ કાળે પણ જણાવવી નહિ; કારણ કે, એમાં કેટલોક ભેદ સમાયલો છે."

"એ ભેદ શો છે, માતા ?" કુન્દકુમારીએ આતુરતાથી પૂછ્યું.

"કારણ કે, હું અત્યારે એક સંન્યાસિની છું અને એથી જ મારો એવો વિચાર છે કે, આ સંસારમાં મારૂં કોઇ પણ છે, એ વાત લોકોના કાને ન જવી જોઇએ. એમાં જ મારી વધારે શોભા છે." પ્રતિભા બોલી.

"હું એ વાતનો ઉચ્ચાર નહિ કરૂં, અને કદાચિત્ આપણા આ પરસ્પર સંબંધની વાર્તા લોકોના જાણવામાં આવશે, તો તે દિવસ પછી તમો ફરીથી મને આ સ્થળે જોઇ શકશો નહિ." કુન્દકુમારીએ કહ્યું.

કુન્દકુમારીના મનમાં પ્રથમ એવી ભીતિ ઉત્પન્ન થઇ હતી કે, 'મને જોતાં જ કેશવાચાર્ય મારો કોણ જાણે કેટલોય તિરસ્કાર કરશે;' કિન્તુ તેની એ કલ્પના અસત્ય ઠરી; કારણ કે, કેશવાચાર્યે તેને એક પણ કડવો શબ્દ કહ્યો નહિ. તે પ્રથમ જેવી રીતે તેને પુત્રી સમાન પ્રેમથી પાળતો હતો, તેવી જ રીતે હવે પણ પાળવા લાગ્યો. જે પ્રમાણે તે કુન્દકુમારીનો પ્રથમ આદરસત્કાર કરતો હતો અને તેને પોતાની પુત્રી સમાન ગણીને વાત્સલ્ય બતાવતો હતો, તે જ પ્રમાણે અત્યારે પણ તે કરવા લાગ્યો.

કુન્દકુમારીની સખી પ્રમાણે રેવતી પણ એકલિંગજીના બાગમાં તેની સાથે વસવા લાગી. રેવતીની અવસ્થા દશથી બાર વર્ષની અંદર જ હતી. તેના શરીરનો રંગ કિંચિત્ શ્યામ હતો અને તે હૃષ્ટપુષ્ટ હતી. તેના માથાના વાળ ટૂંકા, કાળા અને ઘુઘરિયાળા હતા, ભ્રૂ જરાક લાંબી, લલાટનો મધ્ય ભાગ કાંઇક ચપટો, નેત્ર અણીયાળાં, દૃષ્ટિ કિંચિત્ વામ ભાગમાં ઝુકેલી, નમણું નાક, હોઠ નાજુક અને કમર પાતળી, એ પ્રમાણે તેના શરીરના જૂદા જૂદા અવયવોની રચના હતી. અત્યારે એનું એટલું જ વર્ણન કરીને બાકીના વૃત્તાંત વાચકોને આગળ જતાં જણાવીશું.

જે દિવસે કુન્દકુમારી અને પ્રતિભા એકલિંગજીના બાગમાં આવી પહોંચી હતી, તે જ દિવસે સંધ્યાસમયે કુન્દકુમારી એકલી સરોવરના તીરપ્રાન્તમાં અહીં તહીં ફરતી હતી. એ સમયે આકાશમંડળ સ્વચ્છ હતું, ચમકતી તારાઓથી ઘેરાયલો ચંદ્રમા પોતાની શીતલ ચંદ્રિકાવડે સર્વત્ર પ્રકાશને વિસ્તારી રહ્યો હતો અને સરોવરના તીરે ઊગેલા હરિત દર્ભના મધ્યભાગમાં વિરાજતા નાનાં નાનાં પુષ્પવૃક્ષો પુષ્પના ભારથી નમી જઇને પોતાની શોભાને વિસ્તારતાં જોવામાં આવતાં હતાં. કુન્દકુમારી એ ક્ષણે મનોગત એવો વિચાર કરી રહી હતી કેઃ "જો મારાથી મારા પોતાના સાંસારિક સુખનું બલિદાન

ન આપી શકાય, તો પછી આ સરોવરનાં જળમાં ડૂબીને પ્રાણનો ત્યાગ કરવો, એ જ મારામાટે વધારે લાભકારક છે."

પ્રતિભા ધીમાં પગલાંથી આવીને કુન્દકુમારીની પાસે જ ઊભી રહી ગઈ. પ્રતિભાને જોઇને તે બાળાએ કહ્યું કે: "માતા! જ્યારે પણ હું તમારા મુખનું દર્શન કરૂં છું, ત્યારે મારા મનમાં એક પ્રકારની અપૂર્વ શાંતિનો આવિર્ભાવ થાય છે."

"ત્યારે અત્યાર સુધી તારા મનમાં અશાંતિ જ ભરેલી હતી કે શું?" પ્રતિભાએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

"માતા! મારૂં આ હૃદય અશાંતિથી ઓતપ્રોત ભરેલું છે!" કુન્દકુમારીએ નિ:શ્વાસ નાખીને કહ્યું.

"એમ થવાનું કાંઈ કારણ?" પ્રતિભાએ પાછો સવાલ કર્યો.

"કારણ હું પોતે પણ સમજી નથી શકતી." કુન્દકુમારીએ પ્રથમ જેવા નિરાશાદર્શક ભાવથી જ કહ્યું.

એ જવાબ સાંભળીને પ્રતિભાના મુખમંડળમાં ગંભીરતાની છાયા દૃષ્ટિગોચર થવા લાગી. તે ગંભીરતાથી જ બોલી કે: "તું શોભનસિંહને મળવાની ઇચ્છા ધરાવે છે કે કેમ?"

"ના." કુન્દકુમારીએ કાંઇક સ્થિરતાથી ઉત્તર આપ્યું.

"ત્યારે તારી ઇચ્છા શી છે?" પ્રતિભાએ પૂછ્યું.

"હું શોભનસિંહને કેવળ સુખી થયેલો જોવાની જ ઇચ્છા ધરાવું છું. એટલે કે, શોભનસિંહને વિવાહિત થયેલો જોવાની જ મારી ઇચ્છા છે." કુન્દકુમારીએ પોતાના મનોભાવને પ્રકટ કર્યો.

"હું તારી એ અશાંતિને દૂર કરી શકીશ." પ્રતિભા બોલી.

"ત્યારે સત્વર જ એવો કોઈ ઉપાય શામાટે નથી કરતાં?" કુન્દકુમારીએ અધીરતાથી કહ્યું.

પ્રતિભા પોતાના બન્ને હાથો વડે કુન્દકુમારીના બે હાથોને પકડીને, તેનાં વિશાળ નેત્રો સાથે પોતાની દૃષ્ટિનું સંમેલન કરીને અને તેના મુખરૂપ દર્પણમાં તેના હૃદયની છાયાનું સ્પષ્ટ દર્શન કરીને કહેવા લાગી કે: "હવે તું શોભનસિંહને તારા મનમાંથી ભૂલી જવાની ચેષ્ટા કર."

"બસ; તમારા આ શબ્દોથી મારો નિશ્ચય થઈ ગયો કે, તમો મારા હૃદયની અશાંતિનો નાશ કરી શકો તેમ નથી." કુન્દકુમારીએ પ્રતિભાની ધારણાથી સર્વથા વિરુદ્ધ શબ્દોનો જ ઉચ્ચાર કર્યો.

પ્રતિભાએ રોષથી કુન્દકુમારીના બન્ને હાથ છોડી દીધા, અને બે ડગલાં દૂર ખસી જઇને કહ્યું કે: "તું મહા પાપીયસી છે."

"હું કાંઈ શોભનસિંહને પ્રણયની દૃષ્ટિથી જોતી નથી. નિઃસ્વાર્થ ભાવથી કેવળ તેમના સુખની જ ચિંતા કરૂં છું, તો એમાં પાપ જેવું શું છે વારૂ?" કુન્દકુમારીએ નિષ્કપટતાથી કહ્યું.

"તું એમ કહે છે કે, એમાં પાપ જેવું શું છે? જો તારો વિવાહ થઈ જાય તો?" પ્રતિભાએ એક પેચીલો સવાલ પૂછ્યો.

"જ્યારે મારો વિવાહ થઈ જશે, ત્યારે હું શોભનસિંહને ભૂલી જવાની ચેષ્ટા કરીશ. પરંતુ મારો વિવાહ થશે, ત્યારે કે ની?" કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા વિના જ કુન્દકુમારીએ ઉચ્છૃંખલતાભરેલો જવાબ આપી દીધો.

તેના આ ઉત્તરને સાંભળીને પ્રતિભાનું મુખમંડળ નિસ્તેજ થઈ ગયું. તે શાન્તિયુક્ત અને મંદ સ્વરથી કહેવા લાગી કેઃ "ગુરુજી તારો વિવાહ કરી આપશે."

"તમારી આ માન્યતા વ્યર્થ અને નિષ્ફળ છે. ગુરુજીને જઈને જણાવી દેજો કે, તેઓ વિનાકારણ મારા વિવાહનો પરિશ્રમ ન કરે; કારણ કે મારો વિવાહ તો ક્યારનોય થઈ ગયો છે." કુન્દકુમારીએ કહ્યું.

આ શબ્દો સાંભળીને પ્રતિભાના હૃદયમાં વજ્રઘાતની વેદના થવા લાગી અને તે કંપતી કંપતી કહેવા લાગી કેઃ "આ તું અત્યારે શો બકવાદ કરે છે, એનું તને કાંઈ ભાન છે ખરૂં કે?"

"હું એમ કહું છું કે, જો તમો પોતાના સુખના બલિદાનને જ સંન્યાસ કહેતાં હો, તો હું એ સંન્યાસનો સ્વીકાર કરીશ; અને જો પરોપકારનું જ બીજું નામ ધર્મ હોય, તો હું એ ધર્મનું પાલન કરવાનો નિશ્ચય કરી ચૂકી છું." કુન્દકુમારીએ પણ ધીમા સ્વરથી કહ્યું.

પ્રતિભા હવે જાણી ગઇ કે, કુન્દકુમારીનો એ વ્યર્થ બકવાદ તો ન હોતો જ. એમ જાણીને તે બોલી કેઃ "તું તારા પોતાના કયા સુખનું બલિદાન આપીશ વારૂ? અને પરોપકાર શો કરીશ?"

"હું મારા કયા સુખનું બલિદાન આપવા ઇચ્છું છું, એ મારાથી તમોને સમજાવીને કહી શકાય તેમ નથી જ. પણ હા; હું પરોપકાર શો કરવાની છું, તે તમોને કહી સંભળાવું છું, તે સાંભળો. શોભનસિંહ કોઇ પણ રીતે વિવાહ કરે અને સુખી થાય, એ વિષયની જે ચેષ્ટા કરવી, એ જ મારો પરોપકાર છે." કુન્દકુમારીએ દૃઢતાથી કહ્યું.

પ્રથમ તો એના પ્રત્યુત્તરમાં પ્રતિભા કાંઇ પણ બોલી નહિ. પણ થોડી વાર રહીને તેણે કહ્યું કેઃ શું, "ત્યારે તારી એવી જ ઇચ્છા છે?"

"હા; મારી એવી જ ઇચ્છા છે." કુન્દકુમારી બોલી.

કેટલા વાગ્યા છે?

શું તમો આ ફરીથી અનેકવાર પુછાએલા સવાલોના જવાબો આપી શકશો?



તે તમારા ઘડીઆળની બનાવટ ઉપર આધાર રાખે છે. ખરેખર તમોને આવા પ્રસંગોમાં "વેસ્ટ એન્ડ"નું ઘડીઆળ એક દિવસને માટે કે મહીના માટે નહિ પણ આખાં વર્ષોના વર્ષો સુધી સહાયભુત થઇ પડશે, કારણ કે દરેક "વેસ્ટ એન્ડ"નાં ઘડીઆળો ઘણાંજ ભરોસા લાયક, સુંદર અને મજબુતપણે બાંધવામાં આવ્યાં છે.

કેટલોગની કોપી ફ્રી મંગાવવાને માટે લખો—

વેસ્ટ એન્ડ વૉચ કુાં૦,

મુંબઈ કલકત્તા

West-End Watch Co

BOMBAY CALCUTTA

"ત્યારે તો તું જેમ બને તેમ સત્વર જ યમધામમાં પ્રયાણ કરી જા!" એવો શાપ આપીને પ્રતિભા ત્યાંથી ચાલી ગઇ. તેના ગયા પછી કુન્દકુમારી મનમાં જ કહેવા લાગી કે: "મારી પણ મરવાની જ ઇચ્છા છે. પણ જો શોભનસિંહને સુખી થયેલા જોઇને મરીશ તો મરણ પણ મારામાટે આનંદદાયક થઇ પડશે. જો એમ નહિ થાય, તો અંતકાળે મારે ભયંકર યમયાતનાને સહન કરવી પડશે!" આહા! નૈસર્ગિક પ્રેમનો કેટલો બધો અદ્ભુત પ્રભાવ!

દશમ પરિચ્છેદ

લાવણ્યમયી અને પ્રમીલા

માલતીગઢના પ્રજાજનોએ સાંભળ્યું કે: 'રાજા માંદા થઇને આવેલા છે.' એ સમાચાર સાંભળતાં જ માલતીગઢનિવાસી વૃદ્ધ, યુવા, બાળક, બાલિકા અને સર્વ સરદારો તેને જોવામાટે આવવા લાગ્યાં. માત્ર વયસ્કા સ્ત્રીઓ જ આવી શકી નહિ; કારણ કે, એ વેળાયે રાજા પાસે બે અપરિચિત પુરુષો બેઠેલા હતા. એ બે અપરિચિત પુરુષો કોણ હતા? એવો કદાચિત્ વાચકો પ્રશ્ન કરશે, તો તેમને અમારે જણાવી દેવું જોઇએ કે, એમાંનો એક તો વીર રાજપૂત યુવક તેજસિંહ હતો અને બીજો ઉદયપુરથી જેને બોલાવવામાં આવ્યો હતો તે વૈદ્યરાજ હતો. અસ્તુ.

તેજસિંહનાં નેત્રો અને મન એકસરખી રીતે દ્વારમાં જ લાગેલાં હતાં. તે ઘરમાં આવતાં મનુષ્યોને બહુ જ ધ્યાન અને આગ્રહથી જોયા કરતો હતો. એટલામાં સુન્દર આભૂષણધારિણી એક બાલિકાને ઓરડામાં આવેલી જોઇને તેજસિંહનું મુખમંડળ હર્ષથી પ્રફુલ્લ થતું દેખાવા લાગ્યું. ત્યારપછી તે બાલિકા જ્યારે મહાતપસિંહની શય્યા પાસે આવીને તેને 'પિતા પિતા' કરીને સંબોધવા લાગી, ત્યારે તો વળી તેજસિંહના મુખમંડળમાં આગળ કરતાં પણ વિશેષ પ્રફુલ્લતાની છાયાનું દર્શન થવા લાગ્યું. એ બાલિકા લાવણ્યમયી જ હતી. તેજસિંહ મનમાં જ વિચાર કરવા લાગ્યો કે: "આ પીળા રંગની સાડીથી એની જેટલી શોભા દેખાય છે, તેટલી શોભા બીજા રંગની સાડીથી ભાગ્યે જ દેખાતી હશે અને જેવું સૌન્દર્ય એના કાળા વાળોની ગુંથેલી વેણીમાં દૃષ્ટિગોચર થાય છે, તેવું સૌન્દર્ય બીજા પ્રકારે કેશબંધન કરવાથી થઇ નહિ જ શકતું હોય! આ સુંદર અને સજાવેલા ઓરડામાં ખરેખર આ બાળાના આગમનથી

શોભાનો વળી ઔર વધારો થઇ ગયો છે, એમાં તો લેશમાત્ર પણ સંશય નથી જ." એવા એવા વિચારોમાં તે નિમગ્ન થઇ ગયો.

લાવણ્યમયીએ આનાથી પૂર્વે કોઇ વાર પણ તેજસિંહને જોયો હતો કે નહિ, એનું તેને પોતાને સ્મરણ ન હોતું. ઘણીક વાર પિતા પિતા કરીને પોકાર કરવા છતાં જ્યારે તેને કાંઇ પણ જવાબ મળી શકયો નહિ, ત્યારે તે અંતે નિરાશ થઇને ચુપ થઇ ગઇ. એટલામાં તેના કાનોમાં એવા શબ્દો અથડાયા કે: "મહારાજ અત્યારે નિદ્રાવશ થઇ ગયા છે."

તે બાળા લાવણ્યમયી એ શબ્દોને સાંભળીને ચમકી ગઇ અને આંખો ફાડી ફાડીને તે એ શબ્દોના બોલનાર સામું જોવા લાગી. તેને જોતાં જ બાળાના મુખનો રંગ લાલચોળ થઈ ગયો અને પુનઃ ક્ષણમાત્રમાં એ રંગનો પણ સર્વથા લોપ થઇ ગયો. અર્થાત્ પુનઃ તેની મુખમુદ્રામાં સ્વાભાવિક રંગની છટાનું દર્શન થવા લાગ્યું. બાળાએ પોતાના માથાને નીચું નમાવી લીધું. સારાંશ કે, 'મહારાજ નિદ્રાવશ થઇ ગયા છે.' એ વાકયનો ઉચ્ચારનાર તેજસિંહ જ હતો. બાળાના આવા હાવભાવનું અવલોકન કરીને તેજસિંહના મનમાં એક રીતે જેમ લજ્જાનો ભાવ ઉત્પન્ન થવા લાગ્યો, તેમ જ બીજી રીતે આનંદનો પ્રભાવ પણ પ્રકટવા માંડયો. છતાં તે પોતે તો લજ્જા કે આનંદનો લેશમાત્ર પણ નિશ્ચય કરી શકયો નહિ, અને નિર્નિમેષ દૃષ્ટિથી તે બાળાના મુખાવલોકનમાં જ લીન થઇ ગયો.

શોભનસિંહ ખાનપાન, નિદ્રા તથા શાંતિનો ત્યાગ કરીને દિવસ અને રાત્રિનો સમસ્ત સમય પિતાની સેવા અને શુશ્રૂષામાં જ વીતાડવા લાગ્યો. તેજસિંહ અને લાવણ્યમયી એકનિષ્ઠાથી શોભનને તેના કાર્યમાં સહાયતા આપવા લાગ્યાં. રોગી—મહાતપસિંહ—ની શય્યા પાસે કોઇ કોઇ વાર તેજસિંહ અને લાવણ્યમયીને એકલાં જ બેસી રહેવું પડતું હતું. જે વેળાયે એ બન્ને એકલાં બેસતાં હતાં, તે વેળાયે એ ઉભયનું હૃદય કંપાયમાન થયા કરતું હતું. જ્યારે પણ તેજસિંહને લાવણ્યમયી સાથે વાતચીત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતો હતો, તે સમયે તેજસિંહનો કંઠ અવરુદ્ધ થઇ જતો હતો. જ્યારે પણ લાવણ્યમયીને તેજસિંહના હાથમાં કાંઇ પણ વસ્તુ આપવી પડતી હતી, ત્યારે તેના કરમાં કંપનો આવિર્ભાવ થતો હતો.

ઉદયપુરના વૈદ્યની ચિકિત્સાથી મહાતપસિંહની પ્રકૃતિમાં દિવસે દિવસે સુધારો થતો ગયો. માલતીગઢમાં આવ્યા પછી નવમે દિવસે મહાતપસિંહે પ્રથમ સ્નાન કર્યું. એટલા દિવસ તેજસિંહનો નિવાસ

માલતીગઢમાં જ હતો. એટલા અલ્પ અવસરમાં તેજસિંહ અને લાવણ્યમયી એકબીજાંને સારી રીતે ઓળખી ગયાં હતાં અને એકબીજાંના સ્વભાવનો પણ કેટલેક અંશે તેમને પરિચય થઇ ગયો હતો. એ વાત તેજસિંહના જાણવામાં આવી ગઈ હતી કે: 'લાવણ્યમયી માલતીગઢના રાજા મહાતપસિંહની અવિવાહિતા વયસ્કા કન્યા છે.' અને લાવણ્યમયીના હૃદયે તેજસિંહને એક રણપટુ ક્ષત્રિય યુવક માની લીધો હતો.

તેજસિંહ નવ દિવસ માલતીગઢમાં વીતાડીને દશમે દિવસે ત્યાંથી પ્રયાણ કરવાને તૈયાર થયો. શોભનસિંહે તેને બે દિવસ વધારે રહેવાનો આગ્રહ કર્યો, એટલે એના જવાબમાં તે કહેવા લાગ્યો કે: "આપની પાસે વધારે દિવસ રહેવાની મારી બહુ જ ઇચ્છા છે, એમાં તો કશો પણ સંદેહ નથી જ; પરંતુ રાણાજીએ મને પોતાની સેવામાં હાજર થવાની આજ્ઞા કરેલી છે, એટલામાટે વિના કારણ રાણાજીની એ આજ્ઞાના પાલનમાં વિલંબ કરવો, એ હું ઉચિત ધારતો નથી."

એ કારણ સાંભળીને બીજી વાર શોભનસિંહે તેને રોકવાનો પ્રયત્ન ન કર્યો અને તેના પ્રયાણની તૈયારી કરવામાં આવી. જે વેળાયે મહાતપસિંહને પ્રણામ કરીને અને શોભનસિંહને મળી ભેટીને તેજસિંહ પોતાના ઘોડાપર બેસવાની તૈયારી કરતો હતો, તે વેળાયે લાવણ્યમયી પોતાના મહાલયની એક બારીમાં બેસીને તે યુવકના મુખનું એકધ્યાનથી અવલોકન કર્યા કરતી હતી. એ જ અવસરે પ્રમીલા અચાનક એ ઓરડામાં આવી લાગી અને પાછળ ઊભી રહીને જોવા લાગી, તો લાવણ્યમયી ઝરૂખામાં બેઠી બેઠી એકલીનતાથી કોઈ વસ્તુને જોયા કરતી હોય, એવો તેને ભાસ થયો. એથી તેણે પણ બારીમાં ડોકિયું કરીને જોયું, તો તેજસિંહને જોતાં તે પણ આશ્ચર્યમાં નિમગ્ન થઈ ગઈ. તેના મનમાં જે સંશય આવ્યો, તે વિશે એ ક્ષણે તો તે કાંઇ પણ બોલી નહિ. માત્ર મંદ હાસ્ય કરીને તે ઓરડામાં જઇને ત્યાં પડેલા પલંગપર બેસી ગઈ.

ઘણી વાર સુધી પ્રમીલાના આગમનની વાત લાવણ્યમયીના જાણવામાં આવી નહિ. બહુ સમય વીત્યા પછી નિરાશાસૂચક એક દીર્ઘ નિ:શ્વાસ નાખીને જ્યારે તેણે પોતાની દૃષ્ટિને બહારથી ફેરવીને ઓરડા ભણી જોયું, ત્યારે અચાનક પ્રમીલાને પલંગપર બેઠેલી જોઇને તેના આશ્ચર્યનો પાર જ ન રહ્યો. પ્રમીલાને જોતાં જ તેના હૃદયમાં એક પ્રકારનો સંકોચ થવા લાગ્યો. ચતુર પ્રમીલા તેના મનોભાવને જાણી ગઈ અને કિંચિત્ સ્મિત કરીને કહેવા લાગી કે: " આમ શર્માય છે શામાટે? એમાં શર્માવા જેવું તે શું છે વારુ?"

એ શબ્દો સાંભળીને તો લાવણ્યમયી વળી વધારે સંકોચાઈ ગઈ. છતાં પણ સ્ત્રીસ્વભાવને અનુસરી પોતાના મનોભાવને છુપાવી રાખીને તે બોલી કે: “આ તારા બોલવાનો ભાવાર્થ શો છે? શર્મા શર્માવા જેવું નથી, એ હું કાંઈ સમજી શકી નહિ.”

“વારૂ, એ તો કહે કે, તેં તારા મનને પાછું પોતાના કાબૂમાં લઈ લીધું કે તેની સાથેજ જવા દીધું?” પ્રમીલા પુનઃ પૂર્વ પ્રમાણેજ મંદ હાસ્ય કરીને બોલી.

“મન, અને તે કોની સાથે જઇ શકે વારૂ?” લાવણ્યમયીએ બિલ્કુલ અજ્ઞાન બતાવીને કહ્યું.

“તેજસિંહની સાથે. બીજા વળી કોની સાથે?” બટક બોલી પ્રમીલાએ લાવણ્યમયીના પ્રણયનો પ્રકાશ કરી દીધો.

તેજસિંહનું નામ સાંભળીને લાવણ્યમયી અત્યંત લજ્જિત થઇ ગઈ અને તેના મનમાં વિચારના નાના પ્રકારના તરંગો ઊઠવા લાગ્યા. પણ તે બિચારી શું કરે? અંતે મનમાં એક પ્રકારનો નિશ્ચય કરીને તે બોલી કે: “હું કાંઇ પણ જાણુતી નથી.” એમ કહીને તે પ્રમીલાને ગળે વળગી પડી. એ સમયે તેના મુખમાં હાસ્ય, નેત્રોમાં લજ્જા અને હૃદયમાં સ્નેહનો વાસ થયેલો પ્રત્યક્ષ જોવામાં આવી શકતો હતો. પ્રમીલાએ હસીને કહ્યું કે: “કેમ મારી કલ્પના ત્યારે ખરી છે કે નહિ?”

“આજે વળી આ જૂઠો જૂઠો બકવાદ તે તેં શો કરવા માંડ્યો છે!” લાવણ્યમયીએ એ વાતને ટાળવાના ઉદ્દેશથી છણકો કરીને કહ્યું.

“વારૂ—હું જૂઠો બકવાદ કરૂં છું, તો છો કરતી; પણ તું જ સાચું જણાવી દે કે, તેજસિંહની સાથે તારૂં મન પણ ચાલ્યું ગયું છે ખરૂં કે નહિ?” બંધી પ્રમીલાએ પોતાની વાતને બીજી રીતે સાચી સાબિત કરવાની યુક્તિ શોધી કાઢી.

એનું લાવણ્યમયીએ કાંઇ પણ ઉત્તર આપ્યું નહિ. એટલે પુનઃ પ્રમીલા તેની હડપચી પકડીને કહેવા લાગી કે: “હં—વારૂ—એ તો કહે કે, તેજસિંહને તેં તારૂં મન આપ્યું છે કે નહિ?”

“નહિ.” લાવણ્યમયીએ ગંભીરતાથી ઉત્તર આપ્યું.

“વારૂ—ત્યારે હવે હું તેજસિંહને ગાળો ભાંડવા માંડું છું. તું કાંઇ બોલીશ તો નહિ ને? તારે ને એને શું? લુચ્ચો કયાંકનો!” પ્રમીલાએ એક બહુ જ ખૂબીદાર યુક્તિ વાપરી.

"વિનાકારણ તારે કોઇને ગાળો ભાંડવાની શી જરૂર છે. જો તો ખરી–ગાંડી તો નથી થઇને." મનમાં એ પ્રકાર અસહ્ય લાગવાથી લાવણ્યમયીએ કિંચિત્ ક્રોધ કરીને કહ્યું.

"કેમ, તેં તો તેજસિંહને મન નથી જ આપ્યું ને? લુચ્ચી! મારી આગળ પણ મનોભાવને છુપાવવાની તજવીજ કરે છે કે? વારુ–લે ત્યારે હું આ ચાલી–જ્યાં સુધી તારા મનની બધી વાતો મને તું કહી નહિ સંભળાવે, ત્યાં સુધી કોઇ કાળે પણ હું તારે ઘેર આવવાની નથી." એમ કહીને પ્રમીલા હસતી હસતી ત્યાંથી ચાલી ગઇ. લાવણ્યમયી પલંગપર પડી ગઇ અને તેના મુખમાંથી અચનાક નીચેનો ઉદ્ગાર નીકળી ગયો;—

"લોકો જેને ઓળખે, કહિને પ્રેમકટાર;
મારૂં મન ઘાયલ થયું, તેથી પ્હેલી વાર!"

ચતુર્થ ખણ્ડ

પ્રથમ પરિચ્છેદ

જહાંગીર અને નૂરજહાન

પ્રેમી પાઠકો! વીરપ્રસવિની મેવાડભૂમિમાં આપણે ઘણો સમય વીતાવ્યો અને અનેક ઘટનાઓનું અવલોકન કર્યું; તો હવે ચાલો આપણે તે સમયના ભારતસમ્રાટની રાજધાની દિલ્હી નગરીમાં સંચાર કરીએ અને મનને અન્ય વિષયમાં વાળીએ. ચાલો—પધારો.

આપણી પ્રસ્તુત નવલકથાના કાળમાં ભારતવર્ષ, તે જ સમસ્ત સંસારનો સાર મનાતો હતો, દિલ્હીનો વિલાસ તે ભારત વર્ષનો સાર હતો અને બાદશાહનો રણવાસ (અંતઃપુર અથવા જનાનખાનું) દિલ્હીનગરનો પણ સાર ગણાતો હતો. અત્યારે આપણે એ બાદશાહી અંતઃપુરમાં જ સૂક્ષ્મરૂપે પ્રવેશ કરીને ત્યાંની અમુક ઘટનાનું નિરીક્ષણ કરવાનું છે.

દિલ્હી નગરથી કેટલાક અંતરે યમુના નદીના તીર પ્રદેશમાંના એક પ્રશસ્ત અને રમણીય સ્થાનમાં મહદૈશ્વર્યસંપન્ન ભારતસમ્રાટ જહાંગીર બાદશાહે ગ્રીષ્મકાળના વિહારમાટે કેટલાંક ભવ્ય રાજમહાલયો બંધાવેલાં હતાં. એ મહાલયસમૂહનું સર્વસાધારણ નામ 'આરામ ગાહ' રાખવામાં આવ્યું હતું, અને એમાંનો 'નૂરજહાન' નામનો મહાવિશાળ પ્રાસાદ શોભા, વૈભવ અને ઐશ્વર્ય ઇત્યાદિમાં સર્વથી અગ્રગણ્ય મનાતો હતો. એ 'નૂરજહાન' મહાલયની અધિવાસિની જહાંગીરની નવપ્રણયિની મેહરુન્નિસા અથવા નૂરજહાન (જગજ્જ્યોતિઃ) પોતાનાં નિઃસીમ રૂપ, ગુણ અને સૌભાગ્યની અતુલ જ્યોતિથી અંતઃપુરવાસિની અન્ય બેગમોના કોમળ પ્રાણોને ક્ષણે ક્ષણે દગ્ધ કરી નાખતી હતી. ચિરયૌવના નૂરજહાન બાદશાહની બેગમ થયા પછી બીજી બધી બેગમોના પ્રેમસૂર્યનો બાદશાહના હૃદયાકાશમાંથી અસ્ત થઈ ગયો હતો. બાદશાહના હૃદયાકાશમાં માત્ર નૂરજહાનના પ્રેમસૂર્યનો પ્રકાશ જ વિસ્તરેલો જોવામાં આવતો હતો.

નિશા ચંદ્રિકાથી વિભૂષિત હતી. ભગવાન્ રજનીકાન્ત ચંદ્રમા પોતાની વિમલ જ્યોત્સ્નાવડે વસુંધરાને સ્નાન કરાવી રહ્યો હતો. કોઈ કોઈ વાર વિરલ મેઘો આવીને ચંદ્રપ્રભાને મ્લાન કરતા હતા. કેટલાક અંતરે આવેલા દેવગિરિ નામક પર્વતના ધવલ ગાત્રપર ચંદ્રકિરણોનું પતન થતાં ત્યાં બહુ જ પ્રેક્ષણીય ચકમકાટ દૃષ્ટિગોચર થતો હતો. 'આરામ-

ગાહ'ના રાજમહાલયોનું પાદક્ષાલન કરતી યમુના નદી કલકલ રવ સહિત વહન કર્યાં કરતી હતી. નદીના નિર્મળ નીરમાં ચંદ્રકિરણો પ્રતિબિંબિત થઇને તરલ રજતધારા પ્રમાણે ચમકતાં હતાં.

પોતાના દીપકપ્રકાશિત રંગમહાલયમાં એક ગવાક્ષિસંનિધ ઊભી રહીને નૂરજહાન બેગમ સૃષ્ટિસુંદરીના એ નિશાકાલિક વિમલ કૌમુદીયુક્ત ગંભીર સૌન્દર્યના અવલોકનમાં લીન થયેલી હતી. બેગમનો કેશકલાપ મુક્ત હતો. તે ભ્રમર સમાન કૃષ્ણ કેશરાશિનો કેટલોક ભાગ તેના પૃષ્ઠભાગે ઝૂલતી પીરોજી રંગની સાડીપર અને કેટલોક ભાગ તેના સુંદર ગુલાબી ગાલોપર પડેલો હોવાથી તેના નૈસર્ગિક અનુપમ સૌન્દર્યમાં એક પ્રકારની અનુપમ વૃદ્ધિ કરી રહ્યો હતો. દશે દિશામાં શાંતિનું સામ્રાજ્ય પ્રસ્થાપિત થયું હતું. એ સુરમ્ય પ્રદેશમાં એ વેળાયે કોઈ પણ પ્રકારનો શબ્દ સાંભળવામાં આવતો ન હોતો. અરણ્યમાં કલરવ કરનારાં ભૃંગરાજ અને બુલબુલ આદિ પક્ષીઓ અત્યારે નિદ્રાસુખનો અનુભવ અને આસ્વાદ લેતાં પડ્યાં હતાં.


નૂરજહાન

બાહ્ય પ્રકૃતિના એ મનોહર સૌન્દર્યનું કેટલીક વાર સુધી નિરીક્ષણ કરીને નૂરજહાન બેગમ પોતાના મનમાં જ નિઃશ્વાસ નાખીને કહેવા લાગી કે: "આહા! આજની આ નિશાદેવી કેટલી બધી સુંદર અને રમણીય દેખાય છે! સ્ફટિક સમાન શુભ્ર ચંદ્રિકામાં દૃગ્ગોચર થતા આ અપ્રતિમ સૃષ્ટિસૌન્દર્યને જોઇને મારા આ દગ્ધ હૃદયમાં આજે કેટલી બધી આશાઓ ઉત્પન્ન થાય છે! પણ માત્ર આશા રાખવાથી શો લાભ? એ આશાઓ સફળ કેમ કરીને થાય? આ મહાલયમાં એક બન્દિની તરીકે હું અત્યારે મારૂં જીવન વીતાડું છું; પણ જેનામાં મારી સર્વ આશાઓ બંધાયલી છે, તે પ્રિયતમ ક્યાં છે? સત્વર આવવાનું વચન આપી ગયા છતાં હજી તેઓ આવ્યા નહિ અને આ દાસીને દર્શન આપ્યાં નહિ. 'મારો તારામાં મારા પ્રાણ કરતાં પણ વધારે પ્રેમ છે.' એવાં વાક્યો તેઓ વારંવાર મુખથી ઉચ્ચારે છે, પણ એ વાક્યોની વાસ્તવિકતાનો અનુભવ જરા પણ થતો નથી. આ મારી યૌવનજ્વાળા, હૃદયમાંની પ્રબળ વાસના અને પ્રબળતર મનોવૃત્તિ તથા મહત્ત્વાકાંક્ષાની શાંતિ કેવી રીતે થશે? અનેક દાસી, મુક્તામણિ અને રક્ત પ્રવાલ ઇત્યાદિની સ્વામિની થઇને પાંજરામાંની પક્ષિણી પ્રમાણે જીવન વીતાડવામાં સત્ય સુખનો અંશ માત્ર પણ જોવામાં આવતો નથી. પાષાણમાં કોઇ કાળે પણ પુષ્પની ઉત્પત્તિ થતી નથી–દિલ્લીશ્વર જહાંગીરનું હૃદય પાષાણ સમાન કઠિન

હોવાથી તેમાં સ્નેહના સુકોમળ સુમનનો ઉદ્ભવ કેવી રીતે થઈ શકે વારુ ? હું સાર્વભૌમ બાદશાહની બેગમ છું, પરંતુ દિનરાત સ્વામિસુખનો ઉપભોગ લેતી આ દાસીઓ પણ મારા કરતાં વધારે સુખી અને સંતુષ્ટ છે !" એવા મનોગત વિચારો કરીને નૂરજહાને ગવાક્ષ બંધ કરીને પુનઃ એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો અને ધીમે ધીમે આવીને તે એક સુકોમળ મૃદુ શય્યામાં બેસી ગઈ.

આજે સાત દિવસ થયા જહાંગીર બાદશાહ શિકારમાટે દૂરના એક અરણ્યમાં ચાલ્યો ગયો હતો, અને તેની તરફથી બેગમને અદ્યાપિ કશા પણ સમાચાર મળ્યા ન હોતા. જે દિવસે તે ગયો તે દિવસે બેગમને તેણે એમ કહ્યું હતું કેઃ "હું અવશ્ય સંધ્યાકાળે જ પાછો આવી પહોંચીશ." પરંતુ આપેલા વચન અનુસાર તે પાછો આવ્યો નહિ. એક દિવસ ગયો; બીજો દિવસ થયો અને ત્રણ દિવસ વીત્યા; નૂરજહાન કાગના ડોળે પોતાના પ્રિયતમના આવવાની વાટ જોયા કરતી હતી, પરંતુ સાત સાત દિવસ વીતી જવા છતાં પણ બાદશાહની સવારી આવી નહિ, એટલે હવે બેગમના શોકમાં ક્ષણે ક્ષણે ભયંકર વૃદ્ધિ થવા લાગી.

નૂરજહાનના રંગમહાલયમાં નાના પ્રકારના સુગંધિત દીપો બળતા હતા. ચારે તરફ સુંદર રંગથી રંગાયલી ભીંતોપર ચિત્રકારના કૌશલ્યને દર્શાવનારાં લતાપત્રનાં ચિત્રો આલેખેલાં હતાં, અને એ ચિત્રને જોતાં એ જાણે ખરેખરી જ પુષ્પલતાઓ હોય ની ! એવો પણ ઘડીભર ભ્રમ થઈ જતો હતો. ચારે તરફ સ્વચ્છ અને વિશાળ બિલ્લોરી કાચના તખ્તાઓ ગોઠવેલા જોવામાં આવતા હતા. દર્પણો ઉપર નાગકેશર અને ચમેલીનાં ફૂલોના કૌશલ્યથી ગુંથેલા હારો લટકતા દેખાતા હતા, અને તેમના મિશ્રિત થયેલા સુગંધનો સમસ્ત મહાલયમાં વિસ્તાર થઈ ગયો હતો. નૂરજહાનનાં કોમળ ચરણનાં ચિહ્નોને ધારણ કરવામાટે નીચે ફર્શપર સુન્દર ચિત્રમય ગાલીચા પાથરેલા હતા. ભીંતપર સ્થાને સ્થાને સ્ફટિકની ખીંટીઓના આધારે તૈલમિશ્રિત રંગની બહુમૂલ્ય રમણીય છબીઓ લટકાવેલી હતી; એ છબીઓમાં સ્ફટિકખંડના ચંચળ પ્રકાશનું પ્રત્યાવર્તન થતાં તેમની ઉજ્જ્વલ શોભા અધિક મનોહર દેખાતી હતી અને એથી જાણે ચિત્રપટમાંની મૂર્તિઓ સજીવતાને ધારણ કરતી હોય ની ! એવો જ સર્વથા ભાસ થતો હતો.

નૂરજહાન્ શય્યામાંથી ઊઠીને એક સુંદર મસ્નદ (કોચ)પર બેઠી. એ વખતે પોતાના અંગપરનાં દુકૂલોનો ભાર પણ તેને અસહ્ય થઈ પડ્યો હતો. મહા કોપથી તેણે તે બારીક વસ્ત્રને નીચે ગાલીચા પર નાખી

દીધું. ઝગઝગતા પીરોજી રંગની અને ઝીણા મોતીઓથી ગુંથેલી તે સુંદર ઓઢણીને નૂરજહાને કોપના આવેશમાં આવીને નીચે નાખી દેતાં ઉજ્જ્વલ દીપકના પ્રકાશમાં તે અદ્વિતીય ચમકાટ કરવા લાગી. વિરક્ત સ્વરથી તે બોલી કે: "શું કરૂં? કોઇ પણ વસ્તુમાં મન લાગતું જ નથી."

બેગમસાહબાની આજ્ઞાની પ્રતીક્ષા કરતી પાસે જ એક લૌંડી (દાસી) ઊભેલી હતી. તેને ઉદ્દેશીને નૂરજહાન્ બોલી કે: "પેલી તરફના દાલાનમાં મારી નવી વીણા પડેલી છે, તે લઇ આવ—જા."

"પણ એ વીણાના તારો તૂટી ગયા છે, તેનું કેમ?" દાસીએ કહ્યું.

"જા—ત્યારે સિતાર લાવ." નૂરજહાને બીજી આજ્ઞા કરી.

દાસી તરત સિતાર લઇ આવી; પરંતુ નૂરજહાનથી તેના તારો તથા સ્વરોને મેળવી શકાયા નહિ. તે રમણીનાં બિંબફળને પણ લજ્જિત કરનાર તેના કોમળ અધરોમાં મધુર સ્મિતની છટા દેખાવા લાગી. તે પોતાના મનમાં જ કહેવા લાગી કે: "આ સિતાર પણ પીટયો પુરુષ-વર્ગમાંનો જ કે નહિ? એટલે એનામાં કઠોરતા હોય, એમાં નવાઇ જ શાની? વીણા સ્ત્રીવર્ગની છે એટલે મારા પ્રેમના તારો સાથે વીણાના તારો પણ તૂટી ગયા છે; અને જહાંગીરના હૃદયની કઠોરતાનું પ્રત્યક્ષ પ્રમાણ બતાવવામાટે આ નરજાત સિતારના તારો કાયમ રહ્યા છે!"

થોડા દિવસ પહેલાં એક વજીરન્ નામની નવીન દાસી નૂરજહાનની તહનાતમાં આવીને રહેલી હતી. તે દિલરુબા, વીણા અને સિતાર આદિ તંતુવાદ્યો વગાડવામાં અત્યંત કુશળ હોવાથી બેગમે દાસીને કહ્યું કે: "જો—જલ્દી જા અને વજીરન્‌ને કહે કે, તે પોતાની દિલરુબાને લઇને સત્વર અહીં આવે—મૃદંગ તો તું વગાડી શકે છે."

તરત દાસી ગઇ અને વજીરન્‌ને લઇ આવી. વજીરને દિલરુબાના તારો મેળવ્યા અને દાસીએ મૃદંગપર થાપ લગાવી. સાજ મળી રહ્યા પછી વજીરને અદબથી પૂછ્યું કે: "બેગમ સાહબા! કઇ ચીજ સાંભળવાની ઇચ્છા છે."

"તમો માત્ર વાદ્યોને વગાડો—આજે મારી જ ગાવાની ઇચ્છા થઇ આવી છે." એમ કહીને નૂરજહાને એક ગજ઼લ ગાવાનો આરંભ કર્યો અને વજીરન્ તથા દાસીએ વાદ્યોથી તેનો સાથ કર્યો. તે ગજ઼લ નીચે પ્રમાણે:—

ગજ઼લ

"ફ઼લકકો હાય! ક્યા તીરે સિતમ બરસાના આતા હય;
દિલે આશકકો બિસ્મિલકી તરહ તડપાના હય.
જુદાઇમેં તેરી સાક઼ી જિગરકા ખ઼ૂન પીતા હું;
મયઁ રો દેતા હું જબ હોટોં તલક પયમાના આતા હય.

કરમ ફરમાના આતા હય, ન ઉસ્કો મેહર આતી હય;
મુતે બેરહમકો મૈરે ફ્કત તરસાના આતા હય.
સિતમ આતા હય ગર તુમકો, વફા મુજ્કોભી આતી હય;
જલાના તુમકો આતા હય, મુઝે જલ જાના આતા હય.
બસી હય અયસી આંખોંમેં 'મુરાદ' ઉસ માહકી સૂરત;
નજ઼ર ચારોં તરફ઼ બસ જલ્વએ જાનાના આતા હય."

નૂરજહાન્ બેઠી હતી, તે મસ્નદની સામે જ એક મોટો તખ્તો ટાંગેલો હતો. ઓરડામાં એ વેળાયે દીપકોનો પૂર્ણ પ્રકાશ પ્રસરેલો હતો. ગજ઼લની છેવટની પંક્તિ ગાતાં ગાતાં બેગમે ઊંચી ગર્દન કરીને જોયું તો સામેના નિષ્કલંક, અને સૌગંધિક પુષ્પમાળાથી વિભૂષિત દર્પણમાં એક અત્યંત સુંદર, પ્રશસ્ત લલાટ અને શ્યામ શ્મશ્રુયુક્ત પુરુષના પ્રતિબિંબનું દર્શન થયું. એકાએક સર્પ દૃષ્ટિગોચર થતાં ભયથી સાધારણ મનુષ્યની જેવી અવસ્થા થાય છે, તેવી જ એ ક્ષણે નૂરજહાનની અવસ્થા થઇ ગઇ.

એ દર્પણપ્રતિબિંબિત મૂર્તિને પુનઃ જોવાનું સાહસ તેનાથી કરી શકાય એમ ન હોતું. બેગમના મનમાં 'અવશ્ય એ પુરુષે મારા ઉદ્‌ગારોને સાંભળેલા હોવા જોઇએ;' એવી કલ્પનાથી લજ્જાનો ભાવ ઉત્પન્ન થયો હતો. એ પુરુષ તે બીજો કોઇ નહિ, પણ રાજરાજેશ્વર દિલ્લીપતિ જહાંગીરશાહ બાદશાહ પોતે જ હતો; કારણ કે, એ રંગમહાલયમાં અન્ય પુરુષનો પ્રવેશ સર્વથા અશક્ય અને અસંભવિત હતો. પુનઃ નૂરજહાને એક વાર સાહસ અને ધૈર્ય ધારીને દર્પણમાં જોયું. તે પ્રતિબિંબિત પ્રતિમા પૂર્વ પ્રમાણે પાષાણવત્ નિશ્ચલ જ હતી. એ મૂર્તિ જહાંગીરની જ હોવી જોઇએ, એવો બેગમનો નિશ્ચય થઇ ગયો. દર્પણની પાસે જ બાદશાહની કદ્દે આદમ (માણસના કદની) તસ્વીર ટાંગેલી હતી—નૂરજહાને તેનું પણ અવલોકન કર્યું—તેના હૃદયમાં કંપ થવા લાગ્યો—તેને એ જહાંગીર દેખાવા લાગ્યા. જહાંગીરની મૂર્તિને જોતાં જ તેનો કોપ પ્રેમના રૂપમાં પલટાઇ ગયો. તે દર્પણમાંના પ્રતિબિંબને ઉદ્દેશીને જ



જહાંગીર.

કહેવા લાગી કે: "પ્રાણેશ્વર ! આ દાસીથી દૂર ત્યાં દ્વારમાં શામાટે ઊભા રહ્યા છો ? તમારા પગ થાકી નહિ જાય કે ?"

"રાજરાજેશ્વરી નૂરજહાન ! તારૂં લાવણ્ય—અતુલનીય—કેવળ અનુપમેય છે. સુંદરીઓ પણ તારા સૌન્દર્યને જોઇને કામાવહ્વળ થઈ જાય છે, તો પછી મારા જેવો એક પામર પુરુષ તારા એ સ્વર્ગીય સૌન્દયના નિરીક્ષણથી નેત્રોને તૃપ્ત કરવામાટે તારા દ્વારમાં ઊભો રહ્યો હોય, તો એમાં આશ્ચર્ય જેવું શું છે વારૂ ?" એમ બોલતો બાદશાહ જહાંગીર બેગમની પાસે આવીને બેઠો અને તેના અધરામૃતના પાનમાં સ્વર્ગના સુખને અનુભવવા લાગ્યો.

જહાંગીરે પ્રેમના એ શબ્દોનો ઉચ્ચાર તો કર્યો, પણ તેના મુખમંડળમાં ચિન્તા અને વ્યગ્રતાની સ્વાભાવિક એક પ્રકારની શ્યામ છાયા છવાયલી હોવાથી તેની વાણીથી સત્ય આનંદનો થવો જોઇએ તેટલો સાક્ષાત્કાર થઇ શકતો ન હોતો. ચાલાક નૂરજહાન્ તરત એ રહસ્યને જાણી ગઈ અને નમ્રતાથી તેને પૂછવા લાગી કે: "શૌહરે મન્ ! આપના હૃદયમાં આજે એવી અને એટલી બધી તે શી ચિન્તા આવી ભરાયલી છે કે, જેની છાયા અત્યારે આપના મુખમંડળમાં પણ પ્રત્યક્ષ દેખાય છે ? મને એ મનનો ભેદ સ્પષ્ટતાથી જણાવશો કે ?"

"હું આખા દિવસના પ્રવાસથી ઘણો જ થાકી ગયો છું, માટે થોડીક શરાબ (મદિરા) મંગાવ, એટલે પછી એ ભેદ હું તને નીરાંતે કહી સંભળાવું છું." જહાંગીરે આજ્ઞા કરી.

દાસીને મોકલવાને બદલે નૂરજહાન્ પોતે જ પાસેના એક બીજા ઓરડામાં ચાલી ગઈ અને એક સુવર્ણપાત્રમાં શીરાજની વખણાતી મદિરા લાવીને તે પાત્ર તેણે બાદશાહના હાથમાં આપ્યું. જહાંગીર તરત તેમાંની મદિરાને ગટગટાવી ગયો અને આનન્દમાં આવીને નીચેની કવિતા બોલવા લાગ્યો:—

"ઘનઘોર ઘટાયેં છાઈ હયૅં, રુત બદલી આજ ઝ્માનેકી;
પી ઔર પિલાતા જા સાકી ! હો ખબર તેરે મયખાનેકી !"

એના જવાબમાં નૂરજહાને પણ આ પ્રમાણે કાવ્યનો ઉચ્ચાર કર્યો:-

"નેર્ગિસકે ઇશારે હોતે હયૅં, ફૂલોંકા રંગ બદલતા હય;
ગુન્ચેકી સુરાહી ઢલતી હય, લાલેકા પ્યાલા ચલતા હય !"

"એક પ્યાલો, નૂર ! બીજો પણ ભરી આપ !" જહાંગીર બોલ્યો અને વધારામાં જણાવ્યું કે:—

"પિયેંગે મય બજ્હિર ફિકી હમકો સાકિયા ચોરી;

ખુદાકી જબ નહીં ચોરી, તો ફિર બન્દેકી કયા ચોરી ?"

તે ક્ષણે જ નૂરજહાન્ શરાબનો એક બીજો જામ ભરી લાવી અને તેને પણ જહાંગીર ગટગટાવી ગયો. શરાબનોશી કરીને બાદશાહ થોડી વાર બિછાના પર લેટી ગયો અને નૂરજહાન્ તેનું માથું દાબતી બેસી રહી. થોડી વાર પછી તે ઊઠ્યો અને બેગમને સંબોધીને કહેવા લાગ્યો કેઃ—

"જહાંગીરની જાન નૂરજહાન ! રાજપૂતાનાની કેટલીક રિયાસતો અત્યારે આપણા તાબામાં છે—એટલે કે, ત્યાંના રાજાઓ આપણા તાબેદાર છે—આઝાદ નથી. પરંતુ માત્ર ઉદયપુરનું રાજ્ય સ્વતંત્ર છે, ને ત્યાંનો રાણો નિર્ભયતા અને બેદરકારીથી દિલ્હીશ્વરને કોપની દૃષ્ટિથી જોયા કરે છે, એ મારાથી દેખી શકાતું નથી."

ત્યારે શું હજી સુધી મેવાડમાં હુઝૂરે પોતાની ફોજને મોકલવાની તકલીફ લીધી જ નથી કે ?" નૂરજહાને પૂછ્યું.

"આપણી ફોજને તો હું ત્યાં એક વાર નહિ, પણ અનેક વાર મોકલી ચૂક્યો, પરંતુ મેવાડ રાજ્યના સંરક્ષકો ઘણા જ નમકહલાલ, રાજ્યને કાયમ રાખવામાટે જીવ આપનારા, રણશૂર અને અતુલબળશાળી છે; તેમ જ બીજું કારણ એ છે કે, ત્યાંના પહાડી રસ્તાઓ બહુ જ વિકટ હોવાથી આપણા સૈનિકોની ત્યાં કશી પણ કારીગરી ચાલી શકતી નથી." નિરાશાસૂચક સ્વરથી જહાંગીરે જવાબ આપ્યો.

બાદશાહનો એ જવાબ સાંભળી એક તીવ્ર કટાક્ષ ચલાવતી નૂરજહાન્ કહેવા લાગી કેઃ "મારો તો એવો જ અભિપ્રાય છે કે એ સાધનો ઉપરાંત મેવાડના રાજપૂતો અવશ્ય કોઇ બીજા અલૌકિક ગુણને પણ ધરાવતા હોવા જોઇએ. હું કલ્પના કરી શકું છું કે ત્યાંના લોકો શહવતના ગુલામ (કામવાસનાના દાસ) અને વિલાસી તો નહિ જ હોય!"

જહાંગીર પોતાપર થયેલા કટાક્ષનો ભાવાર્થ સમજી ગયો અને તેથી મંદ હાસ્ય કરીને બોલ્યો કેઃ "નૂરજહાન ! સર્વ દેશોના લોકોમાં એ દોષ નથી હોતો. પરંતુ એટલું તો ખરૂં જ છે કે, સર્વ સ્થળે પુરુષો કરતાં સ્ત્રીઓમાં કામવિકારની સદા અધિકતા જ હોય છે. એ સિદ્ધાંતને સ્ત્રીઓ પોતે પણ કુબૂલ કરે છે. કદાચિત્ તું પણ એ વાતને માની લઇને હા પાડવાની ના નહિ પાડે."

બાદશાહે વાપરેલી એ ચાલાકીથી નૂરજહાન્ કાંઈક ઝંખવાણી પડી ગઇ; છતાં પણ પોતાની લજ્જાને છુપાવી રાખી સ્મિત કરીને કહેવા લાગી કેઃ " કામવિકારનો જીવતો જાગતો સુબૂત તો હુઝૂરના બંધાવેલા આ મહાલયોને જોતાં જ પોતાની મેળે મળી જાય છે. વળી

પુરુષો પોતાની પરણેલી સ્ત્રી ઉપરાંત રંડી રાખે છે અને એક કરતાં વધારે કન્યાઓ સાથે લગ્ન કરે છે, એ પુરુષોના કામવિકારનું બીજું પ્રબળ પ્રમાણ છે."

"પુરુષોના કામવિકારનાં એ સબળ પ્રમાણો હોય કે ન હોય, એની હજી શંકા છે; પરંતુ પોતાના પતિને મારી નાખનાર ખૂની મર્દની ગોદમાં તેજ ઔરતના બેસવાથી સ્ત્રીના કામવિકારનો તો અચૂક સુબૂત આપણને મળી શકે છે." જહાંગીરે કટાક્ષપૂર્વક જણાવ્યું.

જહાંગીરના એ કટાક્ષને ઇતિહાસના વાંચકો જેવી સ્પષ્ટતાથી સમજી ગયા હશે, તેવી જ સ્પષ્ટતાથી નૂરજહાન્ પણ બાદશાહનાં હૃદયવિદારક મર્મભારત વચનોના સારને સમજી ગઈ. શેરઅફ્ગનના સંહારક જહાંગીર સાથે નૂરજહાને વિવાહનો સંબંધ સાંધ્યો હતો, એ જ આ કટાક્ષનો ભેદમય વિષય હતો. પણ અહીં વાંચકોએ એમ ધારી લેવાનું નથી કે, નૂરજહાન્ એ કટાક્ષ સાંભળીને લજ્જિત કિંવા શોકાતુર થઇ ગઈ હશે. તે વિશ્વાવજયિની રમણી એ વચનોથી જરા પણ લજ્જિત થઇ નહિ; કિન્તુ હસીને કહેવા લાગી કે: "હુજૂરને એ વાતની તો વાકફીત હોવી જ જોઇએ કે, શરૂઆતમાં તે સ્ત્રીએ પોતાના પતિના ખૂની સાથે વિવાહ કરવાની અને પ્રેમનો સંબંધ જોડવા માટેની સાફ ના પાડી હતી ?"

"ઔરતોના વિકારની ત્યાં જ પરીક્ષા થાય છે. પ્રથમ લોકોને દંભ બતાવવામાટે તેઓ ના પાડે છે અને પછી તરત પ્રેમના પંથમાં જરા પણ વિચાર કર્યા વિના વિકારથી દોરાઈ જાય છે." જહાંગીરે પુનઃ પોતાની બુદ્ધિનું દર્શન કરાવ્યું.

હવે આ વેળાયે નૂરજહાનથી પોતાના બચાવમાં એક શબ્દ પણ બોલી શકાયો નહિ. તેને આવી રીતે નિરાશ થયેલી નિહાળીને બાદશાહ તેના ગુલાબી ગાલોને ચૂમીને પ્રેમથી કહેવા લાગ્યો કે: "હં—એ તો ખરી આપણે બીજા વિષયમાં ઊતરી ગયાં અને આપણી મૂળ વાત તો ક્યાંની ત્યાં જ રહી ગઈ. મેવાડમાં અહીંથી જે ફોજ જાય છે, તે ત્યાં જઇને કોણ જાણે શા કારણથી કશી પણ બહાદુરી બતાવી શકતી જ નથી. છેલ્લી જે ફોજ મોકલવામાં આવી હતી, તેના સંબંધમાં આજે એવા સમાચાર આવ્યા છે કે, એ આખી ફોજનો જડમૂળથી નાશ થઇ ગયો છે."

નૂરજહાને કાંઇક ગંભીરતાથી ઉત્તર આપતાં જણાવ્યું કે: "ફોજનો નાશ થયો હોય, તો પણ શી ચિન્તા છે ? દિલ્હીની સલ્તનત બીજી કોઇ પણ સલ્તનત સાથે સરખાવતાં અત્યંત બળવતી અને દૃઢ છે.

હવે આપણે એના કરતાં બમણી ફોજ ત્યાં મોકલવી જોઇએ અને જો એથી પણ કાંઇ સારૂં પરિણામ થયેલું ન દેખાય તો છેવટે તેથી પણ બમણું લશ્કર મોકલીને ફતહ મેળવવાની કોશિશ કરવી, એમાં જ આપણું ગૌરવ સમાયલું છે. મેવાડ જેવી એક તણખલા જેટલી સલ્તનત અથવા કહો કે, એક સાધારણ રિયાસત આપણો મુકાબલો કયાં સુધી કરી શકવાની હતી વારૂ? હજરત સલામત! આજથી જ આપ ફરીથી ફોજ એકઠી કરવા માંડો અને વર્ષાઋતુ પછી તેને મેવાડપર ચઢાઇ કરવામાટે મોકલી આપો.”

“એ બધો મિથ્યા વ્યાપાર છે. માત્ર નૂરજહાન્ જ મારા માટે આ સંસારસુખનો સત્ય સાર છે.” કામવશ થઇને જહાંગીર બોલ્યો.

આનંદસુખવિલાસમાં ઘણી રાત વીતી ગઇ. જહાંગીરને નિદ્રાવશ થયેલો જોઇને ઓરડાના દ્વારને અંદરથી બંધ કરીને નૂરજહાન્ પણ નિદ્રાદેવીની ઉપાસના કરવાની ઇચ્છાથી શય્યાશાયિની થઇ. અલ્પ સમયમાં જ તેમને આનંદમય શાંતિનો અનુભવ થવા લાગ્યો.

દ્વિતીય પરિચ્છેદ

અમીનાનો નવીન પ્રયત્ન

અમીના દિલ્હીમાં આવેલા પોતાના મકાનના એક ઓરડામાં બેઠી હતી. રાત્રિનો લગભગ ત્રણ પ્રહર જેટલો સમય વીતી ચૂક્યો હતો અને ચતુર્થ પ્રહરનો આરંભ થયો હતો. છતાં પણ અમીનાની આંખોમાં ઊંઘ આવી ન હોતી. કોણ જાણે શા કારણથી તેના હૃદયમાં અશાંતિએ મહાવિક્ષોભ મચાવી દીધો હતો. આજે તેના મુખમાં મલિનતાનું પ્રત્યક્ષ દર્શન થતું હતું. તે બિછાનામાં ગાલને હથેળીના આધારે રાખી માથું નીચું કરીને વિચારમાં લીન થઇને બેઠી હતી.

ચિત્રકારિણી અમીનાના અંતઃકરણની અસ્વસ્થતાનાં કારણો એક નહિ, પણ અનેક હતાં. એક તો અબ્દુલ્લા આજ કાલ એને ત્યાં આવતો ન હોતો અને તેના અનાગમનને ઘણા દિવસ વીતી ગયા હતા. અબ્દુલ્લાના ન આવવાથી કદાચિત્ અમીનાના હૃદયમાં દુઃખનો એટલો બધો આઘાત થવાનો સંભવ ન હોતો; કિન્તુ તેની હૃદયવેદનાનું વિશિષ્ટ તથા પ્રબળ કારણ એ હતું કે, અમીનાનો પ્રાણસ્વરૂપ અબ્દુલ્લા એક બીજી ફાહેશા—દુશ્ચરિત્ર ચપળા—ના પ્યારના ફન્દામાં ફસાઇ પડયો હતો. ત્રીજી એ વાત હતી કે, જો અબ્દુલ્લાને તેની વિવાહિતા સ્ત્રી જ અમીનાના હાથમાંથી છીનવીને લઇ ગઇ હોત, તો પણ તેને એટલા બધા

શોકનો અવકાશ મળત નહિ. પણ આ તો પાપી અબ્દુલ્લાએ પ્રથમ તો અમીનાના સર્વસ્વનો નાશ કર્યો હતો, અને હવે તેને પણ ત્યજી દઇને તે એક મુસલ્માન કુળકલંકિની કામિનીના કામજાળમાં જઇને ફસાઇ પડ્યો હતો. એ બનાવોના સ્મરણથી જ અમીનાના અંતઃકરણમાં આટલો બધો વિષાદ અને શોક દિવસ ને રાત થયા કરતો હતો. એ ચિન્તામાં ને ચિન્તામાં જ તેની ક્ષુધા, તૃષા અને નિદ્રાનો એક સમયાવચ્છેદે લોપ થઈ ગયો હતો.

વાંચકો અદ્યાપિ અમીનાની બુઆને તો નહિ જ ભૂલ્યા હોય. આપણે એને બુઆના નામથી પણ ઓળખી શકીએ છીએ અને અમીનાની સખીની પદવી પણ એને આપી શકીએ છીએ. એ બુઆનું નામ ગુલ્શન્ હતું. ગુલ્શને જ્યારે અમીનાને અબ્દુલ્લા પાસેથી એ બેઇમાનીનો બદલો લેવાની શીખામણ આપી, ત્યારે તેના જવાબમાં અમીનાએ કહ્યું કે: “આમાં અબ્દુલ્લાનો શો દોષ છે વારૂ? જે દોષ છે તે બધો એ ચંડાળ રાંડનો જ છે. એણે જ મારા સોના જેવા અબ્દુલ્લાને ભમાવીને આવો કથીર જેવો કરી નાખ્યો છે.”

“લે વળી—એમાં રાંડનો તે વળી શો વાંક?” ગુલ્શન્ બોલી.

“ખરેખર—એમાં રાંડનો પણ વધારે કાંઇ પણ અપરાધ નથી. ખરી રીતે જોતાં વાંક તો મારી આ ફૂટેલી કિસ્મતનો જ છે.” અમીનાએ નિરાશાદર્શક નિઃશ્વાસ નાખીને કહ્યું.

અમીનાના આવા ઉદ્‌ગારથી ગુલ્શન્ મનમાં જાણી ગઇ કે: ‘આનાથી કશું પણ કાર્ય સાધી શકાશે નહિ.’

વર્ષાઋતુની સમાપ્તિનો સમય આવી લાગ્યો હતો અને મેવાડપર ચઢાઇ કરવાની આખા નગરમાં ચર્ચા ચાલી રહી હતી; પરંતુ સેનાનો સેનાપતિ કોણ થવાનો અને એ પદવી કોને મળવાની, એનો અદ્યાપિ કશો પણ નિશ્ચય કરવામાં આવ્યો ન હોતો.

એક દિવસ ગુલ્શને અમીનાને કેટલાક પુરાણા કાગળોના ઢગલામાંથી કાંઇક શોધવાનો પ્રયત્ન કરતી બેઠેલી જોઇ. એ પ્રસંગ સાધીને તે કહેવા લાગી કે: “શું શોધે છે?”

અમીનાએ પોતાના કાર્યને બંધ ન રાખતાં જવાબ આપ્યો કે: “જો અબ્દુલ્લા હવે એ રાંડને તલાક આપીને મારે ત્યાં ન આવે, તો પણ મને એની દરકાર નથી. તે પોતાની બીબી અને બચ્ચાં સાથે જઇને રહે, એ જ મારી ઇચ્છા છે અને એમાં જ હું ખુશ છું.”

એ સાંભળી ગુલ્શને ડોકું ધૂણાવીને કહ્યું કે: “એ પરિણામ તું કઈ રીતે લાવી શકવાની હતી વારૂ?”

"જો અબ્દુલ્લાને કોઈ પણ ઉપાયે હું દિલ્લીથી બહાર દૂરના દેશમાં મોકલી શકું, તો મને લાગે છે કે, મારી એ ઇચ્છા અનાયાસે સફળ થઈ જાય એમ છે." અમીનાએ પોતાના મનોભાવને જણાવ્યો.

"પણ એને દિલ્લી બહાર મોકલવાનો એવો કોઈ માર્ગ તેં શોધી કાઢ્યો છે ખરો કે?" ગુલ્શને આતુરતાથી પૂછ્યું.

"હા—અત્યારે હું એ માર્ગને શોધી કાઢવાના પ્રયત્નમાં જ પડેલી છું." અમીનાએ જવાબ આપ્યો.

એ પ્રમાણેની વાતચીત કરતાં કરતાં કાગળોના ઢગલામાંથી અમીનાએ એક કાગળ શોધી કાઢ્યો અને મનમાં જ તેને વાંચીને મંદ હાસ્ય કરતી તે ઊઠીને ઊભી થઈ ગઈ.

"એ કાગળ શાનો છે?" ગુલ્શને પૂછ્યું.

"એ બાદશાહની બેગમોના જનાનખાનામાં જવાનું હુકમનામું છે. જ્યારે આગળ હું મહાલયમાં નોકરીપર હતી, તે વેળાયે આ આજ્ઞાપત્ર મને મળ્યું હતું." અમીનાએ ખુલાસો કર્યો.

"આ પત્ર અત્યારે શોધવાથી જણાય છે કે, પાછી તું જનાનખાનામાં જ જવાની ઇચ્છા ધરાવે છે. પણ વારૂ, જનાનખાનામાં જઇને તું શું કરીશ?" ગુલ્શને પાછો સવાલ કર્યો.

"ત્યાં જઇને હું જે કરવાની છું, એ વાત તને હું ત્યાંથી પાછી આવવા પછી સંભળાવીશ. અત્યારે તો સત્વર મારે જવું જ જોઇએ; કારણ કે, સંધ્યાનો સમય થવા આવ્યો છે." અમીનાએ કહ્યું.

એ પ્રમાણે બોલીને અને ગુલ્શનને કાગળોની ગાંસડી બાંધીને અમુક સ્થળે રાખી દેવાની ભલામણ આપીને અમીના ઘરમાંથી બહાર નીકળી અને પગે ચાલીને જ જવા લાગી. બીબી સાહબાને આજે પગે ચાલી જતી જોઇને દરબાનની અજાયબીનો પાર જ રહ્યો નહિ.

પ્રથમ તો રાજમાર્ગમાંથી ચાલીને જવું તેને જરાક કઠિન લાગ્યું; કારણ કે, ઘણા દિવસથી તેનો ચાલવાનો અભ્યાસ છૂટી ગયો હતો. પણ માર્ગો બધા જાણીતા હોવાથી અંતે મનને દૃઢ કરીને ઊતાવળે પગલે ચાલતી તે રાજમહાલય સમક્ષ આવી પહોંચી. પ્રત્યેક દ્વારપર આજ્ઞાપત્ર બતાવતી તે મહાલયના અંતર્ભાગમાં દાખલ થઇ ગઇ અને આંગણામાં આવ્યા પછી તે પોતાના કોઇ પરિચિત મનુષ્યને આમ તેમ શોધવા લાગી.

શાહી મહલના એ આંગણામાં અનેક ખ્વાજાસરાઓ અને લૌંડીઓ આમતેમ ફરતાં જવામાં આવતાં હતાં. તેઓ પોતાના કામકાજમાં એટલાં બધાં મશગૂલ થઈ ગયાં હતાં કે, કેટલાકોને તો અ-

મીના ત્યાં આવીને ઊભી હતી એનું પણ કાંઇ ભાન હતું નહિ. કેટલા-કોએ એને જોઇ, પણ કાંઇ ધ્યાન આપ્યું નહિ; અને કેટલાકોની એનાપર બરાબર નજર પડી, છતાં પણ કોઇએ એની સાથે વાત કરવાની તકલીફ લીધી નહિ. અમીનાનો પોતાના પરિચિત મનુષ્યને શોધવાનો પ્રયત્ન નેત્રોની સહાયતાથી ચાલૂ જ હતો. થોડી વાર પછી અચાનક એક પ્રહરિણી* તેના જોવામાં આવી. તેને જોતાં જ અમીના બોલી ઊઠી કે: "હું ઘણા વખતથી અહીં તમારી તલાશમાં જ ઊભેલી છું."

"કેમ? ખબર તો છે ને?" પ્રહરિણીએ પૂછ્યું.

"જનાબ નૂરજહાન્ બેગમ સાહબા અત્યારે ક્યાં છે, તે જરા બતાવશો કે?" અમીનાએ પોતાની ઇચ્છાને વ્યક્ત કરી.

"તમારા બોલવાપરથી જણાય છે કે, શાયદ તમોએ બેગમ સાહબાને જોયાં નથી. પણ—હા—ક્યાંથી જોયાં હોય? કારણ કે, તમારા અહીંથી રુખસત થયા પછી તો તેઓ અહીં પધારેલાં છે. પણ બેગમ સાહબા સાથે તમારૂં શું કામ છે, તે જણાવશો?" પ્રહરિણીએ કહ્યું.

"એ કામનો ખુલાસો અત્યારે સાંભળશો કે બેગમ સાહબાની રૂબરૂમાં સાંભળશો?" અમીના માર્મિકતાથી બોલી.

"બેગમ સાહબાની રૂબરૂમાં સાંભળવામાં પણ કાંઇ વાંધો નથી. વારૂ—ત્યારે આવો." એમ કહીને પ્રહરિણી આગળ આગળ ચાલવા લાગી અને અમીના તેની અનુગામિની થઇ. જે ઓરડામાં અમૂલ્ય અલંકારો અને ઉત્કૃષ્ટ વસ્ત્રો ધારણ કરીને નૂરજહાન્ અથવા જગજ્જ્યોતિ વિરાજમાન થએલી હતી, તે ઓરડામાં એ બન્નેએ પ્રવેશ કરીને બેગમ સાહબાને નમીનમીને લાંબી સલામો કરી. નમસ્કાર ચમત્કારની સમાપ્તિ થયા પછી પ્રહરિણીએ જરાક આગળ વધી હાથ જોડીને કહ્યું કે: "આ ઔરત હજૂર બેગમ સાહબા આગળ કાંઇક અર્જ કરવાની ખાહિશ ધરાવે છે."

"તમો કોણ છો?" નૂરજહાને અમીનાને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો.

"આ દાસી દિલ્લીની રહેવાવાળી એક સાધારણ સ્ત્રી છે." અમીનાએ અત્યંત નમ્રતા દર્શાવીને ઉત્તર આપ્યું.

"તમારી શી તમન્ના છે?" નૂરજહાને પૂછ્યું.

"બાદશાહની અનેક બેગમોની તસ્વીરો આ દાસીએ બનાવી આપેલી હોવાથી મારી એવી ઇચ્છા છે કે, હુજૂરની પણ એક છબી મારા હાથે બને તો વધારે સારૂં." અમીનાએ જવાબ દીધો.

---

* બાદશાહોના જનાનખાનામાં જે સ્ત્રીઓ સિપાહીઓનો વેશ ધારણ કરીને પહેરો ભરવાનું કામ કરે છે, તેમને પ્રહરિણીના નામથી જ સાધારણ રીતે ઓળખવામાં આવે છે.

"શું–મારી તસ્વીર ખેંચવાની તમારી ઇચ્છા છે કે ?" નૂરજહાને કિંચિત્ સ્મિત કરીને કહ્યું.

ઉત્તરમાં અમીનાએ નમીને મુજરો કર્યો. એટલે નૂરજહાન્ પુનઃ કહેવા લાગી કેઃ "મારા સાંભળવામાં આવ્યું છે કે, અમીના નામની એક ઔરત મુસવ્વરી (ચિત્રકળા)નું કામ બહુ જ સારૂં કરી જાણે છે અને તેણે જ અહીંની ઘણીખરી બેગમોની તસ્વીરો ખેંચેલી છે."

"જી–સાચું છે. તે અમીના આ નાચીજ બન્દી પોતે જ છે કે જે અત્યારે હુજૂરની સામે હાથ જોડીને ઊભી છે." અમીનાએ કહ્યું.

"ખયર;–આજ તો તમો આ મહલમાંજ આરામ કરો, અને આવતી કાલથી તમારા કામની શરૂઆત કરજો." નૂરજહાને કહ્યું.

અમીનાએ મુખથી એક શબ્દનો પણ ઉચ્ચાર ન કરતાં ત્રણ વાર બેગમને ઝુકીઝુકીને સલામો કરી. તેના વિવેક અને સૌન્દર્યથી નૂરજહાન્ ઘણી જ પ્રસન્ન થઈ અને તેણે પ્રહરિણીને આજ્ઞા આપી કેઃ "આ બાઇને અહીં આરામથી રહેવામાટેનો પૂરો બંદોબસ્ત કરી આપજે. કોઈ જાતની ખામી ન આવે. સમજી કે ?"

"જેવો હુજૂર બેગમ સાહબાનો હુકમ." પ્રહરિણીએ કહ્યું.

નૂરજહાને જવાનો ઇશારો કર્યો અને તેના સંકેતને સમજી લઇને પ્રહરિણી તથા ચિત્રકારિણી અમીના બન્ને ત્યાંથી તરત વિદાય થઈ ગઇ. અમીના મનમાં ને મનમાં જ ખુદા (ઈશ્વર) નો આભાર માનતી કહેવા લાગી કેઃ—

"મુશ્કિલકો સહલ કરના સદા તેરા કામ હય;
મુશ્કિલકુશા ઇસી સબબસે તેરા નામ હય."

પ્રહરિણીએ બેગમની આજ્ઞાપ્રમાણે અમીનાને મહાલયમાં નિવાસની આવશ્યક યોગ્ય વ્યવસ્થા કરી આપી. અમીના ભવિષ્યના અનેક વિચારો કરતી ત્યાં જ રહી.

તૃતીય પરિચ્છેદ
અબ્દુલ્લાની ઔરત

ગત પરિચ્છેદમાં વર્ણવેલી ઘટનાને બીજે દિવસે મધ્યાહ્નસમયે આવશ્યક ભોજનાદિ કાર્યથી નિવૃત્ત થઇને નૂરજહાન્ એક શૃંગારેલા ઓરડામાં આવી અને ત્યાં ઉત્તમોત્તમ વસ્ત્ર તથા અલંકાર આદિ ધારણ કરીને તેણે ચિત્રકારિણી અમીનાને બોલાવવામાટે દાસીને મોકલી. દાસીના જવા પછી બેગમ પોતે ઓરડામાંના વિશાળ દર્પણ સમક્ષ ઊભી

રહીને પોતાનાં વસ્ત્ર તથા અલંકારોની શોભાનું અવલોકન કરવા લાગી અને જે ન્યૂનતા જણાઈ આવી તેની પૂર્ણતા કરતી ગઈ. ખરેખર બેગમના શિરની વેણીનો વિલાસ તો અદ્વિતીય જ દેખાતો હતો અને પાનની લાલીએ તેના ગુલાબી રંગના હોઠોમાં એક જાતની અપૂર્વ છટાને લાવી મૂકી હતી. એના અંગમાં અત્યારે એક પણ અલંકાર અપ્રાસંગિક કિંવા અસ્થાનીય અવલોકવામાં આવતો ન હોતો. નૂરજહાન્ અત્યારે નિષ્કલંક ચંદ્રમાના અવતારને ધારણ કરીને બાદશાહના મનને મુગ્ધ બનાવવામાટે સર્વ પ્રકારે યોગ્ય બની ગઈ હતી. તે પોતાના સૌન્દર્યને જોઇને અંતે હસી પડી અને પોતાના મનમાં પોતાના સ્વરૂપની પોતે જ પ્રશંસા કરવા લાગી.

થોડી વારમાં જ અમીના એ ઓરડામાં આવી લાગી અને રાજરાજેશ્વરી જગજ્જ્યોતિને નમન કરીને એક બાજૂ વિનયથી ઊભી રહી ગઇ. નૂરજહાન્ તેને ચિત્ર આલેખવાની આજ્ઞા આપીને પોતે બાદશાહી કાયદાને અનુસરીને પાસેના સિંહાસનપર વિરાજમાન થઈ. અમીનાએ ચિત્રને આલેખવાના પોતાના કાર્યનો આરંભ કર્યો. તેણે હજી તો ચિત્રનો અમુક ભાગ જ ચીતર્યો હતો, છતાં તેટલા ભાગને જ જોઇને નૂરજહાન્ અત્યંત પ્રસન્ન થઈ ગઈ અને આનંદના આવેશમાં જ કહેવા લાગી કેઃ “મુસવ્વરી (ચિત્રકળા)માં તો તમો ઘણાં જ હોશિયાર અને ચાલાક દેખાઓ છો. બાદશાહ સલામત આજકાલ લડાઇના ઝગડામાં પડી ગયા છે; નહિ તો તેમની પણ એક તસ્વીર તમારી કલમથી હું ચીતરાવી લેત ! ખયર; વળી બીજા કોઇ પ્રસંગે જોઇ લેવાશે.”

અમીનાને પોતાના મતલબની વાત કહી દેવાનો પ્રસંગ પોતાની મેળે જ મળી ગયો. તે કલમ ચલાવતી જ કહેવા લાગી કેઃ “હજરત સલામત ! ગુસ્તાખી મુઆફ; આ લૌંડી કાંઇક અર્જ કરવાની ઇચ્છા ધરાવે છે.”

“જે કાંઇ પણ કહેવાનું હોય, તે ખુશાથી કહો.” નૂરજહાને કહ્યું.

“આ લડાઇ કયાં થવાની છે વારુ ?” અમીનાએ સવાલ કર્યો. અમીના બોલતી હતી, પણ તેની કલમ તો જેમની તેમ જ ચાલ્યા કરતી હતી. તેની ગતિમાં જરા પણ અવરોધ થયો ન હોતો.

“મેવાડમાં થવાની છે.” બેગમે જવાબ આપ્યો.

“પણ ફોજ રવાના થઇ કે શું ?” ચિત્રકારિણી અમીનાએ બીજો પ્રશ્ન કર્યો. કલમ જેવી ને તેવી જ ચાલૂ હતી.

"ના; હજી ફોજ રવાના થઈ નથી, પણ હવે જલ્દી જ જવાની છે." નૂરજહાને મીઠો જવાબ આપ્યો.

"હં–પણ આ વખતે ફોજનો અફસર (સેનાપતિ) કોણ થવાનો છે, તે હુજૂર જાણે છે કે?" કલમને ચાલતી રાખીને અમીનાએ હસીને સવાલ કર્યો.

"સેનાપતિ કોણ થશે, એનો હજી બરાબર નિશ્ચય કરવામાં આવ્યો નથી. શાહી દરબારમાં અનેક હોશિયાર અને બહાદુર જવાંમર્દ પડેલા છે, એટલે કોઈ ને કોઈ એક અફસરજંગ તો મુકર્રર થવાનો જ." નૂરજહાને સાધારણ નિષ્કપટ ભાવથી જવાબ આપ્યો.

"હજરત! જો આ બન્દીની એક આશા પૂરી કરો, તો પ્રાર્થના કરૂં." અમીનાએ ધીમે ધીમે પોતાના સ્વાર્થના માર્ગમાં પગ મૂકવા માંડ્યો. છતાં તેનો હાથ તો અટક્યો ન હોતો જ.

"બેતકલ્લુફ–વિનાસંકોચ–કહો." નૂરજહાન બોલી.

"પણ જો એ આશા પૂરી કરવાનું વચન આપો, તો કહું." અમીનાએ કહ્યું. અમીના વાત તો બેગમ સાથે કરતી હતી, પરંતુ તેની આંખો તો તસ્વીરમાં જ લાગેલી હતી.

"જો તમારી એ આશા પૂરી કરવા લાયક હશે, તો તો હું અવશ્ય પૂરી કરીશ જ." નૂરજહાને અર્ધ અનુમોદન આપ્યું.

"એનો તો આપની ઇચ્છાપર જ આધાર છે. જો આપની કૃપા થાય, તો એવું જગતમાં કયું કાર્ય છે કે, જે ન બની શકે? હા; જો આપની મરજી ન જ હોય, તો પછી બીજી વાત છે." અમીનાએ પ્રસંગ જોઈને ખુશામદનો વ્યાપાર ચલાવ્યો. એ વેળાએ અમીનાનો કરુણાપૂર્ણ કંઠસ્વર બહુ જ મધુર બની ગયો હતો. બેગમ નૂરજહાનને પણ તે અત્યંત મધુર લાગ્યો. આશાદર્શક ભાવથી બેગમ પ્રસન્ન થઈને બોલી કે: "વારૂ; જે તમારી આશા હોય તેને વ્યક્ત કરો."

"અબ્દુલ્લાખાન નામક એક મન્સબદાર આપના દરબારમાં મુલાજિમ (નોકર) છે, તેને જ જો સેનાપતિ બનાવીને મોકલવામાં આવે, તો કામ ન ચાલી શકે કે શું?" ભૂલથી પણ પોતાની કલમને ન અટકાવતાં અમીનાએ પોતાની ઇચ્છાને વ્યક્ત કરી બતાવી.

"પણ એમાં તમારો એટલો બધો શો સ્વાર્થ સમાયલો છે વારૂ?" નૂરજહાને સાશંક મુદ્રાથી પૂછ્યું.

અમીનાએ એનું કાંઈ પણ ઉત્તર આપ્યું નહિ. એટલે થોડી વાર થોભીને બેગમ બોલી કે: "વારૂ; ત્યારે બાદશાહ આગળ હું વાતને છેડીશ."

અમીનાએ માથું નીચું નમાવીને ચિત્રમાં કલમ ચલાવતાં ચલાવતાં જ જવાબ આપ્યો કે: "હુજૂર! આ ગરીબ લોંડીને આવાં બહાનાં શાને બતાવો છો? આપની આગળ બિચારા બાદશાહની તે શી ગણના છે વારૂ? જેમ આપ આજ્ઞા કરો, તેમ બાદશાહે કરવું જ જોઇએ. આપની વાત બાદશાહ સરઆંખોથી કુબૂલ કરવાના જ, એવી મને પૂરી ખાત્રી છે."

"એમાં તો જરા પણ શક નથી જ." નૂરજહાન્ અભિમાન દર્શાવતી બોલી.

હવે અમીનાના હાથમાંની કલમ નીચે જમીનપર પડી ગઇ. એ જોઇને નૂરજહાન્ ગભરાઇ ઊઠીને ઊભી થઈ ગઈ. કારણ કે, તે બન્ને સુંદરીઓની સામે સમ્રાટ્ જહાંગીર આવીને ઊભો રહ્યો હતો. અમીના ડરતી ડરતી સલામ કરીને ઘૂંઘટ કાઢી એક ખૂણામાં જઇ ઊભી રહી. તેને આવી રીતે ગભરાટમાં પડેલી જોઇને જહાંગીર કહેવા લાગ્યો કે:—

"બાદશાહ કુબૂલ કેમ નહિ કરે? નૂરજહાન્‌ના ફર્માનને બાદશાહે બસરોચશ્મ કુબૂલ કરવું જ જોઇએ. આ ઔરત બહુ જ હોશિયાર, ચાલાક અને અક્લમન્દ દેખાય છે. નૂર! એ કોણ છે વારૂ?"

અમીનાના સંબંધમાં નૂરજહાન્ જેટલું જાણતી હતી, તે સર્વ તેણે બાદશાહને કહી સંભળાવ્યું. અમીનાનો પરિચય પામીને બાદશાહે તેને પોતા પાસે બોલાવી. અમીના પણ સાહસ કરીને જહાંગીર પાસે આવી અને હાથ જોડી ગોઠણ મંડીયે પડીને નમ્રતાથી કહેવા લાગી કે: "જહાંપનાહ! આ નાચીજ બન્દી જો કાંઇ પણ વધારે ઘટારે બોલી ગઇ હોય, તો તેની તે ભૂલ અથવા ખતાને દરગુજર કરવાની મેહરબાની બતાવશો. આ લૌંડી બેવકૂફ અને અડધી ગાંડી જેવી છે."

"હું તારાથી જરા પણ નારાજ નથી; જરાય ગભરાઇશ નહિ." જહાંગીરે આશ્વાસન આપ્યું.

અમીનાએ વળી પણ નમીને બાદશાહને મુજરો કર્યો. બાદશાહે પૂછ્યું કે: "અબ્દુલ્લા તારો કોણ થાય છે?"

અમીના જાણી ગઈ કે: 'બાદશાહે બધી વાતો સાંભળી લીધી છે.' પરંતુ દિલ્લીનો બાદશાહ જ્યારે જનાનખાનામાં બેગમ પાસે આવતો હતો, ત્યારે તે બાદશાહ રહેતો ન હોતો. તેની અવસ્થા અને પદવી એક સાધારણ મનુષ્ય પ્રમાણે જ થઇ જતી હતી; કારણ કે, એ સમયે તે કરવા તથા ન કરવાના તેમ જ કહેવા તથા ન કહેવાનાં બધાં કાર્યો કરવામાં પ્રવૃત્ત થઇ જતો હતો અને તે એટલે સુધી કે, ચોરો પ્રમાણે સંતાઇને બીજાની છુપી વાતો સાંભળવામાં પણ તેને જરાય

સંકોચ થતો નહોતો. એ વાતને પણ ચિત્રકળાનિપુણ અમીના સારી રીતે જાણતી હતી, એટલે તેને કાંઇ બાદશાહનો વધારે ભય થયો નહિ. અમીનાને નિરુત્તર જોઇને બાદશાહે પુનઃ કહ્યું કેઃ "તારા મનમાં જે વાત હોય, તે નિર્ભયતાથી કહી દે."

પણ એ સવાલનો પ્રથમ કાંઇ પણ જવાબ આપવાને બદલે અમીના નૂરજહાનની તરફ એકીટસે જોવા લાગી. જ્યારે નૂરજહાને બધો ભેદ કહી દેવામાટે નેત્રસંકેત કરીને અનુમાત આપી ત્યારે તે નિર્ભય થઇને કહેવા લાગી કેઃ "જહાંપનાહ! અબ્દુલ્લાખાન મારા ખાવિન્દ થાય છે અને હું તેમની બીબી છું."

"આમ હોવા છતાં પણ તમો કહો છો કે, 'હું એક દુઃખની મારી દુઃખિયારી નારી છું.' એ તો અજાયબી જ કહેવાય." નૂરજહાને હસીને વચમાં જ પોતાના મનનો ઉદ્ગાર કાઢ્યો.

"હુજૂર! શું મન્સબદારની દિલદાર કોઇ વાર દુઃખીયારી અને લાચાર નથી હોતી કે?" અમીનાએ નીચી નજર રાખીને જ કહ્યું.

નૂરજહાન્ મનમાં સમજી ગઈ કેઃ 'અમીનાના દુઃખનું બીજું જ કોઇ કારણ હોવું જોઇએ.' જહાંગીર અમીનાને ઉદ્દેશીને કહેવા લાગ્યો કેઃ "અબ્દુલ્લાખાન ફોજનો અફસર બનીને મેવાડમાં લડાઇ કરવાને જાય, એમ તું શામાટે ઇચ્છી રહી છે વારૂ?"

અમીના સાહસ સહિત ઉત્તર આપતી કહેવા લાગી કેઃ "જહાંપનાહ! મારો શૌહર રાજપૂતો સાથેની લડાઇમાં ફતહ મેળવીને કીર્તિ પામશે, તો તેથી અમારા ઘરની શોભામાં વધારો થશે, એવી મારી માન્યતા છે. જે રાજપૂતોને કોઇ પણ જીતી શક્યું નથી, તેમને બાદશાહનો એ એક સાધારણ સિપાહી હરાવે અને પોતાના નામને હમેશને માટે કાયમ રાખી જાય, એ જ જોવાની મારી મનીષા છે."

"તારી આ વાતોને હું ખરી તરીકે નથી માની શકતો." જહાંગીરે જરાક હસીને કહ્યું.

અમીના એ સાંભળીને મનમાં જ વિચારવા લાગી કેઃ "હવે વધારે વાર જૂઠું બોલવાથી કાંઇ પણ મતલબ નીકળી શકે એમ નથી જ. એથી તો છેવટે મારે જ નીચું જોવું પડશે." એવો વિચાર કરીને તે જહાંગીરને અનુલક્ષીને બોલી કેઃ "જહાંપનાહ! આવી પ્રાર્થના કરવાનું આ દાસીને એક બીજું પણ કારણ મળેલું છે. પણ હું એમની ઔરત હોવાથી વધારે કાંઈ પણ બોલી શકતી નથી."

"બાદશાહ અથવા રાજાને રૈયતે પોતાના પિતા સમાન જ માનવો જોઇએ અને રૈયત તેમ જ માને છે પણ ખરી. ત્યારે પિતા આગળ

શર્મ અને પડદો શા માટે રાખવાં જોઇયે વારૂ? તું બધી વાત સાફ સાફ જણાવી દે, એટલે પછી જો શક્ય હશે તો હું તારી એ મનોવેદનાને દૂર કરવાની મારાથી બનતી કોશિશ કરીશ." જહાંગીરે ગંભીરતાથી કહ્યું.

લજ્જાથી મસ્તકને અવનત કરીને અમીના કહેવા લાગી કેઃ "હજરત સલામત! મારો શૌહર આજકાલ બહુ જ બદચલન–દુરાચારી–થઈ ગયો છે, એટલે મારી એવી ધારણા છે કે, જો એ થોડા વખતને માટે કોઇ બીજા દેશમાં જઇને રહે, તો પોતાની મેળે જ એના આચારો સારા થઇ જશે અને એના સુધરવાથી મારા ભાગ્યમાં પણ સુધારો થશે."

નૂરજહાન્ અમીનાની નજર ચૂકવી એક તીવ્ર કટાક્ષબાણ ચલાવીને બાદશાહને કહેવા લાગી કેઃ "મર્દોના શહ્‌વતી (કામી) હોવાનો આનાથી વધારે શો સુબૂત હોઇ શકે વારૂ?"

જહાંગીર નૂરજહાન્‌ના એ કટાક્ષના ભાવાર્થને સમજી ગયો અને જરાક હસ્યો. પાછો તે અમીનાને સંબોધીને બોલ્યો કેઃ "ખયર; હું અબ્દુલ્લાને એ માટે ઠપકો આપીશ. તે પોતાના દુરાચારોને તજી દેશે અને ઘેર આવીને તારી માફી માગશે. પછી તો થયું ને?"

"મારા સરતાજ ખાવિન્દને કોઇ પણ રીતે શર્મિન્દો કરવાની અને નીચું જોવડાવવાની મારી મરજી નથી. મારા મનનો જે ભાવ અને આશય છે, તે તો હુજૂરને મેં પ્રથમથી જ જણાવી દીધો છે; એટલે હવે વધારે કહેવાની કશી પણ અગત્ય નથી જ." અમીનાએ હાથ જોડીને કહ્યું.

"વારૂ; ત્યારે હવે તારે જવું હોય, તો ભલે જા. હું એની સઘળી યોગ્ય વ્યવસ્થા કરી નાખીશ." જહાંગીરે તેના હૃદયનું સાંત્વન કર્યું.

અમીના એ આજ્ઞા સાંભળી નમન કરી પાછલા પગે ચાલતી ઓરડાના દ્વારમાંથી જ્યારે બહાર નીકળી ગઇ, ત્યારે–ત્યાર પછી–નૂરજહાન હસતી હસતી પોતાના શૌહર–બાદશાહ–ને કહેવા લાગી કેઃ "હવે મને શો હુકમ ફર્માવો છો?"

એ પછી બાદશાહ અને નૂરજહાનનો પરસ્પર જે વાણીવિલાસ અને અનંગાવહારનો પ્રકાર ચાલ્યો, તે સર્વનું અહીં વર્ણન કરવાનું કાંઇ પણ પ્રયોજન નથી; કારણ કે, એ ચર્ચાઓનો આપણી વાર્તા સાથે કશો પણ સંબંધ નથી. માત્ર એટલું જ જણાવી દેવું ઉચિત છે કે, બાદશાહે અમીનાની કેટલીક વાતોને સત્ય માની લીધી હતી; એટલે એથી એ તો સ્પષ્ટ જાણી શકાય છે કે, એક સાધારણ સ્ત્રીના બુદ્ધિચાતુર્ય

આગળ સમસ્ત ભારતવર્ષના સમ્રાટ્‌ને અથવા તો તેની બુદ્ધિને સર્વથા હાર જ માનવી પડી હતી. ખરૂં જ કહ્યું છે કેઃ—

"स्त्रियश्चरित्रं पुरुषस्य भाग्यम् ।
देवो न जानाति कुतो मनुष्यः ?"

સ્ત્રીઓનાં ચરિત્ર અને પુરુષના ભાગ્યને સાક્ષાત્ પરમેશ્વર પણ જાણી નથી શકતો, તો પછી બિચારા પામર મનુષ્યની તે શી શક્તિ—અર્થાત્ મનુષ્ય તો ક્યાંથી જ જાણી શકે? અસ્તુ. હવે આપણે આપણી કથાના અનુસંધાનમાં આગળ વધીશું.

ચતુર્થ પરિચ્છેદ

લાવણ્યમયીનું હૃદય

દેવગિરિનું યુદ્ધ થયાને આજે લગભગ એક વર્ષ વીતી ગયું હતું. પણ એટલા દિવસ સુધી શું લાવણ્યમયી તેજસિંહની વાતોને સ્મરણમાં રાખીને બેઠી હતી? કે પછી તે એ સર્વ બનાવોને સર્વથા ભૂલી જ ગઇ હતી? અમો અમારાં દીર્ઘદૃષ્ટિ અને બહુશ્રુત પાઠકો તથા પાઠિકાઓને નમ્રતાથી પૂછવાનું સાહસ કરીએ છીએ કે, એ બેમાંથી સ્મરણનો સંભવ વિશેષ છે કે વિસ્મરણની શકયતા અધિક છે?

એમાંથી ગમે તે શકય હોય ને ગમે તે અશકય હોય, પરંતુ ભૂતકાળને ભેદીને એટલું તો અમો અવશ્ય જોઇ શકીએ છીએ કે, લાવણ્યમયી તે દિવસથી પ્રતિદિવસ તેજસિંહના નામનો જપ કર્યા કરતી હતી. જ્યારથી તેણે બારીમાં બેસીને તેજસિંહને પ્રયાણ કરી જતો જોયો હતો, ત્યારથી પ્રથમ તો કેટલાક દિવસ તે ઘોર ચિન્તામાં જ પડી ગઈ હતી, પણ તેની એ ચિન્તાની બીજા કોઇને પણ જાણ થવા પામી ન હોતી. તે દિવસથી પ્રમીલા સાથેનો તેનો સહવાસ પણ ઘણો જ ઓછો થઇ ગયો હતો. તેની એ પ્રેમવેદનાને પ્રથમ જાણી લેનારી પ્રમીલા જ હતી; કારણ કે, સ્ત્રીના મનોભાવને સ્ત્રી ઝટ જાણી જાય છે, એ સંસારનો એક દૃઢ નિયમ જ છે. લાવણ્યમયી સદા સર્વદા સાવધાન રહેતી હતી અને ભૂલથી પણ કોઇ વાર પોતાના મુખમાંથી તેજસિંહ શબ્દ બહાર ન નીકળી જાય એની ઘણી જ સંભાળ રાખતી હતી; કારણ કે, એ વાત જો કોઇના જાણવામાં આવી જાય, તો તેને લજ્જિત થવું પડે એમ હતું અને તેથી તે એ વિશે એટલી બધી સાવધાન રહે એ સર્વથા સ્વાભાવિક જ હતું.

પરંતુ એવી રીતે પ્રેમના પ્રજળતા પાવકને અંતરમાં જ દબાવી રાખવાથી દિવસે દિવસે લાવણ્યમયીનું શરીર મલિન અને નિસ્તેજ થવા લાગ્યું. તેની એ અવસ્થા પ્રથમ પ્રમીલાના જોવામાં આવી અને ત્યાર પછી મહાતપસિંહ તથા શોભનસિંહ પણ તેના દેહની એ દુર્દશાને દેખી શક્યા. પણ એ મલિનતાનું મૂળ કારણ શું હોવું જોઇએ, એ ભેદમાત્ર પ્રમીલા વિના બીજા કોઇના પણ જાણવામાં આવી શક્યો નહિ અને તેને જાણવાની કોઇએ કશી ચેષ્ટા પણ કરી નહિ. લાવણ્યમયીનાં જેટલાં ઉત્તમ અને મૂલ્યવાન્ વસ્ત્રો હતાં, તે સર્વ કીડાઓ ખાઇ ગયા; માથામાં નાખવાનાં જેટલાં સુગંધિત તેલો હતાં, તેમાંનો કેટલોક ભાગ કીડીઓ પી ગઈ; બાકીનો ભાગ બગડી જવાથી દીવામાં નાખીને બાળી નાખવામાં આવ્યો અને તેના ભોજનમાટે જે ઉત્તમોત્તમ પદાર્થો આવતા હતા, તે સર્વ દાસીઓના ઉદરમાં સ્થાન મેળવવા લાગ્યા. તે બાળાની દાનશીલતામાં આજકાલ ઘણો જ વધારો થઇ ગયો હતો અને તે એટલે સુધી કે, જે કોઇ પણ વસ્તુ માગે, તે એની પાસેથી મળી શકતી હતી. જાણે એણે કલ્પલતાના સ્વરૂપને જ ધારણ કર્યું હોયની! એવો જ ભાસ થતો હતો. એના લાંબા અને કાળા નાગ સમાન કેશોના સંબંધમાં આપણે એટલું તો અવશ્ય જાણવું જ જોઇએ કે, પ્રમીલા તેનાપર નિરંતર નજર રાખતી હોવાથી તેના કેશોએ જટાના અવતારને ધારી લીધો ન હોતો.

એક દિવસ પ્રમીલાએ લાવણ્યમયીને એકાંતમાં પકડી અને તેનો બહુ જ અંત લીધો ત્યારે તે મુગ્ધા બાળાએ નિરુપાય થઇને કેટલીક વાતોનો સ્વીકાર કર્યો. પછી બીજી વાર એક દિવસ પ્રમીલા તેની પાસે આવી અને તેની જોડે બેસીને અત્યંત ગંભીરતાથી કહેવા લાગી કે: "લાવણ્યમયી! તું નિરંતર આટલી બધી ચિન્તા ન કર. તારા કોમળ શરીરની કેવી દુર્દશા થતી જાય છે, એ તું જોઇ શકતી નથી કે શું?"

"મને તો મારા શરીરની એવી કાંઇ પણ દુર્દશા થયેલી દેખાતી નથી. તું વળી આજે આ શું બકે છે." લાવણ્યમયીએ વાતને ઉડાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

"તું બિલ્કુલ રોગી જેવી દેખાય છે અને તારા મુખમાંથી તેજનો તો લોપ જ થઇ ગયો છે. પણ બહેન! એમ થવાનું કારણ શું છે તે કહીશ કે?" પ્રમીલાએ પોતાના પ્રયત્નમાં દૃઢ રહીને પૂછ્યું.

"કારણ વળી શાનું અને શું? મૂળ ન હોય ત્યાં શાખાનો તે સંભવ ક્યાંથી હોઇ શકે વારુ?" લાવણ્યમયીએ ઉડાવનારો જવાબ દીધો.

"પણ આજકાલ તું આટલી બધી ચિન્તા શાને કર્યા કરે છે?" પ્રમીલાએ વળી પણ તેવો જ સવાલ કર્યો.

"ચિન્તા શાની ને વાત શી?" લાવણ્યમયી બોલી.

"વળી કહે છે કે, ચિન્તા શાની?" એમ કહીને પ્રમીલા લાવણ્યમયીને નાના પ્રકારના ઉપદેશો આપવા લાગી. તેણે કહ્યું કે: "જો, લાવણ્ય! જેને પોતાની પ્રિય વસ્તુની પ્રાપ્તિની આશા નથી હોતી, તે આટલી બધી કદાચિત્ ચિન્તા કરે, તો તે વ્યાજબી પણ કહેવાય; પરંતુ તારી અવસ્થા કાંઇ એવી નથી, છતાં પણ તારે આટલી બધી ચિન્તા કરવાનું શું કારણ હશે, એ હું સમજી શકતી નથી." પ્રમીલા એમ કહીને તેના ઉત્તરની વાટ જોવા લાગી.

"મારી ચિન્તા કેવી છે વારૂ?" લાવણ્યમયીએ પૂછ્યું.

"તારી ઇચ્છિત વસ્તુ મળવાની તો તને પૂરેપૂરી આશા છે, ત્યારે પછી વિનાકારણ આટલી ચિન્તા કરીને પ્રાણોને શાને પછાડી નાખતી હઇશ જે?" પ્રમીલા બોલી.

"મારી ઇચ્છિત વસ્તુ શી છે?" લાવણ્યમયીએ પ્રશ્ન કર્યો.

"તે કોઇ પુરુષ છે અને જેને તું પોતાનું મન આપી ચૂકી છે." પ્રમીલાએ ઉત્તર આપ્યું.

"તે પુરુષ કોણ છે વારૂ?" લાવણ્યમયીએ પુનઃ પૂછ્યું.

"તેજસિંહ!" પ્રમીલાએ તેના ચિત્તચોરના નામનો ઉચ્ચાર કર્યો.

એ નામ સાંભળીને લાવણ્યમયીએ પ્રથમ તો કિંચિત્ સ્મિત કર્યું; પરંતુ ત્યાર પછી કોપપૂર્ણ નેત્રોવડે તેની તરફ જોઇને તે કહેવા લાગી કે: "જો, પ્રમીલા! તું બહુ જ મોટી ભૂલ કરે છે. મેં મારૂં હૃદય કોઇને પણ આપ્યું નથી અને મારૂં હૃદય કોઈ પુરુષને આપવાનો ખરી રીતે જોતાં મને કશો અધિકાર પણ નથી. તારી આગળ લજ્જા કરવાનું કાંઈ પણ કારણ નથી. એ તો તું જાણે જ છે કે, મારા હૃદય પર મારી પ્રભુતા બહુ જ થોડી છે; કારણ કે હું મારા પિતા અને ભ્રાતાને આધીન છું. વિવાહ થવા પૂર્વે આ હૃદય તેમની આજ્ઞાને જ ધારણ કરી રહેનારૂં છે. એટલે કે, મારૂં હૃદય જેને આપવાની તેમની ઇચ્છા હશે, તેને જ તેઓ આપી દેવાના. મને જે આશ્ચર્ય થાય છે, તે એટલું જ કે, તું એક આર્ય અબળા હોવા છતાં મને એમ કેમ કહે છે કે, 'તેં તારૂં હૃદય પિતા અને ભ્રાતાની ઇચ્છા વિના જ બીજા કોઈ પુરુષને આપી દીધું છે!' આ ઘટના કદાપિ શક્ય છે ખરી?"

એ વેળાયે લાવણ્યમયીનો સ્વર સ્થિર અને ગંભીર થઈ ગયો હતો. પ્રમીલા પોતાના મનમાં ને મનમાં જ લાવણ્યમયીને કોટિકોટિ

ધન્યવાદ આપવા લાગી. હાય! જે પાપી અને દુષ્ટાત્માઓ આપણા આ આર્યાવર્તની અબળાઓનાં આવાં અતિપવિત્ર અંતઃકરણોને પરિવર્તિત કરવાની ઇચ્છા—દુષ્ટ વાસના—ધરાવતા હોય, તે મહાપાતકી જનોને હે જનની વસુન્ધરે! તું પોતાના ગર્ભમાં શામાટે શમાવી નથી દેતી ?

પ્રમીલા મોહમુગ્ધ થઇને કહેવા લાગી કે: "લાવણ્ય! હું સમજી ગઈ કે, તારા આ પ્રણયમાં કેટલીક નિરાશા પણ સમાયલી છે. તને તેજસિંહની પ્રાપ્તિ થશે કે નહિ, એ અત્યંત શંકાસ્પદ વાર્તા છે, અને તેથીજ રાતદિવસ ચિન્તા કરી કરીને તું શરીરનો નાશ કરી નાખવાને તૈયાર થઈ ગઈ છે!"

લાવણ્યમયીએ એનું કશું પણ ઉત્તર આપ્યું નહિ; એટલે હવે પ્રમીલાએ પણ વધારે બોલવાનું વ્યાજબી ધાર્યું નહિ. તે, બીજી ત્રીજી વાતો કાઢીને તેના મનને રમાડવાનો પ્રયત્ન કરવા લાગી.

એ પછી વળી પાછા બીજા પણ કેટલાક દિવસો વીતી ગયા. હવે લાવણ્યમયીના શરીરમાં ધીમે ધીમે જ્વરનો આવિર્ભાવ થવા લાગ્યો. દિવસે દિવસે એ જ્વરનો પ્રભાવ વધતો જ ગયો અને જ્વરની વૃદ્ધિ સાથે તેના શરીરની ક્ષીણતામાં પણ વૃદ્ધિ થવા લાગી. તે સૂકાયલા કાંટા જેવી થઈ ગઈ. હાય! નિરાશાનું કેવું ખેદકારક પરિણામ ?

પંચમ પરિચ્છેદ

સત્ય કે સ્વપ્ન ?

આપણે ઘણા દિવસથી તેજસિંહની મુલાકાત નથી લીધી, માટે રસિક વાંચકો! જો તમારી તેને મળવાની ઇચ્છા હોય, તો ચાલો અમારી સાથે પધારો—આજે અમો તેની જોડે તમારો મેળાપ કરાવી આપીશું. જુઓ, માલતીગઢની સામેના પર્વતની તળેટીમાંથી જે માર્ગ નીકળેલો છે અને તે માર્ગમાં પેલો જે એક અશ્વારોહી યુવક ચાલ્યો જાય છે, તે જ આપણો પૂર્વપરિચિત તેજસિંહ છે. હવે કદાચિત્ આપ એવો પ્રશ્ન કરશો કે: 'એ તેજસિંહને એ સ્થાને આવવાનું શું કારણ છે?' તો એ શંકાનું પણ અમે નિવારણ કરી નાખીશું.

હવે તેજસિંહ ઉદયપુરનો એક રાજકર્મચારી થયો હતો અને તેથી બહુધા તે ઉદયપુરમાં જ વસતો હતો. જો કે, સાલુમ્બ્રાગઢમાં તેનો વંશપરંપરાનો પુરાતન આવાસ હતો ખરો, પરંતુ હવે ત્યાં જવાનું તેને વધારે પ્રયોજન પડતું ન હોતું. છતાં કેટલીક વાર પ્રયોજન ન હોવા છતાં પણ તેને ત્યાં જવું પડતું હતું. તે સાધારણ રીતે કોઇ વાર ત્યાં જતો હતો, થોડા દિવસ રહેતો હતો અને પાછો ઉદયપુરમાં

ચાલ્યો આવતો હતો. એ ઉપરાંત ત્યાં તેને કોઇ વિશેષ આવશ્યક કાર્ય કરવાનું હતું જ નહિ. ઉદયપુરથી સાલુમ્બ્રાગઢ તરફ જવાના બે માર્ગો છે. એક તો સીધો ઉદયપુરથી સાલુમ્બ્રાગઢ ચાલ્યો ગયો છે અને બીજો માર્ગ માલતીગઢ પાસેથી થઈ કેટલોક ઘેરાવો લઇને સાલુમ્બ્રાગઢને જઈ મળેલો છે. તેજસિંહ બહુધા એ બીજા—માલતીગઢવાળા—માર્ગથી જ જતો આવતો હતો. જ્યારે પણ તે ઉદયપુરથી નીકળતો હતો, ત્યારે પ્રત્યેક વાર તે પોતાના મનમાં એવો નિશ્ચય કરતો હતો કે: 'આજે તો માર્ગમાં અવસ્ય માલતીગઢમાં રોકાઇશ અને ત્યાંના લોકોને મળતો જઇશ.' પરંતુ જ્યારે તે માલતીગઢની પાસે આવી લાગતો હતો, ત્યારે લજ્જાથી અચાનક ઘેરાઇ જતો હતો અને માલતીગઢમાં જવાના તેના નિશ્ચયનો તત્કાળ લોપ થઈ જતો હતો. તેના હૃદયમાં એનો જ વિચાર થયા કરતો હતો કે: "પાછળથી લોકો એમ જ બોલવાના કે, એ તો કેવળ લાવણ્યમયીને જોવા કે મળવામાટે જ અહીં આવ્યા કરે છે; અને એ વાત લાવણ્યમયીના જાણવામાં આવતાં કદાચિત્ તેના મનમાં પણ મારા વિશે અશુભ અભિપ્રાય બંધાઇ જશે." એવા વિચાર અને હેતુથી તે માલતીગઢમાં પ્રવેશ કરી શકતો ન હોતો. વળી પાછો જ્યારે તે સાલુમ્બ્રાગઢથી ઉદયપુર જવામાટે નીકળતો હતો, ત્યારે પણ મનમાં એવી ધારણા કરતો હતો કે: "આ વખતે તો માલતીગઢમાં અવસ્ય એક દિવસ રહીશ." પરંતુ પુનઃ માલતીગઢને જોતાં જ તેના મનની અવસ્થા પાછી આગળના જેવી જ થઇ જતી હતી; એટલે કે, અચાનક લજ્જા આવીને તેના નિશ્ચયમાં વિઘ્ન નાખી દેતી હતી. એક વાર નહિ, પણ પ્રત્યેક વાર એમ જ થયા કરતું હતું. જે વીર પુરુષે અસંખ્ય શત્રુદલના મધ્યભાગમાં પ્રવેશ કરીને નિર્લયતા તથા પ્રફુલ્લતાથી શત્રુઓનો સંહાર કરી નાખ્યો હતો અને પોતાની વીરતાનો પ્રભાવ બતાવીને ઉદયપુરના મહારાણાને પણ મુગ્ધ કરી દીધો હતો, તે રણધીર વીરને માલતીગઢના દ્વાર પાસે નિરંતર પરાજિત થવું પડતું હતું. એ શું એક પ્રકારનું આશ્ચર્ય ન કહી શકાય કે ? પણ પ્રેમલજ્જાનો સ્વભાવ જ એવો હોય છે, એટલે એમાં વધારે આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી. વળી જ્યારે જ્યારે પણ તેના મનમાં લાવણ્યમયીનું સ્મરણ થઇ આવતું હતું, ત્યારે તે પોતાના પ્રેમાસક્ત મનને એમ જ સમજાવ્યા કરતો હતો કે: "હે નિર્બોધ મન ! એ એક રાજાની કન્યા છે અને તું ભિક્ષુક છે. તારો ને એનો સંયોગ થવો અશક્ય છે ! માટે સાવધાન થઇ જા અને એ આશાનો ત્યાગ કરી દે. એમાં જ તારા સુખનો ખરો સાર સમાયલો છે !"

આજે એ માર્ગમાં તેજસિંહ ચાલ્યો જતો હતો, એનું પણ એ જ કારણ હતું. ચાલતાં ચાલતાં તે માલતીગઢના બહુ જ સમીપમાં આવી પહોંચ્યો, સતૃષ્ણ નયનોથી ગઢતરફ જોવા લાગ્યો અને જાણી જોઇને પોતાના ઘોડાને ધીમે ધીમે ચલાવવા લાગ્યો. તેજસિંહે એક વાર અસ્ત થતા સૂર્યનું અવલોકન કર્યું. તેને જણાયું કે, રાત્રિના આગમનમાં હવે વિશેષ વિલંબ ન હોતો. એ પછી પોતાનાં વસ્ત્રો પર તેની અચાનક દૃષ્ટિ પડતાં, તેના જાણવામાં આવી ગયું કે, માઘ માસની નિશાકાલિક શીતલતાથી રક્ષણ કરી શકે, તેવાં તેનાં વસ્ત્રો ન હોતાં અને ઠેઠ સાલુમ્બ્રાગઢ સુધી પહોંચવાનું હતું. એ બધા વિચારો મનમાં આવવા છતાં પણ ઘોડાને તેણે ઉતાવળથી ન ચલાવ્યો—પ્રથમ પ્રમાણે તે મૂક પ્રાણીને તે મંદગતિથી જ ચલાવતો રહ્યો.

એ જ સમયે કિલ્લાના એક બુર્જપર ઊભેલા શોભનસિંહે તેજસિંહને જતો જોઇ લીધો અને તત્કાળ પોતાની પાસે ઊભેલા પોતાના સિપાહીને આજ્ઞા કરીને કહ્યું કે: "જો, પેલો ઘોડેસવાર ચાલ્યો જાય છે, તેને મારૂં નામ આપીને અહીં બોલાવી લાવ."

આજ્ઞાને શિરોધાર્ય કરીને તે સિપાહી નીચે ઊતર્યો અને ઘોડાપર સવાર થઇને ત્યાંથી ચાલતો થયો. તેજસિંહનો અશ્વ ધીમી ચાલથી ચાલ્યો જતો હતો, એટલે પોતાના અશ્વને દપટાવીને તે સિપાહી જોતજોતાંમાં તેની પાસે આવી પહોંચ્યો. શોભનસિંહનું નામ સાંભળતાં જ તેજસિંહ ત્યાંથી પાછો ફર્યો અને ઝટ પોતાના મિત્રની સેવામાં આવીને ઉપસ્થિત થયો.

શોભનસિંહની મુખમુદ્રા એ સમયે કાંઇક મલિન થયેલી દેખાતી હતી. પારસ્પરિક કુશળ સમાચાર પૂછ્યા પછી શોભનસિંહે કહ્યું કે: "અત્યારે ક્યાંથી આવો છો અને ક્યાં જવાનો ઉદ્દેશ છે?"

"ઉદયપુરથી આવું છું અને સાલુમ્બ્રાગઢ તરફ જવાનો વિચાર છે." તેજસિંહે ઉત્તર આપ્યું.

"અમોને મળ્યા વિના જ એક અપરિચિત મનુષ્ય પ્રમાણે આપ અહીંથી ચાલ્યા જાઓ છો, એ શું આપને ઉચિત લાગે છે કે?" શોભનસિંહે ઠપકો આપ્યો અથવા બીજા શબ્દોમાં કહીએ તો વિવેક બતાવ્યો.

"મારા એ અપરાધમાટે હું આપની ક્ષમા માગું છું. મેં સાલુમ્બ્રાગઢથી વળતી વેળાયે આપને પરિશ્રમ આપવાનો વિચાર કર્યો હતો." તેજસિંહે પણ વિવેકથી જ ઉત્તર વાળ્યું.

"પણ તેજસિંહ! જો આપ વળતી વેળાયે જ અહીં આવ્યા હોત, તો લાવણ્યમયીના મુખનું દર્શન ભાગ્યે જ કરી શક્યા હોત; કારણ કે, હવે તો એમ જ જણાય છે કે, એ બાળા કાંઇ લાંબો વખત જીવવાની નથી." શોભનસિંહ નિરાશાસૂચક સ્વરથી બોલ્યો, અને એ વાતનું તેના મનમાં કેવું પરિણામ થાય છે, તે જાણવામાટે તે તેજસિંહના મુખમંડળનું એકાગ્રદૃષ્ટિથી અવલોકન કરવા લાગ્યો. અંતે તેની મુખમુદ્રામાં થયેલા પરિવર્તનને જોઇને શોભનસિંહના મુખમંડળમાં કાંઇક પ્રસન્નતાથી છટાનું દર્શન થવા લાગ્યું.

"શું લાવણ્યમયીની પ્રકૃતિ અસ્વસ્થ છે કે?" તેજસિંહે આતુરતાપૂર્ણ પણ ધીમા સ્વરથી પ્રશ્ન કર્યો.

"હા; લાવણ્યની માંદગી આજકાલ એટલી બધી વધી ગઇ છે કે, ચિકિત્સકોએ પણ તેના જીવનની આશાને છોડી દીધી છે." શોભનસિંહે કહ્યું.

તેજસિંહે એ સાંભળીને એક નિઃશ્વાસ નાખ્યો.

એ પછી શોભનસિંહે પોતાના એક અનુચરને તેજસિંહના ઘોડાની સંભાળ રાખવાની આજ્ઞા કરીને તેજસિંહને સાથે લઇ મહાલય તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં તેજસિંહે સવાલ કર્યો કે: "લાવણ્યમયીને એવો ભયંકર તે શો રોગ થયો છે વારૂ?"

"જ્વર અને તેની સાથે શરદી તથા ઉધરસનો પણ વિકાર જણાય છે. પણ અત્યાર સુધી લાવણ્ય ભાન અને શુદ્ધિમાં તો બરાબર છે. બાલ્યાવસ્થામાં જ માતાનો સ્વર્ગવાસ થયો અને તેથી બિચારીને સુખ શું છે, એની કલ્પના પણ નથી. બસ; એ જ આ રોગનું મૂળ કારણ હોવું જોઇએ." શોભનસિંહે કહ્યું.

ઊંડા પાણીમાં પત્થરનો એક ટુકડો નાખવાથી તે પાણી જેવી રીતે કંપાયમાન થાય છે, તેવી જ રીતે શોભનસિંહની એ વાત સાંભળીને તેજસિંહના હૃદયમાં ભયંકર કંપ થવા લાગ્યો; તેનામાં સંભાષણ કરવાનું સામર્થ્ય પણ રહ્યું નહિ.

માર્ગમાં જરાક આગળ વધતાં અજિતસિંહનો મેળાપ થયો, એટલે એ ત્રણે જણ સાથે મળીને મહાલયમાં આવ્યા. ત્યાર પછી તેજસિંહને બહારની બેઠકમાં બેસાડીને અજિત અને શોભને અંતઃપુરમાં પ્રવેશ કર્યો. ચાલતાં ચાલતાં અજિતે શોભનને ઉદ્દેશીને કહ્યું કે: "શોભનસિંહ! તેજસિંહને લાવણ્યમયી પાસે લઇ જા."

"આમ એકાએક એને લાવણ્ય પાસે લઇ જવો, એ ઠીક નથી. પ્રથમ તેજસિંહ આવવાના છે, એટલા સમાચાર આપીએ, પછી આવી

ગયાનું જણાવીએ અને અંતે મુલાકાત કરાવીએ, એ જ વધારે સારૂં છે." શોભનસિંહે દીર્ઘદૃષ્ટિ દર્શાવીને કહ્યું.

"તેજસિંહ આવવાના છે, એમ તો આશ્વાસન આપવામાટે પ્રમીલા ઘણા દિવસથી એને કહ્યા કરે છે, એટલે હવે એમના આવી જવાની વાત જ કહેવી જોઇએ." અજિતસિંહે એક નવી વાત જણાવી.

"વારૂ; ત્યારે પ્રમીલાને જઇને કહી દ્યો એટલે તે લાવણ્યમયીને તેજસિંહના આગમનના સમાચાર આપી દે." શોભનસિંહે કહ્યું.

"હાય! આ ભેદ જો પ્રથમથી જ આપણા જાણવામાં આવ્યો હોત, તો આજે લાવણ્યની આવી દુર્દશા ન થઈ હોત!" શોભન નિરાશાથી બોલ્યો.

"પણ આ વાત મને તેં પ્રથમ જ કેમ ન જણાવી વારૂ?" અજિતસિંહે કાંઇક રોષનો ભાવ બતાવીને કહ્યું.

"પ્રમીલાએ જ્યારે મને આ વાત કહી, ત્યારે જ એ ભેદ મારા જાણવામાં આવ્યો અને ત્યાર પછી તરત જ તને મેં જે બીના હતી તે જણાવી દીધી. પ્રમીલાએ ઘણા વખત સુધી એ વાતને છુપાવી રાખવામાં ઘણી જ મોટી ભૂલ કરી, એમાં તો જરા પણ સંશય નથી. પ્રથમ તો પ્રમીલાએ મને કાંઈ પણ કહ્યું ન હોતું, પણ જ્યારે તેણે જોયું કે વૈદ્ય પણ લાવણ્યમયીના જીવનની આશાને છોડી ગયા છે, ત્યારે જ તે મારી પાસે આવી અને રોતી રોતી કહેવા લાગી કે: 'તેજસિંહવિષયક સ્નેહ જ લાવણ્યમયીનો કાળ થઇ પડ્યો છે.' જે થવાનું હતું તે થઇ ગયું છે, પણ આ અંતની ઘડીએ પણ જગદંબાએ કૃપા કરીને તેજસિંહને પોતાની મેળે જ અહીં મોકલી દીધો છે, એ પણ આપણે આપણા સદ્ભાગ્યનું જ એક લક્ષણ સમજવું જોઇએ." શોભનસિંહે સમસ્ત વૃત્તાંત કહી સંભળાવ્યો.

પ્રમીલાના મુખથી એ સમાચાર લાવણ્યમયીના સાંભળવામાં આવી ગયા કે: "તેજસિંહ આવી પહોંચ્યા છે." એ શુભ સંવાદને સાંભળતાં જ પીડામાં પડેલી લાવણ્યના મુખમંડળમાં હાસ્યના નૂતન-ચંદ્રનું દર્શન થવા લાગ્યું.

બીજી તરફ શોભનસિંહે અજિતસિંહને એક બાજૂ બોલાવીને પૂછ્યું કે: "ભાઈ! તેજસિંહ કયા વંશમાંથી ઊતરી આવેલા છે, એ વિશે તું કાંઇ જાણે છે ખરો કે?"

"ના." અજિતસિંહે અજ્ઞાન દર્શાવ્યું.

"ત્યારે આજ રાત્રે જ ગમે તેમ કરીને એ વાતનો શોધ તારે કરી લેવાનો છે. સમજ્યો કે?" શોભનસિંહે તાકીદ કરી.

"વારુ; હું પૂછી લઇશ." અજિતસિંહે બીડું ઉઠાવ્યું.

થોડા વખત પછી તેજસિંહને સાથે લઇને શોભનસિંહ લાવણ્યમયીની શય્યા પાસે આવીને ઊભો રહ્યો. એક પ્રકારે તેજસિંહની આશા પણ સફળ થઇ. લાવણ્યમયીને જોતાં જ તે મનોગત કહેવા લાગ્યો કે: "લાવણ્યમયીના તે અપૂર્વ લાવણ્યનો ક્યાં લોપ થઇ ગયો વારુ? તે તપ્ત સુવર્ણ સમાન સુવર્ણનો સંહાર કોણે કર્યો? હોઠોના ગુલાબી રંગનો વિભંગ શાથી થયો? કૃષ્ણરંગી સુન્દર કેશોની સ્નિગ્ધતા કેમ દેખાતી નથી? વિશાળ નેત્રોની આવેગમયી દૃષ્ટિની સૃષ્ટિ ક્યાં છે? હાય! નેત્રોને બંધ કરીને એ લલિત લલના શય્યામાં મૃત સમાન સ્થિતિમાં સૂતેલી છે!"

"લાવણ્ય! જાગે છે કે?" એમ કહીને શોભનસિંહે લાવણ્યમયીને મંદ સ્વરથી બોલાવી.

લાવણ્યમયીએ નેત્રો ઉઘાડીને જોયું—નેત્રો સમક્ષ તેજસિંહની મૂર્તિ ઊભેલી તેના જોવામાં આવી. પ્રેમી બાળા એક દૃષ્ટિથી તેજસિંહના મુખનું અવલોકન કરવા લાગી. કેટલીક વાર પછી પુનઃ ક્લાન્ત થઇને તેણે પોતાની આંખોને બંધ કરી લીધી. પાછી બીજી વાર જ્યારે તેણે આંખો ઊઘાડી, ત્યારે પોતાની સામે પ્રમીલાને બેઠેલી જોઇ. ઓરડામાં એ વેળાયે બીજું કોઇ પણ હતું નહિ. થોડેક છેટે એક દીપક બળ્યા કરતો હતો. લાવણ્યમયીએ ક્ષીણ સ્વરથી પૂછ્યું કે: "પ્રમીલા! થોડી વાર પહેલાં મને એમ દેખાયું હતું કે, જાણે તેજસિંહ મારી શય્યા પાસે ઊભેલા છે. એ સત્ય છે કે સ્વપ્ન?"

"તારો સ્નેહ તને શું કહે છે?" પ્રમીલાએ કહ્યું.

"હું શું કહી શકું? સત્ય કે સ્વપ્ન?" એમ કહીને લાવણ્યમયીએ પાછાં નેત્રો બંધ કરી લીધાં અને થોડી વારમાં જ તે સ્વપ્નસૃષ્ટિમાં વિહરવા લાગી.

ષષ્ઠ પરિચ્છેદ

ચુમ્બન

પ્રમીલાએ લાવણ્યમયીને તેજસિંહના આવવાની વાત સમજાવી દીધી. બીજે દિવસે લાવણ્યનો રોગ લેશમાત્ર પણ વધેલો દેખાયો નહિ, કિન્તુ તેનામાં કિંચિત્ સજીવનતા આવેલી દૃષ્ટિગોચર થવા લાગી. પ્રમીલાને આવેલી જોઇને લાવણ્યમયી કહેવા લાગી કે: "પ્રમીલા! જ્યારથી હું માંદી પડી છું, ત્યારથી ઘણા લોકો મને જોવામાટે આવી ગયા છે અને આવતા જાય છે. પરંતુ બાલ્યાવસ્થાની એક

સખી આજ સુધીમાં એક વાર પણ મને જોવા માટે નથી આવી એનું કારણ શું હોવું જોઇએ વારૂ ?"

"તારી તે સખી કોણ વારૂ ?" પ્રમીલાએ પૂછ્યું.

"કુન્દકુમારી." લાવણ્યમયીએ ઉત્તર આપ્યું.

"એને બોલાવું કે ?" પ્રમીલા બોલી.

"હા; બોલાવ." લાવણ્યમયીએ ઇચ્છા દર્શાવી.

પ્રમીલા ત્યાંથી ઊઠીને ચાલતી થઇ. એટલામાં તેજસિંહને સાથે લઇને શોભનસિંહ ઓરડામાં આવી લાગ્યો. તેજસિંહને એક વાર જોઇને જ લાવણ્યમયીએ પોતાની આંખોને બંધ કરી લીધી. શોભનસિંહે લાવણ્યમયીને બે ચાર વાર બોલાવી, પણ એક પણ જવાબ તેને મળ્યો નહિ. શોભનસિંહ મનમાં સમજી ગયો કે: 'એ નિદ્રામાં નથી, પણ જાણી જોઇને જ નથી બોલતી; શર્માઇ ગઇ છે.' બન્ને જણ શય્યાની પાસે જ આસનપર બેસી ગયા. શોભનસિંહે તેજસિંહને પૂછ્યું કે: "તેજસિંહજી ! હું આપને એક વાત પૂછવાની ઇચ્છા ધરાવું છું."

"શી આજ્ઞા છે, કુમાર !" તેજસિંહે નમ્રતાથી કહ્યું.

"આપે પવિત્ર રાઠોડકુળની એક શાખામાં જન્મ ધારણ કરેલો છે અને અમો ગિહલોત વંશની એક શાખામાં અવતરેલા છીએ. અર્થાત્ જગદમ્બાની કૃપાથી જો મારી ભગિની સારી થઇ જાય અને એનો કર અમો આપના કરમાં અર્પણ કરીએ, તો આપને કોઇ પણ પ્રકારનો પ્રત્યવાય તો થવાનો નથી ને ?" શોભનસિંહે લાવણ્યના લગ્નનો પ્રસ્તાવ કર્યો.

જાણે કોઈ આશાતીત અથવા અસંભવનીય વાર્તાનું શ્રવણ કરતો હોયની ! તેવી રીતે તેજસિંહ દિગ્મૂઢ જેવો થઈ ગયો. તેના માથાથી તે પગ સુધી જાણે વીજળી દોડી ગઇ હોયની ! તેવો એક કંપનો આઘાત થઈ ગયો. તે માથું નીચું નમાવીને પૃથ્વી તરફ જોવા લાગ્યો. તેજસિંહને આવી રીતે નિરુત્તર જોઇને શોભન પૂછવા લાગ્યો કે: "કેમ, ત્યારે આપની શી ઇચ્છા છે ? બીજા કોઇનો એ કાર્યમાટે અભિપ્રાય તો પૂછવાનો નથી ને ?"

"યુવરાજ ! મને સ્વપ્નમાં પણ એવી આશા ન હોતી કે, આપના મુખથી આવી વાત મારા સાંભળવામાં આવશે." તેજસિંહે શર્માઇને કહ્યું.

"ત્યારે આપની એ કાર્યમાટે સંમતિ છે ને ?" શોભને ફરી પૂછ્યું.

"રત્નની માળાને ગળામાં ધારણ કરવા કોણ ન ઇચ્છે વારૂ ?" તેજસિંહે આલંકારિક ભાષામાં ઉત્તર આપ્યું.

એ સમસ્ત સંભાષણ લાવણ્યમયીએ પણ સાંભળી લીધું. તેના અંધકારમય હૃદયાકાશમાં આશાનો સ્વર્ગીય પ્રકાશ પડવા માંડ્યો. શોભનસિંહે એકલા જ ઓરડામાંથી બહાર આવીને એ બધી વાતો અજિતસિંહને કહી સંભળાવી. એ બધું સાંભળીને અજિતસિંહ બોલ્યો કે: "પણ; મહારાજ તારા વચનને માન્ય રાખશે ખરા કે?"

"હું ગમે તે પ્રયત્ન કરીને પણ તેમની એ કાર્યમાટે અનુમતિ મેળવીશ. વળી તેમને એ સંબંધથી અસંતુષ્ટ થવાનું એવું કાંઈ કારણ પણ નથી; કારણ કે, તેજસિંહ કોઈ અયોગ્ય અથવા અકુલીન યુવક નથી, એટલે પછી વાંધો શાનો હોય? ભાઇ! હું બીજું કાંઈ પણ નથી ઇચ્છતો. મારી માત્ર એટલી જ ઇચ્છા છે કે, કોઈ પણ રીતે મારી ભગિની લાવણ્યમયી દુઃખમુક્ત થઇને સુખભાગિની થઈ જાય!" શોભનસિંહે કહ્યું.

એક દિવસ એકાંતમાં બેસીને શોભનસિંહે એ બધી વાતો શાંતિથી પોતાના પૂજ્ય પિતાને કહી સંભળાવી. કેટલાક સંશય દર્શાવ્યા પછી અંતે તેના મનનું પણ સમાધાન થઈ ગયું અને મહાતપસિંહ પણ એ કાર્યમાં સંમત થઇ ગયો.

શોભનસિંહ પોતે સ્નેહની જ્વાળાથી બળ્યા કરતો હતો, તેથી પોતાના અનુભવના આધારે પોતાની ભગિનીને સુખી કરવામાટેના ખરા ઉપાયને તે સારી રીતે ઓળખી ગયો હતો. હાય! જો આપણા ઘરમાં—દરેક ઘરમાં—શોભનસિંહ જેવા જ ભાઈ હોય, તો આપણી અનેક અબળા બાળાઓને બહુધા દુઃખને ભોગવવાનો પ્રસંગ જ ન આવે!

ચિકિત્સાનો ભાર તો ચિકિત્સકોના શિરપર જ પડેલો હતો, પણ તે સાથે શોભનસિંહે તેના પથ્યની એક નવીન વ્યવસ્થા કરી હતી. તે વારંવાર કોઈ પણ કારણથી કૌશલ્યસહિત તેજસિંહને લાવણ્યમયીના ઓરડામાં લાવતો હતો અને તેને એકલો જ તેની શય્યા પાસે મૂકીને બહાર ચાલ્યો જતો હતો. શોભનસિંહની એ વ્યવસ્થાનું અલ્પ સમયમાં જ બહુ સારું ફળ દેખાવા લાગ્યું. થોડા દિવસમાં જ લાવણ્યના જ્વરનો લોપ થયો અને ઉધરસ પણ ઓછી થઈ ગઈ. પાંડુતાની ન્યૂનતા થવા સાથે પ્રથમ જેવા ઉજ્જ્વલ વર્ણનું દર્શન પણ થવા લાગ્યું.

એ પછી બીજા પણ કેટલાક દિવસો વીતી ગયા અને રોગનો લાવણ્યમયીના શરીરમાં માત્ર આઠમો ભાગ જ બાકી રહ્યો. એક દિવસ શોભનસિંહ અને તેજસિંહ લાવણ્યમયીની શય્યા પાસે બેઠા હતા. એટલામાં તેજસિંહ કહેવા લાગ્યો કે: "રાજકુમાર! આજે મારી રજાના દિવસો પૂરા થયેલા હોવાથી જો આપની આજ્ઞા હોય, તો હું ઉદયપુર જાઉં."

એ શબ્દો લાવણ્યમયીના કાનોમાં પણ અથડાયા. તેણે તરત પોતાની આંખોને બંધ કરી લીધી.

શોભનસિંહે ઉત્તર આપતાં કહ્યું કેઃ "આપના એ કાર્યમાં અમારાથી કેમ બાધા કરી શકાય વારૂ? પણ મારી એટલી જ પ્રાર્થના છે કે, કોઇ કોઇ વાર કૃપા કરીને અહીં પધારવાનો પરિશ્રમ લેતા રહેશો, તો અમારાપર આપનો મોટો ઉપકાર થશે."

"આપની કૃપા ચિરકાળ મારા સ્મરણમાં અવિચળ રહેવાની છે." તેજસિંહે કૃતજ્ઞતા દર્શાવી.

એટલામાં એક દાસીએ આવીને સમાચાર સંભળાવ્યા કેઃ "કુમાર સાહબ! આપને મહારાજ બોલાવે છે."

"આ આવ્યો" કહીને શોભનસિંહ ઊઠીને ઊભો થયો અને તે દાસી પણ ત્યાંથી પોતાના કોઇ બીજા કામે ચાલી ગઇ. લાવણ્યમયી પાસે કેવળ તેજસિંહ એકલો જ બેસી રહ્યો. લાવણ્યમયીના ઓસીકાને પોતાના ગોઠણનો ટેકો આપીને તે બેઠો હતો. અનન્યકર્મા તેજસિંહ પોતાના અનિમિષ નેત્રોથી નિમીલિતલોચના લાવણ્યમયીના શ્વાસોચ્છ્વાસની ગણના કરતો હોયની! એવો જ ભાસ થતો હતો. થોડા વખત પછી લાવણ્યે જ્યારે પાસું બદલ્યું, ત્યારે તેનું માથું ઓસીકાપરથી ખસકી જઇને તેજસિંહની જંઘાપર જઇ પડ્યું. તેજસિંહે પોતાની હૃદયદેવીના મસ્તકને વધારે સંભાળ અને સ્નેહથી ગોઠવીને જંઘાપર રાખ્યું, અને ત્યાર પછી તે નિમીલિતનયના લાવણ્યમયીના મુખનું સ્થિર દૃષ્ટિથી અવલોકન કરવા લાગ્યો. જોતજોતાંમાં તે તન્મય થઇ ગયો. એ પછી શું થયું? પ્રથમ તો તેજસિંહનું માથું ધીમે ધીમે નીચેની તરફ ઝુકવા લાગ્યું, તેના હોઠો કંપવા લાગ્યા અને ત્યાર પછી એ ત્રયોદશવર્ષીયા બાલિકાના કમનીય ગંડદેશપર—એ અનાઘ્રાત અને કિંચિત્ કરમાયલા પુષ્પ સમાન ગંડદેશપર એક—શું? ચુંબન? હા. કેવું ચુંબન? પુષ્પોને થતા મૃદુમંદપવનથી પણ અધિક સુકુમાર, દેવતાનાં ચરણોપરના પ્રસૂનના સ્પર્શ કરતાં અધિક પવિત્ર અને સ્વર્ગીય એક ચુંબન! અમો પાઠકો તથા પાઠિકાઓને નિર્ભયતાથી પૂછીએ છીએ કે, તેજસિંહનું એ કાર્ય પવિત્ર હતું કે અપવિત્ર?

સપ્તમ પરિચ્છેદ

"ના, મેં તો નથી સાંભળી!"

જે દિવસે પ્રમીલાએ કુન્દકુમારીને બોલાવી લાવવામાટે માણસ મોકલ્યું હતું, તે જ દિવસે સંધ્યા સમયે કુન્દકુમારી લાવણ્યમયીને જોવા-

માટે આવી હતી. પ્રથમ તો તે આવતાંની સાથે જ પ્રમીલા પાસે ગઇ, પણ ત્યાં તેણે એમ સાંભળ્યું કે: 'પ્રમીલા લાવણ્ય પાસે બેઠી છે.' એટલે તે પણ લાવણ્યના ઓરડામાં આવી લાગી.

કુન્દકુમારીને આવેલી જોઇને લાવણ્યમયી અને પ્રમીલા ઉભયનાં હૃદયો બહુ જ પ્રસન્ન થયાં. કુન્દકુમારી લાવણ્યની શય્યા પાસે બેસીને પૂછવા લાગી કે: "લાવણ્ય! બહેન કેમ છે?"

લાવણ્યમયી એનું ઉત્તર આપે, તે પૂર્વે જ પ્રમીલા બોલી ઉઠી કે: "આજે તો એની પ્રકૃતિ ઘણી જ સારી છે, અને આશા છે કે, આવતી કાલે સંધ્યાકાળ સુધીમાં એ બિલ્કુલ સારી થઇ જશે."

પ્રમીલાની એ વાતપર લાવણ્યમયીએ ધ્યાન આપ્યું કે નહિ, તે અમારાથી કહી શકાય એમ નથી. પરંતુ અનુમાન તો એવું જ કરી શકાય છે કે, અવશ્ય તેણે ધ્યાન તો આપેલું હોવું જ જોઇએ; કારણ કે, એ વખતે તેણે દેખાય ન દેખાય તેવું મંદસ્મિત કર્યું હતું. લાવણ્યમયી કુન્દકુમારીનો હાથ ઝાલીને કહેવા લાગી કે: "કેમ સખી! હું આમ મરણશય્યામાં પડી છું, એ જાણવા છતાં પણ એક વાર મને મળવા આવવાની અત્યાર સુધી તારી ઇચ્છા થઇ નહિ કે?"

"મરે તારા શત્રુઓ! આવા અશુભ શબ્દો મુખથી ન ઉચ્ચાર. શું કોઇને રોગ થતા નથી કે? તું નવાઇની તો માંદી નથી પડી ને! એ તો ચાર દિવસ તબીયત લથડે ને સારી પણ થઇ જાય. એમ જ ચાલ્યા કરે છે!" કુન્દકુમારીએ આશ્વાસનદાયક વચનો ઉચ્ચાર્યાં.

હવે પ્રમીલા ચુપ રહી શકી નહિ. એ આનંદમયી તો સર્વસમયે આનંદમાં જ નિમગ્ન રહેતી હતી. તે બોલી કે: "આપણી આ લાવણ્યમયીને કોઇ જાણી શકે એવો સાધારણ રોગ નથી તો! એને તો એક પ્રકારની બાધા થઇ ગઇ છે બાધા—એટલે કે, વળગાડ થયો છે."

કુન્દકુમારી અંદરની એક પણ વાત જાણતી ન હોતી, એટલે તેણે નિર્દોષ ભાવથી પૂછ્યું કે: "બાધાનો રોગ વળી કેવો?"

"કોણ જાણે બહેન! કોઈ કહે છે કે, એને ભૂતની બાધા થયેલી છે ને કોઇ દેવબાધા થયાનું જણાવે છે. લાવણ્યમયી પોતે તો પોતાને દેવબાધા થવાનુંજ કહે છે." બંધી પ્રમીલાએ વાતને આગળ વધારી.

"અને ભૂતબાધા થવાનું કોણ કહે છે?" કુન્દકુમારીએ કિંચિત્ હસીને પૂછ્યું.

"આ તમારા મારા જેવી મૂર્ખ અબળાઓ!" પ્રમીલાએ કટાક્ષમાંજ જવાબ આપ્યો.

લાવણ્યમયીએ પ્રમીલાના હાથ પર એક થપ્પડ લગાવી. એટલે તે વધારે છેડાઇને કહેવા લાગી કેઃ "મારવી હોય તો ભલે ને માર્યા કર. તારા મારના ડરથી હું સત્યને છુપાવીને અસત્ય તો નથી જ બોલવાની. તેજસિંહ ભૂત નથી તો કોણ છે? જો એ ભૂત ન હોત, તો તને આટલી પીડા આપત ખરા કે?"

હવે કુન્દકુમારી કેટલાક ભેદને સમજી શકી. તેણે આતુરતાથી પૂછ્યું કેઃ "એ તેજસિંહ કોણ વારૂ?"

"તેજસિંહ એક રાજપૂત વીરયુવક છે, ઉદયપુરના મહારાણાને ત્યાં નોકરીમાં છે અને એથી વધારે જાણવાની ઇચ્છા હોય, તો લાવણ્યમયીને પૂછો." પ્રમીલાએ હવાલો આપી દીધો.

"શું ત્યારે એ તેજસિંહ સાથે જ લાવણ્યમયીનો લગ્નસંબંધ થવાનો છે કે?" કુન્દકુમારીએ પૂછ્યું.

"વર અને કન્યા બન્ને તો રાજી છે. માત્ર હવે કન્યાના પિતાની અનુમતિ મેળવવાનું કામ બાકી છે. પણ તેમની અનુમતિ પણ મળી ગયેલી જ ધારી લ્યોને!" પ્રમીલાએ કહ્યું.

વળી પણ લાવણ્યમયીએ પ્રમીલાના હાથપર જોરથી એક તમાચો ખેંચી કાઢ્યો, એટલે પ્રમીલા કહેવા લાગી કેઃ "બહેન! અમોને આમ મારવાથી તારૂં શું વળવાનું હતું જો! હવે જે તારા હૃદયમંદિરના બંદિ થઇને આવે, તેમને જ આ બધા બળનું દર્શન કરાવજે કે જેથી કાંઇક લાભ થાય!"

"કન્યાના પિતાની અનુમતિ કેમ કરીને મળશે વારૂ!" કુન્દકુમારીએ ઉત્સુકતાથી પૂછ્યું.

"યુવરાજે કહ્યું છે કે, 'હું મારાથી બનતા પ્રયત્ને મહારાજની અનુમતિ મેળવીશ.'" એટલું કહીને લાવણ્યના મુખપર પોતાનું મુખ રાખીને પ્રમીલા બોલી કેઃ "ભાઇ અને બહેનના વિવાહ એક સમયે જ કરી આપવામાં આવશે, એવો જ રંગ દેખાય છે."

કુન્દકુમારીએ પ્રસંગ જાણીને એક બીજી વાતને છેડી; કારણ કે, એ વાતમાં તેનો કાંઇક હેતુ પણ સમાયલો હતો. તેણે કહ્યું કેઃ "મારા સાંભળવામાં આવ્યું હતું કે, શોભનસિંહના વિવાહની તિથિ પણ નિશ્ચિત થઈ ગઈ છે, એ વાત ખરી છે કે?"

"શોભનસિંહનો વિવાહ તો આજે ક્યારનોય જૂનો પુરાણો પણ થઇ ગયો હોત, પરંતુ લાવણ્યમયી તેજસિંહને પ્રાપ્ત ન કરી શકી, એ જ વચ્ચે બાધા પડી ગઇ." પ્રમીલાએ કાંઇક ખેદ દર્શાવીને કહ્યું.

એ વાતો સાંભળવાની લાવણ્યમયીની બિલકુલ ઇચ્છા ન હોતી, એમ તો ન હોતું જ. એવી અવસ્થામાં જેવી રીતે બધા કહ્યા કરે છે, તેવી જ રીતે લાવણ્યમયી પણ બોલી કે: "પ્રમીલા ! આમ આજે તું આવો જૂઠો લવારો શાને કર્યા કરે છે વારુ ? કુન્દકુમારી ! તમો આ ગાંડીના અસત્ય ભાષણમાં જરા પણ વિશ્વાસ રાખશો નહિ. હું સાચું કહું છું; પછી તમો જાણો."

કુન્દકુમારીએ લાવણ્યમયીને એનું કાંઇ પણ ઉત્તર આપ્યું નહિ. તેણે કિંચિત્ સ્મિત કર્યું, અને પ્રમીલાને ઉદ્દેશીને કહ્યું કે: "એથી તો એમ જ જણાય છે કે, એમના વિવાહનો બીજો કોઈ દિવસ સત્વર જ નક્કી થવાનો હશે. કેમ નહિ કે ?"

"હા; જણાય છે તો એમ જ. મને પણ એમ જ લાગે છે કે, શોભનસિંહનો વિવાહ જેટલો સત્વર થઇ જાય, તેટલું વધારે સારું છે." પ્રમીલાએ પોતાનો અભિપ્રાય જણાવ્યો.

"ત્યારે વિલંબ થવાથી કાંઇ હાનિનો સંભવ છે ખરો ? પ્રથમ તેમની વિવાહ કરવાની ઇચ્છા ન હોતી કે શું ?" કુન્દકુમારીએ અજાણી થઇને પુછ્યું.

"એ એક લાંબી અને વિસ્તારવાળી કથા છે. જો આ ઘટના કવિ કાલિદાસના સાંભળવામાં આવી હોત, તો તેણે એનું એક ઉપયોગી અને અભ્યસનીય મહાકાવ્ય બનાવી નાખ્યું હોત !" પ્રમીલાએ પોતાની વિદ્વત્તાનું દર્શન કરાવ્યું. અહીં વાંચકોને અમારે જણાવી દેવું જોઇએ કે, પ્રમીલાએ એ વાક્યની અજિતસિંહના વાક્યભંડારમાંથી ચોરી કરી હતી. નાહ તો કાલિદાસના નામનો ઉલ્લેખ કરવાની તેના પોતાનામાં પ્રતિભા ન હોતી.

"ત્યારે તો એ કથા તમારે મને કહી સંભળાવવી જોઇએ." કુન્દકુમારીએ આગ્રહ કર્યો.

"તમોએ શું કાંઇ પણ નથી સાંભળ્યું કે ? લ્યો—સાંભળો ત્યારે—પ્રથમ તો રાજકુમારને કોઇ કન્યા જ પસંદ પડતી ન હોતી. આ કન્યા તો કુલીન નથી અને આનો પિતા સારો નથી, ઇત્યાદિ કારણો બતાવીને વાતને વારંવાર કુમાર ટાળી નાખતા હતા. પછી અંતે જ્યારે બધાએ બહુ જ હઠ કર્યો અને આગ્રહ ન જ છોડ્યો—તેમણે એમ જ કહ્યું કે: 'તમોને જ્યારે કોઇ કન્યા પસંદ નથી આવતી, તો બીજાની પસન્દગીથી જ લગ્ન કરી લ્યો.' ત્યારે કુમારે જવાબ આપ્યો કે: 'ના; મારે તો પરણવું જ નથી.' એટલે બધા નિરાશ થઇ ગયા." પ્રમીલાએ વૃત્તાંત કહી સંભળાવ્યો.

"ત્યારે અંતે કુમારે અનુમતિ કેમ આપી વારૂ?" કુન્દકુમારીએ પોતાની આતુરતાને તૃપ્ત કરવામાટે પાછો સવાલ કર્યો.

"કાંઈ અમથી અનુમતિ નથી આપી તો. મહારાજે જ્યારે સ્પષ્ટતાથી એમ કહી દીધું કે: 'જો તું વિવાહ નહિ કરે, તો મારા હૃદયમાં દુ:ખનો અસહ્ય આઘાત થશે.' અને ભગિનીએ પણ રોવા ધોવાનો વ્યાપાર ચલાવવા માંડ્યો તેમ જ મિત્રો પણ રાત દિવસ પાછળ પડેલા જ હતા; ત્યારે કાંઈક મન પીગળ્યું. પરંતુ એનું પણ જેવું થવું જોઇએ તેવું પરિણામ ન થયું; ત્યારે પુન: મહારાજે કહ્યું કે: 'જો તું વિવાહ ન જ કરવાનો હોય, તો આ રાજપાટનો ત્યાગ કરીને આજે જ હું અરણ્યમાં ચાલ્યો જાઉં છું.' એથી કુમાર કાંઈક વધારે નરમ થયા, છતાં પણ વિવાહ કરવાની સંમતિ તો તેમણે ન જ આપી. પરંતુ કુમારની સંમતિ વિના જ મહારાજે વિવાહની સર્વ તૈયારીઓ કરવા માંડી, એટલામાં લાવણ્યમયી માંદી થઇ અને તેથી બધો ખેલ બગડી ગયો. આ વાત તો બધા જાણે છે, તો શું તમોએ જ નહિ સાંભળી હોય?" બધો ખુલાસો કરીને પ્રમીલાએ પ્રશ્ન કર્યો.

કુન્દકુમારી બહુધા એ બધી વાતોને જાણતી હતી, છતાં પણ અજાણી થઇને તે બોલી કે: "ના; મેં તો નથી સાંભળી!"

અષ્ટમ પરિચ્છેદ

બહુ દિવસ પછી

"ન વો જિસ્મ રહા ન વો ગાત રહી;
ન વો જાતે બુલન્દ સિફાત રહી;
ન વો આંખ રહી ન વો બાત રહી;
ન વો દિન હી રહે ન વો રાત રહી."

પંડિત નારાયણ પ્રસાદ બેતાબ

કુન્દકુમારીએ જે કાંઇ પણ જવાબ આપ્યો, તે લાવણ્ય અને પ્રમીલા બન્નેએ માની લીધો. ત્યાર પછી સર્વને મૌન ધારણ કરી બેઠેલી જોઇને લાવણ્યમયી કહેવા લાગી કે: "કેમ બહેન! હવે તમો પહેલાંની પેઠે અમારે ઘેર કેમ નથી આવતાં વારૂ?"

"કેમ, આ આવી નથી તો બીજું શું કર્યું છે?" કુન્દકુમારીએ કહ્યું.

"એ તો પ્રમીલાએ બોલાવ્યાં એટલે વળી આવ્યાં; નહિ તો–" લાવણ્યમયીએ કહ્યું.

"નહિ તો શું હું ન આવી હોત કે?" કુન્દકુમારીએ પૂછ્યું.

"એ તો પરમાત્મા જાણે! મારી આવી અન્તિમ અવસ્થાના સમાચાર સાંભળવા છતાં પણ જ્યારે તમે વગર બોલાવ્યાં ન આવ્યાં, ત્યારે મારો વિશ્વાસ તમારામાં કેમ કરીને બંધાય વારુ?" લાવણ્યમયીએ કટાક્ષથી કહ્યું.

"પણ આવીને હું શું કરી શકું એમ હતું વારુ? બહેન! મારા આવવાથી તારા દુઃખમાં જરા પણ ઘટાડો થઇ શકે એમ ન હોતું જ. અને એટલામાટે જ હું ન હોતી આવી." કુન્દકુમારીએ પોતાનો બચાવ કર્યો.

"ના; તમારી એ માન્યતા ભૂલ ભરેલી છે. કુન્દકુમારી! તમો મારા કષ્ટમાં ઘણો જ ઘટાડો કરી શકો એમ છે. તમોને જોવાથી મારી પ્રબળ પીડાનો બહુ ભાગે પરિહાર જ થઇ જાય છે." લાવણ્યમયીએ મર્મપૂર્વક કહ્યું.

સંધ્યાકાળે કુન્દકુમારી, લાવણ્યમયી અને પ્રમીલાની આજ્ઞા લઇને, ઓરડામાંથી જેવી બહાર નીકળવા જતી હતી, તેવી જ તેની દૃષ્ટિ સમક્ષ શોભનસિંહ ઊભેલો તેના જોવામાં આવ્યો. એ તો નિશ્ચિત છે કે, આમ એકાએક શોભનસિંહને પોતાનાં નેત્રો સમક્ષ ઊભેલો જોઇને કુન્દકુમારીના કોમળ હૃદયમાં લેશમાત્ર પણ આશ્ચર્ય થયું ન હોતું. પરંતુ હાય! કોણ જાણે શા કારણથી આજે આટલા દિવસ પછી શોભનસિંહને જોતાં જ તે યુવતિના હૃદયમાં ભયંકર કંપનો આવિર્ભાવ થવા લાગ્યો. તે પોતે પણ એ કંપના કારણની કલ્પના કરી ન શકી અને શોભનસિંહ? તેની પણ એક બીજી રીતે લગભગ એવી જ અવસ્થા થઇ ગઇ. આજે લગભગ એક વર્ષથી કાંઇક અધિક સમય પૂર્વે એકલિંગજીના બાગમાંના લતાકુંજમાં કુન્દકુમારી અને શોભનસિંહનો જે મેળાપ થયો હતો, તેની પછીના મેળાપને તો ન જેવા જ સમજવા જોઇએ. તે દિવસે તે લતાકુંજમાં શોભનસિંહે કુન્દકુમારી સાથે જે વ્યવહાર કર્યો હતો અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો કુન્દકુમારીના વ્યવહારનો તેણે જે ભાવાર્થ કાઢ્યો હતો, તેની આજે શોભનના મનમાં ઝટ સ્મૃતિ થઇ આવી. આજે અકસ્માત્ કુન્દકુમારીને જોઇને—વિશેષતઃ પોતાના ઘરમાં જ જોઇને શોભનના આશ્ચર્યનો પાર જ રહ્યો નહિ. શોભનસિંહનાં હૃદય, હસ્ત, ચરણ અને સ્વરમાં એક સરખો કંપ થવા લાગ્યો. તેના મસ્તકમાં ભ્રમણ થવા લાગ્યું અને તેનાં નેત્રોમાં અંધકારની છાયા છવાયલી દેખાવા લાગી.

હાય; શોભનસિંહ! હાય, કુન્દકુમારી! આજે આ તમારી કેવી ભયંકર દશા! એક વર્ષ પૂર્વે તો તમારી આવી કરુણોત્પાદક અવસ્થા

થતી જોવામાં આવતી ન હોતી, ત્યારે આટલું બધું પરિવર્તન શામાટે ? અવશ્ય એનું કાંઇ પણ કારણ તો હોવું જ જોઇએ; પણ તે અમારા સમજવામાં આવી શકે તેમ નથી. કોઇ વાર તમારા મુખથી જ સાંભળીશું. અસ્તુ.

જ્યારે કુન્દકુમારી પોતે જ શોભનસિંહને ત્યાં આવી હતી, ત્યારે શોભનસિંહે પોતે જ પ્રથમ તેને કુશળ સમાચાર પૂછવા જોઇએ, એવી શોભનની માન્યતા થઇ. પણ એ વખતે શો પ્રશ્ન કરવો અને શો નહિ ? એ વાત તેના ધ્યાનમાં આવી શકતી ન હોતી. કેટલીક વાર સુધી મનમાં ને મનમાં જ એ વિશેનો વિચાર કરી અન્તે મહાપરિશ્રમથી એક પ્રશ્નનો નિશ્ચય કરીને તેણે પૂછ્યું કે: "કેમ, કુન્દકુમારી ! છું તો કુશળ ને ?"

કુન્દકુમારીએ પણ એ પ્રશ્નનું પ્રચલિત ઉત્તર આપતાં કહ્યું કે: "આપ પણ આનંદમાં છો ને ?"

બસ એટલી વાતચીત કર્યા પછી શોભનસિંહ એક તરફ ચાલ્યો ગયો અને કુન્દકુમારી બીજી દિશામાં વિદાય થઇ ગઇ.

હાય, શોભનસિંહ ! હાય, કુન્દકુમારી ! એક વર્ષ જેટલા લાંબા સમય પછી તમારો આ પરસ્પર પ્રથમવાર જ મેળાપ થયો અને માત્ર આટલા સંભાષણમાં જ તેનો અંત આવી ગયો ? કેવળ એક વર્ષમાં જ આટલું બધું પરિવર્તન ? આટલા દિવસ પછી પ્રેમીઓનો આજે આવો શુષ્ક વ્યવહાર ? શોભનસિંહ ! શું સ્વાર્થત્યાગ તે આનું જ નામ છે કે ? કુન્દકુમારી ! તારા વિચાર પ્રમાણે આ નશ્વર વિશ્વના લોકો આને જ નિઃસ્વાર્થ ભાવના નામથી ઓળખે છે કે શું ?

કિન્તુ શોભનસિંહ પણ જેમ એટલું સમજતો ન હોતો, તેમ જ કુન્દકુમારીએ પણ એનો એટલો વિચાર કર્યો ન હોતો. સર્વથા શુષ્ક ભાવથી બન્ને બે જૂદી જૂદી દિશામાં ચાલ્યાં ગયાં. તેમનાં પૂર્વનાં નેત્રો, પુર્વ વાર્તાલાપ, વીતેલા દિવસો અને વિગત રાત્રિયોનો સર્વ રીતે લોપ થયેલો જ જોવામાં આવતો હતો.

નવમ પરિચ્છેદ
પ્રતિભાની નિરાશા

અપરાહ્‌ણ સમય થઇ ચૂક્યો હતો. કુન્દકુમારીએ શ્રીએકલિંગજીના બાગમાં આવીને પ્રથમ તો અંગશુદ્ધિમાટે સ્નાન કર્યું અને ત્યારપછી વસ્ત્ર બદલીને તે એકલિંગજીના મંદિરમાં ગઇ. એ સમયે કેશવાચાર્ય મહાદેવની આરતી કરી રહ્યો હતો, અને તેનાથી થોડાક અંતરે પ્રતિભા

પણ ઊભી હતી. આરતીની સમાપ્તિ થતાં જ કુન્દકુમારીએ પ્રતિભાને પૂછ્યું કે: "માતા! તું ક્યારે આવી?"

પ્રતિભાએ તેના પ્રશ્નનું ઉત્તર આપવાને બદલે તેને પોતાની પાછળ આવવાનો ગુપ્ત સંકેત કરીને પોતે આગળ ચાલવા માંડ્યું. એ દિવસ શુક્લ પક્ષની ત્રયોદશી કે ચતુર્દશીનો હતો. બાગમાં સર્વત્ર શીતલ ચંદ્રમાની ચંદ્રિકાનો વિસ્તાર થયો હતો અને પુષ્પના સૌગંધ્યથી સૌગંધ્યમય થયેલા વાયુ સાથે તે ચંદ્રિકા વિહાર કરતી હોયની! એવો ભાસ થયા કરતો હતો. બાગના જે ભાગને નિર્જન ભાગ તરીકે ઓળખવામાં આવતો હતો, તે ભાગમાં પ્રતિભા અને કુન્દકુમારી આવી લાગી. પરંતુ એક ત્રીજી વ્યક્તિ પણ એમની પાસેની ઝાડીમાં છુપાઇને એમની ચર્યાનું અવલોકન કરતી હતી, એ બાબતની એ બન્નેને જરા પણ ખબર ન હોતી.

"કુન્દકુમારી! આજે તું ક્યાં ગઇ'તી વારૂ?" પ્રતિભાએ પૂછ્યું.

જેવા રંગરૂપ અને ગંભીર સ્વરથી એ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, તેવા ગાંભીર્ય અને સરળભાવથી જ એનું ઉત્તર આપવાની કુન્દકુમારીની ઇચ્છા ન હોતી; એટલે તે નિરુત્તર જ રહી ગઇ. તેના આવા રંગને જોઇને જેવી રીતે કોઇ અપરાધીને પૂછવામાં આવે છે, તેવા કર્કશભાવથી પ્રતિભાએ કુન્દકુમારીને બીજી વાર સવાલ પૂછ્યો કે: "કુન્દકુમારી! સત્વર કહી દે કે, આજે તું ક્યાં ગઇ હતી?"

એ વખતે કુન્દકુમારીની ઇચ્છા હોત, તો તે કોપ પણ બતાવી શકત, પરંતુ કોણ જાણે શા કારણથી તેમ ન કરતાં પોતાના આગળના વિચારને બદલી નાખીને તેણે સરળ ભાવથી જ જવાબ આપ્યો કે: "કેમ—આ સવાલ પૂછવાનું કારણ? શું, પિતાજી પાસેથી તમોએ કાંઇ પણ નથી સાંભળ્યું કે?"

"હા—સાંભળ્યું તો છે ખરૂં." પ્રતિભા ભ્રૂ ચઢાવીને બોલી.

"ત્યારે એની એ વાત બીજી વાર શામાટે પૂછો છો?" કુન્દકુમારીએ વાદવિવાદની પદ્ધતિથી કહ્યું.

"બીજી વાર એની એ વાત પૂછવાનું એક ખાસ કારણ છે. અને તે કારણથી જ હું તને પૂછું છું કે, આજે તું ક્યાં ગઇ હતી?" પ્રતિભાએ પોતાની પ્રતિભાનું દર્શન કરાવીને કહ્યું.

"હું આજે શોભનસિંહની ભગિની રોગપીડિતા લાવણ્યમયીને જોવામાટે તેમને ઘેર ગઇ હતી." કુન્દકુમારીએ જે હતી તે ખરેખરી વાત જણાવી દીધી.

જો કુન્દકુમારીએ 'શોભનસિંહની ભગિની' કહેવાને બદલે કેવળ લાવણ્યમયીના નામનો ઉચ્ચાર કર્યો હોત, તો પણ પ્રતિભા તેના આશયને સમજી શકે એમ હતું. ત્યારે ખાસ કરીને શોભનસિંહના નામને ઉચ્ચારવાનું પણ કાંઇ કારણ હોવું જ જોઇએ. પ્રતિભાના પ્રશ્ન પૂછવાના ભાવથી તેને કાંઇક મર્મપીડા થઇ હતી અને તે પીડાની વેદનાએ જ તેના મુખમાંથી એ શબ્દોનો ઉચ્ચાર કરાવ્યો હતો.

પ્રતિભા આવાં ગૂઢ તથા માર્મિક વચનોના રહસ્યને સમજી શકતી ન હોતી. એટલે તે તો કુન્દકુમારીના એ ઉત્તરને માત્ર વાચાળતા જ સમજી અને કિંચિત્ કોપાયમાન થઇને કહેવા લાગી કે: "ત્યારે તો તને ત્યાં શોભનસિંહ પણ મળેલા હોવા જ જોઇએ, કેમ ખરૂં કે નહિ?"

"હા; મળ્યા હતા. મારે એ વાતને છુપાવવાનું કાંઇ પણ કારણ નથી." કુન્દકુમારીએ ગર્વસહિત કહ્યું.

"વળી પાછું એનું એ જ પાપ કે? હા; એ વાત શામાટે છુપાવવી જોઇએ? પાપને છુપાવવા કરતાં ન છુપાવવું, એ જ પાપીમાટે વધારે સારૂં છે." પ્રતિભાએ કોપના શિખરે ચઢીને કહ્યું.

"શું પાપ? પુનઃ પાપ? માતા! તમોને વધારે હું શું કહું? જો તમો મારી માતાની ભગિની હોવાને બદલે બીજાં કોઇ હોત, તો તેને આ કલંક લગાડવાનું હું યથાયોગ્ય ફળ તત્કાળ ચખાડી દેત." કુન્દકુમારીએ પણ તેવા જ કોપના ભાવથી કહ્યું.

એ વાક્યો ઉચ્ચારતાં ઉચ્ચારતાં કુન્દકુમારીનાં વિશાળ નેત્રોમાં ઝળઝળિયાં ભરાઇ આવ્યાં. ચંદ્રમાની ચંદ્રિકામાં તેને જોઇને પણ પ્રતિભાએ જોયાં ન જોયાં કરી નાખ્યાં. હવે એ સમયે તેનાં એ વાક્યોનું શું ઉત્તર આપવું જોઇએ, એનો પ્રતિભાની બુદ્ધિથી તત્કાળ નિર્ણય કરી શકાયો નહિ. પ્રતિભા આગળ પાછળનો કાંઇ પણ વિચાર કર્યા વિના અને કુન્દકુમારીના મુખને જોયા વિના જ કોપ કરીને બોલી ઊઠી કે: "તું બીજું તે એનું શું ફળ ચખાડવાની હતી વારૂ? હા; કદાચિત્ શોભનસિંહને કહીને તેની હત્યા કરાવી નાખત; કેમ એમ જ ને?"

"પાછી પણ એની એ જ વાત ને?" બાષ્પરુદ્ધ કંઠમાંથી કુન્દકુમારી માત્ર એટલા જ શબ્દો ઉચ્ચારી શકી. તેનાથી વધારે કાંઇ પણ બોલી શકાયું નહિ. તેના ગંડદેશમાંથી પ્રબળ અશ્રુધારાનું વહન થવા લાગ્યું. કુન્દકુમારી જ્ઞાનહીન બાલિકા પ્રમાણે અંચલથી તેને રોકવાની વૃથા ચેષ્ટા કરવા લાગી. તે જ્યાં ઊભી હતી, ત્યાં જ પૃથ્વી પર બેસી ગઇ—તે ઘૃણા અને ક્રોધથી અર્ધમૃત જેવી થઇ ગઇ હતી. પુનઃ તેણે પ્રતિભાના મુખ પ્રતિ દૃષ્ટિપાત કર્યો જ નહિ.

પ્રતિભાએ એ બધી ઘટના જોઇ અને તેથી તેનું હૃદય પણ પીગળી ગયું. તે મનમાં જ વિચાર કરવા લાગી કે: "આ બાળાએ મારા સર્વસ્વનો નાશ કરી નાખ્યો! હાય! જો આ મારી ભગિનીની પુત્રી ન હોત, જો બાલ્યાવસ્થામાં જ એની માતાનો સ્વર્ગવાસ ન થયો હોત અને જો એ શૈશવમાં જ અનાથ બાળા તરીકે મારી નજરે ન પડી હોત, તો આજે મારા હૃદયમાં એને આટલું બધું સ્થાન કોઇ કાળે પણ મળી શક્યું ન હોત!" એ વિચાર કરીને તેણે કિંચિત્ શાંતિના ભાવથી કુન્દકુમારીને કહ્યું કે: "કુન્દકુમારી! તું રડે છે શામાટે?"

એ સાંભળીને કુન્દકુમારી વળી વધારે ડૂસકાં ભરી ભરીને રડવા લાગી અને થોડી વાર પછી બોલી કે: "એટલામાટે જ કે, મારૂં આ અસાર સંસારમાં કોઈ પણ નથી."

એ શબ્દો સાંભળતાં જ પ્રતિભાનાં નેત્રોમાં પણ પાણી ભરાઇ આવ્યું. મહાકષ્ટથી તેણે પોતાના અશ્રુપ્રવાહને રોકી રાખ્યો. હવે તેના મનમાં લેશમાત્ર પણ કોપનો ભાવ રહ્યો ન હોતો. તે કુન્દકુમારીની પાસે જ બેસી ગઇ અને સદ્ગદિત સ્વરથી કહેવા લાગી કે: "કુન્દ-કુમારી, તું પવિત્ર હોય કે ન હોય, એ બીજી વાત છે; પણ એટલું તો સત્ય છે કે, તું અસત્યભાષિણી તો નથી જ. એ વાતનો હું મુક્ત-કંઠે સ્વીકાર કરૂં છું; એમાં જરા પણ શંકાનું સ્થાન નથી જ. પણ જો તું મારી પુત્રી હોય, તો આજે મારા મનના એક અન્ય સંશયનો ઉચ્છેદ કરી નાખ."

"જે સંશય હોય, તે સત્વર મને કહી સંભળાવો." કુન્દકુમારીએ રોતાં રોતાં કહ્યું.

"શોભનસિંહમાં તારો થોડો ઘણો પણ અનુરાગ નથી કે શું?" પ્રતિભાએ પ્રશ્નના રૂપમાં પોતાના સંશયને વ્યક્ત કર્યો.

"તમો અનુરાગ શાને કહો છો, એ હું સમજી શકતી નથી. અનુરાગનો જો કોઇ અનીતિદર્શક અર્થ થતો હોય, તો પરમાત્મા સાક્ષી છે કે, એ અનુરાગ મારા હૃદયમાં નથી. જો એ અનુરાગ શબ્દનો સારો ભાવાર્થ લોકો સમજતા હોય, તો હું ઢોલ વગાડીને કહું છું કે, તે અનુરાગનો મારા હૃદયમંદિરમાં પૂર્ણ નિવાસ છે." કુન્દ-કુમારીએ અનુરાગ શબ્દની વ્યાખ્યા કરી બતાવી.

"વારૂ; શોભનસિંહને તું કેવી દૃષ્ટિથી નિહાળે છે?" પ્રતિભાએ વળી પણ આડો સવાલ કર્યો.

"આ પ્રશ્નનું શું ઉત્તર આપવું જોઇએ, એ મારા ધ્યાનમાં આવી શકતું નથી." કુન્દકુમારીએ કહ્યું.

"પણ કુન્દકુમારી! તું વિવાહ શામાટે નથી કરતી?" પ્રતિભાએ બીજા માર્ગમાં સંચારીને પૂછ્યું.

"જો સંસારમાં થતું લગ્ન, માત્ર ઇન્દ્રિયલાલસાની તૃપ્તિનું જ સાધન હોય, તો એવા લગ્નને હું ધિક્કારૂં છું. એવા વિવાહ કરતાં આજન્મ કુમારિકાવ્રતના પાલનને જ હું વધારે ઉત્તમ માનું છું." કુન્દકુમારીએ દૃઢતાથી ઉત્તર આપ્યું.

"પણ જો તું કુમારિકાવ્રતને યથાર્થ સ્વરૂપમાં ન પાળી શકે તો?" પ્રતિભાએ પાછી શંકા દર્શાવી.

"તમો કૌમારને પાળી શક્યાં અને હું નહિ પાળી શકું?" કુન્દકુમારીએ સામો પ્રશ્ન કર્યો.

"મારા ચિત્તમાં વિકાર ઉપજાવે, એવી કોઇ પણ વસ્તુ આ જગત્માં અસ્તિત્વ ધરાવતી ન હોતી, એથી જ હું કુમારિકાવ્રતને પાળી શકું છું. પણ તારામાટે એક વિકારનું સાધન છે, અને એટલામાટે જ હું આગ્રહ કરીને કહું છું કે, જો તું વિવાહ કરે, તો તેથી તારી અધિક કલ્યાણની ભાવના છે." પ્રતિભાએ કાર્યકારણના સંબંધનું દર્શન કરાવ્યું.

"ત્યારે તમો મારા બોલવાનો ભાવાર્થ કાંઇ સમજ્યાં જ નહિ. મારા ચિત્તમાં કોઇ કાળે પણ વિકારનો સંચાર થઇ શકે એમ નથી જ. અને માતા! વળી એ પણ જાણજો કે, જેનું મન પ્રથમથી જ વિકૃત થઇ ગયેલું હોય, તેનો વિવાહ ન કરવો એ જ વધારે સારૂં છે. બીજું, કેવળ સમાજના શુભમાટે જ હું મારા સુખનો ત્યાગ કરૂં છું, એ પણ નિશ્ચયપૂર્વક માની લેજો. એમ કરવાનું મૂળ કારણ એ જ છે કે, સંસારના બીજા લોકોમાટે મારે પોતે ઉદાહરણરૂપ ન થવું પડે!" કુન્દકુમારીએ પોતાના આભ્યંતર ભાવોનું સ્પષ્ટીકરણ કરી બતાવ્યું.

"જો; મારા આટલા ઉપદેશને પણ ધ્યાનમાં રાખી લે, અને શોભનસિંહને તું પોતાના ભ્રાતા, પિતા કે સન્તાન સમાન માન. આ પવિત્ર ભાવનાને તું દૃઢ કરી લઇશ એટલે પછી તને વિવાહ કરવાની આવશ્યકતા અથવા આપત્તિ પણ નહિ રહે!" પ્રતિભાએ ઉપદેશ આપ્યો.

"એમ કરવામાં પણ એક અનિવાર્ય આપત્તિ સમાયલી છે." કુન્દકુમારીએ મર્મમાં જ કહ્યું.

"તે શી આપત્તિ છે?" પ્રતિભાએ આતુરતાથી પૂછ્યું.

કુન્દકુમારીએ તત્કાળ એનું કાંઇ પણ ઉત્તર આપ્યું નહિ. તે ચુપચુપ બેસી રહીને જમીન તરફ નીચી નજર કરીને જોવા લાગી. પ્રતિભાએ બીજી વાર કહ્યું કે: "એમ કરવામાં શી આપત્તિ છે, તે કહે."

"માતા ! જ્યારે તમારો આવો સતત આગ્રહ છે, ત્યારે સાંભળો: બાલ્યાવસ્થામાં જે સમયે પુષ્પોની માળા ગુંથીને હું શોભનસિંહના ગળામાં પહેરાવતી હતી, ત્યારે મનમાં હું એમ જ કલ્પ્યા કરતી હતી કે, હું તેમના કંઠમાં એ 'વરમાળા'જ પહેરાવું છું. વળી જ્યારે શોભનસિંહ મારા ગળામાં સુમનમાળા આરોપતા હતા, ત્યારે હું એમ જ ધારતી હતી કે: 'બસ શોભનસિંહે હવે મને પોતાની પત્નીની ગૌરવમયી પદવી સમર્પી દીધી છે અને હું એમની અર્ધાંગી થઈ ચૂકી છું!' માતા! એ ઘટનાઓને અદ્યાપિ હું ભૂલી શકી નથી. ત્યારે હવે કહો કે......"

આટલા ઉદ્ગારો કાઢીને કુન્દકુમારી ચુપ થઇ ગઇ. તે વધારે બોલી શકી નહિ. પ્રતિભા તીવ્ર દૃષ્ટિથી તેનાં નેત્રો અને લલાટનું અવલોકન કરવા લાગી. એ વેળાયે પ્રતિભાના મુખના નિરીક્ષણથી એમ જ જણાતું હતું કે, કુન્દકુમારીના હૃદયપટમાં જે કાંઇ પણ લખેલું હતું, તે એના વાંચવામાં અને સમજવામાં આવી ગયું હતું. તેવી જ દૃષ્ટિથી તેને જોતી પ્રતિભા તેને ઉદ્દેશીને કહેવા લાગી કે: "જ્યારે તારી આવી જ ભાવના છે, ત્યારે તું શોભનસિંહ સાથે એક પત્નીને શોભે તેવો વ્યવહાર શામાટે નથી રાખતી? પત્નીએ તો પતિ સાથે પત્નીના ધર્મથી જ વર્તવું જોઇએ; એમાં જ પત્નીની ખરી શોભા સમાયલી છે."

"પત્નીના એવા ધર્મને હું ધિક્કારૂં છું." ચંડિકાના રૂપને ધારણ કરીને કુન્દકુમારીએ કહ્યું.

"ધિક્કારૂં છું, એટલે?" પ્રતિભાએ વક્રતાથી પૂછ્યું.

પ્રતિભા કુન્દકુમારીના મુખથી જે વાત સાંભળવાની ઇચ્છા ધરાવતી હતી, તે જ વાત હવે કુન્દના મુખમાંથી નીકળી. કુન્દકુમારી ધિક્કારથી કહેવા લાગી કે: "જો શોભનસિંહ સાથે હું એક પત્ની તરીકેનો વ્યવહાર રાખું, તો પછી આ સંસારમાં લોકોને શું મોઢું બતાવું વારૂ? લોક મારા માટે શું બોલશે, એની તમારા મનમાં કાંઇ પણ કલ્પના છે કે નહિ? વારૂ; મારી નિન્દા થશે, એ વાતને પણ ઘડીભર વિસારી મૂકો: પણ લોકો મારા એ વર્તનથી શોભનસિંહની પ્રશંસા પણ નથી જ કરવાના."

કુન્દકુમારીને ગળે લગાડીને ચુંબન કરવાની પ્રતિભાના મનમાં ઇચ્છા થઇ આવી. પરંતુ હજી પણ વધારે કાંઇક પૂછવાનું હોવાથી તે પોતાની એ ઇચ્છાને દાબી દઇને ધૈર્યપૂર્વક કહેવા લાગી કે: "એક વર્ષ પૂર્વે તેં કહ્યું હતું કે: 'શોભનસિંહ કોઇ પણ રીતે વિવાહ કરે, એવા પ્રકારનો હું પ્રયત્ન કરીશ.' એ વાતનું તને સ્મરણ છે ખરૂં કે?"

"હા; એ વાતનું મને પૂરેપૂરૂં સ્મરણ છે." કુન્દકુમારી બોલી.

"ત્યારે તેં એવો કાંઇ પણ પ્રયત્ન કર્યો છે ખરો?" પ્રતિભાએ પૂછ્યું.

"જ્યારથી મેં એમ સાંભળ્યું છે કે, આ અભાગિનીને જોતાં જ તેમની વિવાહવિષયક ઇચ્છાનો નાશ થઇ જાય છે, ત્યારથી હું મારાથી બનતા પ્રયત્ને શોભનસિંહની દૃષ્ટિથી દૂરની દૂર જ રહ્યા કરૂં છું. શોભનસિંહને ન જોવાથી મારા મનમાં કષ્ટ થાય છે અને ચિત્તવ્યાકુળ થઈ જાય છે, એમાં તો લેશમાત્ર પણ સંદેહ નથી જ. પરંતુ મારા એ કષ્ટ અને ચિત્તની વ્યાકુળતાને હું ગમે તેમ કરીને સહન કર્યા કરૂં છું. એથી અધિક અન્ય કોઇ પ્રયત્ન કરવાની કશી પણ આવશ્યકતા હોય, એમ મને તો લાગતું નથી. અહીં શોભનસિંહના સંબંધી જનો અને મિત્રો એમને પરણાવી દેવાની ચેષ્ટા તો કરી જ રહ્યા છે, એટલે હવે એની ચિન્તા મારે શામાટે કરવી જોઇએ વારૂ?" કુન્દકુમારીએ બધો ખુલાસો કરી નાખ્યો.

હવે પ્રતિભામાટે બીજી કોઇ પણ વાતને જાણવાનું કાર્ય બાકી રહ્યું નહિ. તેણે અત્યંત સ્નેહસહિત કુન્દકુમારીની કોમળ અને પવિત્ર કાયાને આલિંગન આપ્યું. કુન્દકુમારી એ વેળાયે આગળ કરતાં પણ વિશેષ પરિમાણમાં રોવા લાગી.

કેટલીક વાર પછી પ્રતિભા અને કુન્દકુમારી બન્ને ત્યાંથી ચાલી ગઇ. તેમના જવા પછી જે વ્યક્તિ અત્યાર સૂધી ઝાડીમાં છુપાઇ રહી હતી, તે બહાર નીકળી આવી. એ વ્યક્તિ બીજી કોઇ નહિ, પણ કુન્દકુમારીની સહચરી અથવા સખી રેવતી જ હતી.

દશમ પરિચ્છેદ
રેવતીની બાલિશતા

બાગમાંથી આવીને કેશવાચાર્યના આશ્રમની પ્રથમ પર્ણકુટીમાં કુન્દકુમારીએ અને બીજી પર્ણકુટીમાં પ્રતિભાએ પ્રવેશ કર્યો. કેશવાચાર્ય અંતિમ કુટીરમાં હશે, એમ ધારીને પ્રતિભા પણ ત્યાં ગઇ અને ગુરુના આસન પાસે જ જમીનપર બેસી ગઇ. એટલામાં રેવતી એ કોટડીમાં આવી પહોંચી; પણ થોડી જ વારમાં કોણ જાણે શા વિચારથી અચાનક ઊઠીને બહાર ચાલી ગઇ. જાણે તે પ્રતિભાને ત્યાં બેઠેલી જોઇને જ પાછી વળી હોયની! એવું કેટલેક અંશે અનુમાન કરી શકાતું હતું.

રેવતીના ચાલ્યા જવા પછી ગુરુ અને શિષ્યા વચ્ચે કેટલુંક સંભાષણ થવા લાગ્યું. ગીતા, ઉપનિષદ્ અને વેદ તથા પુરાણ આદિ

સર્વ શાસ્ત્રોની થોડી ઘણી ચર્ચા થઇ. શાસ્ત્રચર્ચામાં રાત ઘણી જ વીતી ગઈ, એટલે ત્યાંથી ઊઠવાનો સમય થવાથી પ્રતિભા કહેવા લાગી કે: "પિતાજી! આપે કુન્દકુમારીના વિવાહના વિષયમાં કાંઇક ગણના કરી હતી કે કેમ? અને એ ગણનાથી આપના જાણવામાં શું આવ્યું હતું?"

"હા; ગણના કરી હતી અને એથી એ જ મારા જાણવામાં આવ્યું હતું કે, વિવાહ થયા પછી દંપતી દીર્ઘ કાળ પર્યન્ત સુખ ભોગવી શકે તેમ નથી જ. અને એ પછી—" એટલું બોલીને કેશવાચાર્ય એકાએક બોલતો બંધ થઇ ગયો.

"અને એ પછી શું થશે?" પ્રતિભાએ આતુરતાથી પૂછ્યું.

"ઉભયમાંથી એકનું મરણ થશે અને એકના મરણથી બીજાને સુખની નિરંતર પ્રાપ્તિ થશે." કેશવાચાર્યે નિઃશ્વાસ નાખીને નિરાશા-સૂચક સ્વરથી કહ્યું.

"એ વિઘ્નને ટાળવાનો કોઇ ઉપાય છે ખરો કે?" પ્રતિભાએ હવામાં બાચકા ભરવાનો પ્રયત્ન કરીને પૂછ્યું.

"મૃત્યુ અચલ છે. એને ટાળવાનો ઉપાય હોતો જ નથી." ગંભીર મુદ્રા કરીને કેશવાચાર્યે ઉત્તર આપ્યું.

પ્રથમ તો પ્રતિભા મસ્તકને અવનત કરીને કાંઇક ચિંતામાં નિમગ્ન થઈ ગઈ અને કેટલીક વાર પછી મસ્તકને ઉન્નત કરીને તેણે જિજ્ઞાસા દર્શાવી કે: "ત્યારે એ બન્નેમાંથી પ્રથમ કોણ મરશે વારુ?"

"એ વિશે મેં જ્યોતિષની ગણના કરી નથી, એટલે નિશ્ચય-પૂર્વક મારાથી કશું પણ કહી શકાય એમ નથી." કેશવાચાર્યે ઉત્તર આપ્યું.

પ્રતિભાના મનમાં એથી ચિંતાની વૃદ્ધિ થઈ, પરંતુ રાત ઘણી વીતી ગયેલી હોવાથી તે ત્યાંથી ઊઠીને ચાલી ગઈ.

બીજી પર્ણકુટીમાં કુન્દકુમારી ભોજન આદિની સામગ્રી તૈયાર કરીને પ્રતિભાની વાટ જોતી બેઠી હતી. પ્રતિભાએ ભોજન કર્યું જ નહિ. બન્ને જઇને શય્યામાં પડી રહી.

આજે શય્યામાં પડતાં જ નિત્યના નિયમ પ્રમાણે પ્રતિભાને નિદ્રા આવી શકી નહિ. કુન્દકુમારી અને કેશવાચાર્યની વાતોની ચિંતાએ શય્યામાં પણ તેનો પીછો છોડ્યો ન હોતો. તેણે મનમાં વિચાર કર્યો કે: 'આજે કુન્દકુમારીએ વરમાળા પહેરાવવાની જે વાત કહી હતી, તેને જ વિવાહ ધારી લેવામાં આવે, તો તો વિવાહ કરીને બન્ને સુખી નથી થયાં, એ વાર્તા સત્ય સિદ્ધ થઈ ચૂકી છે. જ્યોતિર્ગણિતના આધારે ભાસેલું એ પ્રથમ ભવિષ્ય તો સત્ય સિદ્ધ થઇ ચૂક્યું છે. જો બીજી

હિન્દુત્વના ઉપાસકોને શુભ સન્દેશ!

મુંબઈ ઇલાકાની હિન્દુ પ્રજાનું હિન્દુત્વદૃઢતાદાયક અને શુદ્ધિ, સં[illegible]થા
ગોરક્ષાપુરસ્કારક નિષ્પક્ષપાત તથા નિર્ભય સાપ્તાહિક

હિન્દુજ્યોતિ

તંત્રી અને માલિકઃ

ઠક્કુર નારાયણ વિસનજી

વિક્રમ સંવત્ ૧૯૮૬ ના કાર્તિક શુકલા પૂર્ણિમા (શનિવાર તા૦ ૧૬ મી નવેમ્બર ૧૯૨૯) ના શુભ દિવસથી એટલે કે લગભગ પાંચ માસથી આ સાપ્તાહિક પ્રતિ શનિવારે પ્રાતઃકાળમાં નિયમિત પ્રકટ થવા માંડ્યું છે. આટલા થોડા સમયમાં પણ આ પત્રે હિન્દુત્વના પ્રેમીઓને મુગ્ધ કરી દીધા છે. હિન્દુજાતના હિતની રક્ષા તથા હિન્દુ-ધર્મના ગૌરવની વૃદ્ધિ કરવી એ આ પત્રનો પરમ ઉદ્દેશ છે. આ પત્રના તંત્રી શ્રી. ઠક્કુર નારાયણ છે એટલું જ જણાવવાથી સુજ્ઞ જનો એની ઉપયોગિતાની કલ્પના કરી શકશે; કારણ કે, હિન્દુત્વરક્ષાના સંબંધમાં શ્રી. ઠક્કુરની વીરત્વપ્રેરક તથા નિર્ભય લેખની સર્વને સુવિદિત છે.

આ સાપ્તાહિકમાં આદર્શ હિન્દુ હુતાત્મા સ્વ. સ્વામી શ્રદ્ધાનન્દજી કૃત 'Hindu Sangathan or Saviour of the Dying Race' નામક અંગ્રેજી ગ્રન્થનો **'હિન્દુ સંગઠન અથવા મરણોન્મુખ હિન્દુ-જાતિની એકમાત્ર સંજીવની'** નામથી અવિકલ અનુવાદ ધારાવાહિકરૂપે આપવામાં આવે છે. વિશેષમાં દેશી રાજ્યો તથા રાજાઓ કિંવા બાપુ-ઓની દુનિયાનાં રોમાંચક રહસ્યોનો સ્ફોટ કરનારી તથા વર્તમાનકાલિક સમાજ સાથે સંબંધ ધરાવનારી શ્રી. ઠક્કુર નારાયણની રસવાહિની લેખિનીથી લખાતી **'બાલવિધવા કલ્યાણી'** નામક ચાલુ નવલકથા પણ નિયમિત આપવામાં આવે છે. સ્થાયી ગ્રાહકોને ઠક્કુર નારાયણ કૃત **'કાવ્ય કુસુમાકર'** નામક તેમનાં આજ દિવસ સુધીનાં કાવ્યોનો પ્રચંડ સંગ્રહ ભેટ તરીકે આપવામાં આવે છે.

વાર્ષિક લવાજમ

ભેટના પુસ્તક તથા ખાસ અંક સહિત

હિન્દુસ્થાન તથા બર્મા માટે	રૂ. ૫-૦-૦
સમુદ્રપારના દેશો માટે	રૂ. ૭-૦-૦

છુટક નકલનો એક આનો; ટપાલથી સવા આનો.

ગ્રાહક થવામાટે લખોઃ—

વ્યવસ્થાપક 'હિન્દુજ્યોતિ' કાર્યાલય,

નં. ૧૦૦, બજારગેટ સ્ટ્રીટ, કોટ મુંબઈ, નં ૧

વાત પણ સત્ય થાય, તો તો બેમાંથી એકનું મરણ થવું જ જોઇએ. તો શું કુન્દકુમારીનું મરણ થશે કે? ના, ના. ત્યારે શોભનસિંહનો સ્વર્ગવાસ થશે કે? ના ના: એમ પણ શામાટે થવું જોઇએ વારૂ? ઈશ્વર કરે ને જ્યોતિર્ગણિતના એ સિદ્ધાંતો અસત્ય જ સિદ્ધ થઇ જાય! શું જ્યોતિઃશાસ્ત્રનાં પ્રમાણો કોઇ વાર અસત્ય સિદ્ધ નથી થતાં કે?' ઇત્યાદિ નાના પ્રકારની ચિન્તાઓએ પ્રતિભાને નિદ્રાવશ ન થવા દીધી.

ઘણીક વાર પછી કુન્દકુમારીએ પોકાર કર્યો કે: "માતા!"

"તું અત્યાર સુધી ઊંઘી નથી કે શું?" પ્રતિભાએ પૂછ્યું.

"ના, માતા! તમોએ રેવતીને કાંઈ કહ્યું'તું ખરૂં કે?" કુન્દકુમારીએ અચાનક પૂછ્યું.

"ના, મેં તો કોઇ કહ્યું નથી. પણ એનું શું છે?" પ્રતિભાએ આશ્ચર્યચકિત થઇને સામો પ્રશ્ન પૂછ્યો.

"આજે રેવતીએ અચાનક મને પૂછ્યું કે: 'યોગિની તમારાં કેવાં માસી થાય છે?' એ વાત એના જાણવામાં કેમ કરીને આવી હશે વારૂ?" કુન્દકુમારીએ જણાવ્યું.

એ વાત સાંભળતાં જ પ્રતિભા ચોંકી ગઇ અને ત્યાર પછી શાંત થઇને કહેવા લાગી કે: "પુત્રી! કોણ જાણે એ વાત એને કોણે કહી; હું કાંઇ પણ જાણતી નથી. હં; પણ તેં એનો શો જવાબ આપ્યો વારૂ?"

મેં એની વાતપર વધારે ધ્યાન ન આપીને કહ્યું કે: "મને વારંવાર તું આમ કંટાળો શાને આપ્યા કરે છે? અત્યારે મારો જીવ ઠેકાણે ન હોવાથી તું અત્યારે વધારે લવારો કરતી બંધ થઇ જા." કુન્દકુમારીએ જણાવ્યું.

પ્રતિભાના હૃદયમાં વળી એ એક બીજી નવીન ચિન્તાનો ઉદ્ભવ થયો. 'રેવતીને એ ગુપ્ત ભેદની કેમ કરીને અને કયાંથી ખબર પડી' એના વિચારમાં તે ગહન ચિન્તાના સમુદ્રમાં ડૂબી ગઈ. થોડી વાર પછી કુન્દકુમારી નિદ્રાવશ થઈ ગઈ અને પ્રતિભાનું જાગતાં જાગતાં વિચારમાં જ વાણું વાઈ ગયું.

પ્રભાતકાળ થતાં જ પ્રતિભા પોતાના મઠતરફ ચાલતી થઈ, કેશવાચાર્ય સ્નાન કરવામાટે સરોવરના તીરે ગયો, તો ત્યાં એકાંતમાં તેણે રેવતીને બેઠેલી જોઈ. આથી પૂર્વે કોઈ પણ વાર એવી રીતે સરોવર તીરે તેને બેઠેલી કેશવાચાર્યે જોઈ ન હોતી, એટલે તેના મનમાં એનું આશ્ચર્ય થવા લાગ્યું. ગોસ્વામીને જોતાં જ રેવતી તેને ઉદ્દેશીને કહેવા લાગી કે: "ગુરુજી! ગઈ કાલે મેં કુન્દકુમારીને એક વાત પૂછી હતી, અને આજે પાછો એનો એ સવાલ યોગિની પ્રતિભાદેવીને પણ

પૂછ્યો હતો; પરંતુ બન્નેએ જવાબ કાંઈ પણ ન આપ્યો અને મારી વાતને હવામાં ઊડાવી દીધી. તો હવે હું આપને પ્રાર્થના કરીને પૂછું છું કે, યોગિની સાથે કુન્દકુમારીનો શો સંબંધ છે, તે કૃપા કરીને મને જણાવશો કે ?"

"એ બન્નેનો સંબંધ તે વળી શાનો હોય !" કેશવાચાર્યે પણ તેની વાતને ધ્યાનમાં ન લેતાં ઓથડ જવાબ આપી દીધો.

"યોગિની કુન્દકુમારીની સગી માસી થાય છે, એ વાત હું ધારૂં છું કે, આપ પણ જાણતા જ નથી." રેવતીએ ભેદ ખોલ્યો.

કેશવાચાર્ય અચાનક ચાલતો અટકી ગયો અને રેવતીને જોઇને તેણે પૂછ્યું કે: "એ વાત તારા જાણવામાં કેવી રીતે આવી ?"

"ગમે તે રીતે પણ હું જાણું છું, એટલું ચોકસ છે." રેવતીએ હવે જરાક મોંઘી થવાનો પ્રયત્ન કર્યો.

"ના; એમ સમજવામાં કદાચિત્ તારી ભૂલ થતી હશે. જો એમ હોત, તો અત્યાર સુધીમાં એ વાત અવશ્ય મારા જાણવામાં આવી ગઇ હોત." કેશવાચાર્ય એટલું કહીને સ્નાન કરવામાટે ચાલ્યો ગયો. રેવતી ત્યાંની ત્યાં જ બેસી રહી.

ગામની ઘણી ખરી સ્ત્રીઓ એ સરોવરમાંથી જળ ભરી જવાને આવ્યા કરતી હતી. રેવતીએ તે સર્વ સ્ત્રીઓને કુન્દકુમારી અને પ્રતિભાના એ સંબંધની વાત વિસ્તારથી કહી સંભળાવી. એ સર્વ સ્ત્રીઓ કુન્દકુમારી, પ્રતિભા અને કેશવાચાર્યને સારી રીતે ઓળખતી હોવાથી આ વાત સાંભળીને સર્વના મનમાં થોડો ઘણો પણ આશ્ચર્યનો ભાવ ઉદ્ભવ્યા વિના તો ન જ રહ્યો. પરન્તુ કુન્દકુમારી સાથેના શોભનસિંહના સંબંધની વાત તેણે કોઇને પણ કહી નહિ. એનું એક કારણ તો એ હતું કે, એ પ્રેમની કથા કહી સંભળાવવાનું જે સાહસ જોઇએ, તે તેનામાં ન હોતું અને બીજું એ કે, એ વિશેની તેને ખબર પણ બહુ જ થોડી હતી. જો એમ ન હોત, તો અવશ્ય એ બીજો છબરડો પણ તેણે વાળી નાખ્યો હોત. રેવતીની બાલિશતાનું એથી વધારે બીજું પ્રમાણ શું જોઇએ વારૂ ? અસ્તુ.

એકાદશ પરિચ્છેદ

'લાચારી'

"પ્રેમ બલા છે કેવી એ, નથી કોઇને જાણ;
વૈદ્યો પણ એ રોગની, કરી શકે ન પિછાણ.
પ્રેમ તણા વ્યાપારમાં, લાભ ન લેશ જણાય;
જાણું છું, તોપણ હૃદય, ત્યાંનું ત્યાં જ તણાય."

લાવણ્યમયી સર્વથા રોગમુક્ત થઈ ગયા પછી માલતીગઢના રાજા મહાતપસિંહે પુનઃ પોતાના પુત્ર શોભનસિંહના વિવાહ પ્રતિ ધ્યાન આપવા માંડ્યું. પરન્તુ 'પ્રથમ લાવણ્યમયીનાં લગ્ન થવાં જોઇએ, ત્યાર પછી હું લગ્ન કરીશ.' એમ કહીને શોભનસિંહે એ પ્રસંગે પણ પોતાના વિવાહની વાતને ઉડાવી દીધી. એ ગૃહનો ઝગડો ચાલતો જ હતો, એટલામાં અચાનક એવા સમાચાર મળ્યા કે: 'દિલ્લીથી કોઇ અબ્દુલ્લાખાન નામનો મુસલ્માન સેનાપતિ મહાભારત સૈન્ય લઇને મેવાડમાં યુદ્ધ કરવામાટે આવી પહોંચ્યો છે.' એટલે એ કારણથી કેટલાક દિવસને માટે ભાઈ બ્હેન બન્નેના વિવાહની વાત પાછી ખોરંભે પડી ગઇ. પુત્ર પુત્રીના વિવાહની તૈયારીને બદલે મહાતપસિંહ રણભૂમિમાં જવાની તૈયારી કરવા લાગ્યો.

એ સમયે સમસ્ત ભારતવર્ષમાં વસંત ઋતુરાજનો અધિકાર વ્યાપેલો હતો. એક દિવસ રમણીય સંધ્યાના સમયે શોભનસિંહ અને અજિતસિંહ કિલ્લાની દીવાલપર ચઢીને આમ તેમ ભ્રમણ કરી રહ્યા હતા. પર્વત ઉપર મોટા મોટા વૃક્ષરાજો વીર રાજપૂતો પ્રમાણે અચલ ભાવથી ઊભા હતા અને યથેચ્છ વાયુનું સેવન કર્યા કરતા હતા; ફૂલના નાના નાના રોપાઓ આખો દિવસ પશ્ચિમ વાયુના આઘાતોને સહન કરીને અત્યારે ધનાઢ્ય ગૃહસ્થોના દારૂડિયા છોકરાઓ અથવા તો કુળદીપકો(?) પ્રમાણે ડોલતા જોવામાં આવતા હતા; લીલાંછમ ખેતરોને જોઇને ગાયોની ત્યાંથી હટવાની ઇચ્છા થતી ન હોતી, છતાં ગોવાળીઆઓ લાકડીનો ઉપયોગ કરીને જોરાવરીથી તેમને પોતાના સ્થાનમાં લઇ જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા; ખેડુતો પોતાનાં ખેતરોમાંના કામકાજને જરાક વ્હેલાંથી જ પૂરાં કરીને નાના પ્રકારના આનંદોમાં નિમગ્ન થઇ ગયા હતા. કોઈ બે ચાર ગોઠીયાઓ સાથે બેસીને હુક્કાને અનુભવી રહ્યા હતા; કોઇ રાગના આલાપ અને તબલાને બદલે ગોઠણપર થાપ લગાડવામાં જ લીન થઇ ગયા હતા અને કેટલાક સૃષ્ટિસૌન્દર્યનું નિરીક્ષણ કરતા આમ તેમ ફરતા દૃષ્ટિગોચર થતા હતા. સ્ત્રીઓમાંની કેટલીક કૂપમાંથી અને કેટલીક સરોવરમાંથી પાણી ભરીને બેડાં માથે અને કેડે ઊપાડીને આમ તેમ આડી અવળી નજર દોડાવતી પુરુષોને નેત્રકટાક્ષથી ઘાયલ કરતી ચાલી જતી હતી અને પોતાના ચંદ્ર સમાન કાંતિયુક્ત મુખમંડળોને ખુલ્લાં રાખીને સર્વને તેમના દર્શનનો લાભ આપી પોતાના સ્ત્રીજન્મની સાર્થકતા કરતી હતી ! (જો એમ કરવાથી જ સ્ત્રીજન્મની સાર્થકતા મનાતી હોય તો !) પરંતુ કેટલીક લજ્જાશીલ અને કુલીન કામિનીઓ જાણે પરપુરુષને પોતાનાં મુખમંડળોને અનાવૃત્ત કરવાને

ભયંકર પાતક માનતી હોયની! તેવા ભાવથી લાંબો સાડાસાત હાથનો ઘૂંઘટો તાણીને અને મસ્તકોને નીચાં નમાવીને પોતાને માર્ગે ચાલી જતી હતી. એ બે સ્વભાવની સ્ત્રીઓને જોતાં આ દોરંગી દુનિયાના બે જૂદા જૂદા રંગોનું તત્કાળ જોનારને ભાન થઇ શકતું હતું. પાપ અને પુણ્ય; સત્ય અને અસત્ય અથવા ઉત્તમ અને અધમ વસ્તુમાં પરસ્પર કેટલો ભેદ અને કેવો ભેદ રહેલો હોય છે, એનું એ લીલાના અવલોકનથી બહુ જ સારૂં જ્ઞાન મળી શકતું હતું. અહા! વસ્તુતઃ ભયંકર પરંતુ બહારથી અત્યંત રમણીય દેખાતા આ નશ્વર સંસારની આ કેટલી બધી વિલક્ષણતા! અસ્તુ.

આ સર્વ દશ્યોનું અવલોકન કરતા અને એમના સંબંધમાં પોતાના અનુકૂલ–પ્રતિકૂલ અભિપ્રાયોને પરસ્પર દર્શાવતા શોભનસિંહ અને અજિતસિંહ કિલ્લાની દીવાલપર પગો મોકળા કરી રહ્યા હતા. કેટલીક વાર અજિતસિંહ કાલિદાસ, ભવભૂતિ અને બાણ જેવા પ્રાચીન સંસ્કૃત કવિજનોની પદ્ધતિને અનુસરીને એ સમયના સૃષ્ટિસૌન્દર્યની સ્તુતિ કરવામાં સંલગ્ન થઈ જતો હતો. અત્યારે પણ તેના એક એવા જ કાવ્ય વિનોદનું શ્રવણ કરીને શોભનસિંહ હસતો હસતો કહેવા લાગ્યો કેઃ "અજિત! જ્યારે તું નૈસર્ગિક સૌન્દર્યનો આટલો બધો પ્રેમી છે, ત્યારે તને જો સ્વાભાવિક સ્નેહીની પદવી આપવામાં આવે તો શું ખોટું છે વારૂ? એ તો સ્વયં સિદ્ધ જ છે કે, જે સ્વભાવથી જ પ્રેમી હોય છે, તે પ્રેમી હોવાની સાથે લંપટ પણ હોવાનો જ. અર્થાત્ હું મારા મિત્રને લંપટશિરોમણિના નામથી પણ બેધડક બોલાવી શકું એમ છે. કેમ એમાં તને કાંઇ વાંધો છે ખરો કે?"

અજિતસિંહ તેવા જ પ્રકારનું હાસ્ય કરીને ઉત્તરમાં કહેવા લાગ્યો કેઃ "જે કાંઈ પણ તારે બોલવાનું હોય, તે જરાક છાતીપર હાથ રાખીને બોલે તો વધારે સારૂં. તારી સૌન્દર્યપ્રીતિ મારા કરતાં કઇ બાબતમાં ઓછી છે, એ મનમાં જરાક સારી રીતે વિચાર કરીને મને કહે જોઇએ! વળી પ્રેમી તો મારા કરતાં તું હજાર ગણો વધારે છે; એટલે તારી લંપટતાની માત્રા મારા કરતાં ઘણી જ વિશેષ હોવાથી તને લંપટતાના ભંડારની પદવી શાને ન આપવામાં આવે, એનું કાંઈ કારણ બતાવીશ કે?"

"પણ ભાઈ! મારો સ્નેહ તો ગુપ્ત છે. એ સ્નેહના પ્રાકટ્યની આ જન્મમાં તો જરાય આશા નથી જ." શોભનસિંહે નિરાશાદર્શક ઉત્તર આપ્યું.

હવે અજિતસિંહે પણ કાંઇક ગંભીરતાના ભાવને ધારણ કર્યો અને ગંભીર સ્વરથી કહ્યું કેઃ "શોભન! તું તારા વિવાહના કાર્યમાં સંમત શામાટે નથી થતો? પિતાના હૃદયમાં સદૈવ એક પ્રકારની વેદનાનો આઘાત કર્યા કરવો, એ શું પુત્રને ઉચિત છે કે?"

"કોણ પિતા અને કોણ સ્વજન!" શોભનસિંહે ઉદાસીન વૃત્તિથી ઉદ્ગાર કાઢ્યો.

"શોભન!" તારા મનની અંતિમ ધારણા એ જ છે કે શું? તારા હૃદયમાં પોતાના જન્મદાતા પૂજ્ય પિતા કરતાં એક ક્ષુદ્ર નારીની પદવી એટલી બધી મોટી થઈ ગઈ છે કે, એક સ્ત્રીના સંબંધને જાળવી રાખવામાટે પિતાની આજ્ઞા તથા ઇચ્છાનો તું જરા પણ વિચાર નથી કરતો! અફસોસ!!" અજિતસિંહે વાગ્બાણનો પ્રહાર કર્યો.

"એક સ્ત્રીના સંબંધને જાળવી રાખવામાટે? અજિત! તું આજે આ શું બોલે છે! અંતે મારા હૃદયની તેં એ જ પરીક્ષા કરી કે? શું કુન્દકુમારીને મેં અત્યાર સુધી કોઇ વાર પણ મારી ધારી હતી? અને અત્યારે પણ હું એને મારી ધારૂં છું, એ તું શાના આધારે કહી શકે છે, તે જણાવીશ કે?" શોભનસિંહે કાંઇક ખેદથી આ શબ્દોને ઉચ્ચાર્યા.

"ત્યારે તું વિવાહ નથી કરતો, એનું કારણ શું છે?" અજિતસિંહે ખેંચીને સવાલ કર્યો.

"હું એ તો તને પ્રથમથી જ જણાવી ચૂક્યો છું કે, મારા હૃદયમાં હવે બીજી કોઈ અબળાને બેસાડવામાટેનું સ્થાન નથી. ત્યારે વિના કારણ કોઈ નિર્દોષ નારીને મારે દુઃખી શામાટે કરવી જોઇએ વારૂ?" શોભનસિંહે મર્મવેદનાયુક્ત હૃદયથી કહ્યું.

"વારૂ, શોભન! જો તું માઠું ન લગાડે, તો તને એક વાત કહું. કેમ કહું કે?" અજિત બોલ્યો.

"તારા બોલવાથી હું માઠું લગાડું, એમ બને જ કેમ? જે કહેવાનું હોય, તે ખુશીથી કહી નાખ." શોભનસિંહે અનુમતિ આપી.

"ના; એ જેવી તેવી વાત નથી. એ તો એક મહાભારત-ગહન ગોષ્ટી છે." અજિતસિંહે પુનઃ નિશ્ચય કરી લેવાના ઉદ્દેશથી કહ્યું.

"ગમે તેવી મહાભારત વાત હોય, તો પણ કહી દે." શોભનસિંહે ગંભીરતાથી કહ્યું.

"મારા બોલવાનો આશય એટલો જ છે કે, તારો અને કુન્દકુમારીનો પરસ્પર પતિપત્નીનો સંબંધ તો કોઇ કાળે થવાનો જ નથી. એટલે એના વિના બીજી કોઇ પણ ઇચ્છા તારા મનમાં થાય છે ખરી કે નહિ?" અજિતસિંહે જે પૂછવાનું હતું તે માર્મિકતાથી પૂછ્યું.

"ઇચ્છા ? શાની ઇચ્છા ?" શોભને નિષ્કપટતાથી પૂછ્યું,

"તું કુન્દકુમારીને........"

એટલું બોલીને જ અજિતસિંહ એકાએક બોલતા બંધ થઇ ગયા. તેનાથી એક શબ્દ પણ વિશેષ બોલી શકાયો નહિ. શોભનસિંહ તેની મુખચર્યાનું એક ધ્યાનથી અવલોકન કરવા લાગ્યો. મુખચર્યામાં થતા ફેરફારોથી મનુષ્યના મનમાં રમી રહેલા સારા કે નઠારા ભાવો થોડા કે વધારે પરિમાણમાં બીજાના જાણવામાં આવી જાય છે, એ આ સૃષ્ટિનો નિયમ છે. એ નિયમ સત્ય થયો. અજિતસિંહના મનોભાવને શોભન જાણી ગયો અને તેથી કહેવા લાગ્યો કેઃ—

"તારા મનનો કદાચિત્ એવો આશય હશે કે, હું કુન્દકુમારીને મારી ઉપપત્ની અથવા રાખ તરીકે રાખી લઉં, કેમ એમ જ કે નહિ ? પણ અજિત ! તું એ નથી જાણતો કે, એ સુમન સ્વર્ગની શોભાને વધારવામાટે જ નિર્માયલું છે, એટલે હું એના સૌગંધ્યનો આસ્વાદ લેવા નથી જ ઇચ્છતો. જ્યાં સુધી આ દેહ છે, ત્યાં સુધી તો હું એ બાળાની પવિત્રતાનો નાશ નથી જ કરવાનો. જ્યાં સુધી એ સુંદરીમાં સ્વર્ગીય શુદ્ધિ અને પવિત્રતાનો નિવાસ છે, ત્યાં સુધી તો એ દેવીનાં દર્શન તથા ધ્યાનથી જ મને વિશેષ સુખનો અનુભવ થયા કરે છે. મારા પ્રાણપ્રિય સુહૃદ્ ! જે રત્નનેમાટે આપણે આટલો બધો ગર્વ ધરાવીએ છીએ, જે રત્નનેમાટે આપણે સુવર્ણની પ્રતિમાને અગ્નિમાં બાળીને ભસ્મીભૂત કરી નાખીએ છીએ, તે સ્ત્રીના પવિત્ર સતીત્વ-રત્નનો નાશ મારાથી કેમ કરીને કરી શકાય વારુ ? અજિત ! હું સારી રીતે જાણું છું કે, જો સંસારમાં વ્યભિચારની છાયા પડી જાય છે, તો ધીમે ધીમે તે વ્યભિચાર સંસારસુખનું નિર્મૂલન કરી નાખે છે. એવા ત્યાજ્ય અને તિરસ્કરણીય વ્યભિચારને હું સ્વેચ્છાથી આલિંગન આપું એ સર્વથા અસંભવનીય છે."

એ વાક્યોને ઉચ્ચારતાં શોભનસિંહનાં નેત્રો આંસુભીનાં થઇ ગયાં અને એ ઉદ્દગારોને સાંભળીને અજિતસિંહનાં રોમાંચ ખડાં થઇ ગયાં. અજિતનું અંતઃકરણ આનંદથી ઊછળવા લાગ્યું. કેટલીક વાર પછી તે આનંદસૂચક મુદ્રાથી કહેવા લાગ્યો કેઃ "આજે જો કોઇ અન્ય મનુષ્યના મુખમાંથી આ ઉદ્દગારો નીકળતા મેં સાંભળ્યા હોત, તો તેને હું કોટિ-કોટિ ધન્યવાદ આપત ! પણ તું મારો મિત્ર હોવાથી તારી વધારે પ્રશંસા હું કરી શકતો નથી. છતાં પણ એટલું તો કહેવું જ જોઇએ કે, આ વિચારો તારી યોગ્યતાને બરાબર શોભાવે અને વધારે તેવા જ છે."

"બસ; હવે એ વાતોને પડતી મૂકો. હું—તારી કવિતાના વિનોદને આગળ ચલાવ જોઇએ." શોભનસિંહે વિષયનું પરિવર્તન કરવાના ઉદ્દેશથી કહ્યું.

"એ કાવ્યવિલાસને કોઈ બીજા સમયમાટે મુલ્તવી રાખ. આજે તારા ઊડાવ્યાથી હું ઊડવાનો નથી, અને તારા ખરેખરા મનોભાવને જાણ્યાવિના તને છોડવાનો નથી. મને બરાબર વિચાર કરીને ખરૂં કહી દે કે, તું વિવાહ કરીશ કે નહિ ?" અનુભવી અજિતસિંહે પોતાના નિશ્ચયને દૃઢ રાખીને જિજ્ઞાસા દર્શાવી.

"વાહ; આ પ્રશ્ન પણ સારો ! શું હું બે વાર વિવાહ કરૂં કે ?" શોભનસિંહે મર્મયુક્ત કહ્યું.

"ખરૂં; તું માલતીગઢની એક વિવાહિતા આર્યયુવતી હોવાથી તારાથી બે વાર વિવાહ કેમ કરીને કરી શકાય વારૂ !" અજિતસિંહે વિનોદના રંગને વધારીને મસ્કરી કરી.

"એમ તો એમ, પણ વિવાહિતા આર્યયુવતી જેવી વાત મેં શી કરી છે એ તારે જણાવવું જોઇશે." શોભનસિંહે ગંભીરતાથી કહ્યું.

"એજ કે, પુરુષ તો અનેક વાર વિવાહ કરી શકે છે, પણ વિવાહિતા આર્ય અબળા જ બે વાર લગ્ન કરી શકતી નથી." અજિતસિંહે જણાવ્યું.

"વારૂ; ત્યારે અજિત ! આજે તો તારી સાથે મારે શાસ્ત્રાર્થ જ કરવો જોઇશે. જો ખરેખર હું માલતીરાજની વિવાહિતા પુત્રી હોત, તો તમો લોકો વિવાહમાટે મને આટલો બધો આગ્રહ કરી શકત ખરા કે ?" શોભનસિંહે સવાલ કર્યો.

"કદાપિ નહિ. પરંતુ તું પુત્રી નથી, એટલામાટે જ આ બધો ઝગડો ચાલ્યા કરે છે." અજિતસિંહે પાછો આગ્રહ કર્યો.

"અજિત ! તમો લોકો આવા વિચારો ધરાવતા હોવાથી જ આવી અધમ અવસ્થામાં આવી પડેલા દેખાઓ છો. સમાજનું આ કેવું અને કેટલું બધું કઠોર શાસન ! સ્ત્રી કોઇ કાળે પણ એકથી અધિક વાર વિવાહ કરી જ ન શકે અને પુરુષ જોઇએ તો પચાસ વાર પરણે, તો પણ તેને કોઇ અટકાવી શકે તેમ નથી; એમાં ન્યાય જેવું શું છે, તે કોઇ પણ મને બતાવી શકશે કે ?" શોભનસિંહે એક પ્રકારના વાદને ઉપસ્થિત કરી દીધો.

"એનું કારણ અને પ્રમાણ તારાં પોતાનાં વચનોથી જ સિદ્ધ થઇ શકે છે, એટલે તેમને અન્યત્ર શોધવા જવાની કશી પણ અગત્ય નથી. અત્યારે જ જે સતીધર્મની તું આટલી બધી પ્રશંસા

કરતો હતો, તેને આટલી વારમાં જ તું ભૂલી ગયો કે શું ?" અજિતે પ્રશ્નાત્મક ઉત્તર આપ્યું.

"તારૂં આ કથન વાસ્તવિક છે; મારા બોલવાનો ભાવાર્થ એવો છે કે, સ્ત્રીઓ પ્રમાણે જ એક વાર પરણવાનો નિયમ પુરુષોને પણ શામાટે લાગૂ પાડવામાં નથી આવતો ? એમ કરવાથી આપણા સદ્ધર્મનાં ગૌરવોમાં એક અનન્ય ગૌરવની વૃદ્ધિ થવાનો જ સંભવ છે. એમ કરવામાં દોષ જેવું મને તો કાંઇ પણ જણાતું નથી." શોભનસિંહે એમ કહીને પોતાના વિચારોની દૃઢતાનું દર્શન કરાવ્યું.

"તને એમાં દોષ જેવું જો કે કશું પણ નથી દેખાતું, પણ ખરી રીતે જોતાં એમાં એક મહાભારત દોષ રહેલો છે. એ તો તું જાણે જ છે કે, વધારે આશા રાખવી, એ કાંઈ સારૂં નથી. જે ઉંચે ચઢે છે તે જ નીચે પડે છે. બન્ને તરફ હાથ ફેલાવ્યાથી બન્ને હાથ ખાલી જ રહે છે. જે થવાનું હોય છે તે જ થાય છે." શોભનસિંહને સમજાવવામાટે અજિતસિંહ આ પ્રમાણે કેટલાક ન સમજી શકાય તેવા શબ્દો બોલી ગયો.

વાંચકો એ તો સારી રીતે જાણે છે કે, શોભનસિંહે વિદ્યાનો વિશેષ અભ્યાસ કરેલો ન હોઇને તેની અત્યાર સુધીની અવસ્થા અસ્ત્ર અને શસ્ત્રના વ્યવસાયમાં જ વીતી ગઇ હતી; એટલે તે આવા શાસ્ત્રાર્થ કિંવા તર્કવિતર્કની કશી પણ ચિન્તા કદાપિ રાખતો જ ન હોતો. અર્થાત્ આવી પરિસ્થતિ હોવાથી તત્કાળ તેણે પોતાના પરાજયને સ્વીકારી લીધો અને ત્યાર પછી તે કહેવા લાગ્યો કે: "તારી જોડે શાસ્ત્રાર્થ કરી શકું એટલું સામર્થ્ય મારામાં નથી. જો કોઇ સ્ત્રી તારા આ સંવાદને સાંભળત, તો તે તારા સારી રીતે સમાચાર લઈ નાખત."

"અત્યારે આટલામાં કોઇ અબળા ન હોતી, એટલામાટે જ આ બધી વાતો હું તને સંભળાવી શક્યો. પણ એ વિતંડવાદને જવા દે અને જો મારા ઉપદેશને માનતો હોય તો વિવાહમાટે સંમતિ આપી દે. તારા સર્વ શુભેચ્છકોની માત્ર એટલી જ આકાંક્ષા અને પ્રાર્થના છે." અજિતે કહ્યું.

"શું તું એ હઠને છોડી શકે એમ નથી કે ?" શોભન બોલ્યો.

"ના; એ હઠને મારાથી ત્યજી શકાય તેમ નથી. તારો વિવાહ થયેલો જોઇને તારા પિતા સુખી થશે અને તારા અવિવાહિત રહેવાથી તેમના હૃદયમાં દુઃખનો અસહ્ય આઘાત થવાનો સંભવ છે, એટલે હવે હું તને જ પૂછું છું કે, આવી પરિસ્થિતિમાં તારૂં કર્તવ્ય શું છે, તે તું પોતે જ જણાવી દે." અજિતસિંહે તેને બીજી રીતે સપડાવ્યો.

"બસ; અજિત!! તું હવે વધારે બોલ બોલ ન કર. તારી આ વાતો સાંભળીને હું કદાચિત્ ગાંડો જ બની જઇશ. એ બાબતનો જેમ જેમ હું વધારે વિચાર કરૂં છું, તેમ તેમ મારા ચિત્તમાં ભ્રમની વિશેષતા થતી જાય છે. મારા પિતાના સુખમાટે આ ક્ષણેજ મારા જીવનનો ઉત્સર્ગ કરવાને હું તૈયાર છું. પરંતુ જે વેળાયે વિવાહના પ્રસંગનું મને સ્મરણ થાય છે, તે વેળાયે મારૂં મસ્તિષ્ક ભ્રમિષ્ટ થઈ જાય છે." શોભનસિંહે નિરાશાપૂર્વક કહ્યું.

"તારા વિવાહમાટે તારી સંમતિ લેવાની કશી પણ આવશ્યકતા ન હોતી. તારી અસંમતિ હોવા છતાં પણ જો ધારત તો તારા પિતા તારો વિવાહ તત્કાળ કરી શકે એમ હતું, અને તેમણે એમ કરવાનો નિર્ધાર પણ કરી રાખ્યો હતો; પરંતુ પાછળથી તેમના મનમાં એવી શંકા આવી કે, કદાચિત્ તું તારા વિવાહની વાર્તાને સાંભળીને ક્યાંક પલાયન કરી જઇશ, તો તેમને પાછળથી લજ્જિત થવું પડશે. અથવા તો વિવાહ થયા પછી જો તું સ્ત્રી સાથે દાંપત્યવ્યવહાર ન રાખે, તો વળી એથી પણ ભૂંડું થાય. એમ ધારીને જ તેમણે પોતાના એ વિચારનો ત્યાગ કરી દીધો હતો." અજિતસિંહે આવેશપૂર્વક કહ્યું.

"અજિત! મારા સુબંધુ! હું કુલાંગાર અને પિતાનો કુપુત્ર છું." શોભને નિરાશાસૂચક ઉદ્ગાર કાઢ્યો.

"વારૂ; પણ શોભન! તું વિવાહમાટે સંમતિ નથી આપતો એનું ખરેખરૂં કારણ મને બતાવી દે. તું પોતાની સ્ત્રીને હૃદયમાં સ્થાન નહિ આપી શકે, એટલા કારણથી જ તું વિવાહ નથી કરતો, એ વાત મારા માનવામાં આવી શકતી નથી." અજિતે પુનઃ સંશય દર્શાવ્યો.

થોડીક વાર ચુપ રહ્યા પછી શોભનસિંહ કહેવા લાગ્યો કે: "અજિત! કુન્દકુમારીએ આજ સુધી વિવાહ નથી કર્યો, એનું કારણ શું હોવું જોઇએ, એનો પણ તેં અત્યાર સુધીમાં કોઇ વાર વિચાર કર્યો છે ખરો કે? એનું કારણ માત્ર મારૂં જ પાપ છે. ભાઇ! કુન્દકુમારી ગમે તે કહે અને મારી જોડે ગમે તેવું વર્તન કરતી હોય, પણ એ તો હું સારી રીતે જાણું છું કે, આજ સુધી તે મને અને માત્ર મનેજ ચાહે છે. એ પ્રેમબંધનના કારણથી જ તેણે અત્યાર લગી વિવાહ કર્યો નથી. એ પણ હું સંપૂર્ણ રીતે સમજી ગયો છું કે, કેવળ મારામાટે જ તેણે પોતાનાં સર્વ સુખોનો ત્યાગ કરી દીધો છે. એ સર્વ વાતોને ભૂલી જઇને હું તુચ્છ સાંસારિક સુખોના ઉપભોગની લાલસાથી વિવાહ કરૂં એ યોગ્ય કહેવાય ખરૂં કે? નહિ, કદાપિ નહિ. અજિતસિંહ! હું પણ એ સુંદરી પ્રમાણે જ સન્યાસને સ્વીકારી લઇને મારાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી લઇશ. જો

મારા પિતા જીવતા ન હોત, તો અત્યારે મને તું આ સ્થાનમાં ભાગ્યે જ જોઈ શકયો હોત."

"શોભન! વિચાર કર; તારા પિતાનો વંશરક્ષક માત્ર તું એકલો જ છે, એ વાતને તારે ભૂલી જવી નથી જોઇતી." અજિતે કહ્યું.

"હું નિરુપાય છું, લાચાર છું." શોભને ઉત્તર આપ્યું.

"તારા પૂર્વજોને-પૂર્વ પુરુષોને તારા વિના પિંડ કોણ આપશે, એનો તેં વિચાર કર્યો છે ખરો કે?" અજિતે વિવાહ કરી લેવાનું એક બીજું પ્રબળ કારણ દર્શાવ્યું.

"હું નિરુપાય છું; મારો ઉપાય નથી," પુનઃ શોભને તેનું તે જ ઉત્તર આપ્યું.

"સારાસારનો કાંઇ તો વિચાર કર." અજિતસિંહે પુનઃ આગ્રહ કર્યો.

"લાચારી છે." શોભને રડીને કહ્યું.

એટલે અંતે નિરાશ થઇને અજિતસિંહ પણ એ જ બોલ્યો કેઃ "ખરેખર 'લાચારી' જ છે!"

પંચમ ખણ્ડ

પ્રથમ પરિચ્છેદ

મુગલપરાજય

પુનઃ રણવાદ્યોનો ધ્વનિ સંભળાવા લાગ્યો. એક બે અને ત્રણ ચાર કરીને ફાલ્ગુન માસના છ દિવસ વીતી ગયા. સાતમે દિવસે પ્રભાતમાં જ અમરસિંહ આલમગુમાન નામક ગજરાજના પૃષ્ઠ ભાગપર સોનાની અંબાડીમાં વિરાજીને જ્યાં રાજપૂત સેના તેની પ્રતીક્ષા કરતી ઉભી હતી, તે સ્થાને આવી પહોંચ્યો. અગણિત રાજપૂત સૈનિકોનો જયધ્વનિ દશ દિશાઓને કંપાયમાન કરવા લાગ્યો. અલ્પ સમય પછી રાજપૂત વીરો આગળ વધવા લાગ્યા.

રણપુર નામક એક ગિરિમાર્ગ પાસે આવીને અમરસિંહે પોતાના સૈન્યના મુખ્ય મુખ્ય સામંતો અને સેનાપતિઓને પોતાની પાસે બોલાવ્યા અને પોતાની દીર્ઘદર્શિતાનો પરિચય કરાવતો તે તેમને સંબોધીને અતિશય ગંભીરતાથી કહેવા લાગ્યો કેઃ "મુસલ્માન લોકો આ માર્ગથી જ અહીં આવશે, એ તો આપણે સારી રીતે જાણીએ જ છીએ. પરંતુ આપણા સૈનિકોની સંખ્યા ઘણી જ થોડી હોવાથી આટલી અલ્પ સેના પાસેથી આજે આપણે મહાભારત કામ લેવાનું છે. મારો એવો અભિપ્રાય છે કે, શત્રુઓને પાછળથી જ મારવા એ જ અધિક લાભ-

કારક હોવાથી અત્યારે હવે એનો નિશ્ચય આપણે કરી લેવાનો છે કે, એ કાર્યનો ભાર કોના માથાપર નાખવો જોઇએ ? કારણ કે, સમય થોડો છે અને કાર્ય વિશેષ કરવાનું છે.”

અમરસિંહનાં આ વચનો સાંભળતાં જ અનેક વીર યુવકોએ એ કાર્યના ભારને પોતાના શિરપર ઊપાડી લેવાની પોતાની ઇચ્છા દર્શાવી. પરંતુ અમરસિંહે અંતે કેટલોક વિચાર કરીને એ કામની જવાબદારી માલતીગઢની સેના સાથે સેનાપતિ તરીકે આવેલા શોભનસિંહના માથાપર જ નાખી દીધી. પોતાના પુત્રને આટલું મોટું સન્માન મળેલું જોઇને મહાતપસિંહની છાતી ગર્વથી ગજગજ ફૂલવા લાગી. મહાતપસિંહે પુત્રને આલિંગન આપીને વિદાય કર્યો. રાણાજી અને પિતાની આજ્ઞા મળતાં જ શોભનસિંહ પિતાનાં ચરણોમાં મસ્તક નમાવી પોતાની સેનાને લઇને વાયુના વેગે ત્યાંથી પ્રયાણ કરી ગયો.

આ અખિલ બ્રહ્માંડનો રચયિતા અવશ્ય મેવાડને સ્નેહ દૃષ્ટિથી જોતો હોવો જોઇએ, એમ સ્પષ્ટ દેખાઇ આવે છે. એ સ્નેહના કારણથી જ પરમેશ્વરે મેવાડ દેશની એવી તો અદ્ભુત રચના કરેલી છે કે, પોતાના સ્વલ્પ સૈન્યથી શત્રુના મહાવિશાળ સૈન્યનો મુકાબલો કરવો એ મેવાડીઓને માટે કાંઇ કઠિન કાર્ય હોતું નથી. એ સત્યની એક બે વાર નહિ પણ અનેક વાર સિદ્ધતા થઇ ચૂકી છે. મેવાડમાં પ્રવેશ કરવાના માર્ગમાં એવાં અનેક સ્થાનો છે કે, જ્યાં છુપાઇ રહેવાથી જ કેટલેક અંશે વિજયનો નિશ્ચય થઇ જાય છે. એવાં સ્થાનો મુગલ સૈનિકોથી સર્વથા અજ્ઞાત હતાં. શોભનસિંહ પોતાના સૈનિકો સહિત એવા જ એક સ્થાનમાં આવીને સંતાઇ બેઠો હતો.

થોડા વખત પછી અચાનક મુગલોના ડંકાનો અવાજ સંભળાવા લાગ્યો અને પુનઃ મુગલ સેના દૃષ્ટિગોચર થવા લાગી. જ્યાં સુધી મુસ્લિમ સેના નિકટવર્તી માર્ગમાંથી પસાર થઇ ગઇ, ત્યાં સુધી તો શોભનસિંહ કશું પણ બોલ્યો નહિ. જ્યારે તેણે મુસલ્માન સૈન્યના છેલ્લા સૈનિકને પોતાની આંખો આગળથી જતો જોયો એટલે તરત પોતાના શૂર રાજપૂત વીરોને ઇશારો કર્યો. સેનાધ્યક્ષનો ઇશારો મળતાં જ અશ્વારોહી રાજપૂતોએ મ્યાનોમાંથી તલ્વારોને ખેંચી લીધી અને તેઓ મયદાનમાં નીકળી આવીને મુસ્લિમ સૈનિકો ઉપર ભૂખ્યા વરૂઓ પ્રમાણે તૂટી પડ્યા. એ ક્ષણે જ બીજી તરફથી અમરસિંહ પોતે પણ શત્રુઓના સમુદાય ઉપર ધસી આવ્યો.

મુગલસેનાના સેનાપતિ અબ્દુલ્લાખાનને રાજપૂતોની એ પદ્ધતિથી લેશમાત્ર પણ આશ્ચર્ય થયું નહિ. તેના મનમાં તો એવા આક્રમણની

પ્રથમથી જ ભીતિ હતી એટલે તે પોતાના સૈન્યના બે વિભાગ કરીને એક વિભાગને પાછળ મૂકતો આવ્યો હતો. મુગલ અને રાજપૂત સૈનિકો સમાન ઉદ્યમ તથા સમાન ઉત્સાહથી રણભૂમિમાં ભયંકર સંગ્રામ કરવા લાગ્યા. આકાશમાં અંધકાર અને પૃથ્વી ઉપર રક્તનો પ્રવાહ દૃષ્ટિગોચર થવા લાગ્યો.

મુગલોની તોપોના ગોળાઓની સામેથી વૃષ્ટિ થવા લાગી, અને રાજપૂતોની તોપો પણ ગોળાથી જ તેમનો જવાબ આપવા લાગી. રાજપૂતોએ અચાનક પાછળના ભાગમાં આક્રમણ કરવાથી મુસલ્માનો પાછળના ભાગમાં તોપોનો મારો ચલાવી ન શક્યા. કેવળ શસ્ત્રોનો ખણખણાટ, માર મારના શબ્દો અને જયધ્વનિ જ સર્વત્ર સંભળાવા લાગ્યા. પોતાના ગણત્રીના રાજપૂત સૈનિકોને લઇને શોભનસિંહ અગણિત મુસલ્માન સૈન્ય સાથે લડવા લાગ્યો અને સામેથી અમરસિંહ શત્રુઓ પર તૂટી પડ્યો.

ક્ષણ બે ક્ષણમાં જ મુસલ્માનોની હિમ્મત તૂટી ગઈ અને રાજપૂતો બમણા ઉત્સાહથી યુદ્ધ કરવા લાગ્યા. રાજપૂતો જયનાદ કરવા લાગ્યા અને મુસલ્માનો માર ખાઇને એક બીજાનાં મોઢાં તાકવા લાગ્યા. મુસ્લિમ સેનાપતિનો પત્તો ન હોતો—તે ક્યાંય જોવામાં આવતો ન હોતો. અબ્દુલ્લાખાન ક્યાં ગયો અને તેનું શું થયું, એ કોઇ પણ કહી શકતું ન હોતું. અર્થાત્ મુગલોના પરાજયનો રંગ આકાશમાં પ્રત્યક્ષ દેખાતો હતો. મુસલ્માનો પ્રાણરક્ષામાટે આમતેમ ભાગવા લાગ્યા. પણ ભાગીને જાય ક્યાં? કારણ કે, ખીણમાં બન્ને તરફથી રાજપૂતોએ તેમને ઘેરી લીધા હતા અને શોભનસિંહની તલવારથી તેઓ છટકી જાય એ સર્વથા અશક્ય જ હતું. કેટલીક વાર પછી શોભનસિંહ પોતાના સૈનિકોને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે: "આટલો બધો અત્યાચાર ન કરો. કેવળ અસ્ત્ર, શસ્ત્ર અને હાથી ઘોડા છીનવી લઇને શત્રુઓને જતા કરો." રાજપૂત સૈનિકોએ તત્કાળ તેની એ આજ્ઞાનું પાલન કર્યું.

જે ગિરિમાર્ગમાં થઇને મુગલ લોકો આવ્યા હતા, તે માર્ગના મધ્યભાગમાં થોડી વાર પછી અચાનક એક અબળા ઊભેલી જોવામાં આવી. એ અબળા પલાયન કરતા મુગલ સૈનિકોને યુદ્ધના સમાચાર પૂછતી હતી. મુગલ સેનાના પરાજયના સમાચાર સાંભળીને પ્રથમ તો તેના મનમાં ખેદ થયો, પણ ત્યાર પછી શીઘ્ર જ તેની મુખમુદ્રામાં આનંદની છટાનું દર્શન થવા લાગ્યું. ચાણક્ય વાચકો! એ અબળાને આપ ઓળખી તો ગયા હશો જ. પણ જો ઓળખાણ ન પડી હોય

તો અમારે જણાવવું જોઇએ કે, એ અબળા તે અબ્દુલ્લાની આશક ચિત્રલેખા અમીના જ હતી. અમીના આ વખતે પણ લપાઇ છુપાઇને દિલ્લીથી મુગલ સેનાની પાછળ પાછળ આવી હતી. પણ એના આગમનની અબ્દુલ્લાને જરા પણ ખબર હતી નહિ.

દ્વિતીય પરિચ્છેદ
અમીનાનો અંત

અમીનાના અંતઃકરણમાં યુદ્ધના ફળાફળને જાણવાની લેશમાત્ર પણ ઇચ્છા હતી નહિ; કિન્તુ સેનાપતિ અબ્દુલ્લાના સમાચાર જાણવામાટે તે અત્યંત વ્યાકુળ થઈ ગઇ હતી. એટલામાટે તે પલાયન કરતા સિપાહીઓને અબ્દુલ્લા વિશેના સમાચાર પૂછતી હતી. તેના સવાલનો જવાબ આપતાં એક સિપાહીએ કહ્યું કે: "સેનાપતિ તો કયદ થઇ ગયા !" પરંતુ અમીનાએ તેની એ વાત માની નહિ. બીજાએ કહ્યું કે: "સેનાપતિનો યુદ્ધમાં દેહાંત થયો !" પણ એ વચનમાં વિશ્વાસ રાખવાની પણ તેની ઇચ્છા ન થઇ. અંતે વધારે વાર ઊભી રહી ન શકવાથી તે જમીનપર બેસી ગઇ અને સંધ્યાનો સમય પાસે આવ્યો તે વેળાયે પાછી તે ઊઠી અને ધીમાં પગલાંથી આગળ ચાલવા લાગી. થોડાક અંતરે એક પર્ણકુટી આવેલી હતી, તેમાં પ્રવેશ કરીને તેણે અંદરથી તેનાં દ્વાર વાસી લીધાં. અમીનાએ મેવાડમાં આવીને એ પર્ણકુટી પોતાના ખર્ચે જ બનાવી હતી અને તેમાં રોજના વપરાશની કેટલીક વસ્તુઓ પણ લાવીને તેણે ગોઠવી રાખી હતી.

પ્રથમ એ પર્ણકુટીથી અલ્પ અંતરે મુગલ સેનાની છાવણી હતી, એટલે એ નિર્જન વનમાં વસવા છતાં પણ તેને કોઇ પ્રકારની ભીતિ રહેતી ન હોતી. પરંતુ આજે કાંઇક ભયનો ભાસ થતો હતો; કારણ કે, મુગલ સૈનિકોના ચાલ્યા જવાથી ત્યાં નિસ્તબ્ધતાનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. એમ હોવા છતાં પણ અમીનાનું હૃદય તો નિર્ભય જ જોવામાં આવતું હતું; કારણ કે, જે મનુષ્યને પ્રાણની આશા અને માયા હોય છે અથવા તો જે માન અને જીવનની જેટલી લાલસા રાખે છે, તેટલી તેના મનમાં વધારે ભીતિ થવાનો સંભવ હોય છે. એ પ્રાણ અને માનની લાલસાનો લોપ થવાથી અમીનાના અંતઃકરણમાંથી સંશય તથા ભયનો લોપ થઇ ગયો હતો. પ્રત્યક્ષ મરણથી પણ તે ગભરાય એમ ન હોતું.

બીજે દિવસે પ્રભાતમાં નિદ્રામાંથી જાગી મનમાં કાંઇક વિચાર કરીને અમીના રણપુર તરફ જવાને ચાલતી થઇ. થોડી વારમાં જ તે

સમરક્ષેત્રમાં આવી પહોંચી. એ વેળાયે રણભૂમિએ મહાભયંકર સ્વરૂપ ધારણ કરેલું હતું. ગઈ કાલે જ્યાં કાનના પડદાને ફાડી નાખનારા જયનાદ સંભળાતા હતા, ત્યાં આજે ભયંકર શાંતિનો અધિકાર જામેલો જોવામાં આવતો હતો. ગઈ કાલે જે સ્થાનમાં અગણિત વીર-યોદ્ધાઓ ગર્વસહિત તલ્વારોને હાથમાં રાખીને આમ તેમ દોડધામ કરતા હતા, તે સ્થાનમાં આજે કૂતરાં, શિયાળવાં અને ગીધો આનંદથી ફરતાં ને મૃત શરીરોનું ભક્ષણ કરતાં નજરે પડતાં હતાં. ક્યાંક ક્યાંક મરણની અણીપર આવી પહોંચેલા યોદ્ધાઓનો મૃદુ ચીતકાર સંભળાતો હતો. ગઇ કાલે જ્યાં સ્વદેશપ્રેમી વીરોની ચરણરજ પડતી હતી, ત્યાં આજે રક્તના પ્રવાહમાં નિકૃષ્ટ તસ્કરોના પગ લપસી જતા હતા. માત્ર એક જ દિવસમાં એ કેવું પરિવર્તન ! કાળનો એ જ અગાધ મહિમા !!

અમીનાને જોતાં જ એક તસ્કર (ચોર) તેની પાસે આવ્યો. તેને જોઈને અમીનાએ ભ્રૂ વક્ર કરીને કમરમાંથી પોતાના છરાને બહાર ખેંચી કાઢ્યો. શસ્ત્ર સમક્ષ પાપીનું બળ ટકી શકતું નથી, એટલે છરાને જોતાં જ તે પાપી પલાયન કરી ગયો. અમીના એક એક કરીને સર્વ મૃત શરીરોને અને મુમૂર્ષુ વ્યક્તિઓને તપાસીને જોવા લાગી. એ કાર્યમાં એટલો બધો સમય વીતી ગયો કે, પ્રભાતથી સંધ્યાનો સમય થવા આવ્યો, પરંતુ જેના શોધમાટે તે આવી હતી, તેનો ક્યાંય પત્તો મળી શકયો નહિ. જેની કોઇ પણ આત્મીય અથવા પ્રિય વસ્તુ ખોવાઈ જાય છે અને તે વસ્તુને તેનો માલિક એક જ સ્થાને જેમ વારંવાર ખોળ્યા કરે છે, તેવી રીતે અમીના પણ અબ્દુલ્લાને ફરી ફરીને એક જ સ્થાનમાં શોધવા લાગી, પરંતુ એનું ફળ કાંઇ પણ થયું નહિ. એટલે અંતે તે નિરાશ થઇને મનમાં જ વિચાર કરવા લાગી કે: "એના મૃત શરીરને ગીધ અને શિયાળવાં તો ખાઇ નહિ ગયાં હોય ? અથવા મરણ પછી એનો ચહેરો એટલો બધો બદલાઇ તો નહિ ગયો હોય કે, જોવા છતાં પણ તે મારા ઓળખવામાં નહિ આવી શકતો હોય !"

તે નિર્ભ્રાન્ત નારી ત્યાંથી પાછી ફરી. પરંતુ તે પર્ણકુટીમાં ન આવી. આજે આખી રાત તેણે હિંસ્ર પશુઓના સહવાસમાં જ વીતાડી, પણ કોઇ પણ પશુએ તેનો સંહાર ન કર્યો. જ્યારે મનુષ્ય પોતાના જીવનથી કંટાળી જાય છે, ત્યારે હજાર ચેષ્ટાઓ કરવા છતાં પણ તેના પ્રાણનો અંત નથી થતો; તેમ જ જ્યારે પ્રાણનો અંત થવાનો હોય છે, ત્યારે ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં પણ કોઇ તેને રોકી નથી શકતું. સંસારનો નિયમ જ એવો છે કે, એ વિષયમાં કોઇનું કશું પણ બળ

ચાલી શકતું જ નથી. જે વસ્તુને જે ચાહે છે, તે વસ્તુ તેને મળતી નથી, પરંતુ જેની ઇચ્છા નથી હોતી, તે વસ્તુ આવીને તેને પરાણે ગળે વળગી પડે છે. અમીના મરણની ઇચ્છા ધરાવતી હતી, એટલામાટે જ તે રાતે કોઇ વનપશુ સાથે તેનો મેળાપ ન થયો. કેવી વિચિત્રતા ?

રાત્રિ વીતી ગઇ, દિવસનું આગમન થયું અને સૂર્યનારાયણ પુનઃ આકાશમાં પ્રકાશવા લાગ્યા. તથાપિ અમીનાના ભ્રમણનો અંત ન આવ્યો. બહુ થાકી જતી હતી ત્યારે જરા વાર તે ક્યાંક બેસી જતી હતી અને પાછી આમ તેમ ભટકતી હતી. બે દિવસથી તેણે અન્ન કે જળનું દર્શન પણ કર્યું ન હોતું. તેની ક્ષુધા અને પિપાસાનો નાશ થઇ ગયો હતો. લગભગ એક પ્રહર દિવસ ચઢતાં તે ફરતી ફરતી પર્વતના એક ઝરા પાસે આવી લાગી, અને નમીને નીચે જોવા લાગી. તે ઝરો બહુ જ નીચો અને એટલો ઊંડો હતો કે, ઉપરથી જો કોઇ પડે, તો તેનાં હાડકાંનો પત્તો લાગવો પણ મુસ્કિલ હતો. અમીના પોકાર કરીને બોલી ઊઠી કે: “બસ; પ્રાણને શરીરમાંથી કાઢી નાખવાનું આ સાધન અત્યંત ઉત્તમ છે. હવે આ દુઃખથી ભરેલા જગત્માં જીવીને મારે શું કરવું છે !”

અમીના ઊઠીને ઊભી થઇ અને પોતાની સાડીના છૂટા છેડાને કમરમાં મજબૂત બાંધી લીધો. પુનઃ તેણે ઝરણા તરફ નજર દોડાવી અને પુનઃ માથું ઊંચું કરીને પરમેશ્વરની પ્રાર્થના કરવાનો વિચાર કર્યો. પરંતુ એ ક્ષણે પુનઃ અબ્દુલ્લાનું સ્મરણ થઇ આવતાં તે પરમાત્માની પ્રાર્થના ન કરી શકી. તેનું મોઢું સીવાઇ ગયું. પુનઃ એ સર્વ વિષયના ધ્યાનને ત્યજી દઇને તે પર્વતપરથી ઝરણામાં કૂદી પડવાનો ઉદ્યોગ કરવા લાગી.

તે પ્રેમભ્રષ્ટ પ્રમદા ભૂસકો મારવાની તૈયારીમાં હતી એટલામાં પાછળથી કોઇ મનુષ્ય વ્યક્તિએ આવીને તેનો હાથ પકડી લીધો. અમીના આશ્ચર્યથી ચમકી ગઇ અને તેણે મુખ ફેરવીને જોયું તો એક રૂપવતી તરુણ સંન્યાસિની પોતાના પશ્ચાદ્ભાગમાં ઊભેલી તેના જોવામાં આવી. અમીનાએ કમ્પિત સ્વરથી પૂછ્યું કે: “તમો કોણ છો ?”

“તમો મને ઓળખી શકશો ખરાં ? મારૂં નામ કુન્દકુમારી છે.” કુન્દકુમારી અથવા તરુણ સંન્યાસિની બોલી.

“તમોએ મારો હાથ શાને ઝાલ્યો ?” અમીનાએ કહ્યું.

“આત્મહત્યા શામાટે કરો છો ? શું તમોને પોતાના પ્રાણ એટલા બધા ભારી થઇ ગયા છે ?” કુન્દકુમારીએ આશ્ચર્યથી પૂછ્યું.

“તમોને અહીં કોણે બોલાવ્યાં છે ?” અમીનાએ ક્રોધપૂર્વક કહ્યું.

“તમારા પ્રાણત્યાગના સંકલ્પે.” કુન્દકુમારી શાંતિથી આ ઉત્તર આપીને તેના મુખનું અવલોકન કરવા લાગી.

"શું તમો આટલામાં જ ક્યાંક હતાં?" અમીનાએ પૂછ્યું.

કુન્દકુમારીએ એક દિશામાં અંગુલીનિર્દેશ કરીને કહ્યું કેઃ "જુઓ-પેલો જે મઠ દેખાય છે, તે પાર્વતીનાથનો મઠ કહેવાય છે. હું એ મઠના દ્વારમાં જ ઊભી હતી. સદ્ભાગ્યે તમો નીચે પડવામાં જરાક વિલંબ કર્યો, એટલે હું દોડી આવીને તમોને બચાવી શકી. નહિ તો અત્યારે તો તમારા મરણને કેટલોક સમય પણ થઇ ગયો હોત."

"તમારામાં મને બચાવવાની શક્તિ નથી." અમીનાએ ઉન્માદ દર્શક ઉદ્‌ગાર કાઢ્યો.

"પણ તમો આત્મઘાત કરવાને શા કારણથી તૈયાર થયાં છો, તે કૃપા કરીને જણાવશો કે?" કુન્દકુમારીએ જિજ્ઞાસા દર્શાવી.

"હું એક અત્યંત અભાગિની અબળા છું." અમીનાએ નિઃશ્વાસ નાખીને કહ્યું.

"દુઃખોના આઘાતને સહન કરવામાટે જ વિધાતાએ આપણને અંતઃકરણ આપેલું છે." અમીનાની આંખો સાથે પોતાની આંખોને મેળવીને કુન્દકુમારીએ આ શબ્દો ઉચ્ચાર્યા.

"તમો મારા હૃદયને જાણતાં નથી. મારો શોક એવો સાધારણ નથી." અમીનાએ કહ્યું.

"હું સમજી ગઇ છું. તમો કોઇના પ્રેમમાં પડ્યાં'તાં કે?" કુન્દ-કુમારીએ ખરો ભેદ જણાવ્યો.

"હા; મારા જેવી પ્રેમના પાવકમાં બળનારી બીજી એક પણ નારી મળી શકે તેમ નથી." અમીનાએ ઉત્તર આપ્યું.

"અદ્યાપિ તમો સ્નેહના રહસ્યને બરાબર જાણી શક્યાં નથી, એમ જ જણાય છે. હું જાણી શકું છું કે, તમારો અનુરાગ અદ્યાપિ અસંપૂર્ણ અવસ્થામાં જ છે. સ્નેહની સંપૂર્ણતા અનુભવાયલી ન હોવાથી જ પોતાના પ્રિયતમના વિયોગની વેદના તમારાથી સહેવાતી નથી. સહનશીલતાનો અભાવ હોવાથી તમો આમ વિનાકારણ મરવાને તૈયાર થઇ ગયાં છો." કુન્દકુમારીએ કટાક્ષપૂર્વક કહ્યું.

કુન્દકુમારીના એ કટાક્ષનું અમીનાના હૃદયમાં કુન્દકુમારીની ધારણા કરતાં પણ અધિક પરિણામ થયું. અમીનાના ચિન્તારૂપ પ્રવાહનો વેગ એકાએક બદલાઈ ગયો. તેનાથી કાંઈ પણ ઉત્તર આપી શકાયું નહિ. તે માથું નીચું નમાવીને ચિન્તામાં નિમગ્ન થઈ ગઇ.

કેટલીક વાર પછી કુન્દકુમારી કહેવા લાગી કેઃ "પણ તમો છો કોણ? જો હરકત ન હોય, તો મને પોતાનો પરિચય આપશો કે?"

"બહેન! હું એક મુસલ્માન ઔરત છું." અમીનાએ કહ્યું.

"વારુ; પણ આમ અત્યારે આપ જીવનું બલિદાન શા કારણથી આપતા'તાં તે તો જણાવો." કુન્દકુમારીએ બીજો પ્રશ્ન પૂછ્યો.

અમીનાએ મસ્તક ઊંચું કર્યું અને કુન્દકુમારીના મુખ સામું જોઇને તે કહેવા લાગી કે: "ના; હવે હું મરવાની નથી. તમો ભલે ગમે તે હો, પણ મારી બુદ્ધિને ઠેકાણે લાવવામાટે હું તમારો ઘણો જ ઉપકાર માનું છું. હવે હું સારી રીતે જાણી શકું છું કે, હું વિના કારણ જ આત્મહત્યા કરવાને તૈયાર થઇ હતી. મારું સર્વસ્વ તો પ્રથમથી જ હું તેમને આપી ચૂકી છું, એટલે સાથે સાથે મારું જીવન પણ તેમને હવાલે થઇ જ ગયું છે એટલે હવે એ જીવનને નષ્ટ કરવાનો મને કશો પણ અધિકાર નથી; એ અધિકાર તેમનો જ છે." એમ કહીને ઉન્માદિની અમીના જોતજોતામાં ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ.

કુન્દકુમારી મનમાં જ કહેવા લાગી કે: "આ અબળા ઉન્માદિની છે અને એ જ એનો અંત છે."

જો આપણે પણ એમ જ કહીએ કે, ઉન્માદ જ અમીનાનો અંત અથવા અંતકાળ છે, તો આપણા એ કથનને અવાસ્તવિક કોણ કહી શકે તેમ છે વારુ ?

તૃતીય પરિચ્છેદ

મઠની નવીન પ્રબંધકારિણી

કુન્દકુમારી પાછી પાર્વતીનાથના મઠમાં આવી લાગી. રાત્રે એક ઓરડામાં પ્રતિભા અને કુન્દકુમારી તથા બીજા ઓરડામાં રેવતી અને પ્રતિભાની એક શિષ્યા શય્યામાં નિદ્રાનો ઉપભોગ લેવામાટે સૂઇ ગઇ. અહીં વાંચકોએ જાણવું જોઇએ કે, રેવતી આ મઠમાં કુન્દકુમારી સાથે આવી હતી.

જ્યારે પણ પ્રતિભા અને કુન્દકુમારી સાથે એક શય્યામાં જ સૂતી હતી, તે દિવસે બન્નેમાંથી એકને પણ સત્વર નિદ્રા આવતી ન હોતી. એ બન્નેની જે વાતચીત થવાની હોય, તે બહુધા રાતના સૂવા વખતે જ થતી હતી. આજે પણ એમ જ થયું. માસી ભત્રીજી વચ્ચે નાના પ્રકારનો વાર્તાલાપ થવા લાગ્યો.

"કુન્દકુમારી! મારા અને તારા પરસ્પર સંબંધની વાત રેવતીના જાણવામાં કેવી રીતે આવી વારુ? તને કાંઇ એની ખબર પડી કે?" પ્રતિભાએ પૂછ્યું.

"આજ સુધી મને તો એનો કશોય પત્તો મળી શક્યો નથી." કુન્દકુમારીએ પોતાનું અજ્ઞાન બતાવ્યું.

"વારૂ; પણ બીજા કોઇને પણ એ બાબતની જાણ થઇ છે ખરી કે? ગુરુજી એ વાત જાણે છે ખરા કે?" પ્રતિભાએ પુનઃ પૂછ્યું.

"એ જ વાત તમોને કહેવામાટે આજે હું ખાસ અહીં આવી છું." કુન્દકુમારી બોલી.

"ઝટ કહી દે જે કહેવાનું હોય તે." પ્રતિભાએ ઉત્કંઠા દર્શાવી.

"આજે કેટલાક દિવસોથી ગામની જે કોઇ સ્ત્રી મને મળે છે, તે આપણા સંબંધના વિષયમાં કાંઇ ને કાંઇ મને પૂછ્યા કરે છે. કોઇ પૂછે છે કે: 'યોગિની તારી શું થાય છે?' તો કોઇ એવો સવાલ કરે છે કે: 'પ્રતિભા સાથે તારૂં શું સગપણ છે?' હું કોઇને કાંઇ પણ ઉત્તર આપતી જ નથી; મૂગીમંતર થઇ જાઉં છું.' કુન્દકુમારીએ કહ્યું.

"ત્યારે તો આપણો એ ગુપ્ત ભેદ સર્વ લોકોના જાણવામાં આવી ગયેલો હોવો જોઇએ, એમ જ દેખાય છે." થોડી વાર વિચાર કરીને પ્રતિભાએ કહ્યું.

"હા; જણાય છે તો એમ જ." કુન્દકુમારીએ કહ્યું.

"ત્યારે શું ગુરુજી પણ એ વાતને જાણી ગયા છે કે?" પ્રતિભાએ પાછો પ્રશ્ન કર્યો.

"એની મને જરાય ખબર નથી." કુન્દકુમારી બોલી.

"ઠીક. આજે નહિ જાણ્યું હોય તો આવતી કાલે કે પછી બે દિવસ કેડે તેઓ પણ અવશ્ય એ વાતને જાણવાના જ." પ્રતિભાએ કહ્યું.

"એમાં લેશમાત્ર પણ સંદેહ નથી." કુન્દકુમારીએ કહ્યું.

એ પછી એમનો જે સંવાદ ઘણી વાર સુધી ચાલ્યો, તેના ઉલ્લેખની કશી પણ આવશ્યકતા નથી.

અરુણોદય થતાં જ કુન્દકુમારી શ્રી એકલિંગજીના બાગમાં જવાને તૈયાર થઇ, અને પ્રતિભાને મળવા ચાલી. પ્રતિભા તે જ ઓરડાના એક ખૂણામાં બેઠી હતી, એટલે કુન્દકુમારી તેને જોઇ ન શકી. થોડી વાર પછી જ્યારે તેણે પ્રતિભાને એક ખૂણામાં બેઠેલી જોઇ, ત્યારે તે તેની પાસે ગઇ અને પોતાના પ્રયાણની વાત તેને કહી સંભળાવી. પ્રતિભા ઊઠીને ઊભી થઇ અને પોતાના ડાબા હાથને તેની ખાંધપર રાખી જમણા હાથની આંગળીવડે તેની હડપચી પકડીને તેણે તેના મુખને ઊંચું કર્યું. પ્રતિભાનાં નેત્રોમાંથી અશ્રુપ્રવાહ વહેતો હતો. તે મનમાં ને મનમાં જ કહેવા લાગી કે: "હે વિધાતા! જ્યારે તારો આ બાળાના ભાગ્યમાં સુખ ન લખવાનો જ નિર્ધાર હતો, તો પછી તેં આને આટલું રૂપ શામાટે આપ્યું?" એ પછી તે કુન્દકુમારીને ઉદ્દેશીને કહેવા લાગી કે: "મારો એવો આશીર્વાદ છે કે, તું અવશ્ય સુખિની થઇશ!"

પ્રતિભાનો આ આશીર્વાદ કુન્દકુમારીના મનને રુચ્યો હોય, એમ જણાયું નહિ. તે ગભરાઇને કહેવા લાગી કે: "માતા ! આ શું ? શું તમો મને ચિરકાળને માટે વિદાય કરો છો કે ? શું હવે તમારો મેળાપ નહિ જ થાય કે ?"

"ઈશ્વરની ઇચ્છા હશે, તો અવશ્ય આપણો પુનઃ મેળાપ થશે જ. તને સુખી થયેલી જોઇને જ મારી મરવાની ઇચ્છા હતી !" પ્રતિભાએ કહ્યું.

"બસ; માતા ! હવે હું એકલિંગજીના બાગમાં જવાની નથી. હું તમારાં ચરણોમાં જ પડી રહીશ. હું રેવતીને ત્યાં મોકલી દઉં છું." કુન્દકુમારી પોતાના મનોભાવને દર્શાવતી બોલી.

"ના; પુત્રી ! તું ત્યાં જા; હું પાછી તને મળીશ." પ્રતિભાએ આશ્વાસન આપ્યું.

"અવશ્ય મળશો કે ?" કુન્દકુમારીએ પુનરપિ પૂછ્યું.

"હા; નક્કી મળીશ." પ્રતિભાએ પુનઃ વિશ્વાસ બંધાવ્યો.

"તમોએ અત્યાર સૂધી કોઇ વાર પણ મને ઠગી નથી, એટલે તમારા વચનમાં હું વિશ્વાસ રાખું છું." કુન્દકુમારીએ કહ્યું.

"હું તને છોડીને ક્યાં જઇ શકું એમ છે વારૂ ?" પ્રતિભાએ પુનઃ વિશ્વાસના દૃઢીકરણ માટે આ શબ્દો ઉચ્ચાર્યા.

એ પછી કુન્દકુમારી રેવતીને લઇને માલતીગઢની દિશામાં પ્રયાણ કરી ગઇ. કુન્દકુમારીના પ્રસ્થાન પછી પ્રતિભાએ પોતાની શિષ્યાને બોલાવીને કહ્યું કે: "વિષ્ણુપ્રિયા ! મેં આજે એક નવો નિર્ધાર કર્યો છે."

"શો નિર્ધાર, માતા ?" વિષ્ણુપ્રિયાએ પૂછ્યું.

"તીર્થયાત્રા કરવાનો." પ્રતિભાએ કહ્યું.

"એ તો અત્યંત શુભ નિર્ધાર છે." વિષ્ણુપ્રિયાએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"જો; તીર્થયાત્રા કરવામાટે મારે બહુ જ દૂર જવું પડશે, અને આ ક્ષણભંગુર શરીરનો ક્યારે અને કેવી રીતે નાશ થશે એ કોઈ પણ જાણી શકતું નથી. એટલામાટે મારી ઇચ્છા છે કે, બને તો મઠનો પણ કાંઇક પ્રબંધ કરતી જાઉં તો વધારે સારૂં." પ્રતિભાએ હૃદયનો ભાવ જણાવ્યો.

"એ પણ આપનો ઘણો જ સારો વિચાર છે." શિષ્યા બોલી.

"આજથી આ મઠની પ્રબંધકારિણીની પદવી હું તને જ આપું છું. આજ સૂધી જે કાંઈ મારા અધિકારો હતા, તે આજથી તારા થયા છે, એમ જ તારે સમજવું. મારી પેઠે તું પણ તારી પોતાની ઇચ્છા અનુસાર

કોઈ સુશીલ બાળાને શિષ્યા બનાવી લેજે અને જે યોગ્ય લાગે તે કરજે." પ્રતિભાએ મઠના પ્રબંધના સમસ્ત ભારને શિષ્યાના શિરપર નાખી દીધો.

"મઠ શી વસ્તુ છે? શું તમો મને ત્યાગીને ચાલ્યાં જવાનાં કે?" એમ કહીને વિષ્ણુપ્રિયા અશ્રુ વર્ષાવવા લાગી.

"સંસારની મિથ્યા માયામાં લુબ્ધ થઇને મારા શુભ સંકલ્પમાં અત્યારે તારે બાધા કરવી જોઇતી નથી. મારો અને તારો શો સંબંધ છે? કાંઈ પણ નહિ. તારે માત્ર પોતાના કર્તવ્યનો જ અત્યારે વિચાર કરવાનો છે." પ્રતિભાએ અનાસક્તિનું ભાન કરાવીને ઉપદેશ આપ્યો.

"ત્યારે મને શી આજ્ઞા છે?" વિષ્ણુપ્રિયાએ આંખોમાંનાં આંસુને લૂછીને નમ્રતાથી પૂછ્યું.

"એ જ કે, આટલા દિવસ સુધી તને જે કાંઈ મારી તરફથી શિક્ષણ મળ્યું છે, તેને અનુસરીને જ સર્વ કાર્યો કરજે. હું હવે જાઉં છું. મારા પ્રસ્થાન પછી મારા પ્રયાણના સમાચાર ગુરુજીને કહેવડાવજે."

પ્રતિભાની આજ્ઞા સમાપ્ત થતાં વિષ્ણુપ્રિયાએ નમીને તેનાં ચરણોમાં પ્રણામ કર્યા અને તત્કાળ પ્રતિભા ત્યાંથી પ્રયાણ કરી ગઈ.

તેના પ્રયાણ પછી વિષ્ણુપ્રિયા 'એમના આજે આમ અચાનક ચાલ્યા જવાનું શું કારણ હશે? ગુરુજીની આજ્ઞા પણ ન લીધી, એનો ભેદ શો હશે?' ઇત્યાદિ અનેક પ્રકારના પોતાના મનમાં વિચાર કરવા લાગી, પણ એનું ખરૂં કારણ તેના સમજવામાં આવી ન શક્યું. અંતે તેના ઉપદેશનું મનન કરતી તે યોગ્ય શિષ્યા શાંત થઇને બેસી રહી.

ચતુર્થ પરિચ્છેદ

વજ્રપાત

જે સમયે કુન્દકુમારી અને રેવતી માલતીગઢના દ્વારમાં આવી પહોંચી, તે જ સમયે પોતાના પુત્ર અને સૈન્યસહિત માલતીરાજ મહાતપસિંહ પણ દુર્ગમાં આવી લાગ્યો. કુન્દકુમારી શ્રીએકલિંગજીના બાગમાં આવીને એક લતાકુંજમાં જઈ બેઠી અને રેવતી કોઇ બીજી તરફ ચાલી ગઈ.

લતાકુંજમાં બેઠી બેઠી કુન્દકુમારી એક એક કરીને બધી જૂની વાતોને યાદ કરવા લાગી. એ લતાકુંજમાં જ તે બાલ્યાવસ્થામાં શોભનસિંહ સાથે રમ્યા કરતી હતી; એ કુંજમાં જ એક વાર તેણે એક દુઃસ્વપ્ન જોયું હતું; સ્વપ્ન પછી શોભનસિંહે તેને ધૈર્ય આપ્યું હતું અને એ કુંજમાં જ શોભન જોડે તેનો અંતિમ વાર્તાલાપ થયો હતો. એ સર્વ ઘટનાઓનું સ્મરણ થતાં કુન્દકુમારીનું હૃદય કંપવા લાગ્યું. જો

એની જગ્યાએ બીજી કોઈ સ્ત્રી હોત, તો એ સર્વ ઘટનાઓના સ્મરણથી અવશ્ય રોઈ પડી હોત; પરંતુ કુન્દકુમારીનાં નેત્રો એવાં પ્રગલ્ભ ન હોતાં.

મનોગત વિચાર કરતી કુન્દકુમારી કહેવા લાગી કે: "શોભનસિંહે વિવાહ કર્યો કર્યો વારુ? વિવાહ કર્યો જ નથી અને વિવાહ ન કરવા છતાં તે સુખી થયા નથી! હું આટલા દિવસ એમની દૃષ્ટિથી દૂર રહી અને એમને ન મળી; પરંતુ એનું ફળ કાંઈ જ થયું નહિ. મારા સર્વે ઉપાયો વ્યર્થ–નિષ્ફળ થયા, ત્યારે હવે મારે કયા નવીન ઉપાયની યોજના કરવી?"

એવી રીતે વિચાર કરતાં કરતાં કુન્દકુમારીએ અંતે એક વિષયનો નિશ્ચય કર્યો અને ત્યાર પછી ત્યાંથી એકાએક ઊઠીને તે રેવતીને શોધવામાટે ચાલતી થઈ. રેવતીને પકડી તેને એકાંતમાં લઈ જઈને તે કહેવા લાગી કે: "રેવતી! તું મારૂં એક કામ કરી શકીશ ખરી કે?"

"બીજાને હાથે કરતાં હશે તો હું આંખોથી કરીશ." રેવતી બોલી.

"ત્યારે તું જરા શોભનસિંહ પાસે જા. મહાલયમાં જતાં જો કોઈ તને રોકે, તો કેશવાચાર્યનું નામ લેજે. શોભનસિંહને તો તું સારી રીતે ઓળખે છે ને?" કુન્દકુમારીએ કહ્યું.

"હા. એમને તો હું બરાબર પિછાનું છું." રેવતીએ કહ્યું.

"એમને મારો એટલો સંદેશ આપજે કે સંધ્યાસમય પૂર્વે મને તેઓ એકલા જ કોઈ એકાંત સ્થાનમાં આવીને મળી જાય. તું પણ એમને આ સંદેશો એકાંતમાં જ કહેજે." કુન્દકુમારીએ આજ્ઞા કરી.

રેવતીએ ડોકું ધૂણાવીને તેની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને ત્યાંથી ઝટપટ ચાલવા માંડ્યું. તરત મહાલયમાં પહોંચીને તેણે કુન્દકુમારીનો સંદેશ શોભનસિંહને કહી સંભળાવ્યો. રેવતીમાં એ એક ઘણી જ સારી ટેવ હતી કે જે કાર્યનો ભાર તેના શિરપર નાખી દેવામાં આવતો હતો, તે કાર્ય વિશે એક શબ્દ પણ તે કોઈને કહેતી ન હોતી. એથી જ એ વાત કોઈ ચોથા માણસના જાણવામાં આવી નહિ.

સંધ્યા થવા પૂર્વે જ કુન્દકુમારી પોતાના સ્થાનેથી ઊઠીને સરોવરના તીરે બકુલવૃક્ષ તળે આવીને ઊભી રહી. એ વૃક્ષની છાયાથી સરોવર, ઘાટ, જળ, અને નાનાં નાનાં વૃક્ષો એકદમ ઢંકાઈ ગયેલાં હતાં. એની ડાળીઓપર બેસીને કોકિલાઓ પોતાના ગાનના તાનમાં ગિલ્તાન થયેલી જોવામાં આવતી હતી અને મંદ મંદ વાયુની શીતલ લહરી સ્વર્ગીય સુખનો ભાસ કરાવતી હતી. કેટલાક સમય પછી શોભનસિંહ ધીમે ધીમે કુન્દકુમારી સમક્ષ આવીને ઊભો રહ્યો. એ વેળાયે

એ ઉભય વ્યક્તિની મૂર્તિઓ યથાસંભવ ગંભીર, દૃષ્ટિ સ્થિર, ગ્રીવા ઉન્નત અને નેત્રો નીચે નમેલાં હતાં. શોભનસિંહ કાંઇ પણ બોલે, તે પૂર્વે જ કુન્દકુમારી બોલી ઉઠી કેઃ "શોભનસિંહ! આપને અત્યારે મેં જ અહીં બોલાવ્યા હતા."

"અને તેથી જ હું અહીં આવ્યો છું. પણ અત્યારે મને અહીં બોલાવવાનું શું કારણ હતું વારુ?" શોભનસિંહે પૂછ્યું.

"આજે તમારે એક મહા અપ્રિય વાર્ત્તા સાંભળવાની છે, કહો, સાંભળી શકશો ખરા કે!" કુન્દકુમારીએ ભયંકર પ્રસ્તાવ કર્યો.

"મને અપ્રિય ભાસે અથવા હોય, એવું આ જગત્માં કાંઇ પણ નથી. જે કહેવાનું હોય તે ખુશીથી કહી નાખ." શોભને દૃઢતાથી કહ્યું.

"જુઓ, શોભનસિંહ! મને નિર્લજ્જ ન ધારશો. આ શબ્દો કર્તવ્યના અનુરોધથી જ મારે ઉચ્ચારવા પડે છે." કુન્દકુમારીએ કહ્યું. થોડી વાર ચુપ રહીને તે પાછી કહેવા લાગી કેઃ "શોભન! આજ સુધી તમોએ વિવાહ શામાટે નથી કર્યો વારુ? અવિવાહિત રહેવાનું શું કારણ?"

શોભનસિંહનું સમસ્ત શરીર વાયુના વેગથી કંપાયમાન થનારી પતાકા પ્રમાણે કંપવા લાગ્યું. તેનાં નેત્રોમાંથી જાણે વિદ્યુલ્લત્તા નીકળતી હોયની! એવો જ ભાસ થવા લાગ્યો. શોભનસિંહે ઉત્તરમાં કહ્યું કેઃ "માત્ર આટલું જ કાર્ય હતું કે, બીજું પણ કાંઇ કહેવું છે?"

"બીજી પણ ઘણીક વાતો કહેવાની છે અને તે સર્વ વાતોના તમારે ખરેખરા જવાબ આપવા પડશે." કુન્દકુમારીએ માર્મિકતાથી જણાવ્યું.

કુન્દકુમારીની દૃષ્ટિ પૃથ્વીપર જ પડેલી હતી. તેની આંખોને જોવાથી એવો જ ભાસ થતો હતો કે, જાણે તેમાંથી અગ્નિની જ્વાળા હમણાં બહાર નીકળી પડશે. શોભનસિંહ બકુલ વૃક્ષની એક શાખાને પકડીને તેના આધારે ઉભો રહ્યો અને કુન્દકુમારી તરફ જોઇને કહેવા લાગ્યો કેઃ "કુન્દકુમારી! જે કારણથી અદ્યાપિ તારો વિવાહ નથી થયો, તે જ કારણથી મારો વિવાહ પણ નથી થયો, એમ તો મારાથી કહી શકાય તેમ નથી જ."

એ સાંભળીને કુન્દકુમારીએ પોતાની દૃષ્ટિને પૃથ્વીપટપરથી ઉઠાવીને શોભનના મુખમંડળમાં સ્થાપી દીધી. એટલે શોભનસિંહે લજ્જાથી પોતાનાં નેત્રોને નીચાં નમાવી દીધાં. કુન્દ કહેવા લાગી કેઃ "શોભન! આજે જે વાર્તા સંભળાવવામાટે મેં તમોને બોલાવ્યા છે, તે વાર્તા સાંભળો!"

બન્ને એક બીજાના મુખને જોવા લાગ્યાં. કુન્દકુમારીએ પોતાના હૃદયના કોઇ એક પ્રતિકૂળ તરંગ સાથે લડવાનો આરંભ કર્યો હતો;

અને શોભનસિંહ કોઇ કઠોર તથા ભયાનક વાર્તા સાંભળવાની પ્રતીક્ષા કરતો ઊભો હતો. કુન્દકુમારી શાંતિનો ભંગ કરીને બોલી કેઃ "શોભનસિંહ ! મને ચાહવાનો કિંવા મારામાં સ્નેહની સ્થાપના કરવાનો તમોને જરા પણ અધિકાર નથી."

શોભનનાં નયનો મીચાઇ ગયાં. થોડી વાર સુધી તો તેની જ્ઞાનશક્તિનો લોપ થઇ ગયો હોયની ! એવો જ તેને ભ્રમ થવા લાગ્યો. તેનામાં બોલવાની જરાય શક્તિ રહી ન હોતી. જો કે શોભન તો પ્રથમથી એક કઠોર વાર્તા સાંભળવામાટે તૈયાર થઇને જ ઊભો હતો, છતાં પણ આવી કઠિન શબ્દશૃંખલાને સાંભળવાની તેને સ્વપ્ને પણ કલ્પના ન હોતી. તે કિંકર્ત્તવ્યવિમૂઢ પ્રમાણે નિશ્ચલ ભાવથી બોલ્યા ચાલ્યા વિના જ ઊભો રહી ગયો. કુન્દકુમારી પુનઃ કહેવા લાગી કેઃ "ખરેખર શોભન ! મને ચાહવાનો હવે તમોને લેશમાત્ર પણ અધિકાર નથી. મારો બીજા કોઇના હૃદયમાં નિવાસ થયેલો છે, એ વાતને અત્યાર સુધી હું જાણતી જ ન હોતી. આપણા પરસ્પર અનુરાગ અથવા પ્રણયને હું મહાપાપ માનતી હોવાથી મારી એવી ઇચ્છા છે કે, તમો મને ભૂલી જાઓ."

શોભનસિંહ નિરુત્તર જ રહ્યો અને વિસ્મયચકિત થઇને કુન્દકુમારીના મુખનું નિરીક્ષણ કરવા લાગ્યો. કુન્દકુમારી વળી પાછી કહેવા લાગી કેઃ "જુઓ, શોભન ! ખરી વાત તો એ છે કે, પ્રથમ તો હું પણ તમોને ચાહતી હતી, પણ ઘણા દિવસથી તમારો મેળાપ ન થવાથી મારો પ્રેમ એક બીજા પુરુષ સાથે બંધાયો છે; એટલે કે, મારા હૃદયમાં તમારી પ્રતિમાના સ્થાને એક બીજી જ મૂર્ત્તિ વિરાજમાન થયેલી છે. એટલામાટે જ મારી એ પ્રાર્થના છે કે, તમો મારામાંના તમારા પ્રેમને પાછો ખેંચી લ્યો."

શોભનસિંહ મૂર્ચ્છિત થવાની અણીપર આવી લાગ્યો હતો, પણ મહાકષ્ટથી પોતાના શરીરને તેણે સંભાળ્યું અને હાંફતો હાંફતો તે કહેવા લાગ્યો કેઃ "કુન્દકુમારી ! તારા મુખમાંથી અત્યારે નીકળેલા આ ઉદ્ગારોના શ્રવણથી મારા મનમાં અતિશય સંતોષ થયો છે. તારા મનમાં કદાચિત્ એવી શંકા રહ્યા કરતી હોય કે, હું તને ચાહું છું; તો આજથી નિશ્ચય કરી લેજે કે, શોભન કુન્દકુમારીને ભૂલી ગયો છે."

"તમારે એમ ન ધારવું કે, તમારાં આ વચનોને જ ખરાં માનીને હું વિશ્વાસ કરી જઇશ. શોભન ! તમો કોઈ એવું પ્રત્યક્ષ કાર્ય કરી બતાવો કે, જેથી તમો મને ભૂલી ગયા છો, એનો મારા મનમાં અચલ વિશ્વાસ બંધાઈ જાય," કુન્દકુમારીએ એક વાંધો કાઢ્યો.

"એવું કાર્ય મારે શું કરવું?" શોભનસિંહે જિજ્ઞાસા દર્શાવી.

"એ જ કે, તમો વિવાહ કરો, એટલે મારો નિશ્ચય થઇ જશે." કુન્દકુમારીએ જે કહેવાનું હતું તે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું.

"મેં જ્યાં સુધી એ વિષયનો વિચાર કરેલો છે, ત્યાં સુધી મને તો એમ જ જણાય છે કે, મારા વિવાહિત થવા અથવા અવિવાહિત રહેવા સાથે એ બાબતનો કાંઇ પણ સંબંધ હોય, એમ નથી જ. કુન્દકુમારી! જેને તારૂં હૃદય ચાહતું હોય, તેની જોડે તું નિઃશંકભાવથી વિવાહ કરી લે. મને એમાં જરા પણ વાંધો નથી. વળી એ પણ માની લેજે કે, આજથી મારા અંતઃકરણમાં આ કુન્દ નામધારિણી નારીવ્યક્તિ વિષયક લેશમાત્ર પણ અનુરાગ બાકી રહ્યો નથી. જો તારો એવો જ નિશ્ચય હોય કેઃ 'શોભન મને ચાહતો હતો.' તો પણ આ પળથી ધારી લે જે કેઃ 'મને તે ખરેખર ભૂલી ગયો છે!' પુરુષનું વચન એક જ હોય છે, એટલે મારા વચનમાં વિશ્વાસ રાખીને માની લેજે કે, આજથી આરંભી મારા જીવનના અવશિષ્ટ દિવસોને તને ભૂલી જવાની ચેષ્ટામાં જ હું પૂરા કરીશ. હવે તારે એ વિશે વધારે કાંઇ પણ કહેવું પડશે નહિ. હું રજા લઉં છું."

એટલું બોલીને શોભનસિંહ ઉતાવળે પગલે ત્યાંથી ચાલ્યો ગયો. કુન્દકુમારી દિગ્મૂઢ જેવી બનીને ત્યાંની ત્યાં જ ઊભી રહી. તેના મનમાં એવી આશા હતી કે, શોભનસિંહ એક વાર તો પાછો ફરીને અવશ્ય જોવાનો જ, પરંતુ તેની એ આશા આકાશપુષ્પ સમાન નિષ્ફળ નીવડી. શોભનસિંહે એક વાર પણ પાછળ નજર ન ફેરવી. તે તો દૃષ્ટિને નીચી રાખીને વાયુના વેગથી ચાલતો જોતજોતાંમાં ત્યાંથી અદૃશ્ય થઇ ગયો. અંતે નિરાશ થઇને કુન્દકુમારી પણ ત્યાંથી ચાલતી થઇ અને ઘરમાં આવી શય્યામાં ચાદર ઓઢીને સૂઇ રહી. શય્યામાં તે અશ્રુ વર્ષાવવા લાગી. તે મનમાં જ કહેવા લાગી કેઃ "આજે આ કાર્ય મેં યોગ્ય તો નથી જ કર્યું; આવી વજ્રપાત સમાન વાર્તા શોભનને સંભળાવવી ન હોતી જોઇતી!"

શોભનસિંહ એકલિંગજીના બાગમાંથી નીકળીને પ્રથમ તો કિલ્લાની દીવાલ પર જઇને ફરવા લાગ્યો, પરંતુ ત્યાં પણ જ્યારે ચેન ન પડ્યું ત્યારે તે પોતાના શયનમંદિરમાં ચાલ્યો ગયો. ત્યાં પણ તેના ચિત્તમાં શાંતિનો આવિર્ભાવ ન થયો અને હજી રાત્રિનો બે પ્રહર જેટલો સમય વીતાડવાનો હતો. આજની ઘટનાની કથા શોભનસિંહે અજિતસિંહને પણ કહી નહિ.

પંચમ પરિચ્છેદ

લાવણ્યમયીની વેદના

લાવણ્યમયીના વિવાહની તિથિ હવે પાસે જ આવી લાગી હતી. મહાતપસિંહ નિશ્ચિન્તભાવથી કન્યાના લગ્નની તૈયારીઓ કરવા લાગ્યો હતો. શોભનસિંહના વિવાહના દિવસને પુનઃ કેટલાક સમયને માટે મુલ્તવી રાખવામાં આવ્યો હતો. આ સર્વ સમાચાર તેજસિંહને મળી ચૂક્યા હતા, ને તેથી તે ઉદયપુરથી સાલુમ્બ્રાગઢમાં આવીને વિવાહનો સમારંભ કરવાના પ્રયત્નોમાં પડી ગયો હતો. નાના પ્રકારનાં નૃત્ય ગાયન અને ઉત્સવો થવા લાગ્યાં હતાં. સારાંશ કે, આજકાલ માલતીગઢમાં મહા આનંદ વ્યાપેલો જોવામાં આવતો હતો.

પ્રમીલાના પ્રમોદનો તો પારાવાર જ ન હોતો. તે પ્રતિસમય લાવણ્યમયી સાથે મશ્કરી, મજાક અને મેણુટોણુંની બાજી માંડ્યા કરતી હતી. લાવણ્યમયી કેટલીક વાર હસતી હતી અને કેટલીક વાર બનાવટી કોપ કરીને તેને ધુત્કારી નાખતી હતી. એવી રીતે સખીઓનો પરસ્પર વિનોદ ચાલ્યા કરતો હતો.

શુભ દિવસે વિવાહના કાર્યની સમાપ્તિ થયા પછી કન્યા સંસારના નિયમને અનુસરીને પોતાને સાસરે ગઈ. તે દિવસે શોભનસિંહ મોડી રાત સુધી અજિતસિંહ સાથે વાતો કરતો બેઠો હતો. અંતે ઊઠતી વેળાયે અજિતે શોભનને ગળે લગાવ્યો અને ત્યાર પછી તે પોતાને ઘેર ચાલ્યો ગયો.

અજિતસિંહના ચાલ્યા જવા પછી શોભનસિંહ જે ઓરડામાં મહાતપસિંહ સૂઈ રહ્યો હતો તે ઓરડામાં આવ્યો. દ્વાર પાસે આવતાં જ સિપાહીઓ તેને નમન કરીને દૂર ખસી ગયા. શોભને ઓરડામાં પ્રવેશ કર્યો. ગત કેટલાક દિવસના ચાલુ પરિશ્રમથી વૃદ્ધ સરદાર ઘણો જ થાકી ગયો હતો અને તેથી અત્યારે ઘોર નિદ્રામાં પડીને જગત્‌ના જ્ઞાનથી રહિત થઈ ગયો હતો. દીપકના ઉજ્જ્વલ પ્રકાશમાં તેનું સ્વાભાવિક ગંભીર મુખમંડળ વિશેષ ગંભીર થયેલું દેખાતું હતું. પ્રથમ તો શોભન પોતાના પિતાના પલંગ પાસે આવીને ઘણી વાર સુધી ઊભો રહ્યો અને પિતાના મુખનું અવલોકન કરવા લાગ્યો. એટલામાં તેનાં નેત્રોમાંથી અશ્રુના બે ઉષ્ણ બિંદુઓ ખરી પડ્યાં. ખરેખર જેનાં નયનોમાં કદાપિ અશ્રુનો આવિર્ભાવ નથી થતો, તેનું શરીર, અમો કહીએ છીયે કે, વિધાતાએ મનુષ્યના ચર્મમાં પશુના રક્ત અને માટી કે પાષાણના હૃદયને ભરી દઈને જ બનાવેલું હોવું જોઇએ. અસ્તુ.

થોડી વાર પછી શોભનસિંહે પિતાનાં ચરણોમાં નમીને પ્રણામ કર્યા. પછી પિતાનાં ચરણોને સ્પર્શ કરીને તે હાથ પોતાની તલ્વારને અડકાડ્યો. ત્યાર પછી તે તરત ઓરડામાંથી પાછો બહાર નીકળી આવ્યો.

ઘરમાંથી નીકળીને શોભનસિંહ સદર દરવાજાપર આવ્યો અને સિપાહીઓને દ્વાર ઊઘાડવાની આજ્ઞા કરી. સિપાહીઓ એવી મોડી રાતે દ્વાર ઊઘડાવવાનું કારણ શું હતું, એટલું પણ પૂછવાનું સાહસ કરી ન શક્યા. તેમણે આજ્ઞા મળતાં જ દ્વાર ઊઘાડી નાખ્યાં. શોભન-સિંહ તે ગંભીર રાત્રિના ગંભીર સમયમાં માત્ર પોતાની એક જ સહા-યિકા તલ્વારને લઇને કિલ્લામાંથી બહાર નીકળી ગયો.

બીજે દિવસે માલતીગઢમાં ક્યાંય રાજકુમારનો પત્તો ન લાગ-વાથી લોકોના મનમાં ઘણો જ ગભરાટ વ્યાપી ગયો. થોડા વખત પછી રાતે જે સિપાહીઓ દ્વારપર પહેરો ભરતા હતા, તેમને બોલા-વવામાં આવ્યા અને તેમના મુખથી રાતે અચાનક કુમારના કિલ્લા-માંથી બહાર ચાલ્યા જવાની હકીકત સર્વના જાણવામાં આવી. એ વાત સાંભળીને અજિતસિંહને ઘણું જ દુઃખ થયું અને વૃદ્ધ સરદારનાં વિશાળ નેત્રોમાંથી અશ્રુધારાનું વહન થવા લાગ્યું.

કેટલાક વખત પછી એ સમાચાર લાવણ્યમયીના કાને પણ પહોંચ્યા. બધો વૃત્તાંત સાંભળીને તે શોકથી શય્યામાં જઇને પડી રહી. તેજસિંહે પોતાની નવોઢા નારીને ઘણીયે સમજાવી અને મનાવી, પરંતુ તેનું પરિણામ કાંઇ પણ થયું નહિ. લાવણ્યમયીએ વિલાપ કરી કરીને આખું ઘર માથાપર ઊપાડી લીધું અને તેજસિંહને કેવળ એટલું જ કહ્યું કેઃ "તમો મારી પાસેથી ક્યાંય દૂર જશો નહિ."

ષષ્ઠ પરિચ્છેદ
વનવાસિની

કુન્દકુમારીએ શોભનસિંહના અદસ્ય થવાના સમાચાર સાંભળ્યા એટલે જાણે બાણથી કોઇએ તેના શરીરને વીંધી નાખ્યું હોયની ! તેવી તેના હૃદયમાં અસહ્ય વેદના થવા લાગી. એ ક્ષણે જ તે જ દિવસે સંધ્યાકાળે તે સરોવર તીરે ગઈ હતી અને તેણે બકુલ વૃક્ષની છાયામાં ઊભાં રહીને વજ્ર સમાન શબ્દોનો પ્રયોગ કર્યો હતો એનું તેના મનમાં સ્મરણ થઇ આવ્યું. કુન્દકુમારીના અંતઃકરણમાં અસહ્ય યાતના થવા લાગી, એવી પીડા તેના મનમાં પૂર્વે કોઇ વાર પણ થઇ ન હોતી. તે ડૂસકાં ભરીભરીને રોવા લાગી, અને પછી મનમાં જ બોલી કેઃ "અસત્યની સહાયતા લઇને કોઇ કાળે પણ કોઇ પોતાના મનોરથને સિદ્ધ નથી કરી શકતું."

એવી રીતે કેટલાક દિવસ વીતી ગયા. દિવસ તો વીતતા ગયા, પરંતુ તેના મનનું દુઃખ ગયું નહિ—સામું તે તો દિવસે દિવસે વધારે અને વધારે જ વધવા લાગ્યું. લગભગ એક મહિના પછી કુન્દકુમારીએ એક દિવસ બેઠાં બેઠાં વિચાર કર્યો કે: "માત્ર મારામાટે જ શોભનસિંહે સર્વસ્વનો ત્યાગ કરેલો છે—રાજપાટ, પિતા, મિત્ર અને ગૃહ આદિ સર્વ વસ્તુઓને ત્યજીને તેઓ ચાલતા થયા છે એનું કારણ માત્ર હું અને મારી તે દિવસની વજ્રપાત સમાન વાણી જ છે. હું મહા અભાગિની છું. મારૂં બીજું કોણ છે? હું મહાપાપિની છું. મારૂં અહીં શું છે? કોઇ નથી—કશું પણ નથી. ત્યારે મારે અહીં શાને બેસી રહેવું જોઇએ વારૂ? મારામાટે એમણે સર્વ સુખોનો ત્યાગ કર્યો અને હું આનંદથી ગૃહમાં બેસી રહું તો મારા જીવનને ધિક્કાર હો!!"

થોડી વાર શાંત રહીને પુનઃ તે આત્મગત બોલવા લાગી કે: "આજે મારી માતા પ્રતિભા ક્યાં છે? શું હું તેને શોધી શકું એમ નથી કે? શું હું દેશે દેશ અને અરણ્યે અરણ્યમાં ભ્રમણ નહિ કરી શકું કે? શું હું પ્રત્યેક મનુષ્યને તેનાવિશે પૂછીને અંતે તેને નહિ જ મળી શકું કે? ગૃહમાં હવે મારે શું કામ છે? મારા વિના અહીં શું અટકી પડે એમ છે વારૂ? હવે તો ગૃહશૂન્ય અને આહારશૂન્ય થઇને આ સંસાર-અટવીના પરિભ્રમણમાં જ મારૂં પરમ સુખ સમાયલું છે. ગૃહ મારામાટે દુઃખનો ભંડાર છે—આહાર વેદનાનો અંબાર છે!!"

અંતે કુન્દકુમારીએ એમ કરવાનો જ નિશ્ચય કર્યો. બીજે દિવસે પ્રભાતમાં જ્યારે કેશવાચાર્ય પ્રાતઃકાલિક નિત્યકર્મોમાં રોકાયલો હતો, તે વેળાયે કુન્દકુમારી તેના ઓરડામાં ચાલી ગઇ. ગોસ્વામીજીના ઓરડામાં યુદ્ધોપયોગી શસ્ત્રાસ્ત્રોની કશી પણ ન્યૂનતા ન હોતી. એ શસ્ત્રાસ્ત્રોમાંથી કુન્દકુમારીએ એક નાનકડી તલ્વારને લઇને પોતાના વસ્ત્રમાં છુપાવી દીધી. કદાચિત્ આત્મરક્ષણમાટે જ તેણે એ શસ્ત્રને પોતાની પાસે રાખવાનું યોગ્ય ધાર્યું હશે. ભારતવર્ષનો એક એવો પણ સમય હતો કે, જ્યારે રાજપૂતરમણીઓ યુદ્ધવિદ્યામાં અત્યંત નિપુણ હતી અને શસ્ત્રાસ્ત્રો સાથે મહાપ્રીતિ ધરાવતી હતી. હાય! આજે તે સમયનો કોણ જાણે ક્યાં લોપ થઇ ગયો છે, તે જાણવામાં નથી આવતું.

ત્યાંથી નીકળીને કુન્દકુમારી શ્રીએકલિંગજીના મંદિરમાં આવી અને ભાવસહિત શિવજીને પ્રણામ કરીને જમણા હાથમાં એક ત્રિશૂલ ધારણ કરી નવીન યોગિની બનીને એકલી જ એકલિંગજીના બાગમાંથી બહાર નીકળીને ચાલવા લાગી.

એકલિંગજીના બાગને પાછળ છોડીને–માલતીગઢને પાર કરીને તે એક પર્વતપર ચઢવા લાગી. પર્વતપરથી તે પાર્વતીનાથના મઠમાં ગઇ, મઠમાંથી અરણ્યમાં પ્રવેશ કરીને તેણે અરણ્યના માર્ગમાં સંચાર કર્યો. માર્ગમાં આવતાં કેટલાક ગ્રામોમાં તે પ્રતિભાને શોધવા લાગી. માર્ગમાં મળતા પ્રત્યેક મનુષ્યને પ્રતિભાનાં શરીરનાં ચિહ્નોનું વર્ણન કરી સંભળાવીને તે એ જ પ્રશ્ન કરતી હતી કે: "એવી કોઇ યોગિની આપના જોવામાં આવી છે કે ?"

કુન્દકુમારી! ધીમે ધીમે ચાલ; ચાલવામાં આટલી બધી ઊતાવળ ન કર. આ સંસારને હજી તું બરાબર નથી ઓળખતી. સંસારનો એવો જ સ્વભાવ છે કે, સર્વ જીવો સ્વાર્થને સાધવામાં જ ગુંથાયલા હોય છે, બીજાનો ભાવ કોઇ પણ પૂછતું નથી. આ સંસારમાં જ્યાં નજર નાખો ત્યાં સ્વાર્થ અને હિંસાની નદી જ વહન કરતી દેખાશે. માટે તું ધીમી અને વિચાર કરીને આગળ ચાલ. સંસારમાં તારે અનેક આપત્તિઓ સાથે યુદ્ધ કરવું પડશે. સરળ માર્ગમાં જ સંચાર કરજે. આ વિશાળ બ્રહ્માંડમાં જેની પ્રાપ્તિની આશા ન હોય, તેને મેળવવાની ચેષ્ટા ન કરીશ. જેની પ્રાપ્તિની આશા હોય, તેને મેળવવાની જ ચેષ્ટા કરજે; એમાં જ તારૂં હિત સમાયલું છે.

પાછળથી કેશવાચાર્યે કુટીરમાં આવીને જોયું તો પોપટી પાંજરામાંથી ઊડી ગઇ હતી. ગોસ્વામીના મનમાં થોડો ઘણો ખેદ તો થયો; પરંતુ હવે આ વેળાયે તે પોતાના કોપના અગ્નિને દબાવી શક્યો નહિ. કોપમાં જ તે બોલી ઉઠ્યો કે: "આના જેવી સ્વચ્છંદ સ્ત્રી અત્યાર સુધીમાં બીજી એક પણ મારા જોવામાં નથી આવી! અંતે એનું શું પરિણામ થવાનું છે એની કલ્પના મારાથી કરી નથી શકાતી. અસ્તુ. 'यद्भावि तद्भवतु शुभमशुभं वा'!" એમ કહીને તેણે એક શોકપૂર્ણ શીતલ નિઃશ્વાસ નાખ્યો.

* * * *

સુજ્ઞ વાંચકો! પાંચ વર્ષ પર્યંત હવે આપ સર્વ પોતપોતાના ગૃહમાં જઇને વિશ્રામ કરો; કારણ કે, આપણી નવલકથાનો પાંચ વર્ષ પછી જ હવે નવીનતાથી આરંભ થવાનો છે.

ષષ્ઠ ખણ્ડ

પ્રથમ પરિચ્છેદ
ગતાવલોકન

"Time rolls his ceaseless course."
Scott.

ગત પાંચ વર્ષમાં આ જીવજગત્‌માં કેટલા જીવોનો જન્મ થયો અને કેટલા જીવોનો અંત થયો, એનો યથાર્થ હિસાબ તો ચિત્રગુપ્તના ચોપડામાં જ લખેલો હશે. અમારા દફતરમાં એનો હિસાબ નથી, એ જોઇને અમોને ઘણો જ ખેદ થાય છે. જો હોત, તો એ ગણના પણ અમોએ આનંદથી અમારાં વાંચકો સમક્ષ રજૂ કરી હોત.

જે ઇતિહાસને અમો જાણીએ છીએ અથવા તો જે ઇતિહાસના સંબંધમાં પ્રથમ પણ કેટલોક ઉલ્લેખ અમો કરી ચૂક્યા છીએ, તે ઇતિહાસમાં અન્ય ઘટનાઓના વર્ણન સાથે એક સ્થાનમાં એ ઉલ્લેખ પણ કરેલો છે કે, એ પાંચ વર્ષના કાલાવધિમાં દિલ્લીના બાદશાહ જહાંગીરે પોતાના એક આશ્રિત રાજપૂતને રાણાની પદવીથી વિભૂષિત કરીને ચિત્તોડમાં શાસન કરવામાટે મોકલી દીધો હતો. એ રાજપૂતનું નામ સાગરસિંહ હતું અને તે રાણા અમરસિંહનો કાકો થતો હતો. અમરસિંહના પૂજ્ય પૂર્વજોની પવિત્ર રાજધાની ચિત્તોડના સિંહાસનપર મુગલદાસ કુલાંગાર સાગરસિંહ આવીને બેઠો, અને પવિત્ર રાજધાનીને પોતાના અપવિત્ર શરીરના સ્પર્શથી અપવિત્ર કરવા લાગ્યો. પરંતુ સૃષ્ટિનો એવો એક નિયમ જ છે કે, મનુષ્યમાત્રની આશા સદા સર્વદા અસંપૂર્ણ જ રહ્યા કરે છે; અર્થાત્ સાગરસિંહની આશા પણ પૂર્ણ થવા ન પામી. જે વસ્તુનો પૂરેપૂરો ઉપભોગ લેવાની સાગરસિંહની લાલસા હતી, તે વસ્તુનો દુર્ભાગ્યવશ સ્પર્શ કરવા ઉપરાંત બીજા કશા પણ ઉપભોગને તે ભોગવી શક્યો નહિ. પોતાની આશાને એવી રીતે નિરાશાના રૂપમાં બદલાતી જોઇને સાગરસિંહના મનમાં પ્રતિક્ષણ એ વિચાર આવવા લાગ્યો કે: "આ ચિત્તોડની સ્વતંત્રતામાટે જ અમરસિંહના પૂર્વ પુરુષોએ પોતાના પ્રાણનાં અનેક વાર બલિદાન આપેલાં હતાં." એ ઘટનાનું સ્મરણ થતાં જ કુળકલંક સાગરસિંહના સાંદગ્ધ હૃદયમાં અનુતાપ, નિરાશા અને આત્મગ્લાનિનો અગ્નિ વિશેષ પ્રબળતાથી સળગવા લાગી જતો હતો. અંતે જ્યારે એ મનોવેદનાને તે કોઇ પણ ઉપાયે સહન ન જ કરી શક્યો, ત્યારે તે પોતાની ઇચ્છાથી જ

ચિત્તોડના શાસનનો અધિકાર અમરસિંહના હાથમાં સોંપી દઈને પોતે પાછો દિલ્લી ચાલ્યો ગયો, અને જહાંગીરનાં નેત્રો સમક્ષ આત્મહત્યા કરીને તેણે પોતાના પાપી જીવનનો અંત કરી નાખ્યો.

એ પછી અમરસિંહપર ચઢાઈ કરવાની દિલ્લીમાં પાછી તૈયારી થવા લાગી. જહાંગીરના શાસનકાલમાં યુદ્ધની એવી મહાભારત તૈયારી કોઇ સમયે પણ કરવામાં આવી ન હોતી, એમ ઇતિહાસના વાચનથી સ્પષ્ટ જણાઈ આવે છે. આ વેળાયે દિલ્લીશ્વર જહાંગીર પોતે પણ સપરિવાર યુદ્ધ કરવા માટે જવાનો હતો અને તેણે સમસ્ત સૈન્યના વરિષ્ટ સેનાધ્યક્ષની પદવી પોતાના શાહજાદા પરવીજને આપી હતી. બહુ ભારી તૈયારી અને ધામધૂમ સાથે મેવાડપતિ મહારાણા અમરસિંહ સાથે સમરાંગણમાં ભયંકર યુદ્ધ કરવાના ઉદ્દેશથી બાદશાહે સૈન્યસહિત દિલ્લીથી પ્રયાણ કર્યું.

કેટલાક દિવસના પ્રવાસના પરિશ્રમો વેઠી અજમેરમાં આવીને બાદશાહે છાવણી નાખી અને પ્રત્યેક કાર્યની દેખરેખ તે પોતે જ ધ્યાનપૂર્વક રાખવા લાગ્યો.

પોતાના પૂર્વજોની રાજધાનીનું નગર ચિત્તોડ અમરસિંહને સાગરસિંહની ઉદારતાથી મળ્યું અને તેનો તેણે આનંદથી સ્વીકાર પણ કર્યો; પરંતુ પાછળથી તે નગરની વ્યવસ્થા કરવાનું એક નવીન સંકટ રાણાજીની આંખો આગળ આવીને ઊભું રહ્યું; કારણ કે, ચિત્તોડ નગર એ સમયે એટલું બધું ઉદ્ધ્વસ્ત થઇ ગયું હતું, કે તેનો પુનરુદ્ધાર કરવામાટે પુષ્કળ પૈસા ખર્ચવા વિના તે કોઇ પણ રીતે મજબૂત થઇ શકે તેમ ન હોતું જ. વળી એ ચિત્તોડનો આખો કિલ્લો દુરસ્ત થાય તો જ કામ ચાલી શકે એમ હતું. કિલ્લાનો એક પણ ભાગ સારી હાલતમાં ન હોતો. જો એ કિલ્લો મજબૂત થાય, તો તો રાજપૂતોને પછી કોઇ પણ શત્રુની ભીતિ ન હોતી; પરંતુ એમાટે ખર્ચ કરવા જેટલા ધનની પોતાના ભંડારમાં વિપુલતા ન હોવાથી હવે પછી શું કરવું અને શું નહિ, એના ગહન વિચારમાં અમરસિંહ દિન રાત મુંઝાયા કરતો હતો. અંતે મનમાં તેણે એવો નિશ્ચય કર્યો કે: "જો ચિત્તોડની આસપાસનો બધો પ્રદેશ આપણા હાથમાં આવી જાય, તો પછી ચિત્તોડનું સંરક્ષણ પોતાની મેળે જ દૃઢ થઇ જશે." એવી ભાવનાથી લગભગ એંસી નગરો અને ચાળીસ કિલ્લા જેટલો મેવાડનો વિશેષ પ્રદેશ તેણે પોતાના તાબામાં કરી લીધો અને ત્યાંના સંસ્થાનિકોને પોતાના સહાયક સરદાર બનાવ્યા. એ ધામધૂમમાં જ અંતાલ અથવા અંતલા

નામના કિલ્લાને જીતવાની બાબતમાં સૂકતાવત અને ચંદાવતની પરસ્પર હોડ થઈ અને તેથી એ ઝપાઝપીમાં તેમના શૌર્યસૂર્યનો બહુ જ સારો પ્રકાશ લોકોના જોવામાં આવ્યો; એમ ભાટોએ પોતાની કવિતામાં વર્ણવેલું છે. એ હોડમાં સૂકતાવત શાખાના ઘણાખરા પુરુષો અને સાલુમ્બ્રાધિરાજ ચંદાવતવંશના ત્રણ પુરુષોના પ્રાણનાં બલિદાન અપાયાં હતાં. પરંતુ ભાટો કહે છે કેઃ "યાવત્કાલપર્યન્ત તેમના શૌર્યની કીર્તિ અખિલ છે, તાવત્કાલપર્યન્ત તેઓ મૃત નહિ, પણ સજીવન જ છે!" ખરેખર એમ જ છે. મનુષ્યના મરણ પછી માત્ર તેની કીર્ત્તિમત્તા જ અવશિષ્ટ રહે છે, અને એટલામાટે જ સર્વ સત્પુરુષોનો પ્રથમથી જ કીર્ત્તિ સંપાદન કરવાનો એકસરખો પ્રયત્ન ચાલતો નિત્ય આપણા જોવામાં આવ્યા કરે છે. બીજાનાં મરણ કરતાં પણ શ્રીકૃષ્ણ ચંદાવતના મૃત્યુથી અમરસિંહને ઘણી જ ખોટ ગઈ. તેના રાજ્યનો એક આધારસ્તંભ તૂટી પડ્યો, એમ કહીએ, તો એમાં કાંઇ પણ અતિશયોક્તિ જેવું તો નહિ જ કહેવાય. કૃષ્ણ ચંદાવતના મરણથી જ અમરને અંતે નિરુપાય થવું પડ્યું હતું, એ વાર્તાવિભાગ આગળ જતાં વાંચકો સમક્ષ રજૂ થવાનો હોવાથી અત્યારે એ વિશે વિશેષ લખવું ઉચિત નથી. અસ્તુ.


અજમેરમાં આવીને છાવણી નાખ્યા પછી જહાંગીરે પોતાના શાહજાદા પરવીઝ્‌ને કહી મૂક્યું હતું કેઃ "જો મહારાણો પોતે કે પછી તેનો યુવરાજ તારી પાસે આવીને તારો સત્કાર કરે અને તારી જોડે સ્નેહનું આચરણ રાખે, તો પછી તારે તેમના દેશને લેશમાત્ર પણ ઉપદ્રવ કરવો નહિ." પરંતુ શિશોદિયા વંશીઓનો તો એવો દૃઢ નિશ્ચય હતો કેઃ "ગમે તેમ થાય, તો પણ મુસલ્માન શત્રુઓને શરણે તો ન જ જવું અને તેમની જોડે સ્નેહનો સંબંધ પણ કદાપિ ન રાખવો." વળી આગળ બબ્બે વાર રાજપૂતોનો વિજય થયેલો હોવાથી નમવાની કલ્પના પણ તેમના મનમાં ન આવે, એ સર્વથા સ્વાભાવિક જ હતું. અમરસિંહે શત્રુના આગમનના સમાચાર સાંભળતાં જ પોતાના સૈન્યની તૈયારીઓ કરવા માંડી.

દ્વિતીય પરિચ્છેદ
દેવી !

સંવત ૧૬૭૦ માં એક દિવસ સંધ્યાકાળે એક યુવા પુરુષ ચિત્તોડના કિલ્લામાં જવાના એકમાત્ર માર્ગમાં ચઢાણપર ચઢતો જોવામાં આવતો હતો. એ તો વાંચકોને કહેવું પડે એમ નથી જ કે, ચિત્તોડનો

કિલ્લો પર્વતપર આવેલો છે; એટલે કે, જમીનની સપાટીથી તે ઘણા જ ઊંચા ભાગમાં વિરાજે છે.

આપણે જે સમયનું વર્ણન કરીએ છીએ, તે સમયમાં ચિત્તોડગઢની કેવી અવસ્થા હતી, તે વિશે તે સમયના ઈંગ્લંડથી દિલ્લીમાં વકીલ તરીકે આવી વસેલા એક પ્રોટેસ્ટન્ટ-ખ્રિસ્તી ઉપાધ્યાયે પોતાના



(ચિતોડગઢનો કિલ્લો)

ગ્રંથમાં જે વર્ણન કરેલું છે, તે વાંચકોની જાણમાટે અહીં ઊતારી લઈશું તો અયોગ્ય તો નહિ જ ગણાય. તે લખે છે કે: “ચિત્તોડગઢ અત્યંત પ્રાચીન કાળના એક રાજ્યની રાજધાનીનું નગર છે અને તે એક ઉચ્ચ પર્વતપરની વિસ્તીર્ણ અને સપાટ ભૂમિમાં ઓછામાં ઓછા દશ માઈલ (પાંચ કોસ)ના ઓરસચોરસ ઘેરાવામાં વસેલું છે. મેં જ્યારે

એ નગર જોયું, ત્યારે લગભગ એક સો દેવાલયો અને રાજમંદિરો ખંડીયેરની હાલતમાં આવી પડ્યાં હતાં, તેમ જ સમસ્ત નગર ભગ્ન અને ઉદાસીન જ દેખાતું હતું. એ ઉપરાંત ત્યાં કોરેલા પત્થરના જયસ્તંભો અને હજારો પત્થરની ઈમારતો સ્થાને સ્થાને પડતર અવસ્થામાં દૃષ્ટિગોચર થતાં હતાં. ચિત્તોડગઢપર ચઢવાનો માત્ર એક જ ઉત્કૃષ્ટ અને મજબૂત પાષાણમાર્ગ પર્વતને ભેદીને કાઢવામાં આવ્યો હતો અને નગરના અંતર્ભાગમાં પ્રવેશ કરવાનાં ચાર જૂદાં જૂદાં દ્વારો કરેલાં હતાં. એ નગરમાં તે વેળાયે માત્ર ખેડુત લોકો જ વસતા હતા અને કેટલાંક વન્ય પશુઓએ પણ ત્યાં પોતાની વસતીને જમાવી હતી. તે સમયે જો કે એ નગરની આવી બિસ્માર હાલત થઇ ગઇ હતી, તો પણ એ નગર પોતાની ઉન્નતિના સમયમાં કેટલું બધું સુંદર અને વૈભવયુક્ત હોવું જોઇએ, એની કલ્પના કેટલાંક અવશિષ્ટ ચિહ્નોને જોતાં સહજમાં જ કરી શકાતી હતી. એ નગરને અકબર બાદશાહે રાણા ઉદયસિંહના સમયમાં મહાપરાક્રમયુક્ત યુદ્ધો કરીને પોતાના અધિકારમાં કરી લીધું હતું; અને ત્યાંના રાજાને ત્યાંથી તેણે કાઢી મૂકેલો હોવાથી તેઓ ચિત્તોડ જેવા જ પાસેના એક બીજા પહાડી પ્રદેશમાં જઇને વસ્યા હતા. અકબર કોઈ કાળે પણ ચિત્તોડ લઈ શકે તેમ ન હોતું, પરંતુ તેણે પ્રથમ ત્યાં ઘેરો ઘાલ્યો, એટલે રાજાને બહારથી અન્નસામગ્રી મળી શકી નહિ; એથી નિરુપાય થઇને તેમણે પોતે જ ચિત્તોડનો સદાનેમાટે ત્યાગ કર્યો." ઇત્યાદિ. અસ્તુ. હવે આપણે આપણી કથાના વિષયમાં આગળ વધીશું.

પૂર્વકથિત યુવા પુરુષના શિરપર જટા છવાયલી હતી, અને દાઢી તથા મૂછોના વાળ પણ ઘણા જ વધી ગયેલા જોવામાં આવતા હતા. તેણે એક ભગવા રંગની ધોતી (અથવા ધોતિયું) પહેરેલી હતી અને સ્કંધપર એક રામનામી રાખી લીધી હતી. ગળામાં યજ્ઞોપવીતનું દર્શન થતું હતું અને પગ ઊઘાડા હતા. યુવકના એ યોગિવેશના આભ્યન્તર ભાગમાં નરદુર્લભ સૌન્દર્યની પ્રફુલ્લતા સ્પષ્ટ દૃગ્ગોચર થતી હતી, છતાં પણ તેના મુખમંડળમાં કોઇ પણ પ્રકારના આનંદની છટા દેખાતી ન હોતી. આનંદના સ્થાને તેની મુખમુદ્રામાં વિષાદની ગંભીર છાયા અને ચિન્તાનાં સંપૂર્ણ લક્ષણો જ દેખાતાં હતાં. સૂર્ય ભગવાનની પ્રખરતાના પ્રતાપે તેના પ્રશસ્તલલાટમાં સ્વેદના બિન્દુઓ મૌક્તિક સમાન જોવામાં આવતા હતા. છતાં એ યુવકનું એ તરફ ધ્યાન હોય, એમ જણાતું ન હોતું.

એ યુવક એક પછી એક ચિત્તોડગઢના ચારે દરવાજા પસાર કરી ગયો અને ત્યાર પછી થોડીક વાર વિચારમાં પડીને ઊભો રહ્યો.

એક શીતલ ઉચ્છ્વાસ લઇને પુનઃ તે આગળ ચાલ્યો. ચિત્તોડ નગરનો કોઈ પણ માર્ગ એ યુવકના જાણવામાં ન હોય, એમ જણાતું ન હોતું અને તેથી જ ક્યાંય ભૂલો પડ્યા વિના તે સડસડાટ પોતાના ઇચ્છિત સ્થાનપ્રતિ ચાલ્યો જતો હતો.

એવી રીતે ચાલતાં ચાલતાં તે એક મકાનના દરવાજાપર આવીને ઊભો રહી ગયો. એ યુવકની સામે અનેક માણસો તે મકાનમાંથી બહાર નીકળ્યા અને બહારથી મકાનમાં ગયા, પરંતુ તેમાંના કોઇએ પણ એ યુવક તરફ ધ્યાન દોડાવ્યું નહિ તેમ જ યુવકે પણ કોઇને કાંઈ કહ્યું નહિ. કેટલીક વાર પછી એક પ્રૌઢ અને સંભ્રાન્ત વેષધારી પુરુષ તેની પાસે થઇને નીકળ્યો અને તેને જોતાં જ યુવકે આગળ વધીને પ્રણામ કર્યાં. તે પુરુષને યુવકની આવી ચર્યાને જોઇને કાંઇક આશ્ચર્ય થયું. યુવક તેની વિસ્મયતાના કારણને સમજી જઇને કહેવા લાગ્યો કેઃ "મહાશય! અત્યારે જો કે મેં બ્રાહ્મણનો વેષ ધારણ કરેલો છે, પરંતુ ખરી રીતે મારે જણાવવું જ જોઇએ કે, હું બ્રાહ્મણ નથી."

યુવકના આ શબ્દો સાંભળીને તે પ્રૌઢ પુરુષના મનમાં વળી વધારે આશ્ચર્ય થયું અને તેથી તેણે પૂછ્યું કેઃ "મહાશય! આપને મારી સાથે કાંઇ કામ છે કે?"

"મંત્રી મહાશય! હું યુદ્ધવિદ્યાનું કેટલુંક જ્ઞાન ધરાવું છું અને તેથી હાલમાં જે યુદ્ધ થવાનું છે, તે યુદ્ધમાં જો બની શકે તો મહારાણાજીના સૈન્યના સેનાપતિ થવાની મારી ઇચ્છા છે." યુવકે પોતાની ઇચ્છા દર્શાવી.

"એક અજ્ઞાત પુરુષને એકાએક સેનાપતિની પદવી આપી શકાય તેમ નથી. જો કોઇ સાધારણ સૈનિકની પદવી લેવાનો આપનો વિચાર હોય, તો આપની પ્રાર્થના સાંભળવામાં આવશે." પ્રૌઢ પુરુષે ખુલાસો કર્યો.

અંધકારમય રાત્રિમાં જેવી રીતે એકાએક વીજળી પોતાનો ચમકાટ બતાવીને લુપ્ત થઇ જાય છે, તેવી રીતે પ્રૌઢ પુરુષના એ ઉત્તરને સાંભળીને યુવકના મુખમાંના તેજનો લોપ થઇ ગયો. પરંતુ સ્વદેશહિતનો વિચાર કરીને એક સાધારણ સૈનિકનું પદ લેવામાં પણ તેણે આનાકાની ન કરી. યુવક એ આશયનું ઉત્તર આપવા જતો હતો, એટલામાં સામેથી અમરસિંહ પોતે અને મહાતપસિંહ આવતા તેના જોવામાં આવ્યા, ને તેમને જોતાં જ એ યુવક ત્યાંથી અચાનક અદૃશ્ય થઇ ગયો.

એ ઘટનાને કેટલાક દિવસ વીતી ગયા પછી એ જ યુવક એક દિવસ પર્વતના શિખરપર બેઠેલો હતો. ત્યાં મનુષ્યનું નામ નિશાન પણ

જોવામાં આવતું ન હોતું. સામે જ એક પર્વતમાર્ગ હતો અને એ યુવક તે જ માર્ગમાં પોતાની દૃષ્ટિને સ્થિર કરીને બેઠો હતો; કારણ કે, બાદશાહની સેના એ માર્ગમાં થઇને ચિત્તોડ તરફ ચાલી જતી હતી. થોડા વખત પછી એ માર્ગમાં જ એક બીજી સેના પણ આવતી દૃષ્ટિ-ગોચર થઇ. એ બીજી સેના રાજપૂતોની હતી. મુગલોની સંખ્યાસાથે સરખાવતાં રાજપૂતોની સંખ્યા ઘણી જ થોડી હતી. કેટલાક સમય પછી એ ખામનોરની બારી નામક સ્થાનમાં બન્ને તરફના સૈનિકોનો એક બીજા સાથે ભેટો થઇ ગયો. દશે દિશાઓને કંપાયમાન કરનારો જયધ્વનિ કાનના પડદાને ફાડી નાખવા લાગ્યો. યુવક એકાગ્ર દૃષ્ટિથી એ યુદ્ધલીલાનું અવલોકન કરવા લાગ્યો. થોડી વાર પછી તે મનમાં જ કહેવા લાગ્યો કેઃ “હાય! હું રાજપૂત હોવા છતાં પણ યુદ્ધના આ મહોત્સવમાં ભાગ નથી લેતો અને કાપુરુષ પ્રમાણે દૂરથી જ બેઠો બેઠો તમાશાને જોયા કરૂં છું. ધિક્કાર હો મારા માનવજીવનને!!”

મુગલો અને રાજપૂતોના પરસ્પર ઘોર સંગ્રામનો ક્યારનો ય આરંભ થઇ ચૂક્યો હતો. મુગલો કોઇ વાર પાછા હટી જતા અને પુનઃ ઝોક સંભાળીને આગળ પણ વધી જતા હતા. યુવક પુનઃ પ્રથમ પ્રમાણે જ આત્મગત કહેવા લાગ્યો કેઃ “હાય! જો આ ક્ષણે એક તલ્વાર મારા હાથમાં આવી જાય, તો હું પણ મારા મનની આશાને અત્યારે પૂરી કરી નાખું.”

અકસ્માત્ પાછળથી ખણુખણાટનો ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. યુવકે પાછળ વળીને જોયું તો હાથમાં એક તીક્ષ્ણધારવાળી નગ્ન તલ્વાર લઇને સંન્યાસિની સમાન દેખાતી એક દેવી ઊભેલી તેની નજરે પડી. એ સ્ત્રીમાં જેટલું સૌન્દર્ય અને જેટલી યૌવનની પૂર્ણતા દેખાતી હતી, તેટલી સુન્દરતા અને યૌવનચ્છટા માનવ માનિનીમાં કોઈ કાળે પણ દેખાવાનો સંભવ ન હોતો. યુવકે ધીમેથી કેટલાંક વાક્યો ઉચ્ચાર્યાં. પરંતુ તે દેવીએ મુખથી એનું કાંઇ પણ ઉત્તર ન આપતાં પોતાના તલ્વારવાળા હાથને આગળ ધરીને તેને તલ્વાર લઇ લેવાનો નેત્રથી સંકેત કર્યો. યુવક આશ્ચર્ય અને વિસ્મયતામાં પડતાં જડ જેવો જ બની ગયો હતો. મનમાં ઉત્સાહ આવતાં અધીર થઇને તે પૂછવા લાગ્યો કેઃ “તમો કોણ છો? પ્રથમ મને જણાવો કે તમો કોણ છો?”

દેવીએ કશું પણ ઉત્તર ન આપ્યું એટલે યુવક પાછો બોલવા લાગ્યો કેઃ “તમો કોણ છો તે કૃપા કરીને જણાવો. તમોને જોવાથી મારા હૃદયમાં જે વ્યક્તિની કલ્પના થાય છે, તે જ વ્યક્તિ જો તમો હો તો સત્વર તેવું બોલી નાખો.”

તથાપિ દેવીએ કાંઇ પણ પ્રત્યુત્તર ન આપ્યું. ક્ષત્રિય યુવક પુનઃ પ્રાર્થના કરતો કહેવા લાગ્યો કે: "તમો મને આ તલ્વાર શામાટે આપો છો વારૂ? મારા પર આટલી બધી દયા કરવાનું શું કારણ છે?"

એ વેળાયે પણ દેવી તો નિરુત્તર જ રહી. કેવળ તલ્વારવાળા હાથને તેણે લાંબો કર્યો. પરંતુ યુવક તે તરફ જરા પણ ધ્યાન ન આપીને આગળ પ્રમાણે જ કહેવા લાગ્યો કે: "શું તું કુન્દકુમારી છે? કુન્દકુમારી! તું અહીં ક્યાંથી?"

યુવક હજી તો બોલતો જ હતો એટલામાં તેણે જોયું કે, દેવીની છાયા સુદ્ધાં પણ ત્યાં હતી નહિ. તે તો ક્યારની યે ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ હતી. માત્ર તલ્વાર અને તેની મ્યાન એ બે વસ્તુઓ જ ત્યાં પડેલી હતી. દેવી ત્યાંથી ઊતાવળે પગલે જંગલ તરફ ચાલી અને ત્યાર પછી ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ.

યુવકે તલ્વાર અને મ્યાનને પોતાના હાથમાં ઊપાડી લીધી અને પોતાની ઓઢેલી રામનામીને માથાપર પાઘડી તરીકે બાંધી લીધી. ઢાલના સ્થાને ડાબા હાથમાં મ્યાન રાખી અને જમણા હાથમાં તલ્વાર ઝાલી તે દોડતો દોડતો પર્વતપરથી નીચે ઊતરી ગયો. ત્યાં તે સમર-સાગરમાં કૂદી પડ્યો. એ સમય પર્યન્ત કોઇના પણ જય કે પરાજયનો કશો પણ નિર્ણય થયો ન હોતો.

તૃતીય પરિચ્છેદ
નિષ્ફળતા

શાહજાદો પરવીજ઼ રણવિશારદ, યુદ્ધનીતિજ્ઞ હતો અને પોતે પણ યુદ્ધમાં પૂર્ણ ઉત્સાહ અને શૌર્યથી લડતો હતો, પરંતુ દુર્ભાગ્યયોગે તે વિજય પ્રાપ્ત કરી ન શક્યો. રાજપૂતો સાથે લડતાં મુગલોના પગ જમીનમાંથી ઊખડી ગયા. પર્વતના પ્રત્યેક શિખરપર રાજપૂતોના જય-ધ્વનિનો પ્રતિધ્વનિ કર્ણગોચર થવા લાગ્યો. અંતે કોઇ પણ ઉપાયે પરવીજ઼ પોતાના પ્રાણનું રક્ષણ કરીને યુદ્ધભૂમિમાંથી પલાયન કરીને ચાલ્યો ગયો.

પોતાની અતુલનીય કાર્યદક્ષતાના કારણથી એ સમયે તેજસિંહ એક નામાંકિત સેનાપતિ ગણાતો હતો. જે સમયે તેજસિંહ પોતાના સૈનિકોને શિબિરમાં પાછા વાળવાના કાર્યમાં રોકાયલો હતો, અને આહત તથા મુમૂર્ષુ સૈનિકોની શુશ્રૂષા આદિનો પ્રબંધ કરી રહ્યો હતો તે સમયે તેણે માથાપર એક નાની પાઘડીવાળા એક હાથમાં મ્યાન અને બીજા હાથમાં તલ્વાર ધારણ કરેલા અને ફાટેલાં વસ્ત્રોમાં

વીંટળાયલા એક યુવકને પર્વતપર ચઢતો જોયો. તેને જોતાં જ તેજસિંહના મનમાં એક જાતનો ખટકો થયો અને તેથી તેણે તત્કાળ દોડી જઇને તે યુવકનો પાલવ પકડી લીધો. યુવક એકાએક પાછો ફરીને ઊભો રહી ગયો. તેજસિંહ તેને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે: "હું તો તમોને ક્યારનોય ઓળખી ગયો છું."

"તમો મને ક્યાંથી ઓળખી શકો વારૂ? શું તમોએ પૂર્વે પણ કોઇ વાર મને જોયો હતો કે?" તે યુવકે આશ્ચર્યથી કહ્યું.

"શું તેજસિંહે શોભનસિંહને કોઇ વાર જોયો પણ નહિ હોય કે?" તેજસિંહે માર્મિકતાથી કહ્યું.

"પણ જો હું શોભનસિંહ ન હોઉં તો?" યુવકે કહ્યું.

"કુમાર! હવે તમારો પોતાને છુપાવવાનો આ પ્રયત્ન કદાપ સફળ થવાનો નથી." તેજસિંહે દૃઢતાથી કહ્યું.

શોભનસિંહ જાણી ગયો કે: 'એણે મને બરાબર ઓળખી લીધો છે.' એટલે તે ગદ્‌ગદ સ્વરથી કહેવા લાગ્યો કે: "તેજસિંહ! લાવણ્યમયી તો આનંદમાં છે ને?"

"આનંદમાં પણ છે અને શોકમાં પણ છે. તમોને યાદ કરીને તે રાતદિવસ રડ્યા કરે છે." તેજસિંહે સમાચાર સંભળાવ્યા.

"પિતાજીની શી અવસ્થા છે?" શોભનસિંહે પૂછ્યું.

"તેમની શારીરિક સ્થિતિ સારી છે." તેજસિંહે ઉત્તર આપ્યું.

"માલતીગઢના શા સમાચાર છે?" શોભનસિંહે પાછો પોતાની જન્મભૂમિ વિશે પ્રશ્ન કર્યો.

તેજસિંહ કાંઈ અંતર્યામી ન હોતો, તેમ જ તે અજિતસિંહ પણ ન હોતો કે, શોભનસિંહના એ પ્રશ્નના મર્મને સમજીને જાણી જાય કે, શોભન કુન્દકુમારીના સમાચાર જ પૂછતો હતો. એટલે તેજસિંહે સરળ ભાવથી જ ઉત્તર આપ્યું કે: "કુમાર! તમારા વિના માલતીગઢની અવસ્થા મૃત સમાન જ થઇ ગયેલી છે."

તેજસિંહે શોભનસિંહને પોતા સાથે લઇ જવાના ઘણાય પ્રયત્નો કર્યાં અને તેને ઘણો ઘણો સમજાવ્યો, પરંતુ એનું પરિણામ કશું પણ થયું નહિ. જ્યારે શોભનસિંહે કોઇ પણ રીતે તેનો ઉપદેશ ન માન્યો, ત્યારે અંતે નિરુપાય થઇને તેજસિંહ એકલો જ ત્યાંથી ચાલ્યો ગયો. પણ જતી વેળાયે શોભનસિંહ પાસેથી તેણે પુનર્મિલનવિષયક વચન તો અવશ્ય લઈ લીધું હતું.

શોભનસિંહે પર્વતપર ચઢીને જે વનમાં તે દેવીએ સંચાર કર્યો હતો, તે વનમાં ઊતાવળથી પ્રવેશ કર્યો. પરંતુ દેવીનો ત્યાં ક્યાંય પત્તો

મળ્યો નહિ. એ અરણ્ય કાંઇ બહુ વિશાળ ન હોતું અને શોભનસિંહ તેના ખૂણેખૂણામાં ફરી વળ્યો, પરંતુ તે દેવીનું પુનઃ દર્શન ન થયું તે ન જ થયું. ત્યાં તો જાણે એ વનમાં કોઇ વાર કોઇ આવ્યું જ ન હોય, તેવો જ ભાસ થતો હતો. શોભનસિંહે નિઃશ્વાસ નાખીને ઉદ્ગાર કાઢ્યો કે: "આજના પ્રયત્નમાં આ કેવી નિષ્ફળતા!"

ચતુર્થ પરિચ્છેદ
પુનઃ યુદ્ધની તૈયારી

ગત યુદ્ધમાં શાહજાદા પરવીજનો પરાજય થયો અને રાજપૂતોને જય મળ્યો, એ વિજય પરિણામે મેવાડને અત્યંત વૈભવદાયક થઇ પડ્યો, એમ મુસલ્માન ઇતિહાસકારો પણ લખી ચૂકયા છે. એ મુસલ્માન ઇતિહાસવેત્તાઓએ તે સમયની મુગલ સેનાની દુર્દશાનું જે કેટલુંક વર્ણન કરેલું છે તે આ પ્રમાણે છે: "સેનાપતિ પરવીજ બારીમાં જ અટકી પડ્યો હતો અને તેથી મુગલ સૈન્યમાં ઘણી જ અવ્યવસ્થા થઇ ગઇ હતી. તેની ઘણીક સામગ્રી લૂટાઇ ગઇ હતી અને મુસલ્માનોને એવા સંકટ અને એવી આપત્તિમાં આવી પડેલા જોઇ પ્રસંગનો લાભ લઇને રાજપૂતોએ તેમનાપર ભયંકર આક્રમણ કરીને તેમને ન્હાસવાની ફરજ પાડી હતી. એ યુદ્ધમાં બાદશાહની સેનાનો ઘણો જ નાશ થયો હતો અને કેટલાક સારા સારા યોદ્ધાઓ પણ માર્યા ગયા હતા. સૈનિકોએ એક વાર જે પલાયન કરવાનો આરંભ કર્યો, તે કોઇના પણ રોકવાથી રોકાયો જ નહિ અને પાછળથી રાજપૂતોનો મારો તો એકસરખો અખંડ ચાલૂ જ હતો; એટલે અંતે પરવીજને પણ નિરુપાય થઇને પલાયનનો આશ્રય લેવો પડ્યો;" કે, જે ગત પ્રકરણમાં આપણે પણ જાણી ચૂકયા છીએ. અસ્તુ.

પરવીજ નાઠો તો ખરો; પણ પાછળ પોતાના ભવિષ્યમાં શૂરવીર થવાની આશા આપનાર પુત્રને કેટલાક સૈનિકોની સરદારી આપીને લડવામાટે રાખતો ગયો. પરંતુ તે પણ પોતાના પિતા પરવીજ કરતાં કાંઇ પણ વધારે પરાક્રમ બતાવી શકયો નહિ. રાજપૂતોએ સમરાંગણમાંથી તેને પણ પાછો હટાવી દીધો અને અંતે લડતાં લડતાં ત્યાં જ તે પરવીજનો પુત્ર પણ માર્યો ગયો. અમરસિંહ જ્યારથી સિંહાસનારૂઢ થયો ત્યારથી એ સમય સુધીમાં જહાંગીર સાથે તેની સત્તર વાર લડાઇઓ થઇ ચૂકી હતી, અને તે પ્રત્યેક યુદ્ધમાં, જો કે કેટલાક પરાક્રમી રાજપૂત સરદારોનો અંત થયો હતો, તો પણ વિજય તો અંતે મેવાડના રાણાને જ મળતો રહ્યો હતો. જેટલા મુગલો યુદ્ધમાં

મરતા હતા, તેટલા જ રક્તબીજ પ્રમાણે પાછા તેઓ બાદશાહની સૈનામાં આવીને જોડાઇ જતા હતા. સારાંશ કે, મુસલ્માનોનો સૈન્ય-સમૂહ જેવોનો તેવો જ કાયમ હતો. મુગલો આવી આવીને ભરાતા જતા હતા અને રાજપૂતો તેમને યમધામમાં મોકલતા જતા હતા. એ પ્રમાણે સત્તર લડાઇયો થઇ અને તે સર્વ લડાઇઓમાં રાજપૂતોએ પોતાના અતોનાત શૌર્યનું જગતને બહુ જ સારું દર્શન કરાવી દીધું. રાજપૂત સૈન્યની દરેક ટુકડી પોતાના નાયકના મરણ પર્યન્ત હિમત રાખીને લડતી હતી અને અંતે જય મેળવીને જ પાછી વળતી હતી. કોઇ પ્રશ્ન કરશે કે, રાજપૂતોના અનેક પરાક્રમી સરદારો મરી ગયા, તો પણ તેમને ત્રાસ થયો નહિ હોય કે શું? ના–તેમના મનમાં ત્રાસનો લેશ-માત્ર પણ ભાસ ન હોતો. એક સરદારનો સ્વર્ગવાસ થયો કે તેના સ્થાને બીજો તેના કરતાં પણ અધિક શૂરવીર સરદાર આવીને ઊભો રહેતો હતો અને તે પોતાના પક્ષનો વિજય કરીને જ જંપતો હતો. એવો જ ક્રમ ચાલ્યા કરતો હતો. મુગલ અને રાજપૂતોની એવી અનેક ઝટાપટીઓ થઇ; પણ ઉભય પક્ષમાંથી કોઇ પણ પક્ષ ઠંડો પડ્યો નહિ.

રણભૂમિમાં પરાજય પામીને પાછો ફરેલો શાહજાદો પરવીજ઼, અજમેરમાં જ્યાં પોતાના પિતા જહાંગીરનો પડાવ પડેલો હતો, ત્યાં આવી પહોંચ્યો અને પોતાના પરાજયનો અથેતિ વૃત્તાંત તેણે પિતાને કહી સંભળાવ્યો. બાદશાહ ઘણો જ લજ્જિત થયો અને શાહ-જાદાની લજ્જાની તો સીમા જ ન રહી. અગણિત મુગલ સેનાને ગણત્રીના રાજપૂત સૈનિકોએ પરાજિત કરી નાખી, એ કાંઇ જેવી તેવી શર્મની વાત તો ન હોતી જ. અંતે પિતા પુત્રનો કેટલોક સંવાદ થયા પછી શોકાતુર પુત્રના મનનું સમાધાન કરવાના ઉદ્દેશથી દિલ્લીશ્વર જહાંગીર મૃદુતાથી કહેવા લાગ્યો કેઃ "પુત્ર! તું આટલો બધો શોકા-તુર ન થા. તારી અને દિલ્લીના બાદશાહની આ અપકીર્તિની વાર્તા હું જગત્ના લોકોના જાણવામાં નહિ જ આવવા દઉં. હું મારી પોતાની 'સવાને ઉમરી'*માં એનો વૃત્તાંત બિલ્કુલ લખવાનો જ નથી."

અંતે એમ જ થયું. તે જ દિવસે દિલ્લીના બાદશાહના પોતાના લખેલા જીવનચરિત્રમાંથી એક સત્ય ઘટનાનો લોપ થઇ ગયો. સર્વનાં ચરિત્રોમાં બહુધા એક બે કલંકો તો રહ્યા જ કરે છે. શ્રીરામચંદ્ર-જીએ વાલીનો વધ કર્યો હતો અને ધર્મરાજા યુધિષ્ઠિરે અશ્વત્થામા

---

* જીવનચરિત્ર. જહાંગીર બાદશાહે પોતે લખેલું પોતાનું જીવનચરિત્ર '**જહાંગીરનામા**' નામથી પ્રસિદ્ધ છે અને તે મુદ્રિત પણ થયું છે અને તે "ગુજરાતી" પ્રેસમાંથી મળે છે.

હાથીના વિષયમાં અસત્ય શબ્દનો ઉચ્ચાર કર્યો હતો, એ ઘટનાઓ તો જાણે બહુ જ પુરાતન થઈ ગઈ છે. પરંતુ શહનશાહ અકબરના પવિત્ર ચરિત્રમાં જે નૌરોજા તથા નિર્દોષ પ્રેમમૂર્તિ અનાર્કલીની પૈશાચિક હત્યાની ઘટના છે, તેનો પણ આજ દિવસ સુધીમાં લોપ થઈ શકયો નથી અથવા તો તેને મટાડવાનો કોઇએ પ્રયત્ન પણ કર્યો નથી. એટલામાટે જો જહાંગીરનાં જીવનમાં પણ એટલો કલંક રહી જાય, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી.

એ પછી બાદશાહની આજ્ઞાથી મહબ્બતખાન સેનાપતિ થયો અને તેણે ચિત્તોડપર ચઢાઈ કરી; પરંતુ તે પણ પરાજિત થઇને પાછો આવ્યો. સદ્‌ભાગ્ય કે, તેના પ્રાણ બચી ગયા. એ મહબ્બતખાન તે બીજો કોઇ નહિ પણ જેને જહાંગીરે રાણાની પદવી આપીને ચિત્તોડમાં રાજ્ય કરવામાટે મોકલ્યો હતો અને પશ્ચાત્તાપથી જેણે ચિત્તોડનો અધિકાર અમરસિહને આપી દિલ્લી દરબારમાં આત્મહત્યા કરીને સ્વર્ગવાસ કર્યો હતો, તે સાગરસિહનો જ પુત્ર હતો. એ વટલીને મુસલમાન થઈ ગયો હતો. જહાંગીરની કાર્યકીર્તિમાં એ એક બહુ જ સાહસી પુરુષ ગણાતો હતો અને સારા શૂરવીરોમાં એની ગણના કરવામાં આવતી હતી. વિશ્વમાં આવા પ્રકારો જ બહુ સ્થાને જોવામાં આવ્યા કરે છે. બાપનો એક માર્ગ તો વળી પુત્રનો બીજો જ માર્ગ.

આટઆટલી વાર સતત પરાજયો થતા ગયા, તો પણ જહાંગીરે લડાઇનો વિચાર ફેરવ્યો નહિ, તેમ જ વિલંબ પણ કર્યો નહિ. વળી પણ તેણે એક વાર મેવાડપર ચઢાઇ કરી; પરંતુ રાજપૂતોની ઝંઝાવાત સમાન ફૂંકથી મુગલોની સેના હવામાં કોણ જાણે કયાંય ઊડી ગઈ.

પુનઃ યુદ્ધની ભયંકર તૈયારીઓ કરીને જહાંગીરે સેનાપતિની પદવી પોતાના ત્રીજા શાહજાદા ફુર્રમને આપી. સૈનિકોની જેટલી સંખ્યા ફુર્રમના તાબામાં હતી, તે ઉપરાંત બીજા પણ દશ હજાર ઘોડેસવારો જહાંગીરે તેને વિશેષ સહાયતામાટે આપ્યા. એટલું કરવા છતાં પણ બાદશાહને સંતોષ ન થયો, અને તેથી આજમખાન નામક એક બીજા સિપાહસાલારને તેનો મદદગાર બનાવીને સાથે મોકલી આપ્યો. જહાંગીરની એ દઢતા કાંઇ જેવી તેવી પ્રશંસાને પાત્ર તો નથી જ.

અમરસિંહ પણ બાદશાહની એ હીલચાલથી અજ્ઞાન તો ન હોતો જ. પરંતુ વારંવાર યુદ્ધ થવાથી બાદશાહના સમુદ્ર સમાન સૈન્ય અને કુબેર સમાન ધનભંડારનો અંત ન હોતો આવતો—મેવાડના ક્ષુદ્ર સરોવર સમાન સૈન્ય અને ક્ષુદ્ર ધનભંડારની સમાપ્તિ થવા આવી

હોય, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી. છતાં પણ અમરસિંહ અચલ હિંમત રાખીને કરી શકાય તેટલી યુદ્ધસામગ્રી એકઠી કરવા લાગ્યો.

પંચમ પરિચ્છેદ
વિજેતા કોણ?

"War, war, is still the cry; war even to the knife!"
Byron.

મેવાડના મહારાણા અમરસિંહે ગત પરિચ્છેદમાં જણાવ્યા પ્રમાણે પોતાથી બની શકયાં તેટલાં યુદ્ધનાં સાધનો એકત્ર કરીને શાહજાદા કુર્રમપર ચઢાઇ કરી. એક ઉપત્યકામાં ઉભયપક્ષનાં સૈન્યો સામસામાં મળી ગયાં.

ભયંકર યુદ્ધનો આરંભ થયો. પ્રથમ તો દૂરથી તોપોની લડાઇ જ ચાલવા લાગી. અમરસિંહે એ વેળાએ મનમાં વિચાર કર્યો કેઃ "જો આવા પ્રકારે જ વધારે વાર યુદ્ધ ચાલ્યા કરશે, તો અગણિત મુગલ સૈનિકો સમક્ષ ગણત્રીના રાજપૂતોનો અવશ્ય પરાજય જ થવાનો. એટલામાટે શસ્ત્રયુદ્ધ થાય તો વધારે સારૂં." એવો નિશ્ચય કરીને એકદમ તેણે પોતાના સૈનિકોને શત્રુ સૈન્યપર આક્રમણ કરવાની આજ્ઞા આપી દીધી. આજ્ઞા મળતાં જ રાજપૂત વીરો મુસલમાનો પર તૂટી પડ્યા. રાજપૂતો ઉન્મત્ત થઇને મુગલોનો સંહાર કરવા લાગ્યા અને સર્વત્ર હાહાકારનો વિસ્તાર થઇ ગયો. આજે તેમને પોતાના શરીરસંરક્ષણનો જરા પણ વિચાર ન હોતો; કિન્તુ જેમ બને તેમ શત્રુઓનો વધારે સંહાર કરવાની ચેષ્ટામાં જ તેઓ મચેલા હતા. યુવરાજ કિરણસિંહ મદોન્મત્ત ગજરાજ પ્રમાણે યુદ્ધભૂમિમાં આમ તેમ ફરતો શાહજાદા કુર્રમને શોધતો હોય, એમ તેની મુખચર્યાથી સ્પષ્ટ જણાઇ આવતું હતું. એ યુદ્ધના અવલોકનથી એવો જ નિશ્ચય થતો હતો કે, મુગલોના સૈન્યરૂપ સાગરમાં જાણે રાજપૂતરૂપ માછલાં જ તરી રહ્યાં છે!

એક વિશેષ સ્થળમાં એક રાજપૂત યુવક અદ્ભુત યુદ્ધ કરતો જોવામાં આવતો હતો. એ યુવકના હાથમાં માત્ર એક તલ્વાર વિના બીજું એક પણ શસ્ત્રાસ્ત્ર હતું નહિ. ડાબા હાથમાં મ્યાન હતી કે, જે ઢાલનું કામ આપતી જણાતી હતી. સામરિક શૃંગારના સ્થાને શીર્ષપર એક નાની પાઘડી બાંધેલી હતી અને શરીરમાં માત્ર એક જૂનું પેરણ જ તેણે પહેરેલું હતું. એ પૃથ્વીપટ પરજ યુદ્ધવિહાર કરતો

હતો. જે શત્રુના જીવનનો અંત આવી ચૂકયો હોય, તે જ એની સામો આવતો હતો અને ક્ષણમાત્રમાં પરલોકમાં પ્રયાણ કરી જતો હતો.

એનાથી થોડાક અંતરે એક બીજો બહુમૂલ્યવસ્ત્રધારી રાજપૂત વીરનર યુદ્ધ કરવામાં નિમગ્ન થયેલો દૃષ્ટિગોચર થતો હતો. તેને આવી રીતે ભીષણ સંગ્રામ કરતો જોઇને પ્રથમ યુવક પોતાની તલ્વારની સહાયતાથી માર્ગને સાફ કરતો તે બીજા યુવકની પાસે આવી લાગ્યો અને કહેવા લાગ્યો કે: "તેજસિંહ!"

તેજસિંહે મુખ ફેરવીને જોયું અને આશ્ચર્યથી કહ્યું કે: "કોણ, શોભનસિંહ ?

"તેજસિંહ! મેં મારી પ્રતિજ્ઞાની આજે પૂર્તિ કરી છે; કારણ કે, પુનઃ તારી જોડે મારા વચન પ્રમાણે મેં આજે મુલાકાત કરી છે." શોભનસિંહે વચનનું સ્મરણ કરાવીને કહ્યું.

એ ક્ષણે જ કેટલાક મુગલોએ એકાએક ધસી આવીને એ બન્ને યુવકોપર પોતાનાં શસ્ત્રોનો ભયંકર પ્રહાર કર્યો. પરંતુ એ બે રણશૂર વીરોએ મુગલોના એ આક્રમણને પોતાના શસ્ત્રસંચાલનથી નિષ્ફળ કરી નાખ્યું. પુનઃ તેજસિંહ કહેવા લાગ્યો કે: "હા, પણ કુમાર! તમોએ શું આવા કટાકટીના પ્રસંગે અને આવા રૂપમાં મળવાનું વચન આપીને મને ભુલાવામાં નાખ્યો હતો કે?"

"બંધુ તેજસિંહ! સાવધાન......જુઓ શત્રુ......"

એવી રીતે અડધું પડધું બોલતો બોલતો શોભનસિંહ એક બીજી જ દિશામાં ચાલતો થઇ ગયો. એ સમયે જ પાછળથી કેટલાક મુગલ સૈનિકોએ આવીને તેજસિંહને ચારે તરફથી ઘેરી લીધો. શોભનસિંહ પાછો ફરીને જેવો તેને બચાવવા જતો હતો, તેવો શત્રુમાંના કોઇનો ભાલો તેની પીઠમાં ઘુસી ગયો અને તેથી તરત જ નિશ્ચેષ્ટ થઇને તે ધરણીપર ઢળી પડ્યો. અગણિત સૈનિકો તેના શરીરને ચગદીને આમ તેમ પસાર થઇ ગયા.

અંતે યુદ્ધ શાંત તો પડ્યું ખરૂં જ. પરંતુ આજના એ યુદ્ધનું પરિણામ અત્યંત શોચનીય થયું. આજના યુદ્ધમાં પોતાના પ્રાણને લઇને રાજપૂતોમાંથી કેવળ અમરસિંહ, કિરણસિંહ, મહાતપસિંહ, તેજસિંહ, અજિતસિંહ; તથા મુગલમાંથી શાહજાદો કુર્રમ અને બીજા બે ત્રણ મુગલ સરદારો જ જીવતા બચી શક્યા હતા. બાકીના બીજા બધાનો ત્યાંનો ત્યાં જ અંત આવી ગયો હતો. એથી જ અમો પૂછીએ છીએ કે: ઉભયમાંથી ખરો વિજેતા કોણ?

ષષ્ઠ પરિચ્છેદ

જીવન્મૃત !

શાહજાદા ફુર્રમે અજમેરમાં આવીને તે દિવસના યુદ્ધનો સકળ વૃત્તાંત સવિસ્તર પોતાના પિતાને કહી સંભળાવ્યો. એ દુઃખકારક વૃત્તાંત સાંભળીને જહાંગીરનું વજ્ર સમાન હૃદય કંપાયમાન થઇ ગયું. જહાંગીર ત્યાંથી ઊઠીને બીજા તંબૂમાં આવ્યો. એ તંબૂમાં બાદશાહ બેગમ નૂરજહાનનો નિવાસ હતો. ત્યાં આવીને તેણે નૂરજહાનને યુદ્ધનું શાહજાદાના મુખથી સાંભળેલું અથેતિ વર્ણન કરી સંભળાવ્યું. આજ સુધીનાં યુદ્ધોની બધી વાતો નૂરજહાનના જાણવામાં તો હતી જ; કારણ કે, જહાંગીર તેને હમેશ પ્રત્યેક બાબત યથા સમય જણાવી દેતો હતો અને તેના ઉપદેશથી જ સર્વ રાજ્યકાર્ય કરતો હતો.

નૂરજહાને એ સમયે એવો ઉપદેશ આપ્યો કે: "અત્યારે લશ્કરમાં જેટલા સિપાહીઓ હોય, તેમાંના માત્ર દશ વીસને જ કામકાજમાટે છાવણીમાં રાખીને બાકીના બધા સૈનિકોને આ ક્ષણે જ મેવાડ તરફ રવાના કરી દ્યો." અંતે એ ઉપદેશ પ્રમાણે જ સર્વ વ્યવસ્થા કરવામાં આવી. નૂરજહાનનો ઉપદેશ ન પળાય, એમ બનવું અશક્ય હતું.

અમરસિંહના કાને જ્યારે એ સમાચાર આવ્યા, ત્યારે તેના ચિત્તમાં અનિવાર્ય ચિન્તાનો પાવક પ્રજ્વળવા લાગ્યો; કારણ કે, હવે તે યુદ્ધનાં સાધનોથી સર્વથા ખાલી જ થઇ ગયો હતો. તેના જેટલા રણવિશારદ યોદ્ધાઓ હતા, તે સર્વ એક પછી એક યુદ્ધભૂમિમાં પોતાના પ્રાણની આહુતિ આપીને સ્વર્ગમાં પ્રયાણ કરી ગયા હતા; જે શસ્ત્રાગાર શસ્ત્રાસ્ત્રોથી ભરપૂર હતો, તેમાં અત્યારે લાકડીઓ પણ હતી નહિ; જે ધનકોષમાં ધન અને રત્ન આદિની રેલછેલ હતી, તેમાં આજે એક કાણી કોડી પણ જોવામાં આવતી ન હોતી; અને જે હૃદયમાં સદા સર્વદા શૌર્યનો નિવાસ રહેતો હતો, તેમાં અત્યારે મંદતા અને ઉત્સાહહીનતાની જ છાયા પ્રસરેલી સ્પષ્ટ દેખાતી હતી. સારાંશ કે, ધન, યોદ્ધાઓ અને શૌર્યનો એક સાથે અને એકસમયાવચ્છેદે જ અભાવ થઇ ગયો હતો. વૃદ્ધાવસ્થાએ વળી અશક્તિ લાવીને એથી પણ વધારે પ્રબળ શત્રુની ગરજ સારી હતી. જે વસ્તુઓની આવશ્યકતા હતી, તેમાંની એક પણ અત્યારે અમરસિંહના હસ્તમાં ઉપલબ્ધ ન હોતી. ત્યારે અવશિષ્ટ શું હતું વારૂ ? કેવળ તુચ્છ પ્રાણ અને પુત્ર કલત્ર આદિ; સ્વર્ણલતા સમાન સરલહૃદયા કોમલાંગી સુંદરીઓ અને તેમનાં

અમૂલ્ય સતીત્વરત્નો, અદ્યાપિ મેવાડભૂમિમાં અવશિષ્ટ હતાં. તેમ જ તે સ્ત્રીઓ કે જેમના ભ્રાતા, પુત્ર, પિતા અને પતિ આદિ અમરસિંહના કીર્તિસ્તંભને અડગ રાખવામાટે અને સ્વદેશને સ્વતંત્ર રાખવામાટે સમરભૂમિમાં પોતાના પ્રાણનું બલિદાન આપી ચૂકયા હતા, (તે સ્ત્રીઓ) અદ્યાપિ જીવતી હતી. જો હવેની વેળાયે મુગલોનો જ વિજય થાય-તેમના વિજયનો હવે પૂરેપૂરો સંભવ હતો-તો પછી એ લક્ષ્મીસ્વરૂપિણી કુલકામિનીઓની શી દશા થાય વારૂ? તેમને દુરાચારી મુગલોના હાથે અપમાન, લાંછન અને કલંકને સહન કરવાનો કુપ્રસંગ આવે, એ જ. પણ નહિ, અમરસિંહ જીવ જતાં પણ એમ થવા દે એ સર્વથા અસંભવનીય હતું.

અમરસિંહ પાસે હવે દિલ્લીશ્વર સાથે સંધિ કર્યા વિના પોતાના દેશને દુર્દશાથી બચાવવાનો બીજો એક પણ ઉપાય હતો નહિ. અંતે મહારાણાએ નિરુપાય થઇને કુર્રમ આગળ સંધિનો પ્રસ્તાવ મોકલી દીધો. મેવાડના રાણા અને દિલ્લીના મુગલ બાદશાહોના પરસ્પર વૈરનો આરંભ થવા પછી આઠસો વર્ષમાં અભિમાની શિશોદિયાવંશિ રાણાઓએ બાદશાહ આગળ 'શરણ' કે 'સંધિ' શબ્દનો કદાપિ ઉચ્ચાર કર્યો ન હોતો, તે શબ્દનો આજે નિરુપાય થવાથી અમરસિંહના મુખથી ઉચ્ચાર થયો. અમરસિંહને હવે પછી વિજયની જરા પણ આશા ન દેખાવાથી જ તેણે આ અપકીર્તિકારક માર્ગનો સ્વીકાર કર્યો હતો. એ સંધિનો પ્રસ્તાવ કરવા માટે અમરસિંહે પોતાના બે સરદારોને મોકલ્યા. એમાંના એકનું નામ સુપકર્ણ અને બીજાનું નામ હરિદાસ હતું. સંધિનો પ્રસ્તાવ આવતાં જ શાહજાદા કુર્રમે તેનો અત્યંત હર્ષ અને આનંદ સહિત સ્વીકાર કર્યો. એનું કારણ એ કે, એક તો કુર્રમ પોતે પણ ઉદારચિત્ત હતો અને વળી તેના પિતા જહાંગીરની પણ તેને એવી જ આજ્ઞા હતી કે, જે આપણે પ્રથમ પણ જાણી આવ્યા છીએ. જહાંગીરની એવી આજ્ઞા હોય, એમાં વધારે આશ્ચર્ય જેવું કાંઇ પણ ન હોતું; કારણ કે, તે સમયના બાદશાહ અને રાજાઓ પોતાના બીજા સમાન પદવીના પુરુષનું માન કેવી રીતે જાળવવું જોઇએ, એ વિદ્યાને સારી રીતે જાણતા હતા. પણ આજે? હાય-ભૂત અને વર્તમાનકાળની તુલના કરવાથી આકાશ ને પાતાળ જેટલો અંતર સાફ દેખાઇ આવે છે. એનો વિચાર કરતાં હૃદય કંપી જાય છે!! અસ્તુ.

પરંતુ હાય! અમરસિંહ! તેં આ શું કર્યું? જો તારે આમ જ કરવું હતું, તો પછી પોતાનું નામ અમરસિંહ શામાટે કાયમ રહેવા દીધું? જો તારી અમર રહેવાની ઇચ્છા હતી, તો પછી આવું મૃત

કરનારૂં કાર્ય શા કારણથી કર્યું, એનો મર્મ અમારા સમજવામાં આવી નથી શકતો.

કેવો શોચનીય અધઃપાત ! આ સંસારે તારા રાજત્વકાળપર્યન્ત મેવાડના મહારાણાઓના આવા અધઃપાતનો પરિચય ન હોતો કર્યો. પાશ્ચાત્ય ભૂખંડના કેવળ એક જ મહાપુરુષનો એવો જ અધઃપાત થયો હતો અને તે પણ તારા સમયથી બસેં વર્ષ પછી. આમ હોવા છતાં પણ જો આ નશ્વર જગતના લોકો તારી સહિષ્ણુતાની સ્તુતિ ન કરે, તો પછી એમ જ સમજવું જોઇએ કે, આ જગત્ ગુણગ્રાહક નથી. મરણ પછી તો ક્ષણ માત્રમાં જ સર્વ યાતનાઓનો અન્ત આવી જાય છે, પરંતુ જીવિત રહીને પ્રતિક્ષણ વૃશ્ચિકના દંશની વેદનાથી પણ અધિક મર્મવેદનાને તારે સહન કરવી પડશે ! માટે ધન્ય છે, તારી એ અલૌકિક સહિષ્ણુતાને ! હાય ! જે વેળાયે ઉદયપુરનો મહારાણો દિલ્લીના મન્સબદારના નામથી ઓળખાશે અને મેવાડની પવિત્ર રાજધાની જાગીરનું હીનતાદર્શક નામ ધારણ કરશે, ત્યારે, તે વેળાયે, મહારાણા અમરસિંહ ! આપના હૃદયમાં દુઃખનો કેવો આઘાત થશે, એની કલ્પના અમારા જેવા પામર પ્રાણીથી કરી શકાય એમ નથી. પ્રસૂતિની વેદના પ્રસૂતા જ પિછાને છે; વંધ્યાને એની કલ્પના ક્યાંથી હોઇ શકે વારૂ ?

જેના હાથમાં શતાવધિ નહિ, પણ સહસ્રાવધિ ભાગ્યો રમતાં હોય તેને પોતાના ભાગ્યમાટે બીજાનું સુખ જોવું પડે, એ કાળની કેવી કુટિલ ગતિ ! મહારાણા ! પવિત્ર અને પૂજ્ય મહારાણા અમરસિંહ ! આજે આપ આવા નિરુત્સાહ અને નિસ્તેજ કેમ બની ગયા ? દિલ્હીશ્વર જહાંગીર જે વેળાયે આપને પોતાના એક આધીન જાગીરદાર અને મન્સબદાર તરીકે ગણીને સંધિપત્ર આપશે અને આપ પણ તે પ્રમાણેનું જ સંધિપત્ર લખી આપશો, તે વેળાયે આપના અંતઃકરણમાં એ વિષયની ચિંતારૂપ ચિતાની જ્વાળાનો ઉદય નહિ થાય કે: "એક સમય એવો હતો કે, અનેક જાગીરદારો અને મન્સબદારો આ અમરસિંહના પ્રાસાદને જોવામાટે દિનરાત ઉત્સુક રહેતા હતા અને આજે હું કોઇ બીજાનો તાબેદાર થયો છું !" મહારાણાજી ! સત્ય વાર્તા તો એ છે કે, આપે જહાંગીર સાથે આ સંધિ કર્યો નથી, પરંતુ વાસ્તવિક દૃષ્ટિથી જોતાં જીવિત છતાં આપ પોતે જીવન્મૃત જ થઇ ગયા છો ! ! !

સપ્તમ પરિચ્છેદ

ઉન્મુક્ત હૃદય

રસિક વાચકવૃન્દ ! શોભનસિંહને આપણે સમરભૂમિની લાલ શોણિતશય્યામાં નિશ્ચેષ્ટ અવસ્થામાં છોડ્યો હતો, એટલે પુનઃ એકવાર આપણે તેની પણ ભાળ લેવી જોઈએ.

શોભનસિંહ જો કે અચેતન થઇ ગયો હતો, છતાં અદ્યાપિ તે મરણને શરણ તો નહોતો જ થયો. વળી તે જો કે મરી નહોતો ગયો; પરંતુ સૈનિકોના પદદલનથી લગભગ મરવાની અણીપર આવી લાગ્યો હતો.

નિસર્ગની એ વિચિત્રતા તો બહુધા ઘણાકોના જાણવામાં હોવી જોઇએ કે, પર્વતપ્રદેશમાં કોઇ કોઇ વાર ઋતુ વિના પણ જલવૃષ્ટિ થયા કરે છે. યુદ્ધની સમાપ્તિ પછી આજે પણ એવી જ રીતે વર્ષાનું આગમન થયું હતું. વર્ષાના જળ અને શીતલ સમીરના સ્પર્શથી શોભનસિંહના શરીરમાં પુનઃ ચૈતન્યનો સંચાર અથવા આવિર્ભાવ થયો. તેના શરીરમાં હિલવાની તો લેશમાત્ર પણ શક્તિ હતી નહિ એટલે સચેતન થવાથી તેની પીડા ઘટવાને બદલે સામી વધતી જ જોવામાં આવી. ત્યાં એક પણ એવો મનુષ્ય હતો નહિ કે, જે એવી ભયાનક વેદનાના સમયમાં તેની કાંઇ પણ સેવા શુશ્રૂષા કરીને તેના હૃદયને શાંત કરે. સર્વત્ર અસંખ્ય સૈનિકો તેના જેવી જ દશામાં મૃત્યુની પ્રતીક્ષા કરતા પડ્યા હતા અને આ સંસારને અંતિમ પ્રણામ કરીને એક પછી એક પોતાના પ્રાણનો ત્યાગ કરતા જતા હતા.

એવા ભયંકર સમયમાં એ મૃત શરીરોના સમૂહમાં અચાનક બે સ્ત્રીઓ આમ તેમ ફરતી દૃષ્ટિગોચર થવા લાગી. સર્વત્ર વિસ્તરેલાં મૃત શરીરોવડે સમસ્ત રણભૂમિ એકદમ ઢંકાઇ ગઇ હતી, અને કોઇ સ્થાને જો થોડીક જમીન ખાલી હોય, તો તે રક્ત અને માટીના બંધાયલા કીચડવાળી જ જોવામાં આવતી હતી. કીચડમાં લપસી જવાના ભયથી એ બન્ને સુંદરીઓ બહુ જ સાવધાનતાથી એ ભયંકર દૃશ્યના મધ્યમાંથી હિંમત અને સાહસ ધારીને ચાલી જતી હતી.

એ બન્ને અબળાઓએ કાષાય વસ્ત્રો પરિધાન કરેલાં હતાં અને ગળામાં તથા માથાપર રુદ્રાક્ષ તથા સ્ફટિકની માળાઓને ધારણ કરી લીધી હતી. શરીરપર ભસ્મનું લેપન કરેલું હતું અને લલાટ, વક્ષઃસ્થળ, બાહુ તથા કંઠ આદિ શરીરના બીજા ભાગો ચંદનચર્ચિત જોવામાં આવતા હતા. બન્નેના હાથમાં ત્રિશૂળ હતાં. એકની અવસ્થા લગભગ ચાળીસ વર્ષની કલ્પવામાં આવતી હતી અને બીજી રમણીનું

વય ચોવીસ કિંવા પચ્ચીસ વર્ષથી વધારે હોય, એમ જણાતું ન હોતું. એ દ્વિતીય તરુણ સુંદરીના સૌન્દર્ય તથા લાવણ્યનું વર્ણન કરવાને અમારી ક્ષુદ્ર લેખિની સર્વથા અસમર્થ છે.

એ ઉભય સ્ત્રીઓ વિક્ષિપ્ત મનુષ્ય પ્રમાણે મૃતમનુષ્યરાશિમાં કોઇને શોધવાનો પ્રયત્ન કરતી હોય, એમ જણાતું હતું. એટલામાં તરુણીએ પ્રૌઢાને કહ્યું કે: "મહાતપસિંહને તમોએ શું કહ્યું હતું?"

"મેં એમ કહ્યું હતું કે: 'આપનો પુત્ર જખમી થઇને રણભૂમિમાં પડ્યો છે.' એથી વિશેષ કાંઇ પણ કહ્યું ન હોતું." પ્રૌઢાએ ઉત્તર આપ્યું.

"ત્યારે તેઓ પોતે અહીં કેમ ન આવ્યા વારૂ!" તરુણીએ પૂછ્યું.

"તેમણે તેજસિંહને અને અજિતસિંહને સાથે લઇને આવવાનું કહ્યું હતું. તેઓ હમણાં જ આવી પહોંચશે." પ્રૌઢાએ ઉત્તર વાળ્યું.

સૂર્યનારાયણના અસ્તંગત થવામાં હજી થોડોક વિલમ્બ હતો. બન્ને અબળાઓ પોતાની ઇચ્છિત વસ્તુને શોધવા લાગી. થોડી વાર પછી તે તરુણી કહેવા લાગી કે: "અહીં તો ક્યાંય પત્તો નથી લાગતો."

"તેઓ અહીં જ હોવા જોઇએ; કારણ કે, યુદ્ધમાંથી તેઓ પાછા તો નથી જ ફર્યા." પ્રૌઢાએ નિશ્ચયપૂર્વક કહ્યું.

"હા; એ તો હું પણ જાણું છું." તરુણીએ એક નિરાશાસૂચક નિઃશ્વાસ નાખીને કહ્યું.

જ્યાં શોભનસિંહ કણુછતો પડ્યો હતો, તે સ્થળથી થોડા જ અંતરે એ બન્ને અબળાઓ ઊભી હતી અને ઉપર પ્રમાણેની વાતો કરતી હતી. પ્રાણાન્તક યાતના થતી હોવા છતાં પણ તરુણીનો વાર્તાલાપ શોભનસિંહનાં શ્રવણોમાં પહોંચી ગયો. એટલે તે પોતાની અવસ્થાને ભૂલી જઇને ઊઠવાની ચેષ્ટા કરવા લાગ્યો; પરંતુ ઊઠી ન શક્યો. એ પ્રયત્નથી રગો ખેંચાવાથી સામું તેમાંથી રક્તનું વિશેષ વહન થવા લાગ્યું. અંતે શોભનસિંહે ક્ષીણ સ્વરથી આવાહન કરીને કહ્યું કે: "કુન્દકુમારી!"

એ આવાહન સાંભળીને બન્ને અબળાઓ ચમકી ગઈ અને ધીમે ધીમે તેઓ શોભનસિંહ પાસે આવીને ઊભી રહી. શોભનસિંહ પ્રથમ કરુણ નેત્રોથી તરુણી તરફ જોઇ રહ્યો અને પછી બોલ્યો કે: "કુન્દકુમારી! મેં તને ઓળખી લીધી!"

કુન્દકુમારી શોભનસિંહની પાસે આવીને બેસી ગઈ. શોભનસિંહ પાછો પૂછવા લાગ્યો કે: "કુન્દકુમારી! તું અત્યારે અહીં ક્યાંથી?"

શોભનસિંહે ઘણી વાર સુધી ઉત્તરની પ્રતીક્ષા કરી, પરંતુ જ્યારે પોતાના પ્રશ્નનું તેને કાંઇ પણ ઉત્તર મળ્યું નહિ, ત્યારે તે પુનઃ

કહેવા લાગ્યો કે: "કુન્દકુમારી ! મરણ પૂર્વે એક વાર અત્યારે તને જોઇ લીધી; એટલે મારી સર્વ આશાઓને અત્યારે હું પૂર્ણ થયેલી જ માનું છું."

કુન્દકુમારીનાં નેત્રોમાં અશ્રુ ભરાઈ આવ્યાં અને તે અશ્રુને તેણે પોતાના અંચલથી લૂછી નાખ્યાં. પરંતુ શોભનસિંહે તેનાં અશ્રુને જોઇ લીધેલાં હોવાથી તે કરુણ સ્વરથી કહેવા લાગ્યો કે: "કુન્દકુમારી ! તું રડે છે શામાટે ? મારા મરણમાટે કે ? જો એમ જ હોય તો તારા વિલાપને બંધ કરી દે. મારા મરણમાટે અશ્રુ વર્ષાવવાનું કશું પણ કારણ નથી. કુન્દકુમારી ! અત્યારે માત્ર એક જ વાર્તા તારા મુખથી સાંભળવાની મારી ઇચ્છા છે; અને તે એ છે કે, જેને તું ચાહે છે અને જેના વિશે એક વાર તું મારી આગળ બોલી ચૂકી છે, તે તારો પ્રિયતમ આનંદમાં તો છે ને ? તેની જોડે તારો વિવાહસંબંધ થઇ ગયો કે નહિ ?"

કુન્દકુમારીએ અવરુદ્ધ સ્વરથી કહ્યું કે: "નહિ."

પાસે જ જે બીજી પ્રૌઢા સ્ત્રી ઊભી હતી, તે કાંઇક વિચાર કરીને ત્યાંથી દૂર ખસવાનો પ્રયત્ન કરવા લાગી. તેની એ ચેષ્ટાને જોઇને કુન્દકુમારી બોલી કે: "તમો અહીંથી જરા પણ દૂર ન જશો."

શોભનસિંહે એ બીજી સ્ત્રીને અત્યાર લગી જોઇ ન હોતી, એટલે તેને જોતાં જ તે કહેવા લાગ્યો કે: "યોગિની ! દેવી ! મેં અત્યાર સુધી આપને જોયાં જ ન હોતાં—મને ક્ષમા કરો. હું ઊઠી નથી શકતો—પ્રણામ—ચરણવંદન !"

"રાજકુમાર ! આ યોગિની આશીર્વાદ આપે છે કે, તમોને સત્વર જ આરોગ્યની પ્રાપ્તિ થાઓ !" પ્રતિભાએ આશીર્વાદ આપતાં કહ્યું.

"યોગિની ! મને તો હવે એમ જ જણાય છે કે, આ રક્તશય્યામાંથી હવે હું જીવતો ઊઠવાનો નથી. અર્થાત્ આપનો આશીર્વાદ વ્યર્થ છે. પણ હા; એ તો મને સંભળાવો કે, આજના યુદ્ધમાં વિજય કોનો થયો ?"

"જય કે પરાજય કોનો થયો છે, એનો અદ્યાપિ નિશ્ચય કરવામાં નથી આવ્યો. બન્ને પક્ષનાં માત્ર બબ્બે ચાર ચાર માણસો જ જીવતાં બચી શક્યાં છે." યોગિની પ્રતિભાએ વસ્તુસ્થિતિ દર્શક યથાર્થ ઉત્તર આપ્યું.

"ત્યારે તો અત્યાર સુધી મેવાડ સ્વતંત્ર છે, એમ જ દેખાય છે. વારુ; પણ દીવાનજી, તેજસિંહ, પિતાજી, અજિતસિંહ આદિ સર્વ જીવિત અને કુશળ છે કે ?" શોભનસિંહે તીવ્ર જિજ્ઞાસા દર્શાવી.

વનરાજ એગ્યુમીક્ષ્ચર



જંગલી મેલેરીયા ને ઝેરી તાવને માટે. ડાકટરોનાં બીલ ભરી થાકી હાર્યા હો તો આ એકજ બાટલી ખાસ વાપરવા ભલામણ કરવામાં આવે છે. ગમે તેવો ઝેરી તાવ ૨૪ કલાકમાં મટાડે છે. એટલુંજ નહીં પણ ઝાડો સાફ લાવી બરોળ, પાંડુરોગ મટાડી ભુખ લગાડી શક્તિમાં વધારો કરે છે.

શાન્તામૃત ઑફીસ, બોરસદ.

એજંટ: **મણીલાલ કાલીદાસ**, ઠે. પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઈ.

કોઇ પણ જાતની તકલીફ વગર

બાદશાહી સાબુ



નકામા વાળને દુર કરે છે. હજારો નકલી સાબુ નીકળવા છતાં બાદશાહી સાબુની દીનપ્રતિદીન વધુ ખપતી થતી જાય છે, તેમજ તેની ઉત્તમતાનો સચોટ પુરાવો છે, માટે ખરીદતાં નામ તથા ટ્રેડ માર્ક તપાસીને ખરીદજો.

હરેક ઠેકાણે વેચાય છે.

ત્રણ ગોટીનાં બાકસનો રૂ. ૧) પો. ૦।.

ડઝન „ ૪ „ રૂ. ૪) પો. માફ. (ટ્રેડમાર્ક રજીસ્ટર્ડ)

સી. સી. મહાજન એન્ડ કું૦,

શેખ મેમણ સ્ટ્રીટ સુતાર ચાલને નાકે મુંબઈ નં. ૨.

ચેપી ખરજવું.

ચેપી, પાણી ઝરતાં તેમજ પરૂવાળાં દરદથી થતા ખરજવાં (સોરા સીસ) કુષ્ટ રોગ, જુનામાં જુની કાળી અને લાલ દરાજ તેમજ ગરમીથી થએલાં ગુપ્ત ભાગમાં લાંબી મુદતથી નાજુક ચામડીપરનાં જખમો તેમજ બચ્ચાંઓને સમજ ન પડે તેવી કીડોને માટે અમારો મલમ એક ખાત્રીનો ઇલાજ છે. કીંમત ડબી એકનો રૂપીઓ એક.

બહેરાપણું.

પાતાલતુંબડી તેલ.

લાંબા વખતથી કાનમાંથી ગંધાતી રસીનું વહેલું, કાનની અંદર અવાજ થવો, કાનનો લકવો તેમજ બચ્ચાંઓને દાંત આવતી વખતે કાનની છાલી અને કાનની સમજ ન પડે તેવી પીડા માટે એક ઉત્તમ ઉપાય છે. કીંમત બંને બાટલીનો રૂપીઓ સવા.

યુનાની આયુર્વેદીક

વનસ્પતી અને કીંમતી કરીઆણાં સ્ટોર.

પાયધુની મસજીદ નીચે, પોલીસ ચોકી સામે, મુંબઈ નં. ૩

રા. રા. શેઠ મનસુખલાલ છગનલાલ શેરદલાલ આશ્રિત.

હિન્દુગૌરવગ્રંથમાળા

સંપાદક, પ્રકાશક તથા મુખ્ય લેખક,

ઠક્કુર નારાયણ વિસનજી

વિસ્કલિત થયેલા હિન્દુસમાજને પુનઃ સંગઠિત તથા શકિતશાલી બનાવવાના શુભ આશયથી આદર્શ હિન્દુ હુતાત્માઓનાં પ્રેરણાદાયક ચરિત્રોને ઓજસ્વીની ભાષામાં લખીને તથા સચિત્ર સ્વરૂપમાં પ્રકાશિત કરીને અને એ ગ્રંથોનો પડતર કરતાં પણ ઓછા મૂલ્યથી પ્રચાર કરવા માટે આ ગ્રંથમાળાનું સંચાલન કેવળ સેવાભાવથીજ કરવામાં આવે છે. માળાના જે બે ગ્રન્થો બહાર પડયા છે, તેમના સંબંધમાં વર્તમાનપત્રોએ તેમજ વિદ્વાનોએ ઉત્તમ અભિપ્રાયો આપેલા છે. આ ગ્રન્થમાળાના સ્થાયી ગ્રાહકોની દિનપ્રતિદિન વૃદ્ધિંગત થઈ રહેલી સંખ્યાજ એની લોકપ્રિયતાની પ્રતીતિ કરાવે છે. ફક્ત એક વાર **આઠ આના પ્રવેશ ફીના** ભરીને ગ્રાહક થનારને માળાને પ્રત્યેક કાચાપૂઠાનો ગ્રન્થ બાર આનામાં અને પાકાપૂઠાનો એક રૂપિયા બે આનામાં આપવામાં આવે છે. ગ્રાહક થયા પછી બહાર પડનારા સર્વ ગ્રન્થો લેવાને સ્થાયી ગ્રાહકો બંધાયલા રહેશે. બહાર પડી ચૂકયું છે માળાનું પ્રથમ પુષ્પ (પુસ્તક)

ગુરુ ગોવિન્દસિંહ અથવા ધુરન્ધર ધર્મસમ્રાટ્

લેખકઃ–**ઠક્કુર નારાયણ**

માળાનું દ્વિતીય પુષ્પ (પુસ્તક)

વીર વૈરાગી અથવા બન્દા બહાદુર

લેખકઃ– **હિન્દુ ત્રિમૂર્તિ**

તૈયાર થાય છે — થોડા સમયમાં બહાર પડશે

માળાનું તૃતીય પુષ્પ (પુસ્તક)

હિરણ્યગર્ભ હિન્દુ અથવા

યશસ્વિની હિન્દુજાતિના દિવ્ય ગૌરવનો ઇતિહાસ

લેખકઃ–ઠક્કુર નારાયણ

વિશેષ વિગતમાટે અડધા આનાની ટિકિટ બીડી ગ્રન્થમાળાનું વિસ્તૃત વિજ્ઞાપનપત્ર મંગાવો. પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

વ્યવસ્થાપક,

'હિન્દુગૌરવગ્રંથમાળા' કાર્યાલય;

નં. ૧૦૦, બજારગેટ સ્ટ્રીટ,

કોટ, મુંબઈ, નં. ૧

"હા, સર્વ જીવિત અને કુશળ છે. એમની જરાય ચિન્તા કરશો નહિ." યોગિનીએ આશ્વાસન આપ્યું.

"બસ, હવે હું આનંદથી આ અસાર સંસારના મોહને ત્યજીને શાંતિથી મરીશ. કુન્દકુમારી! બોલ, તું પણ સુખિની થઈ છે કે નહિ, એ સમાચાર પણ મને અંતકાળે સાંભળી લેવા દે." શોભનસિંહે આતુરતાથી આ વાકયો ઉચ્ચાર્યાં.

"નહિ; શોભનસિંહ! અત્યાર લગી તો હું સુખિની નથી થઇ. તમોને સુખી કરવાની મેં પ્રતિજ્ઞા કરી હતી; પરંતુ મારી એ પ્રતિજ્ઞા પૂરી ન થઈ એટલે હું કેવી રીતે સુખિની થઇ શકું વારૂ ?" કુન્દકુમારીએ નિરાશાસૂચક મુદ્રાથી જણાવ્યું.

"કુન્દકુમારી! આ વળી તું શું બોલે છે? હું તારા આશયને સમજી નથી શકતો." શોભનસિંહ શરીરમાં વેદના થતી હોવાથી આ શબ્દો બળાત્કારે બોલી શકયો.

કુન્દકુમારી અશ્રુ વર્ષાવતી કહેવા લાગી કે: "શોભનસિંહ! જે સત્ય વાર્તાને આજ સુધી મેં છુપાવી રાખી હતી, તે હું આજે તમોને સંભળાવું છું. સાંભળોઃ—"આ અભાગિનીએ પ્રેમવશ થઇ શોભનને પોતાના અંતઃકરણમાં સ્થાન આપ્યું હતું. શોભન! આ દુર્ભાગિનીનો વિવાહ કેમ ન થયો, એનું કારણ તમારા જાણવામાં છે ખરૂં કે? એ કારણને તમો જાણો છો કે નહિ, તે હું કહી શકતી નથી. બાલ્યાવસ્થામાં આપણે રમતાં રમતાં પુષ્પોની માળાઓ ગુંથીને એક બીજાના ગળામાં પહેરાવી દેતાં હતાં, તે ઘટનાને આજના આ પળ સુધી પણ હું ભૂલી શકી નથી. શોભન! તે વેળાયે હું મનમાં એમ જ કલ્પ્યા કરતી હતી કે, આપણો એક બીજા સાથે વિવાહસંબંધ થઇ ગયો છે. તે દિવસથી હું તમોને પોતાના પતિ તરીકે માનીને જ પ્રેમ કરતી આવી છું."

એમ કહીને કુન્દકુમારી ઘણીક વાર સુધી નેત્રામાંથી અશ્રુની ધારાને વર્ષાવતી અધોવદન કરીને બેસી રહી. કેટલાક સમય પછી ભાન આવતાં તેણે આંસુ લૂછી નાખ્યાં અને હૃદયને દૃઢ કરીને તે પુનઃ કહેવા લાગી કેઃ—

"શોભન! તમોને વિવાહિત થયેલા જોવાના મેં અનેક પ્રયત્નો કર્યા. તમોને સ્ત્રીના સંગમાં રંગમાં રમતા અને સુખી થયેલા જોવાની મારી તીવ્રતમ ઇચ્છા હતી. પણ મારી સર્વ ચેષ્ટાઓ વિફળ અને વ્યર્થ થઇ. મને ન જોવાથી તમારી વિવાહ કરવાની ભાવના થશે, એવો વિચાર કરીને હું તમારાથી દૂરની દૂર જ રહેતી હતી. મારાપર કોપા-

યમાન થઇને તમો મને બાળવામાટે પણ વિવાહ કરશો, એમ ધારીને મેં તમારી જોડે અત્યંત કઠોર અને અયોગ્ય વર્તાવ કર્યો—જો કે, મારૂં હૃદય એમ કરતાં ફાટી જતું હતું, તો પણ મારા એ ઉદ્યોગને મેં કાયમ જ રાખ્યો. એ સર્વનું કારણ શું? માત્ર તમોને સુખી થયેલા જોવાની ઇચ્છા. પરંતુ મારી સર્વ ધારણા વ્યર્થ થઇ અને અંતે આ પરિણામને જોવાનો પ્રસંગ આવી લાગ્યો!"

આ વાતો સાંભળીને શોભનસિંહનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રબળ પ્રવાહ વહેવા માંડ્યો. તે ધીમા સ્વરથી રડતો રડતો કહેવા લાગ્યો કેઃ "કુન્દકુમારી! લાવણ્યમયીની માંદગીના વખતમાં એક દિવસ તારી જોડે મારો મેળાપ થયો હતો, એનું તને સ્મરણ છે ખરૂં કે?"

"સ્મરણ કેમ ન હોય વારૂ? તે દિવસે મેં તમારી સાથે જે વર્તન કર્યું હતું, તે ખાસ એટલા જ ઉદ્દેશથી કે, તમો મારાપર કોપ કરો અને મારામાંથી પોતાના પ્રેમને પાછો વાળી લ્યો." કુન્દકુમારી રોતી રોતી બોલી.

"સરોવરના તીરે બકુલ વૃક્ષની છાયામાં ઊભી રહીને તું શું બોલી હતી, એની તને સ્મૃતિ છે ખરી કે?" શોભને પૂછ્યું.

"હા; બરાબર યાદ છે. એનું કારણ પણ એ જ હતું." કુન્દકુમારીએ ઉત્તર આપ્યું.

"પણ, કુન્દકુમારી! તારો પ્રણયી પુરુષ કોણ છે વારૂ?" શોભનસિંહે પાછી તેની તે જ વાત પૂછી.

"કોઇ પણ નથી. એ માત્ર તમારા પ્રેમને પલટાવવાનું એક નિમિત્ત જ મેં શોધી કાઢ્યું હતું." કુન્દકુમારીએ પોતાના કપટનો પ્રકાશ કરીને કહ્યું.

શોભનસિંહે ક્લાન્ત થઇને પોતાનાં નેત્રોને બંધ કરી લીધાં. કેટલીક વાર પછી પાછાં નેત્રોને ઉઘાડીને તે બોલ્યો કેઃ "તે દિવસ પર્વતપર મને મળીને પાછી તું વનમાં અદૃસ્ય શામાટે થઇ ગઇ'તી વારૂ?"

"તમોને મળવાની મારી ઇચ્છા ન હોતી, એટલામાટે જ." કુન્દકુમારીએ વાસ્તવિક કારણ દર્શાવ્યું.

કેટલીક વાર સુધી મૌનવ્રતને ધારણ કર્યા પછી શોભનસિંહ પુનઃ કહેવા લાગ્યો કેઃ "વારૂ, કુન્દકુમારી! ત્યારે હવે મારી વાત સાંભળી લે. તેં મને મારા હૃદયમાંથી તને સર્વથા વિસારી દેવાની સૂચના આપેલી હોવા છતાં પણ હું આજ સુધી તને ભૂલી નથી શક્યો. જેટલી મેં તને વિસારી દેવાની વધારે ચેષ્ટા કરી, તેટલી જ તારી પ્રતિમા વજ્ર સમાન મારા હૃદયમાં વિશેષ ઊંડી કોરાઇ જવા લાગી. ગત ૭ વર્ષમાં હું કોણ જાણે કેટ-

લાય અરણ્યો અને કેટલાય દેશોમાં ફરી વળ્યો, એ પ્રેમને ભૂલી જવામાટે અનેક સંન્યાસીઓના ઉપદેશો સાંભળ્યા અને છેવટે હઠયોગનો અભ્યાસ પણ કર્યો; પરંતુ મારા એ સકળ પ્રયત્નોનું અંતે ફળ કાંઇ પણ ન થયું; એટલે કે, હું તને અને તારા પ્રેમને ભૂલી ન શકયો. આજે મારા માનવજીવનની લીલાનો અંતિમ દિવસ છે, અને એટલામાટે જ આ સર્વ ગુપ્ત વાર્તાઓ આજે મેં તને કહી દીધી છે. જો એમ ન હોત, તો કોઈ દિવસે પણ આ ભેદનો હું તારા સમક્ષ પ્રકાશ થવા દેત જ નહિ."

એ ક્ષણે દૂરથી કોઇનાં પગલાંનો અવાજ અચાનક સાંભળવામાં આવ્યો. કોઇ માનવ વ્યક્તિના આગમનની શંકાથી પ્રતિભા કુન્દકુમારીને ઉદ્દેશીને કહેવા લાગી કે: "ચાલો, આપણે હવે અહીંથી દૂર ખસી જઇએ."

કુન્દકુમારી આંસુ લૂછતી આ આજ્ઞા સાંભળી ઊઠીને ઊભી થઇ. તેઓ જ્યારે ત્યાંથી કેટલેક દૂર નીકળી ગઇ, ત્યારે પાછી પ્રતિભા કહેવા લાગી કે: "કુન્દકુમારી! આટલા દિવસના આપેલા શિક્ષણ અથવા ઉપદેશનું ફળ આ જ થયું કે?"

"શું થયું, માતા?" કુન્દકુમારીએ નિર્દોષભાવથી પૂછ્યું.

"તારાં નેત્રોમાં અશ્રુનું દર્શન કેમ થાય છે, એ હું સમજી શકતી નથી. તારા હૃદયમાં દુઃખ તો નથી થતું ને?" પ્રતિભાએ કટાક્ષપૂર્વક આ વાકયો ઉચ્ચાર્યાં.

"નહિ, માતા! શોકને પોતાના હૃદયમાં સ્થાન આપવું જ ન જોઇએ, એ પાઠ હું સારી રીતે શીખી ચૂકી છું. શોભનનો સ્વર્ગવાસ થવાનો છે, એટલામાટે હું રોઉં છું, એમ તમારે કદાપિ ધારવું જ નહિ. મારા અશ્રુસ્રાવનું કારણ એ જ છે કે, હવે કોઇ કાળે પણ શોભનને મારાં આ નયનોથી હું નિહાળી શકવાની નથી. હવે તમો જ કહો કે, આ ઘટના હૃદયને વિદારી નાખનારી છે ખરી કે નહિ?" કુન્દકુમારીએ આ પ્રશ્ન પૂછીને પ્રતિભાને બોલતી બંધ જ કરી દીધી.

—:o:—

અષ્ટમ પરિચ્છેદ

દુઃખનો અન્ત

મહાતપસિંહ, તેજસિંહ અને અજિતસિંહ શોભનસિંહને શોધતા શોધતા અન્તે શોભનસિંહ પાસે આવી પહોંચ્યા. વૃદ્ધ મહાતપસિંહ પોતાનું માથું કૂટીને ત્યાં જ જમીનપર બેસી ગયો. શોકના આઘાતથી અજિતસિંહનું હૃદય ફાટીને કટકે કટકા થઇ જવા લાગ્યું. તેજસિંહનાં નેત્રોમાંથી શ્રાવણ ભાદ્રપદની વૃષ્ટિ વર્ષવા લાગી.

સૂર્ય ભગવાન્ અસ્તાચલમાં પ્રયાણ કરવાની તૈયારીમાં હતા, એટલે કે, રાત્રિના આગમનનો સૂચક અંધકાર ધીમે ધીમે પોતાના અધિકારને વિશ્વમાં વિસ્તારી રહ્યો હતો. ઉપર્યુક્ત ત્રણે પુરુષો મરણોન્મુખ શોભનસિંહને ચારે તરફથી ઘેરીને બેસી ગયા. કોઇના મુખમાંથી એક શબ્દ પણ બહાર નીકળી શકયો નહિ. અંતે શાંતિનો અથવા તો નિસ્તબ્ધતાનો ભંગ કરીને મૃદુ સ્વરથી શોભનસિંહ કહેવા લાગ્યો કે: "આપ સર્વ આટલો બધો વિલાપ શામાટે કરો છો?"

"હવે હું વિલાપ નહિ કરૂં. ગત છ વર્ષથી સદાસર્વદા હું રોયા જ કરૂં છું, એટલે હવે રોવાની કશી પણ અગત્ય નથી." મહાતપસિંહે કહ્યું.

"પૂજ્ય અને વંદનીય પિતા! હવે આ પ્રસંગે મારો તિરસ્કાર ન કરો; કારણ કે, મારો અંતકાળ નિકટમાં આવી લાગ્યો છે. હવે અત્યારે મારી એ જ પ્રાર્થના છે કે, કૃપા કરીને મારા અપરાધની મને ક્ષમા આપો." શોભનસિંહે સજળ નેત્રોથી અભ્યર્થના કરી.

"તારા અપરાધની હું અહીં આવ્યો ત્યારથી જ તને ક્ષમા આપી ચૂકયો છું." મહાતપસિંહે કરુણા લાવીને કહ્યું.

"પિતાજી! જરાક પાસે આવો અને આપનાં ચરણોને સ્પર્શ કરવાનો મને પ્રસંગ આપો." એમ કહીને શોભનસિંહે પોતાના પિતાનાં ચરણોને પકડીને પોતાના શિરપર તેમની સ્થાપના કરી. મહાતપસિંહ પોતાનાં ચરણોને પાછાં ખેંચવાનો પ્રયત્ન કરતો હતો, એ જોઇને શોભનસિંહ પુનઃ વિનીત અને નમ્ર ભાવથી કહેવા લાગ્યો કે: "પિતાજી! મારી આ પિતૃભક્તિમાં આપ કૃપા કરીને આમ બાધા ન નાખો. મારી તો એવી જ ભાવના છે કે, આપ કોઇ સાધારણ પુરુષ નથી, કિન્તુ સાક્ષાત્ દેવના જ અવતાર છો!"

પુત્રનાં એ વચનો સાંભળીને મહાતપસિંહ ત્યાં જ જેમનો તેમ જ બેસી રહ્યો. તેનાં નેત્રોમાંથી ઉષ્ણ નીરના બે બિન્દુઓ નીચે ખરી પડ્યાં. શોભનસિંહે પિતાનાં ચરણોની ધૂલિને ઉપાડીને પોતાની જિહ્વાપર ધારણ કરી લીધી અને પિતાના દક્ષિણ ચરણને વક્ષઃસ્થળપર ધારણ કરીને તે પુનઃ ક્ષીણ સ્વરથી કહેવા લાગ્યો કે: "પિતાજી! હું આપનો એક મહાદુર્ભાગી પુત્ર છું. આપની કાંઇ પણ સેવા હું કરી શકયો નથી એટલે એના અનુતાપથી અત્યારે મારૂં ચિત્ત બળીને ભસ્મીભૂત થઇ જાય છે."

એ પછી શોભનસિંહે એક હાથમાં તેજસિંહનો હાથ પકડીને અને બીજા હાથમાં આજતસિંહનો કર ઝાલીને બન્નેની આજ્ઞા લીધી અને તેજસિંહને ઉદ્દેશીને કહ્યું કે: "મારી પ્રાણપ્રિય સહોદરા લાવણ્ય-

મયીને સારી રીતે સંભાળજો. એને કાંઈ પણ ઓછું આવવા ન દેશો.” પુનઃ તે અજિતસિંહને સંબોધીને કહેવા લાગ્યો કેઃ “ભાઇ! મારી બધી વાતોને હવે તું ભૂલી જજે.”

અજિતસિંહ અને તેજસિંહથી શોકનો વેગ વધી ગયેલો હોવાથી કાંઈ પણ બોલી શકાયું નહિ. તે બન્ને માત્ર અશ્રુ વર્ષાવવામાં અને અશ્રુને લૂછવામાં જ લીન થઇ ગયા હતા. શોભનસિંહનો સ્વર ક્ષણે ક્ષણે વધારે અને વધારે જ ક્ષીણ થતો જતો હતો. તો પણ હૃદયને કઠિન કરીને શોભનસિંહ તેમને આશ્વાસન આપતો કહેવા લાગ્યો કેઃ “તમો હવે આમ અશ્રુપાત કરતા અટકી જાઓ. જે કાંઇ પણ જાણવાની મારી ઇચ્છા હતી, તે સર્વ મારા જાણવામાં આવી ગયું છે. જેમના મુખદર્શનનો મને અતીવ અભિલાષ હતો, તે સર્વના મુખ દર્શનનો અંતકાળે મને લાભ મળી ચૂકયો છે. સ્વદેશની સેવા કરતાં મારા પ્રાણ જાય છે અને પિતાના પવિત્ર ચરણને છાતીપર સ્થાપીને હું સદાને માટે પ્રયાણ કરૂં છું; એથી અધિક મનુષ્યના ક્ષુદ્ર જીવનમાં બીજું કયું સુખ હોઇ શકે વારૂ?”

શોભનસિંહનો સ્વર વળી પણ ક્ષીણ થવા લાગ્યો અને શ્વાસ ઊતાવળથી ચાલવા લાગ્યો. તેનું શરીર અચલ અને તેનાં નયનો સ્થિર દેખાવા લાગ્યાં. એક ક્ષણમાત્રમાં જ તેનો પ્રાણવાયુ તેના નશ્વર દેહને ત્યજીને વાતાવરણમાં લીન થઈ ગયો. તેની માનવલીલાનો જોતજોતાંમાં અંત થઈ ગયો.

કોઈ ઉન્મત્ત મનુષ્ય પ્રમાણે મહાતપસિંહ પોતાના પુત્રના મૃત દેહને તાકી તાકીને અને આંખો ફાડી ફાડીને નિહાળવા લાગ્યો. અજિતસિંહ અને તેજસિંહનો વિલાપ અનિવાર્ય અને અવર્ણનીય હતો.

નિશાનું આગમન થયેલું જોઇને અજિતસિંહે અને તેજસિંહે મળીને શોભનના મૃત દેહને પોતાના સ્કંધભાગપર ઊપાડી લીધો અને ત્યાંથી તેઓ ચાલવા લાગ્યા. મહાતપસિંહ પણ નિર્જીવ પ્રતિમા પ્રમાણે તેમની પાછળ પાછળ રોતો કકળતો ચાલવા લાગ્યો. મહાતપસિંહની દૃષ્ટિ તથા આંખો રોઇ રોઇને લાલચોળ થઇ ગયેલી જોવામાં આવતી હતી.

પ્રતિભા અને કુન્દકુમારી અત્યાર લગી ત્યાં જ ઊભી હતી. અજિતસિંહ અને તેજસિંહના રોદનનો ધ્વનિ સાંભળીને તે બન્ને સમજી ગઇ કે, શોભનસિંહે આ અસાર સંસારનો ચિરકાલિક ત્યાગ કરી દીધો હતો. એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને કુન્દકુમારી કહેવા લાગી કેઃ “મારૂં સર્વસ્વ ચાલ્યું ગયું!”

"કુન્દકુમારી! આજે દીર્ઘ કાળ પછી તારા ભાગ્યનું પરિવર્તન થયું!" પ્રતિભાએ તેના ઉદ્‌ગારને ન સાંભળીને કહ્યું.

"તે કેવી રીતે, માતા?" કુન્દકુમારીએ પૂછ્યું.

"આજે અચાનક તારા 'દુઃખનો અન્ત' આવી ગયેલો હોવાથી હવે તારાથી સુખને પ્રાપ્ત કરી શકાશે." પ્રતિભાએ માર્મિકતાથી કહ્યું.

"તમો એ કેમ કરીને જાણી શક્યાં વારૂ?" કુન્દકુમારીએ ગંભીરતા અને વિસ્મિતતાથી પ્રશ્ન કર્યો.

"ગુરુજીએ તારા ગ્રહોનું અવલોકન કરીને કહ્યું હતું કે, બેમાથી એકનું મરણ થશે, એટલે બીજાને સત્ય સુખની પ્રાપ્તિ થશે. જો એમ ન થાય તો બન્ને સંકટમાં જ રહેવાનાં. જ્યારે ગુરુજીની પ્રથમ વાણી સત્ય સિદ્ધ થઇ છે, તો પછી આ બીજી વાણી પણ અવશ્ય સત્ય સિદ્ધ થવી જ જોઇએ." પ્રતિભાએ કારણનું દર્શન કરાવ્યું.

એ વાણી સાંભળીને કુન્દકુમારીની કાયામાં કંપનો આવિર્ભાવ થઇ ગયો અને તે શોકાક્રાન્ત મુખથી કહેવા લાગી કેઃ "માતા! તમો આ ભવિષ્યને પ્રથમથી જ જાણતાં'તાં; તો પછી અત્યાર લગી એ વાત મને શામાટે ન કહી વારૂ?"

"જો એ વાત તારા જાણવામાં આવશે, તો તું અવશ્ય આત્મહત્યા કરીને મરી જઇશ, એ કારણથી જ મેં તને એ વાત કહી ન હોતી." પ્રતિભાએ કહ્યું.

"ખરેખર તમો મારી માતા તો નથી જ!" કુન્દકુમારીએ મહાતિરસ્કાર દર્શાવીને કહ્યું.

એ પછી તે બન્ને ત્યાંથી ચાલતી થઇને થોડા જ અંતરપર આવેલા ભગવતીમંદિરમાં આવીને વિશ્રાંતિ લેવામાટે બેઠી.

ઉપસંહાર

પ્રથમ પરિચ્છેદ

અમરસંન્યાસ

"'Tis a very good world we live in,
To lend, or to spend, or to give in;
But to beg, or to borrow, or get a man's own,
'Tis the very worst world that ever was known."

Old Truism.

આપણી નવલકથાનો હવે લગભગ અંત થવા આવ્યો છે. માત્ર એક બે વાતો કહેવાની છે તે કહીને અમો એની સમાપ્તિ કરી નાખીશું.

મહાન્ પ્રતાપી દિલ્હીશ્વર અકબરના કુળદીપક જહાંગીરે અમરસિંહના સંધિવિષયક પ્રસ્તાવને અત્યંત હર્ષસહિત સ્વીકારી લીધો. એ સંધિપત્ર સર્વ પ્રકારે અમરસિંહની ઇચ્છા અનુસાર જ લખવામાં આવ્યું હતું. રાણાના એ સંધિપત્રથી જહાંગીરે પોતાના ગૌરવને એટલું બધું વધી ગયેલું માની લીધું હતું કે, એ આનંદને પ્રદર્શિત કરવામાટે સમસ્ત નગરમાં ગાન તાનનો સમારંભ તેણે કેટલાક દિવસ સૂધી એમનો એમ ચાલુ રખાવ્યો હતો. સરદારો તથા સિપાહીઓને એ પ્રસંગના સ્મરણાર્થે અનેકવિધ ઉચ્ચ પદવીઓ તથા ઉપહાર આપવામાં આવ્યાં હતાં અને ગરીબ તથા કંગાલોને અન્નવસ્ત્ર આદિ એટલા તો વિપુલ પરિમાણમાં અને મુક્ત હસ્તે અપાયાં હતાં કે, જેનું વર્ણન થવું સર્વથા અશક્ય અને અસંભવનીય જ છે.

જહાંગીરે દરબારમાં પોતાના પુત્રો કરતાં પણ ઉચ્ચ આસન મહારાણાજી અને તેના પ્રતિનિધિઓમાટે ખાસ તૈયાર કરાવ્યાં હતાં. મહારાણો અમરસિંહ કોઇ વાર પણ દિલ્હી ગયો ન હોતો, કિન્તુ તેના સ્થાને તેનો યુવરાજ કિરણસિંહ જ શાહના દરબારમાં હાજર રહેતો હતો. યુવરાજ કિરણસિંહનું આસન બાદશાહે પોતાના સિંહાસનની જમણી બાજૂએ રાખ્યું હતું, તેની તથા તેના પિતાની બે ઉત્તમ મૂર્તિઓ નિર્માણ કરાવીને પોતાના આગરામાંના બગીચામાં તેમના સ્મારક તરીકે રખાવી હતી અને તેને મોટા મોટા અધિકાર, પદવીઓ તથા ઉપહારો આપીને દિવસે દિવસે તેની પૂજ્યતાને તે બહુ જ વધારતો જતો હતો. તો પણ "બાદશાહ મને જાગીરદાર કહેશે; કારણ કે, હું એનો માંડલિક રાજા છું. આ ઘટનાથી મારા પૂર્વજોના કીર્તિસૂર્યને કાંઇ જેવો તેવો

કલંક તો નથી જ લાગ્યો !" એ વિચારથી કિરણસિંહના મનમાં વારંવાર અત્યંત ખેદ થતો હતો; તેમ જ ૫૦૦૦ રાજપૂત ઘોડેસવાર સૈનિકો સહિત જહાંગીર બાદશાહની ફોજ સાથે તેના સહાયક તરીકે તેને જે વારંવાર ફરવું પડતું હતું, એથી પણ તેને મનમાં બહુ જ અપમાન લાગી આવતું હતું.

આજે જે રાજા હોય છે, તે જો કાલે ભિક્ષુક બની જાય, તો તે ઉભય પ્રકારના જીવનના તારતમ્યને સારી રીતે સમજી શકે છે; કાલે જે સ્વાધીન હતો, તે આજે પરાધીન અથવા પરતંત્ર થતાં સ્વતંત્રતા અને પરતંત્રા વચ્ચે શો ભેદ રહેલો હોય છે, એને સારી રીતે ઓળખી શકે છે અને સુખી મનુષ્ય દુઃખમાં આવી પડતાં જ સુખદુઃખની ખરી વ્યાખ્યાને તત્કાળ સમજી શકે છે. એવી જ ગતિ મહારાણા અમરસિંહની પણ થઇ હતી. તે હૃદયના અનુતાપના અગ્નિથી દિવસ અને રાત બળ્યા કરતો હતો. જેણે એક વાર સ્વતંત્રતાનાં કંદમૂળનો આહાર કર્યો હતો, તે પરતંત્રતાનાં પકવાન્નોને પામીને સંતુષ્ટ ન થઇ શક્યો. જહાંગીર તેના એ મનોભાવને સારી રીતે જાણી ગયો હતો અને તેથી તેને સંતુષ્ટ કરવાની તે અનેક ચેષ્ટાઓ કરવા લાગી ગયો હતો.

પરંતુ જહાંગીરની એ સઘળી ઉદારતાનું પારણામ ઉલટું જ થવા લાગ્યું. જેમ જેમ જહાંગીર મહારાણાનું વધારે સન્માન કરતો જતો હતો, તેમ તેમ અમરસિંહની આંખોમાં અશ્રુનો અધિક આવિર્ભાવ થતો જતો હતો. કાપી નાખેલા વૃક્ષની ચોટીપર જળસિંચન કરવાથી જેમ કાંઇ પણ પરિણામ નથી થતું, તેવી રીતે બાદશાહની એ ઉદારતાનું અમરના અંતઃકરણમાં પણ કાંઇ પણ પરિણામ થઇ શક્યું નહિ. અમરસિંહ વિષતુલ્ય ભાસતા પરતંત્ર જીવનને વધારે વાર સહન કરી ન શક્યો. અંતે તેણે પોતાના પૌત્રને દિલ્લીદરબારમાં મોકલીને યુવરાજ કિરણસિંહને મેવાડમાં પાછો બોલાવી લીધો અને રાજ્યના સર્વ સરદારોની અનુમતિ લઇને તેણે તેના ભાલમાં રાજતિલક કરીને તેને મેવાડના હીનપ્રભ રાજસિંહાસનપર બેસાડી દીધો. એ પછી એક દિવસ અમરસિંહે પોતાના સેનાપતિ, સરદારો અને અન્યાન્ય જનોને સંબોધીને નમ્રતાથી કહ્યું કે:

"મારા શૂરવીર સરદારો અથવા બીજા શબ્દમાં કહું તો બંધુજનો! મને હવે અહીંથી ચાલ્યા જવાની રજા આપો. આજે અઢાર વર્ષ થયાં આપ સર્વ એકનિષ્ઠાથી મને સહાયતા આપતા આવ્યા છો અને આપો છો. આપ સર્વ જનોએ પોતાના જાતિગૌરવને જાળવવાની પ્રાણાન્ત ચેષ્ટા કરી હતી, પરંતુ આપણા બધાના દુર્ભાગ્યથી આપણા સર્વ પ્રયત્નો

નિષ્ફળ થયા છે. મેવાડની રાજલક્ષ્મી દિલ્લીશ્વરપર પ્રસન્ન થઇને તેની આજ્ઞાધારિણી થઇ રહી છે! આ ભયાનક દૃશ્યને મારાં નેત્રો જોઇ શકે તેમ ન હોવાથી આ પરતંત્રતાના અગ્નિની ભયંકર જ્વાળામાંથી નીકળીને હૃદયને શાંત કરવામાટે હું આ સ્થાનને ત્યજીને દૂર ચાલ્યો જાઉં છું. આપ સમક્ષ મારી એટલી જ પ્રાર્થના છે કે,આપ સર્વે મારી પ્રતિમા કિરણસિંહપર પણ મારા જેવો જ સ્નેહ ભાવ રાખજો અને આપણી આ જનની જન્મભૂમિને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય સમજજો. સર્વે મળીને પરસ્પર ભ્રાતા સમાન સંબંધ રાખજો અને જીવના જોખમે પણ એકતા અથવા સંપને જાળવી રાખજો. જો જાતીય ધર્મની રક્ષા કરીને એકનિષ્ઠાથી વર્તશો, તો અવશ્ય એક દિવસ મેવાડ તથા મેવાડીઓના સુખસૂર્યનો ઉદય થવાનો જ?”

એ ભાષણ થઈ રહ્યા પછી સરદાર, પરિષદ્‌ગણ, સેનાપતિ અને જાગીરદારો અશ્રુ વર્ષાવતા અમરસિંહની ઇચ્છાને આધીન થઇને તેને ભેટ્યા. એ પછી અમરસિંહ પુનઃ કહેવા લાગ્યો કે: “બંધુજનો! હવે હું પ્રયાણ કરૂં છું. મારા માટે આપ લોકો જરા પણ શોક કે ચિન્તા કરશો નહિ. આપ લોકોના કુશળ સમાચાર સાંભળીને હું નિત્ય સંતુષ્ટ રહ્યા કરીશ. જતી વેળાયે હું બ્રાહ્મણ અને ગુરુ જનોનાં ચરણોમાં પ્રણામ કરૂં છું.”

આબાલવૃદ્ધ સર્વે અશ્રુ વર્ષાવતા પોતપોતાનાં ગૃહોપ્રતિ પાછા વળ્યા. એક સમયનો મેવાડનો પ્રતાપી રાણો અમરસિંહ વાનપ્રસ્થ થઇને ‘નૌચૌકી’ નામક સ્થાનમાં નિવાસ કરવામાટે રાજધાનીમાંથી ચાલતો થયો. જા. અમરસિંહ! જા; અને એકાંતમાં શાંત થા. એ નથી તારો એકાંતવાસ; કિન્તુ તને જીવન્મુક્તની પદવીથી વિભૂષિત કરનાર એ છે તારો અમર સંન્યાસ!

દ્વિતીય પરિચ્છેદ

પરિણામ

“Here I and sorrows sit;
Here is my throne; bid kings come bow to it.”

Shakspere.

મહાતપસિંહે પોતાના જીવનકાળમાં અનેક દુઃખો સહન કર્યાં હતાં, પરંતુ એકમાત્ર પુત્રમરણનો શોક તેનાથી સહન કરી શકાયો નહિ; એટલે તેણે રાજ્યકાર્યના ભારને તેજસિંહના શિરપર નાખી દઇને પોતે

સંન્યાસ લઈ લીધો. ત્યાર પછી તીર્થયાત્રા કરતો કરતો તે કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો અને ત્યાર પછી તેનો કોઇને કશો પણ પત્તો મળી શકયો નહિ.

તેજસિંહ લાવણ્યમયી સાથે કેટલાક દિવસ માલતીગઢમાં જ રહ્યો; પરંતુ જ્યારે તેણે ત્યાં લાવણ્યમયીના શોકમાં જરા પણ ઘટાડો થતો જોયો નહિ, ત્યારે અંતે નિરુપાય થઇને ઉદયપુરમાં આવીને તે વસવા લાગ્યો. તે દિવસથી જ લાવણ્યમયીએ પ્રતિજ્ઞા કરી કે: "હવે મરણપર્યંત કોઇ વાર પણ હું માલતીગઢમાં જઇશ નહિ."

લાવણ્યમયી પિતાના અદૃશ્ય થવાના અને બંધુના પરલોકવાસના શોકને સત્વર તો ભૂલી ન જ શકી. કેટલાક સમય પછી તેણે એક પુત્રને જન્મ આપ્યો. ૭ માસ પછી જ્યારે તે બાળકના અન્નપ્રાશન-વિધિનો દિવસ આવ્યો, ત્યારે તેજસિંહ કહેવા લાગ્યો કે:—

"આવા જ શુભ અવસરે લોકો પોતાના આત્મીય સજ્જનોને આમંત્રણ કરીને બોલાવે છે. પણ મારે તો કોઇ પણ આત્મીય જન નથી. તારે કોઇને બોલાવવા છે કે?"

આ પ્રશ્ન સાંભળીને લાવણ્યમયીનાં લાવણ્યલલિત લોચનોમાં પાણી ભરાઈ આવ્યાં. થોડા વખત પછી તે ગદ્ગદ સ્વરથી કહેવા લાગી કે: "ત્યારે મારે પણ એવું કયું સગું આ સંસારમાં બાકી રહ્યું છે કે જેને હુ બોલાવું? માત્ર એક પ્રમીલા જ છે. પ્રમીલા મારી પ્રાણથી પણ અધિક પ્રિય બાલ્યસખી છે, એટલે એને તો ગમે તેમ કરીને અવશ્ય બોલાવવી જ જોઇએ."

તેજસિંહે અજિતસિંહને આમંત્રણ મોકલ્યું અને સાથે પ્રમીલાને લાવવાનો સંદેશ પણ કહાવ્યો. પ્રમીલા પોતાના બે વર્ષના બાળકને ગોદમાં તેડીને લાવણ્યમયીના ઘરમાં આવી લાગી. ત્યાં આવતાં જ પ્રમીલાનું બાળક પોતાની માતાની ગોદમાંથી ઊતરીને લાવણ્યમયીના પુત્ર સાથે રમવા લાગી ગયું.

અન્નપ્રાશનને દિવસે મહાસમારોહ સહિત એક ઉત્સવ કરવામાં આવ્યો. એ પછી પણ લાવણ્યમયીએ પ્રમીલાને કેટલાક દિવસ સુધી પોતાને ત્યાંથી જવા ન દીધી.

એક દિવસ પ્રમીલાનો પુત્ર અને લાવણ્યમયીનો પુત્ર સાથે મળીને રમવામાં નિમગ્ન થયેલા હતા. એટલામાં અચાનક કુન્દકુમારી ઓરડામાં આવી લાગી અને તે બન્ને બાળકોને પોતાની ગોદમાં ઊપાડી લઇને તેમને ચુંબન કરવા લાગી. દૂર ઊભેલી લાવણ્યમયી અને પ્રમીલા એ તમાશાને જોયા કરતી હતી. જો કે કુન્દકુમારીને આજે તેમણે

ઘણા લાંબા વખત પછી જોઇ હતી, છતાં પણ તેને જોતાં જ તેમણે ઓળખી લીધી હતી. તેને ઓળખતાં જ બન્ને દોડીને તેની પાસે આવી પહોંચી અને કુન્દકુમારીને નાના પ્રકારના પ્રશ્નો પૂછવા લાગી. કુન્દકુમારીએ ગત ૭ વર્ષનો સંપૂર્ણ ઇતિહાસ વિસ્તારપૂર્વક તેમને કહી સંભળાવ્યો.

જે સ્થળે એ ત્રણે સુંદરીઓ બેસીને વાર્તાલાપ કરવામાં નિમગ્ન થયેલી હતી, તે સ્થળે એક ભિક્ષુક ભામિની એ સમયે જ આવી લાગી અને ઊભી રહીને તીવ્ર દૃષ્ટિથી કુન્દકુમારીને એકાગ્ર દૃષ્ટિથી જોઇ રહી.

"તમો કોને જોઇ રહ્યાં છો ?" કુન્દકુમારીએ પ્રશ્ન કર્યો.

"જો કે તું મને નથી ઓળખી શકતી, પણ હું તને બરાબર ઓળખી ગઈ છું. એક દિવસ તેં જ મારા પ્રાણ બચાવ્યા હતા. પેલા પર્વતપર આપણે મળ્યાં હતાં, એ શું તું ભૂલી ગઇ કે ?" તે ભિક્ષુકીએ એક જૂની ઘટનાનું સ્મરણ કરાવતાં કહ્યું.

તત્કાળ કુન્દકુમારીને અમીનાનું સ્મરણ થઇ આવ્યું. તરત તે એ ભિક્ષુકીને ઓળખી ગઇ અને ત્યાર પછી તેને આદર સહિત બેસાડીને તે કહેવા લાગી કે: "હાલમાં તમો શું કરો છો, કયાં ફરો છો અને કયાં વસો છો ?"

"કરૂં છું એ કે ભીખ માગીને પેટ ભરૂં છું, જંગલોમાં ફરૂં છું અને કોઈ વાર વૃક્ષની છાયામાં તો કોઇ વાર પર્વતની ખીણોમાં વસીને રાતોને વીતાડું છું." અમીનાએ ખરેખરો જવાબ આપ્યો.

લાવણ્યમયી અને પ્રમીલાએ અમીનાના વૃત્તાંતને સાંભળવાની ઇચ્છા દર્શાવી એટલે કુન્દકુમારીએ તેના વિશે તે પોતે જે કાંઇ પણ જાણતી હતી તે સઘળો વૃત્તાંત અથેતિ કહી સંભળાવ્યો. તેના એ વૃત્તાંતને સાંભળી લઇને લાવણ્યમયીએ અમીનાને કાંઇક આપીને કહ્યું કે: "અમીના ! હવેથી તમારે ભિક્ષાવૃત્તિ કરવી જ નહિ. તમોને જે વસ્તુ જોઇએ તે મારી પાસેથી આવીને લઇ જજો."

અમીના લાવણ્યમયીના વચનને આનંદસહિત માન્ય કરીને ત્યાંથી ચાલતી થઈ ગઈ.

લાવણ્યમયીનો અત્યંત આગ્રહ થવાથી કુન્દકુમારીને તે સમયે તો ત્યાં જ રોકાઇ રહેવું પડ્યું. સંધ્યાસમયે જ્યારે કુન્દકુમારી રાજમાર્ગમાં થઇને ચાલી જતી હતી, તે વેળાયે અચાનક કેશવાચાર્યને માર્ગમાં ચાલ્યો જતો તેણે જોયો. કેશવાચાર્ય પોતાના એક કાર્યમાટે અને મહારાણાના નિમંત્રણથી ઉદયપુરમાં આવેલો હતો.

કુન્દકુમારીએ ગુરુને જોતાં જ નમીને પ્રણામ કર્યો. કુન્દકુમારીને જોઇને ગોસ્વામીના મનમાં અત્યંત આશ્ચર્ય થવા લાગ્યું. કુન્દકુમારી કેશવાચાર્યને એક શિવાલયમાં લઇ ગઇ કે, જ્યાં પ્રતિભા પણ બેઠેલી હતી. કેશવાચાર્યના પૂછવાથી પ્રતિભાએ પોતાના અને કુન્દકુમારીના પલાયનનો વૃત્તાંત અકપટ ભાવથી અક્ષરે અક્ષર સત્ય કહી સંભળાવ્યો અને પછી તે કહેવા લાગી કેઃ “મારા પલાયનનું બીજું કાંઇ પણ કારણ ન હોતું. આપને પ્રથમ મેં કહ્યું હતું કે, મારૂં આ સંસારમાં કોઇ પણ નથી. કુન્દકુમારી મારી સ્વર્ગવાસિની સહોદરાની કન્યા છે, એ વાત આપને કે બીજા કોઇને પણ મેં જણાવી ન હોતી. એટલામાટે જ્યારે એ ભેદ પોતાની મેળે જ અચાનક ખુલ્લો થઇ ગયો, ત્યારે મનમાં હું બહુ જ લજ્જિત થવા લાગી અને મારા મનમાં એમ થવા લાગ્યું કે, હવે મારે ગુરુજીને મુખ શું બતાવવું? એ વિચારથી જ હું ન્હાસી ગઇ હતી. બીજું કોઇ પણ પલાયનનું કારણ હતું જ નહિ. હું અક્ષરે અક્ષર સત્ય જ બોલું છું.”

પ્રતિભાની વાર્તા સમાપ્ત થયા પછી કુન્દકુમારી બોલી કેઃ “પિતાજી! રેવતી ક્યાં છે વારૂ?”

“રેવતી એકલિંગજીના બાગમાં જ રહે છે. તમો બન્નેના ચાલ્યા જવા પછી તે મારી શિષ્યા થઇ છે. તમોને તે વારંવાર યાદ કર્યા કરે છે.” કેશવાચાર્યે ઉત્તર આપ્યું.

કેશવાચાર્યે એ પછી પ્રતિભા તથા કુન્દકુમારીને એકલિંગજીના બાગમાં ચાલવાનો અત્યંત આગ્રહ કર્યો. પરંતુ બન્નેમાંથી એકનુંય મન ત્યાં જવાને પ્રસન્ન હોય એમ દેખાયું નહિ, એટલે અંતે નિરુપાય તથા હતાશ થઇને ગોસ્વામી કેશવાચાર્ય એકલો જ માલતીગઢ તરફ ચાલ્યો ગયો.

એ પછી પ્રતિભા અને કુન્દકુમારી અખંડ તીર્થયાત્રા કરવા લાગી. ઘણા દિવસ પછી ફરતી ફરતી એ બન્ને અબળાઓ હરિદ્વારમાં આવી પહોંચી. ગ્રીષ્મઋતુનો સમય વર્તમાન હતો. પ્રભાતકાળમાં પતિતપાવની ગંગા નદીના નીરમાં સ્નાન કરવામાટે તેઓ રામઘાટ પર આવી હતી. જળમાં પડીને સ્નાન કરતાં કરતાં પ્રતિભાએ કુન્દકુમારીને પૂછ્યું કેઃ “કેમ કુન્દકુમારી! હવે તો તું સુખિની થઇ ને?”

કુન્દકુમારીએ દીર્ઘ નિઃશ્વાસ નાખીને ઉત્તર આપ્યું કેઃ “હા; થઇ.”

* * * * *

કુન્દકુમારી! આજે અમો તને દેવીની ઉપમા આપીએ છીએ; કારણ કે, પોતાના પ્રેમની પવિત્રતા અથવા તો વિશુદ્ધતાની રક્ષામાટે

તે જે કાંઇ પણ કરી બતાવ્યું છે, તે સાધારણ મનુષ્ય જાતિના સ્વભાવને નહિ કિન્તુ દેવજાતિના સ્વભાવને જ યોગ્ય છે. અર્થાત્ તને દેવીની પદવીથી વિભૂષિતા કરવામાં જ મનુષ્યજાતિનું ગૌરવ છે. તારા સચ્ચરિત્રથી સંસારની અન્ય સ્ત્રીઓને ઘણો જ સારો બોધ મળી શકશે. હું વળી પણ કહું છું કે, તું સ્ત્રી નહિ; પણ ખરેખર દેવી જ છે! તારા જેવી દેવીસ્વરૂપિણી સુન્દરીઓના અસ્તિત્વથી જ ભારતવર્ષનું કેટલુંક ગૌરવ અદ્યાપિ અવિચલ રહી શક્યું છે!! પરમાત્મા સમસ્ત સુંદરીઓને તારા જેવી જ સદ્બુદ્ધિ અને સદાચારવૃત્તિ આપો, એ જ અભ્યર્થના!!!

તૃતીય પરિચ્છેદ

મહારાણા અમરસિંહની યોગ્યતા અને કૈલાસયાત્રા

મેવાડના મહારાણા જૈત્રસિંહથી આરંભીને મહારાણા અમરસિંહજીના રાજત્વકાળના અઢારમા વર્ષ પર્યન્ત અર્થાત્ લગભગ ચાર સો વર્ષ જેટલા સુદીર્ઘકાળ પર્યન્ત મેવાડના શિશોદિયાવંશભૂષણ રાજ્યકર્તાઓ પોતાની સ્વતંત્રતાને સુરક્ષિત રાખવામાટે દિલ્લીના મુસ્લિમ સુલ્તાનો તથા બાદશાહો સાથે રણભૂમિમાં બહુધા લડતા ને લડતા જ રહ્યા હતા અને તેમણે મુસ્લિમ સુલ્તાનો તથા બાદશાહોના વર્ચસ્વને સ્વીકારીને પરાધીનતાને કદાપિ પોતાના નિકટમાં આવવા ન હોતી દીધી; માત્ર એટલું જ નહિ, પણ મહારાણા સંગ્રામસિંહ અથવા સાંગાના સમય પર્યન્ત તેઓ વારંવાર મુસલ્માન બાદશાહો પાસેથી સામા કેટલાક પ્રાંતોને છીનવી પોતાના રાજ્યમાં મેળવી દઇને પોતાના રાજ્યની સીમાઓને વધારતા જ રહ્યા હતા. અંતે મુસલ્માન રાજ્યકર્તાઓ તેમ જ પોતાની સ્વતંત્રતા તથા કુલમર્યાદાને તિલાંજલિ સમર્પીને બાદશાહોના સેવક થઇ રહેલા કર્તવ્યભ્રષ્ટ રાજપૂત રાજાઓ સાથે દીર્ઘકાળ પર્યન્ત લડાઇઓ કર્યા પછી મહારાણા અમરસિંહે નિરુપાય થઇને ઉપર દર્શાવ્યા પ્રમાણે મુગલ શહનશાહ જહાંગીર સાથે જો કે સંધિ તો કર્યો હતો; પરંતુ એ સંધિ તેણે પોતાના વંશના પ્રાચીન ગૌરવને સર્વથા સુરક્ષિત રાખીને જ કર્યો હતો અને તેથી જ મેવાડના કોઇ પણ મહારાણાને દિલ્લીના કોઇ પણ બાદશાહના દર્બારમાં જઇને બાદશાહ સમક્ષ પોતાના મસ્તકને નમાવીને દંડાયમાન થવાના અપમાનને સહન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો જ ન હોતો; છતાં પણ એ નામમાત્રની પરાધીનતાએ મહારાણા અમરસિંહના હૃદયમાં એવી તો ગ્લાનિને ઉત્પન્ન કરી દીધી હતી કે તે ગ્લાનિના પરિણામે મહારાણા અમરસિંહે પોતાના જીવનકાળમાં જ પોતાના

યુવરાજ કિરણસિંહને મેવાડના સિંહાસનપર અભિષિક્ત કરીને પોતે એકાંતવાસને સ્વીકારી લીધો હતો. રાજમહાલયમાં વસવા છતાં મહારાણા અમરસિંહનો વિરક્ત આત્મા મહાલયનિવાસમાં વન્ય પર્ણકુટીના નિવાસને જ અનુભવી રહ્યો હતો.

જેવી રીતે શહનશાહ અકબર તેની સાથે પ્રાણપણથી અંતપર્યન્ત લડનારા વીર રાજપુતોનું સન્માન કરતો હતો અને પોતાના એ વીરત્વ વિષયક સદ્‌ભાવના ઉદાહરણસ્વરૂપ તેણે જેવી રીતે બદનોરના વીર જયમલ્લ તથા આમેટના વીર પત્તાની હસ્તીઓ પર બિરાજેલી પાષાણમૂર્તિઓને નિર્માણ કરાવીને આગ્રાના કિલ્લાના દ્વારની બન્ને બાજૂયે સ્થાપિત કરાવીને તે વીર રાજપૂતોનો આદર કરી બતાવ્યો હતો તેવી જ રીતે બાદશાહ જહાંગીરે પણ પોતાના અજમેરનિવાસના સમયમાં મહારાણા અમરસિંહ તથા તેના યુવરાજ કિરણસિંહની મનુષ્યના પૂરા કદની સ્ફટિક પાષાણ (આરસ પત્થર)ની દંડાયમાન મૂર્તિઓનું નિર્માણ કરાવીને તે મૂર્તિઓને આગ્રાના કિલ્લામાં દર્શનના ઝરૂખાની નીચેના ભાગમાં બગીચામાં ઊભી કરાવી દીધી હતી.* આવી રીતે બાદશાહ જહાંગીરના સમયમાં તેની રાજધાની આગ્રા નગરમાં મેવાડના ચાર વીર પુરુષોની પાષાણપ્રતિમાઓ તેમની અલૌકિક વીરતાના સ્મારકસ્વરૂપે વિદ્યમાન હતી. અકબર તથા જહાંગીર બાદશાહે જેમણે તેમની આધીનતાને સ્વીકારીને તેમ જ પોતાની ભગિનીઓ તથા પુત્રીઓને તેમની સાથે પરણાવી દઇને પોતાના ઉજ્જવલ રાજપૂતવંશને ચિરકલંકિત કરી પોતાની પંઢતાનો પરિચય કરાવ્યો હતો તેવા કોઈ પણ કુલકલંક રાજપૂત રાજાની મૂર્તિને નિર્માણ ન કરાવતાં જેમણે પોતાના વંશની ઉજ્જવલતાને તથા પોતાની સ્વાધીનતાને નિષ્કલંક તથા અવિચલ રાખવામાટે એ ઉભય બાદશાહો સાથે વર્ષો પર્યન્ત ભયાનક યુદ્ધો કર્યાં હતાં; અસંખ્ય મુસલ્માનોને રણભૂમિમાં સંહારી નાખ્યા હતા અને દિલ્લીના બાદશાહો ગમે તેવા તથા ગમે તેટલા બલાઢ્ય હોવા છતાં તેમના સમક્ષ પોતાનાં મસ્તકોને ન હોતાં જ નમાવ્યાં તે પોતાના તથા પોતાના મુસ્લિમ સામ્રાજ્યના પરમવિરોધી મેવાડી વીર રાજપૂતોની પાષાણપ્રતિમાઓને અકબર તથા જહાંગીર બાદશાહે નિર્માણ કરાવીને પોતાની રાજધાનીમાં રખાવી હતી એથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે જગતમાં પૂજા તો કેવળ વીર પુરુષોની જ થાય છે અને જ્યાં વીરતાનો ચમત્કાર દેખાય છે

---

* 'તુઝુક જહાંગીરી' (શહનશાહ જહાંગીરના આત્મચરિત્ર)નો અંગ્રેજી અનુવાદઃ ભાગ ૧ લોઃ પૃષ્ઠ ૩૩૨.

ત્યાં તે ચમત્કાર સમક્ષ બલાઢ્યથી બલાઢ્ય શત્રુઓ પણ પૂજ્યભાવથી પોતાના અભિમાન તથા ગર્વનો પરિત્યાગ કરીને પોતાનાં મસ્તકોને વીરતાનાં ચરણોમાં નમાવી દે છે ! આ ઘટનાથી હિન્દુજાતિએ જે કોઇ પણ હિન્દુધર્મ તથા હિન્દુજાતિના વિરોધી વૈરીઓ હોય તેમને પોતાની અનન્ય વીરતાના ચમત્કારો બતાવીને ચકિત કરી દેવાના પાઠને જ શીખી લેવાનો છે; કારણ કે, ચમત્કાર વિના નમસ્કાર હોતો જ નથી. અસ્તુ.

દિલ્લીના મુગલ બાદશાહના દર્બારમાં કેવળ મેવાડમાટે જ એ નિયમ હતો કે જ્યારે મેવાડના સિંહાસનપર નવીન મહારાણો આવતો હતો ત્યારે તેને મુગલ શહનશાહના દર્બારમાં આવવાની ફરજ ન પાડતાં ખિલઅત તથા ફરમાન આદિક મેવાડ મોકલી આપવામાં આવતાં હતાં તેમ જ પાંચ હજારી મન્સબની મન્સબદારીના નિયમ અનુસાર એ વસ્તુઓ બાદશાહની સેવામાં રહ્યા વિના જ મેવાડના મહારાણાને તેના વંશની અનન્ય પ્રતિષ્ઠાના ચિહ્ન તરીકે ઘર બેઠાં જ મળી જતી હતી. મુગલ બાદશાહોના સમયમાં મુગલિયા દર્બારમાં મેવાડના મહારાણા જેટલી અન્ય કોઇ પણ રાજપૂત રાજાની પ્રતિષ્ઠા ન હોતી. તે સમયમાં જહાંગીરની રાજધાનીમાં વસતા અંગ્રેજ ગૃહસ્થ સર ટૉમસ્ રોએ સ્પષ્ટ શબ્દોમાં એવો ઉલ્લેખ કરેલો છે કે: "બાદશાહ જહાંગીરે મેવાડના મહારાણાને પોતાના બળથી નહિ, કિન્તુ પારસ્પરિક સંમતિથી જ આધીન કર્યો હતો; કિંવા બાદશાહે મેવાડના મહારાણાને પરાજિત કરીને નહિ; પણ બખ્શીશો આપીને જ જીતી લીધો હતો એમ પણ કહી શકાય; કારણ કે, મેવાડના મહારાણાને જીતવાથી બાદશાહની આવકમાં કશો પણ વધારો તો થયો જ ન હોતો અને સામું તેને બહુ બહુ આપવું પડતું હતું.*

વિલિયમ્ અરવાઇન્ પોતાના 'Later Mughals' નામક ગ્રંથમાં લખે છે કે: "મેવાડમાં અતિપ્રાચીન તથા મહત્ત્વશીલ શિશોદિયા વંશનું રાજ્ય હતું અને તેની રાજધાની ઉદયપુર હતી. ચિત્તોડ નામક મેવાડની પુરાતન રાજધાનીને શહનશાહ અકબરે લઇ લીધી હતી. છતાં પણ શિશોદિયાઓ મુસલ્માનોના સંપર્કથી યથાશક્ય દૂરના દૂર જ રહ્યા કરતા હતા અને મુગલ બાદશાહોને પોતાની પુત્રી આપવામાં તેઓ ભયાનક અપમાન માનતા હોવાથી એ અપમાનના કલંકને તેમણે પોતાના ભાલપ્રદેશમાં કદાપિ લાગવા દીધો ન હોતો. જોધપુર તથા આંબે-

---

* The Embassy of Sir Thomas Roe (વિલિયમ ફૉસ્ટર સંપાદિત) પૃષ્ઠ ૯૦.

રના મોટા મોટા રાજપૂત રાજાઓ પ્રમાણે મેવાડના મહારાણાઓ પોતાના સેવક તરીકેના ધર્મનું પાલન કરવામાટે મુગલ બાદશાહોના સૈન્યમાં સંમિલિત થઈને મુગલ બાદશાહોના શત્રુઓ સાથે લડવાને કદાપિ ગયા ન હોતા."*

મહાશય વિલિયમ્ અરવાઈનના આ કથનના આ અંતિમ વાક્યની વ્યાખ્યા કરતાં પ્રસિદ્ધ ઇતિહાસલેખક પ્રોફેસર જદુનાથ સરકાર લખે છે કે: "આ છૂટ છાટ કેવળ મેવાડના રાણાઓને જ આપવામાં આવી હતી અને તેથી અન્યાન્ય આધીન રાજાઓ પ્રમાણે મેવાડના મહારાણાઓને બાદશાહના દર્બારમાં હાજરી પણ આપવી પડતી ન હોતી અને શાહી ફોજની નોકરી પણ બજાવવી પડતી ન હોતી. તેમના માટે એવો નિયમ કરવામાં આવ્યો હતો કે મેવાડના મહારાણાઓએ પોતાના કોઈ પ્રતિનિધિ, કનિષ્ઠ બંધુ, રાજકુમાર અથવા કોઈ પગારદાર સેવકને શહનશાહના દર્બારમાં મોકલી આપવો. મુગલ બાદશાહના સૈન્યમાં જોધપુર તથા આંબેરના રાજાઓના સૈનિકો કરતાં મેવાડના મહારાણાના સૈનિકો બહુ જ ઓછા રહેતા હતા."†

બાદશાહ સાથે સંધિ થઈ ગયા પછી, અકબરના ચિત્તોડવિજયની ઘટનાથી આરંભીને વિક્રમ સંવત્ ૧૬૭૧ અથવા ઇ. સ. ૧૬૧૪ પર્યન્તના કાલાવધિમાં, મેવાડના જેટલા પ્રદેશો બાદશાહના અધિકારમાં આવી ગયા હતા અને જે પ્રદેશો ભિન્ન ભિન્ન મનુષ્યોને જાગીર તરીકે અપાઇ ગયા હતા તે સર્વ પ્રદેશો તથા ચિત્તોડનો કિલ્લો પણ મેવાડના મહારાણાને પાછા મળી ગયા હતા. મેવાડના યુવરાજ કિરણસિહના નામનું જે બાદશાહી ફર્માન તા૦ ૩૧ ઉર્દિબહિસ્ત, તા૦ ૨૨ રબિઉસ્સાની હિ. સ. ૧૦૨૪ (વિક્રમ સંવત્ ૧૬૭૨ જ્યેષ્ઠ વદ અથવા ઇ. સ. ૧૬૧૫ તા૦ ૧૧ મી મે) ને દિવસે લખાયું હતું તેમાં બાદશાહના અધિકારમાં ચાલ્યો ગયેલો મેવાડનો આખોય ઇલાકો યુવરાજ કિરણસિહના નામે બહાલ થઈ જવા ઉપરાંત ફલિયા, રતલામ, બાંસવાડા, જીરન, નીમચ અને અરણોદ આદિ બહારનાં પ્રગણાઓ પણ યુવરાજ કિરણસિહને જાગીરમાં અપાયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.‡

* * * *

વિક્રમ સંવત્ ૧૬૭૬ ના માઘ માસની શુક્લા દ્વિતીયા અને

---

* Irvine's 'Later Mughals" Vol 1., PP. 42–43.

† Irvine's 'Later Mughals' Vol 1., P. 43 (Footnote)

‡ 'તુજક જહાંગીરી' (જહાંગીરના આત્મચરિત્ર) નો અંગ્રેજી અનુવાદ: ભાગ ૨ જો: પૃષ્ઠ ૧૮.

બુધવારને દિવસે (તા૦ ૨૬ મી જાન્યુઆરી ૧૬૨૦) મહારાણા અમરસિંહનો ઉદયપુરના પોતાના રાજમહાલયમાં દેહાંત થયો હતો અને આહાડમાં ગંગોદ્ભવના નિકટમાં તેના મૃત દેહની અન્ત્યેષ્ટિ ક્રિયા કરવામાં આવી હતી. તેના મૃત દેહની સાથે ૭ રાણીઓ, નવ દાસીઓ અને નવ સાહેલીઓ પોતાનાં સજીવન શરીરોને અગ્નિનારાયણના મુખમાં સમર્પીને સતી થઇ હતી. અમરસિંહના મૃત્યુ પછી મેવાડના મહારાણાઓનો અગ્નિસંસ્કાર એ જ સ્થાનમાં થતો રહ્યો હતો અને તેથી એ સ્થાનને 'રાજશ્મશાન' નામ આપવામાં આવ્યું હતું. મહારાણા અમરસિંહના અવસાનના સમાચાર શહનશાહ જહાંગીરને તે કાશ્મીરથી પાછો ફરતાં સુલ્તાનપુરમાં રોકાયો હતો ત્યારે ફાલ્ગુન માસની શુકલા પંચમીને દિવસે મળ્યા હતા અને એ સમાચાર મળતાંની સાથે જ મહારાણા અમરસિંહના પુત્ર ભીમસિંહ તથા કૅંવર* (પૌત્ર) જગત્સિંહને (કે જેઓ એ કાશ્મીરયાત્રાના પ્રસંગે તેમની સાથે જ હતા તેમને) જહાંગીરે સરપાવ આપીને ઉદયપુર રવાના કરી દીધા હતા.†

મહારાણો અમરસિંહ વીર પિતાનો વીર પુત્ર હોવાથી, યૌવનમાં વિલાસરૂપ સુષુપ્તિમાં પડી જવા છતાં જ્યારે તેને એ સુષુપ્તિમાંથી જગાડીને સાવધાન કરી દેવામાં આવ્યો ત્યારે તે જેવી રીતે પોતાના પિતાના જીવનકાળમાં મુગલો સાથે લડ્યો હતો તેવી જ રીતે પોતાની સ્વતંત્રતાની રક્ષા-માટે પોતાના સમકાલિક બાદશાહ જહાંગીર સાથે જ્યાં સુધી તેની પાસે યુદ્ધનાં સાધનો વિદ્યમાન હતાં ત્યાં સુધી લોકોત્તર વીરતાથી એટલા-માટે લડતો રહ્યો હતો કે તેના હૃદયમાં પોતાના પુણ્યશ્લોક પિતા પ્રતાપ રાણાના અંતિમ સમયના ઉપાલંભોનું નિરંતર સ્મરણ થયા કરતું હતું. વર્ષોનાં વર્ષો પર્યન્ત અખંડ તથા અવિશ્રાંત સંગ્રામો કરતાં કરતાં જ્યારે રાજપૂતોની સંખ્યા દિવસાનુદિવસ ઘટતી ને ઘટતી જ દેખાવા લાગી અને વિજયની લેશમાત્ર પણ આશા ન રહી ત્યારે પોતાના સર્દારોની ઇચ્છા તથા પોતાની તે સમયની પરિસ્થિતિને જોઇને તેને પોતાની

---

* રાજપૂતાનામાં રાજાઓ તથા સર્દારો આદિના પૌત્રોને જ્યાં સુધી તેમના પિતામહો (દાદાજીઓ) જીવતા હોય છે ત્યાં સુધી 'કૅંવર' નામથી બોલાવવા અથવા ઓળખવામાં આવે છે.

† મહારાણા અમરસિંહજીની ૨૬ રાણીઓ હતી અને તે રાણીઓથી તેમને ૬ રાજકુમાર તથા એક રાજકુમારી મળીને જે એકંદર સાત સંતાનો પ્રાપ્ત થયાં હતાં, તેમનાં નામો આ પ્રમાણે: યુવરાજ કિરણસિંહ, રાજકુમાર સૂર્યમલ્લ (સૂરજમલ); ભીમ (ભીમસિંહ); અર્જુનસિંહ; રત્નસિંહ; વાઘસિંહ અને રાજકુમારી બલવન્તાંબાઇ.

આભ્યંતર ઇચ્છાથી સર્વથા વિરુદ્ધ બાદશાહ જહાંગીર સાથે સંધિ કરવો પડ્યો હતો અને તે સંધિથી જો કે મેવાડના ગૌરવની લેશમાત્ર પણ ક્ષતિ થઇ ન હોતી, તો પણ ઉપર જણાવ્યા પ્રમાણે તેના સ્વાધીનતાપ્રિય હૃદયમાં એ ઘટનાથી એટલો તો અસહ્ય આઘાત થયો હતો કે તેના પરિણામે તેણે પોતે, પોતાના હસ્તથી જ પોતાના યુવરાજનો રાજ્યાભિષેક કરીને, વિરક્ત દશાને સ્વીકારી લીધી હતી. મહારાણો અમરસિંહ એક અપ્રતિમ વીર પુરુષ હોવા ઉપરાંત નીતિજ્ઞ, દયાલુ, પોતાના સદ્દગુણોના યોગે પોતાના સદરિની પ્રીતિને પ્રાપ્ત કરનાર, ન્યાયપરાયણ, સુકવિ, તથા વિદ્વાન્ પુરુષોનો ઉદારાત્મા આશ્રયદાતા હતો. પોતાના પિતા મહારાણા પ્રતાપ કરતાં પણ અમરસિંહે વિધર્મી વૈરીઓ સાથે અધિક યુદ્ધો કરેલાં હોવા છતાં પણ તેને અંતે શહનશાહ જહાંગીર સાથે સંધિ કરવાનો હીનપ્રસંગ પ્રાપ્ત થવાથી જેટલી ખ્યાતિ મહારાણા પ્રતાપની ભારતવર્ષમાં થઇ શકી છે તેટલી ખ્યાતિ મહારાણા અમરસિંહને સ્વાભાવિક જ પ્રાપ્ત થઇ શકી નથી. કર્નલ ટોડે પોતાના 'રાજસ્થાન'માં કરેલી મહારાણા અમરસિંહની પ્રશંસા આ છે: "મહારાણો અમરસિંહ, મહારાણા પ્રતાપ તથા પોતાના કુલનો એક સુયોગ્ય વંશધર હતો. તે વીર પુરુષના સમસ્ત શારીરિક તથા માનસિક ગુણોવડે અલંકૃત હોઇને મેવાડના અન્ય સર્વ રાજાઓ કરતાં ઊંચો તથા બલિષ્ઠ હતો. તે ઉદારતા તથા અન્ય સદ્દગુણોના યોગે પોતાના સદરિને અને ન્યાય તથા દયાલુતાના યોગે પોતાની પ્રજાને અતિશય પ્રિય થઇ પડ્યો હતો." અમરસિંહ દીર્ઘકાય, શ્યામવર્ણ, વિશાલાક્ષ, મહાપ્રભાવશાલી તથા મિલનસાર મહારાણો હતો અને તેથી જ તેની ગર્જનાને અમોએ 'અમરગર્જના' નામથી ઓળખાવી છે.

સમાપ્ત

"ગુજરાતી" પત્રે પ્રકટ કરેલી સામાજિક નવલકથાઓ

૧	એમ. એ. બના કે કર્યો મેરી મિટ્ટિ ખરાબ કી ?	૨- ૦-૦
૨*	વિલાયતી વિલાસમાં ફેશનબાઈ ખલાસ ...	૩- ૦-૦
૩*	આજકાલનો સુધારો અથવા રમણીય ભયંકરતા	નથી.
૪*	સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન ...	૩- ૦-૦
૫*	ચૂડેલનો વાસો અથવા એક નટીની આત્મકથા *ભાગ ૧ લો	૪- ૦-૦
૬	,, ,, *ભાગ ૨ જો	૪- ૦-૦
૭	નવો જમાનો અથવા અમૃત કે ઝેર ? ...	૪- ૦-૦
૮	વેરની વસુલાત	નથી.
૯	અજામિલ અથવા ગરીબનું નસીબ ગરીબ (સચિત્ર) ભાગ ૧ લો	૩- ૦-૦
૧૦	,, ,, ભાગ ૨ જો	૩- ૦-૦
	,, ,, બે ભાગો સાથે	૫- ૦-૦

"ગુજરાતી" પ્રેસે પ્રકટ કરેલી સામાજિક નવલકથાઓ

૧૧	ગંગા એક ગૂર્જર વાર્તા (સચિત્ર) ...	૧- ૪-૦
૧૨	વિક્રમની વીસમી સદી અથવા આજકાલના હાલહવાલ ,, ,, ભાગ ૧ લો	૩- ૦-૦
૧૩	,, ,, ભાગ ૨ જો	૩- ૦-૦
	,, ,, બે ભાગો સાથે	૫- ૦-૦
૧૪	હાથનાં કર્યાં હૈયે વાગ્યાં	૧- ૪-૦

નોંધઃ-આ પુસ્તકો ગુજરાતીના ગ્રાહકોને કિફાયત ભાવે મળશે.

* આવી ફુદડીવાળા ગ્રન્થોના કર્તા રા. રા. નારાયણ વિસનજી ઠક્કુર છે.

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસ, સાસુન બિલ્ડીંગ, કોટ, મુંબઈ.

"ગુજરાતી" પ્રેસનું પંચાંગ દર વર્ષે શ્રાવણ મહિનામાં પ્રગટ થાય છે.

ધર્મશાસ્ત્રાનુસાર શુદ્ધ નિરયન ગ્રહ લાઘવીય પંચાંગ

માત્ર આ એક જ છે.

જે વર્ષો જુનું અને જાણીતું

સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ

ઇ. સ. ૧૮૮૪ માં સ્થાપેલા

લોકપ્રિય, સર્વ લોકોપયોગી

"ગુજરાતી" પ્રેસનું

શુદ્ધ સચિત્ર ગુજરાતી કાર્તિકી

પંચાંગ.

કીમત ૦-૬-૦

ટ. ખ. ૦-૩-૦

વી. પી. ૦-૨-૦

નવ આનાની ટીકીટ મોકલનારને ઘેર બેઠાં.

☞ જાહેર ખબરો આપવા માટે ઉત્તમ સાધન

"ગુજરાતી" પ્રેસ તરફથી વિ. સં. ૧૯૪૮ થી ગુજરાતી ભાષામાં શુદ્ધ કાર્તિકી મોટું સચિત્ર પંચાંગ દર વર્ષે બહાર પાડવામાં આવે છે. **તેની લોકપ્રિયતા અને વિશુદ્ધતાને** લીધે તેની દર **વર્ષે ૬૦ હજાર ઉપરાંત નકલો** આ હરિફાઇના જમાનામાં ખપે છે. એથી વિશેષ શિફારસ કરવાની જરૂર નથી.

તમારી જાહેર ખબર આ પંચાંગમાં જ આપજો.

આ પંચાંગમાં (૧) તિથિ, (૨) વાર, (૩) નક્ષત્ર, (૪) યોગ, અને (૫) કરણ એ કાળાત્મા ભગવાનનાં **પાંચ અંગોની** માહિતી ઉપરાંત, તેના સંબંધની દરેક ઉપયોગી બાબત **સંપૂર્ણ સમજ** સાથે આપવામાં આવી છે;

અને એથી પણ વિશેષ મુહૂર્ત, જન્મકુંડળી, ગ્રહભાવ, ગ્રહદોષ નિવારણ, **કાર્તિકી અને ચૈત્રી વર્ષફળ, તેજીમંદી** વર્ષનો શુભાશુભ વિચાર, વરકન્યાના મેળાપકની **સમજ**, લગ્નાદિની સમજ વગેરે જ્યોતિષને લગતી પણ પુષ્કળ બાબતો આપવામાં આવે છે.

ટપાલ, તાર, ઇનકમટેક્ષ, ખેતીવાડી વગેરે પરચુરણ લોકોપયોગી પુષ્કળ માહિતી આપવામાં આવે છે. તેથી આ પંચાંગ નિત્યની એક અતિ ઉપયોગી અને ઘરગથુ વસ્તુ થઈ પડી છે.

બાર માસના કોઠાઓમાં સમજ માટે ચિત્રો આપવામાં આવે છે અને આરંભમાં એક ધાર્મિક કથા અથવા આખ્યાન આપેલાં હોય છે.

લગભગ ૧૦૦ થી વધુ પાનાનું, ૧૩ ઇંચ લાંબુ અને ૧૦ ઇંચ પહોળું **દળદાર** આ પંચાંગ છે, અને આ સાઇઝના પંચાંગોમાં સર્વથી સસ્તું છે.

નોંધ—પાછલા વર્ષોનાં પંચાંગો પણ સિલકમાં હશે ત્યાં સુધી વેચાતાં મળશે.

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ,

સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ નં. ૧.